# પ્રકરણ: ૨

❖ ૨.૧ બળવંત નાયક : સર્જક પરિચય

૧૫ નવેમ્બર ૧૯૨૦ના રોજ દક્ષિણ ગુજરાતના વાપી મધ્યે જન્મેલા બળવંત નાયકના પિતાનું નામ ગાંડાભાઈ નાયક હતું. પોતે માતાના ગર્ભમાં હતા તે વખતે જ પિતાજીનું અવસાન થતાં સર્જકનું બાળપણ મોસાળમાં વિતે છે. મેટ્રીક પાસ થયા પછી સુરતમાં આવેલી એમ.ટી.બી કોલેજમાં અભ્યાસ શરૂ કરે છે. જ્યાં તેમને વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને વિજયરાય વૈદ્ય જેવા શિક્ષકો પાસેથી ભણવાની તક મળે છે. ઇ.સ. ૧૯૪૯માં મુંબઈની વિલ્સન કોલેજમાંથી ગુજરાતી વિષય રાખી ફર્સ્ટ ક્લાસ સાથે બી.એ. પાસ થાય છે. ૧૯૫૧માં એમ.એ. પણ પૂરું કરે છે. અભ્યાસ દરમિયાન બળવંતરાય કલ્યાણરાય ઠાકોર પાસેથી પણ તેમને ભણવાની તક મળે છે. બ.ક.ઠા.ના તેઓ પ્રિય વિદ્યાર્થી રહે છે. આ ઉપરાંત ઉષા મહેતા, ચંદ્રકાન્ત મહેતા જેવા શિક્ષકો પાસેથી પણ ભણવાનો તેમને લાભ મળે છે. શરૂઆતમાં થોડો સમય પારલાની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કર્યા પછી મુંબઈથી પ્રગટ થતા દૈનિકપત્ર 'હિન્દુસ્તાન'માં જોડાઈ પત્રકારત્વક્ષેત્રે પોતાની સેવાઓ આપે છે. તેમની પત્નિનું નામ કમળાબેન. તેમને કુલ પાંચ સંતાનો. ત્રણ દીકરા અને બે દીકરીઓ. દીકરાઓના નામ શિરીષ, શૈલેષ અને અભય; જ્યારે દીકરીઓના નામ યામિની અને રીટા.

વીસમી સદીના મધ્યાંતરે આફ્રિકા ભારતીય શિક્ષકોને પોતાને ત્યાં આવવાની હાંકલ કરે છે એથી ૧૯૫૩માં સર્જક ભારત છોડી આફ્રિકામાં સ્થાયી થાય છે. શિક્ષક તરીકે સેવા આપતાં આપતાં આચાર્ય પણ બને છે. ૧૯૭૨ સુધી યુગાન્ડામાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે તેઓ જોડાયેલા રહે છે. આ ઉપરાંત કવિ ડાહ્યાભાઈ પટેલને 'જાગૃતિ' સામયિક ચલાવતા હતા તેમાં પણ તેમને મદદ કરતા રહે છે. કવિતા, વાર્તા, નવલકથા, લોકકથા સંપાદન વગેરે ક્ષેત્રોમાં પણ તેમની કલમ ચાલતી રહે છે. પત્રકારત્વક્ષેત્રે 'મુંબઈ સમાચાર', 'ઊર્મિ નવરચના', 'નવચેતન' વગેરેમાં લખતા રહે છે. પોતાની સાહિત્યકૃતિઓને 'પરબ', 'ઓપિનિયન', 'શબ્દસૃષ્ટિ', 'નવનીત સમર્પણ', 'કુમાર' જેવા ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રસિદ્ધ કરતાં રહે છે.

૧૯૭૨માં યુગાન્ડાના શિક્ષણ ખાતાએ સર્જકને ઉચ્ચ અભ્યાસ માટે લંડન મોકલેલ હતા ત્યારે જ યુગાન્ડામાં રાજકીય ઊથલપાથલ સર્જાય છે. ઇદી અમીન પોતાની સૈન્ય તાકાત વાપરી યુગાન્ડાનો પ્રેસિડેન્ટ બની બેસે છે. ૧૯૭૩માં એશિયાનોને નેવું દિવસમાં દેશ છોડીને જતાં રહેવાનું અલ્ટીમેટમ આપે છે. આ બધી ઘટનાઓ વખતે સર્જક લંડનમાં જ હતા. આથી યુગાન્ડા પરત ફરવાને બદલે તેઓ લંડનમાં જ સ્થાયી થઈ જાય છે. ઇ.સ. ૧૯૭૨થી ૧૯૮૫ સુધી સર્જક બેરો ઓફ ઇલિંગમાં અધ્યાપનકાર્ય સાથે જોડાયેલા રહે છે. સાથે સાથે સર્જન પ્રવૃત્તિ પણ શરૂ રાખે છે. બ્રિટનમાં આવેલી ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે તેમણે સેવાઓ આપી છે. એકવીસમી સદીનો બીજો દાયકો આવતાં આવતાં સર્જકનું સ્વાસ્થ્ય લથડવા માંડે છે. આખરે ૧૫ જૂન ૨૦૧૨ના રોજ સર્જક પોતાનો નશ્વર દેહ ત્યાગી સ્વર્ગવાસી બને છે.

અહીં સર્જકની ત્રણ નવલકથાઓ 'મૂંગા પડછાયા'(૧૯૬૦), 'વેડફાતા જીવતર'(૧૯૬૩) અને '-ને ધરતીને ખોળે નરક વેરાયું'(૧૯૯૭) વિશે ચર્ચા કરી છે. આ ત્રણ નવલકથા ઉપરાંત સર્જકની 'કાંચન, કાયા અને કામિની' નામની ચોથી નવલકથા પણ પ્રકાશિત થયેલ છે તેવા ઉલ્લેખો ક્યાંક ક્યાંક મળે છે. ૧૯૯૭માં બળવંત નાયકના પરિવારજનો દ્વારા જ પ્રકાશિત થયેલ પુસ્તક 'શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે)'માં આ ચોથી નવલકથાનો ઉલ્લેખ છે. તો બળવંત જાની દ્વારા 'તથાપિ' જૂન-ઓગસ્ટ ૨૦૧૦માં બળવંત નાયક વિશે પ્રસિદ્ધ થયેલ લેખમાં પણ તેનો ઉલ્લેખ બળવંત જાનીએ કર્યો છે. પણ આ લેખમાં નોંધવા જેવી બાબત એ છે કે બળવંત જાની દ્વારા ૨૦૧૦માં પ્રકાશિત થયેલ લેખમાં માત્ર અને માત્ર આ નવલકથાને બાદ કરતા બળવંત નાયકના બધાં જ પ્રકાશિત પુસ્તકોની પ્રકાશન સાલ આપી છે. આથી અહીં ચોક્કસ શંકા થાય કે શું બળવંત જાનીને પણ આ પુસ્તક પ્રત્યક્ષ રૂપે મળ્યું હશે ખરું?

આ શંકામાં બીજા ત્રણ સંદર્ભો વધારો કરે છે. ડો. રમેશ મ. શુક્લ દ્વારા સંપાદિત 'આપણા પ્રતિનિધિ સારસ્વતો'ની ૨૦૧૨માં પ્રકાશિત થયેલી સંવર્ધિત આવૃત્તિમાં સંપાદકે બળવંત નાયકની ચાર નવલકથાઓ ગણાવી છે પણ તેમાં 'કાંચન, કાયા અને કામિની' નથી. નવલકથામાં આ કૃતિને સંપાદકે નથી દર્શાવી એટલું નહીં આ કૃતિનો તેમણે ક્યાંય ઉલ્લેખ પણ નથી કર્યો. એટલે સંપાદક ડો. રમેશ મ. શુક્લના પુસ્તક પરથી એવું તારણ નીકળે કે બળવંત નાયકનું 'કાંચન, કાયા અને કામિની' નામનું કોઈ પુસ્તક પ્રકાશિત જ નથી થયું. સંપાદક ડો. રમેશ મ. શુક્લ ચોથી નવલકથા તરીકે 'વનનો રાજા'(૧૯૭૦)ને ગણાવે છે. તો સર્જકની વિદાયના થોડા જ દિવસો પછી એટલે કે જૂન ૨૦૧૨ના 'ઓપિનિયન'માં વલ્લભ નાંઢાનો સર્જક બળવંત નાયક વિશે લેખ પ્રકાશિત થાય છે. આ લેખમાં વલ્લભ નાંઢા બળવંત નાયકના જીવન અને કવન વિશે ટૂંકમાં પરિચય આપ્યો છે. વલ્લભ નાંઢા લખે છે કે, '૧૯૬૦માં 'જાગૃતિ' માસિકના બીજા વર્ષના ભેટ પુસ્તક તરીકે 'મુંગા પડછાયા' નવલકથાની પ્રસ્તુતિ આફ્રિકામાં ચાલતી ગુલામીની નિંદ્ય પ્રથા સામે લડનાર એક આરબ વીરનરની શોર્યગાથા રૂપે થાય છે. તો ૧૯૬૨માં એમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'સફરના સાથી' પ્રગટ થયો. જે દ્વારા ગુજરાતી વાચકે આફ્રિકાના તળ જીવનનાં દુર્લભ્ય એવા ચિત્રો માણ્યા. ૧૯૬૩માં પ્રગટ થયેલી એમની બીજી નવલકથા 'વેડફાતાં જીવતર' રંગભેદની અનિષ્ટ નીતિ તરફ લાલ બતી ધરે છે. ત્યાર પછી, 'વનનો રાજા' જેમાં યુગાન્ડાના વન્યપ્રાણીઓની અદ્ભુત કથા વણાઈ છે. આ ઉપરાંત 'કાંચન, કાયા અને કામિની', 'પૂર્વ આફ્રિકાની લોકકથાઓ', 'યુગાન્ડાની લોકકથાઓ', 'વિશ્વની શ્રેષ્ઠ સાહસકથાઓ', જેવા સંચયોનું સર્જન અને આફ્રિકાની શ્રેષ્ઠ વાર્તાઓ'નું સંપાદન પણ એમણે કર્યું.' (સાહિત્યની નિસબતવાળા સર્જકઃ બળવંત નાયક વિદાય, વલ્લભ નાંઢા, ઓપિનિયન, જૂન-૨૦૧૨, પૃ.૨૯) આ સંદર્ભથી સ્પષ્ટ થાય છે કે વલ્લભ નાંઢા પણ 'વનનો રાજા' કૃતિને બળવંત નાયકની નવલકથા તરીકે ઓળખાવે છે જ્યારે 'કાંચન, કાયા અને કામિની'ને બળવંત નાયકનું સંપાદન ગણાવે છે. આ ઉપરાંત ૨૦૦૮માં ગુજરાત સાહિત્ય અકાદમી-

ગાંધીનગર દ્વારા પ્રકાશિત થયેલ 'ગુજરાતી સાહિત્યકાર પરિચયકોશ'ની બીજી સંવર્ધિત આવૃત્તિમાં સંપાદક ડો. કિરીટ એચ. શુક્લ બળવંત નાયકની માત્ર ત્રણ જ નવલકથાઓની વિગતો આપે છે. 'વનનો રાજા' કે 'કાંચન, કાયા અને કામિની'નો ઉલ્લેખ તેમના આ પુસ્તકમાં પણ ક્યાંય કરાયો નથી.

ખરેખર તો આ દ્વિધા ત્યારે જ દૂર થઇ શકે જ્યારે ઉપરોક્ત બન્ને કૃતિઓ પ્રત્યક્ષ રીતે જોઈ શકાય. આ કૃતિઓ મેળવવાની એક વિદ્યાર્થી તરીકે મેં મારાથી બનતી તમામ પ્રકારની કોશિશ કરી છે. ગુજરાતના મોટા ભાગના પુસ્તકાલયો ખોળ્યાં છે. તેમ છતાં આ બન્ને કૃતિઓ મને પ્રાપ્ત થઈ શકી નથી. આથી અહીં તેમના વિશે કોઈ નોંધ કરી નથી.

❖ ૨.૨ બળવંત નાયકની કવિતામાં ડાયસ્પોરિક વલણો

બળવંત નાયકનો ગુજરાતી ભાષામાં ઇ.સ.૧૯૮૪માં પ્રગટ થયેલ એકમાત્ર કાવ્યસંગ્રહ એટલે 'નિર્ઝરાં'. સર્જક પાસેથી નવલકથા અને વાર્તાની સરખામણીએ બહુ ઓછા કાવ્યો મળે છે એટલે જ યોગેશ પટેલ કહે છે કે, 'વાર્તા, નવલકથા કે પત્રકારત્વ ક્ષેત્રે એમણે જેવું અને જેટલું સઘન કામ કર્યું છે તેવું (તેટલું જ) કાવ્યક્ષેત્રે નથી કરી શક્યા તેનો અફસોસ તેમનેય છે.' (પૃ. ૨૩૦, શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે)) આ કાવ્યસંગ્રહમાં તેમણે ૧૦૧ જેટલા કાવ્યોનો સમાવેશ કર્યો છે. આ કાવ્યસર્જનની પ્રેરણા તેમને કેવી રીતે મળી તેના વિશે કેફિયત આપતા કાવ્યસંગ્રહની શરૂઆતમાં જ તેઓ નોંધે છે કે, 'ઇંગ્લેન્ડનું સાહસભર્યું જીવન અને આ દેશમાં દરેક ઘરઆંગણે ખૂબ જ કાળજીથી ઉછેરવામાં આવતા નાનામોટા બગીચા અને એ બાગમાં મસ્ત બની, ફૂલીફાલી ખીલતાં ગુલાબનાં ફુલે(યુગાન્ડામાં ભૌતિક એવું બધું ગુમાવ્યા બાદ)- કશીયે ફરિયાદ કર્યા વિના આંગ્લદેશે નવલું જીવન જીવવાની સતપ્રેરણા આપી.' (પૃ. ૬)

આ સંગ્રહના ૧૦૧ કાવ્યોમાંથી પસાર થતાં મને વીસેક જેટલાં કાવ્યોમાં જ ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ અને અનુભવો આલેખાયાં હોય એવું લાગ્યું છે. તેથી આ સંગ્રહના બધાં જ કાવ્યો વિશે વાત ન કરતાં અહીં માત્ર આ વીસેક કાવ્યો વિશે જ વાત કરવાનો મારો ઉપક્રમ છે. બળવંત જાની કવિના કવિકર્મ વિશે વાત કરતાં નોંધે છે કે, 'છટકણી-બટકણી અનુભૂતિઓને તેમણે અભિવ્યક્તિ અર્પી અને એક ડાયસ્પોરા ગુજરાતી કવિ તરીકેની મુદ્રા તેમણે પ્રગટાવી.' (ડાયસ્પોરા સારસ્વત : બળવંત નાયક, સંપાદકઃ બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન – અમદાવાદ, ૨૦૧૦, પ્રસ્તાવના પૃ. ૩૪) આ કાવ્યોમાં કઈ કઈ ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ આલેખાઈ છે એને આધારે અહીં તપાસ કરી છે.

- ડાયસ્પોરાના ઇતિહાસ વિશે

'ઇતિહાસપાને' નામનાં કાવ્યમાં કવિ ઇતિહાસમાં બનેલા મહત્ત્વના કહી શકાય તેવા ડાયસ્પોરાનાં બનાવોની વાત કરે છે. જેમાં સૌપ્રથમ તેઓ આયરીશ લોકોની વાત કરે છે. ડાયસ્પોરા તરીકે અમેરિકામાં સ્થાયી થયેલા આયરીશ લોકોએ દુકાળ વખતે બટાકાંનાં પાકનું વાવેતર કરી અમેરિકાને દુકાળની

મહામારીમાંથી ઉગારી, ફરીથી બેઠું કર્યું. જેથી અમેરિકાના લોકોએ તેમનો ઉમળકાભેર સ્વીકાર કરી પોતાની સાથે સમાવી લીધા. આયરીશ લોકો આ રીતે અમેરિકાના લોકો સાથે ભળી જશે અને એકબીજામાં ઓતપ્રોત થઈ દુનિયામાં પોતાની એક નવી ઓળખ ઊભી કરશે એવી કલ્પના પણ કોઈને નહોતી. તો હિટલરથી બચવા માટે યહૂદીઓએ કરેલા સ્થળાંતરની પણ તેઓ અહીં વાત કરે છે. પોતાના મૂળ વતનથી વિખૂટા થઈને આ યહૂદીઓ દુનિયાભરમાં ફેલાઈ ગયા. પોતાની માતૃભૂમિથી વિસ્થાપન પામી આ યહૂદીઓએ જે જગ્યાએ વસવાટ કર્યો તે જગ્યા અને દેશને વફાદાર થઈને રહ્યા છે. ઈ.સ. ૧૯૭૧માં દક્ષિણ આફ્રિકામાં ઈદી અમીને વર્ષોથી સ્થાયી થયેલા ભારતીયોને માત્ર નેવું દિવસમાં આફ્રિકા છોડી દેવાનો હુકમ કર્યો. આ હુકમનો ભોગ કવિએ પણ બનવું પડ્યું હોવાથી તેમની કવિતામાં ઈદી-અમીનનો ઉલ્લેખ વારંવાર આવે છે. પોતાનો જીવ બચાવી વર્ષોથી જાતમહેનતથી ભેગી કરેલી મિલકતમાંથી કશું જ સાથે લીધા વગર આફ્રિકા છોડી દેવાની તમામ ભારતીયોને ફરજ પડી. ક્યારેય કલ્પી પણ નહોતી તેવી આફત અચાનક આવી પડતા લોકો સમક્ષ પોતાનો જીવ બચાવી નાસી છૂટવા સિવાય બીજો કોઈ વિકલ્પ પણ નહોતો. આ વાતને કવિ આ રીતે આલેખે છે,

'હતી શું કલ્પના કોઈને કે
કો અશુભ પળનાં અમીન-સપને
'મહિંડી'એ દિવસ નેવું કાળસમયમાંહે
સ્થળાંતરે વસવું પડશે નવલા દેશે ?' (પૃ. ૭૯)

આમ, વિશ્વના ઇતિહાસમાં બનેલા ડાયસ્પોરાના વિવિધ બનાવોની વાત કરી ડાયસ્પોરાને કેવી કેવી તકલીફોનો સામનો કરવો પડ્યો હશે તેનું સુચન પ્રશ્નાર્થ દ્વારા કવિએ અહીં વ્યક્ત કર્યું છે.

- સ્થળાંતર

ડાયસ્પોરાની શરૂઆત જ સ્થળંતરથી થાય છે. આપણે પ્રથમ પ્રકરણમાં જોઈ ગયા છીએ કે તેના અલગ અલગ કારણો હોય છે. મોટભાગના ગુજરાતીઓએ કરેલા સ્થળાંતરો સ્વૈચ્છિક પ્રકારના છે. સુખ, શાંતિ, સંપતિ વગેરેની અપેક્ષાએ આવા સ્થળાંતર ડાયસ્પોરા કરે છે. કવિ સ્થળાંતર કરવાની વાત 'અવનવા દેશે', 'જીવ', 'સુખ નામનો કોઈ પ્રદેશ' જેવા કાવ્યોમાં આ રીતે કરે છે,

'ઘર છોડી
હું બહાર નીકળી આવ્યો છું.' (પૃ. ૧૧૧)

અહીં ઘર છોડ્યું છે – સ્વેચ્છાએ. છોડવું પડ્યું નથી. એ જ વાતને કવિ 'સુખ નામનો કોઈ પ્રદેશ' નામની કવિતામાં આ રીતે રજૂ કરે છે,

'સુખ નામનો પેલો રળિયામણો પ્રદેશ !

એની શોધમાં નીકળી પડ્યો હું
સાહસિક બનીને.' (પૃ.૪૨)

સુખ અને દુઃખ; આ બે શબ્દોમાં જ માનવીનું જીવન વ્યતિત થઈ જાય છે. આ દુઃખથી દૂર થઈ સુખને શોધવા માટે જ મોટાભાગના લોકો સ્થળાંતર કરતાં હોય છે. પણ જો આ સુખ કે દુઃખ હોય જ નહીં તો આ દુનિયા કેવી હોય તેની કલ્પના કવિ 'અવનવા દેશે' નામની રચનામાં કાલ્પનિક સ્થળાંતર દ્વારા આ શબ્દોમાં રજૂ કરે છે,

'ચાલો પળભર
ઊડીએ
કલ્પનાની પાંખે
અવનવા દેશે –
જ્યાં
કશુંયે ન હોય
સુખદુઃખ
પશુપંખી
જીવન.
કલ્પી લો
રંગ વિનાની
ફૂલ વિનાની દુનિયા, જ્યાં
દિલ ઉઘાડતા ગુલાબની નહિ સૌરભ
નહિ પંખીનો કિલકિલાટ
નહિ ઝરણાંનો રવ
કે ઈન્દ્રધનુતોરણ !' (પૃ. ૩૮)

ડાયસ્પોરિક સાહિત્યની ઉત્કટ અનુભૂતિ અનૈચ્છિક સ્થળાંતરમાંથી પ્રગટે છે. કવિને પણ ૧૯૭૧માં આફ્રિકામાં ઈદી અમીનની અમાનુષી નીતિનો ભોગ બનવું પડ્યું છે. આફ્રિકા છોડવાના પોતાના તે અનુભવને કવિ 'દ્વિધા' અને 'હું તે વળી ક્યાંનો બ્રિટિશ ?' રચનામાં અભિવ્યક્ત કરે છે. તે જોઈએ,

'વસતાં આંગ્લદેશે
અમીન-ઈર્ષા ભોગ બનતાં.' (પૃ. ૩૨)

અને

'અમીન-સપને ફેંકાયો' (પૃ. ૧૪)

અહીં આંગ્લદેશે એટલે કે ઇંગ્લેન્ડમાં રહેવાનું કેમ બન્યું એ વિશે કવિએ સ્પષ્ટતા કરી છે કે ઈદી-અમીનની ઈર્ષાનો તેમને ભોગ બનવું પડ્યું છે. એટલા માટે તેઓએ આફ્રિકા છોડી ઇંગ્લેન્ડમાં સ્થાયી થવું પડ્યું છે. તો 'ફેંકાયો' શબ્દ દ્વારા પણ આ સ્થળાંતર અનૈચ્છિક હતું તેનું પ્રમાણ મળે છે.

- પરદેશમાં વેઠવી પડતી પીડા

સ્વદેશ છોડી પરદેશમાં સ્થાયી થનાર ડાયસ્પોરાને સાંસ્કૃતિક, ભાષાકીય, સામાજીક, માનસિક વગેરે જેવી તકલીફોનો સામનો કરવો પડે છે. 'સુખ નામનો કોઈ પ્રદેશ' કાવ્યમાં કવિ કહે છે કે બાળક જેવી નિર્દોષ સમજણ લઈ સાહસ, શૌર્ય, આશા, ઉમંગ અને અપેક્ષાઓ સાથે સુખની સોધમાં વિશ્વ ખૂંદવા સ્વેચ્છાએ નીકળી પડેલા ડાયસ્પોરાને પોતાની ભૂલ સમજાય તે પહેલા તો ઘણું મોડું થઈ જાય છે. તકલીફો અને વેદના તેને ઘેરી વળે છે. એટલે જ તે એકરાર કરે છે કે,

'સમંદર પાર કરી અભયારણ્યની શોધમાં રખડ્યો.
સંઘર્ષ સંસ્કૃતિ કેરો સહતાં મન ઉદ્વેગી બનવા લાગ્યું.
આશા-અપેક્ષાના તાણાવાણા
ભયના કરોળિયાનું જાળું બની રહ્યા.' (પૃ.૪૨)

સ્વદેશ છોડી સાત સમુદ્ર પાર કરી કોઈ સુરક્ષિત જગ્યા મળે તેની શોધમાં નીકળેલ વ્યક્તિને જ્યારે ભારતીય અને પાશ્ચાત્ય એમ બન્ને સંસ્કૃતિનો સામનો કરવો પડે છે, ત્યારે તેની પોતાની અંદર એક માનસિક સંઘર્ષ ઊભો થાય છે. એ માનસિક સંઘર્ષમાં વ્યક્તિ ગુંગળામણ અનુભવે છે. એની પ્રતીતિ કવિના ઉપરોક્ત શબ્દો કરાવે છે. આખરે આ બધી વાતનો અંત એ રીતે આવે છે કે તે કોઈ એવી જગ્યાએ પહોંચી જાય, જ્યાં તેને જવું નથી હોતું. એ વાત કવિ આ રીતે કહે છે,

'નવાં વિશ્વોમાંય સુખ નામનો પેલો રળિયામણો પ્રદેશ !
એનું માપ કાઢવા, ડૂબકી મારી મેં
સુખ નામના રળીયામણા પ્રદેશની
છાયા બનીને
ને
કોઈ અગમ્ય પ્રદેશ
મને એના તરફ ખેંચી રહ્યો.' (પૃ.૪૨)

પણ હવે એ બધી તકલીફો સહન કરવા સિવાય બીજો કોઈ રસ્તો પણ રહેતો નથી. ડાયસ્પોરાને અફસોસ થતાં 'સુખનું વ્યસન' નામના કાવ્યમાં કવિ પોકારી ઊઠે છે કે,

'સુખ નામનો પ્રદેશ
ઢૂંઢવા છતાંયે ન મળ્યો.
પણ ક્ષણિક પળોનું પેલું સુખ !
એ સુખનું વ્યસન તો
એવું વળગ્યું
એવું તે વળગ્યું
જાણે ભૂત વળગ્યું.' (પૃ. ૪૩)

'જીવ' કાવ્યમાં પણ ઘરથી નિકળી પડેલા ડાયસ્પોરાને થતી પીડાનું વર્ણન કવિ આ શબ્દો થકી કરે છે,

'આ નવું સ્થળ –
કંઈ ઓછું દાહક નથી, કંઈ ઓછું વેદનાજનક નથી.
માનવપ્રાણીની ઝંખનાનું એ ઘર નથી.
પીડિત આત્માના ધબકાર સિવાય અહીં બીજું કોઈ ચૈતન્ય નથી.
અહીંનું વાતાવરણ ગૂંગળાવતું છે. વસવાટ માટેનું એ કોઈ આશ્રયસ્થળ નથી –'
(પૃ. ૧૧૧)

ઘર – વતન – સ્વદેશ છોડ્યા પછી નવા સ્થળે થતી વિપરીત અને અકળાવનારી પરિસ્થિતિઓની અનુભૂતિ વિશે કવિએ અહીં વાત કરી છે. વિશાળ વિસ્તાર ધરાવતા નવા પ્રદેશમાં રહેલી પીડા, વેદના, ગૂંગળામણ જેવી તકલીફોનો પરિચય કવિને થતાં વધારે વાર નથી લાગતી. જે તકલીફો અને પીડાથી બચવા માટે સ્વદેશ છોડ્યો એ જ પીડા અને તકલીફો નવા પ્રદેશમાં પણ છે જ તેનો અહેસાસ કવિને અહીં થાય છે. એ બધાથી બચવા માટે કવિ પોતાની આંખો બંધ કરી દે છે. પણ આંખો બંધ કરી દેવાથી વાસ્તવિકતા બદલાતી નથી અને હવે એ પરિસ્થિતિનો સામનો કરવા સિવાય પણ કોઈ રસ્તો કવિને દેખાતો નથી. એમ કહો કે આ જ પરિસ્થિતિ ડાયસ્પોરાની પણ છે. તેમ છતાં પરિસ્થિતિઓનો સામનો કરી નવા દેશમાં, નવી ભૂમિમાં ડાયસ્પોરાએ સ્થાયી થવા મથવું તો પડે જ છે. એ માટે જે પરિસ્થિતિઓનો તેને સામનો કરવો પડે છે તેની એક ઝલક 'લાગે તને...' નામની કવિતામાં રજૂ કરે છે. જીવનની પ્રાથમિક જરૂરિયાતોને પૂરી કરવા માટે કામ તો કરવું જ પડે છે. એટલે કવિ પોતાની જાતને ઘાંચીના બળદની ઉપમા આપે છે. ઘાંચીનો બળદ જેમ દરરોજ ફર્યા જ કરતો હોય તેમ પોતે પણ અહીં કામ કર્યા જ કરે છે. હસતાં, રમતાં કે પછી રડતાં રડતાં પણ ઈંગ્લેન્ડની ભૂમિમાં પોતે પૈસા કમાય છે. ગુજરાતી પોતે વ્યાપારી પ્રજા તરીકે પ્રચલિત છે. પૈસા ચોરી છૂપીથી પણ કમાવવા પડે તો પણ ગુજરાતી અચકાતો નથી. તેમ અહીં કવિ પણ ક્યારેક ચોરીછૂપીથી થોડાં વધારે પૈસા કમાઈ લેવાનું સ્વીકારે છે. આ બધું કરતાં કરતાં,

'કરી રહું સહન; અસહ્ય, ભયંકર અપમાનો અત્રે
કરું નહિ પોકાર, ન કરું આક્રંદ હું તોયે, નિજ કામે !
લાગે તને... ન સમસમું... હૃદયે હું અરે ?' (પૃ. ૮૧)

આમ, કવિ કહે છે તે મુજબ ડાયસ્પોરાને વિદેશમાં અપમાનો, અન્યાય, અસમાનતા, કડવા અનુભવો વગેરેનો રોજે રોજ સામનો કરવો પડે છે; કશી પ્રતિક્રિયા દર્શાવ્યા વગર પોતે ખુશ છે એવો દેખાવ કરવો પડે છે. કવિના હૃદયમાં બળતી અપમાનની આગ જાણે જ્વાળામુખી હોય તેવું તેમને લાગે છે.

બ્રિટન જઈ આધુનિક અને વૈભવી જીવનશૈલી ધરાવનાર લંડન જેવા શહેરમાં રહેવા છતાં પણ કવિએ સુખ અને શાંતિની જે આશાએ ત્યાં સ્થાયી થવાનું સ્વીકાર્યું હતું તેવા સુખ અને શાંતિની અનુભૂતિ તેને થઈ નથી, સંતોષ મળ્યો નથી. જેની સાક્ષી પૂરે છે 'અહીં (બધું જ છે .... પણ.....)' નામનું કાવ્ય. કાવ્યશીર્ષકમાં આવતો 'પણ' શબ્દ જ આખા કાવ્યના અર્થને સમજવા માટેનો આધારસ્તંભ બની રહે છે. આ શબ્દ થકી જ જે નથી એની વાત કવિ આ કવિતામાં કરવાના છે એનો સૂચક બને છે. ભારતીય અને પશ્ચિમી સંસ્કૃતિની સભ્યતા અને વિચારસરણીની અહીં તુલના કરવામાં આવી છે. દરેક સિક્કાની બીજી બાજુ પણ હોય છે, એમ લંડન જેવા વિકસિત અને આધુનિક શહેરની આપણને ન દેખાતી, બધાથી છુપાયેલી રહેતી બાજુને કવિએ અહીં આપણી સમક્ષ ખુલ્લી પાડી છે. આ બીજી બાજુ એટલે રંગભેદની નીતિ હોય કે પછી ગરીબી, બેકારી, અસમાનતા અને માનવીની આત્માને પણ ઘેરી વળેલો અંધકાર હોય. આ સઘળી બાબતોને કવિએ અહીં પોતાની કવિતાનું વિષયવસ્તુ બનાવ્યું છે. આ કાવ્ય વિશે બળવંત જાની કહે છે કે, 'બ્રિટિશ હોવાની સાથે જ ત્યાંના દેશનું વાતાવરણ, ત્યાંની પ્રજાની વિશેષતાઓ-મર્યાદાઓ, અનુભવોનું આલેખન ડાયસ્પોરા સાહિત્યમાં નિરૂપાતું જોવા મળે છે.... પરદેશીઓના દંભ, સ્થૂળ ભૌતિકતાનું મહત્ત્વ, બૌદ્ધિકતાનો અહંકાર વગેરે ગુણવિશેષો વ્યક્તિગત સુખ તો મેળવી આપે છે પણ ભીતરથી ભારે કારમી રીતે કુંઠિટ કરે છે. મન હોય તો, ભાવના પણ હોવાની. ભાવનારહિત મન કઈ રીતે કહી શકાય. વધારે પડતા વાસ્તવવાદી મૂલકની પ્રજાની વાસ્તવના અતિરેકી વલણ ધરાવતી માનસિકતા આ કાવ્યમાં વ્યંગરૂપે પ્રગટી છે.' (ડાયસ્પોરા સારસ્વત : બળવંત નાયક, સંપાદકઃ બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન – અમદાવાદ, ૨૦૧૦, પ્રસ્તાવના પૃ. ૩૬)

- લંડન વિષયક કાવ્યો

એક દેશ છોડી બીજા દેશ જનારે હવે ઈમિગ્રેશનની કાર્યવાહીમાંથી પસાર થવું જ પડે છે. સ્વદેશ છોડી પરદેશ જનાર માટેનું આ પહેલું પગથિયું છે. જાહેર ખબરના આધારે લખેલી 'પેસેજ ટુ બ્રિટન' નામની કવિતામાં કવિએ આ વિષયને કેન્દ્રમાં રાખ્યો છે. લંડનમાં આવવા માટે ઉત્સુક લોકોને માટે કવિ કહે છે કે,

'તમારે અમારી

ઈમિગ્રેશન બારી
સુપરમૅનની અદાથી
તાકાતથી પાર કરવી રહેશે.
તમે એટલું કરશો
એક મોઢું હસતું રાખશો
તો જોઈ લેજો
સ્નૅપની મજા.' (પૃ.૪૦)

હસતું મોઢું રાખી, ઈમિગ્રેશનની પ્રક્રિયામાંથી પસાર થઈ, વ્યક્તિ કંઈ કેટલીયે આશા અને ઇચ્છાઓ લઈ પરદેશમાં સુખની શોધમાં જવા નીકળે છે. આ શોધમાં લોકો બીજી કોઈ જગ્યાએ જવાને બદલે લંડનને જ કેમ પસંદ કરે છે એ પણ એક પ્રશ્ન તો છે જ. આ પ્રશ્નનો જવાબ કવિને લંડન વસવાટ પછી થતાં અનુભવોમાંથી કદાચ મળી શકે. 'લંડન' નામની રચનામાં સર્જક લંડન શહેર વિશેનો પોતાનો પ્રતિભાવ આપતા હોય તેમ કહે છે કે, 'પાંગળી પરવશ સ્વતંત્રતામાં તેઓ માનતાં નથી. પોતાપણાનું ગુમાન, આપકમાઈની ખુમારી અને વ્યક્તિસ્વાતંત્ર્યની ચમક અહીં જોવા મળે છે. અહીં સદાચારની છલના નથી. અનાચાર આંધળો નથી. સ્વૈરવિહાર એ સ્વચ્છંદતા નથી. એવા એ અનોખા શહેરે મને પ્રેમ અને શૌર્યનો પરમ મંત્ર ફરીથી પઢાવ્યો છે.' (પૃ. ૨૧) સર્જકનું આ અવલોકન એ પણ બતાવે છે કે લંડન કેટલું મુક્ત માનસ ધરાવતું શહેર છે. લંડનનું આ મુક્ત માનસ  જ લોકોને પોતાની તરફ આકર્ષે છે. તેની સાથે સાથે વૈભવી જીવનશૈલી અને પૈસા કમાવાની અઢળક શક્યતાઓને લીધે પણ મોટાભાગના લોકો લંડન તરફ આકર્ષાય છે.

કોઈ પણ ડાયસ્પોરા જ્યારે પોતાનું વતન છોડી વિદેશમાં વસવાટ કરવાની શરૂઆત કરે છે ત્યારે તેના માટે સૌથી મોટી પીડા વતનથી વિખૂટા પડવાની હોય છે. વતનથી વિખૂટા પડ્યા છતાં પણ પોતાની મૂળ સંસ્કૃતિને ટકાવી રાખવાની મથામણ એ ડાયસ્પોરાની લાક્ષણિકતા છે. સિક્કાની બીજી બાજુ એ પણ છે કે યજમાન દેશ પણ પોતાની આગવી સંસ્કૃતિને ધરાવતો હોય છે. ડાયસ્પોરાના બહોળા પ્રમાણમાં આગમન થવાથી યજમાન દેશની સંસ્કૃતિ પર પણ ખતરો ઊભો થવાની પૂરી સંભાવનાઓ રહેલી હોય છે. લંડન જેવા શહેરમાં આ બાબતે કેવું વલણ પ્રગટે છે તે વિશે સર્જક કહે છે કે, 'થેમ્સ નદીએ વિવિધ સંસ્કૃતિનાં વહેણ ઉભરાતાં જોયાં છે. લંડન ભિન્નભિન્ન સંસ્કૃતિનો સંઘર્ષ અનુભવે છે. છતાં નિજની સંસ્કૃતિ વટલાઈ જવાનો પોકળ ડર એને નથી. નીતનવાં સાંસ્કૃતિક વહેણોમાં તરબોળ બની, સ્વચ્છ બની, એ નવલાં સ્વરૂપ ધારણ કરી તાજગી પ્રાપ્ત કરે છે....' (પૃ. ૨૧) સર્જકની આ 'લંડન' નામની રચના કોઈપણ દૃષ્ટિએ કાવ્ય સ્વરૂપ લાગતી નથી. સાહિત્યિક દૃષ્ટિકોણથી જોવામાં આવે તો આ ગદ્યખંડ લાગે છે એ પણ અહીં નોંધવા જેવી બાબત છે.

ઈ.સ. ૧૯૭૧માં ઈદી અમીનના ક્રૂર નિર્ણયનો ભોગ કવિને પણ બનવાનું થયું. ગુજરાત-ભારતથી આફ્રિકા અને આફ્રિકાથી અમાનુષી ફરમાનને લીધે બ્રિટનમાં સ્થાયી થયેલા કવિ પોતાની આપવીતી 'હું તે વળી ક્યાંનો બ્રિટિશ' નામનાં કાવ્યમાં રજૂ કરે છે. એક નહીં પણ બબ્બે દેશને છોડવાની અનુભૂતિ ધરાવનાર આ કવિ આ રીતે દ્વિવસાહતી છે. બબ્બે વખત વિસ્થાપનનો કારમો ઘા સહન કરનાર આ કવિ આખરે તો પોતાની જાતને ગુજરાતી તરીકે જ ઓળખાવે છે; જે આ કાવ્ય થકી ભાવકને સમજાય છે. કવિને એ પ્રશ્ન મૂંઝવે છે કે પોતે માત્ર બ્રિટનમાં વસવાટ કરતાં હોવાથી બ્રિટિશ તરીકે ઓળખાય છે તે કેવાં આશ્ચર્યની વાત કહેવાય. પોતાની પાસે બ્રિટનનો પાસપોર્ટ હોવાથી શું તેઓ બ્રિટિશ થઈ ગયા છે તેવા પ્રશ્નમાંથી આ સમગ્ર કાવ્યનું સર્જન થયું છે. આ ચિંતન વધારે સઘન ત્યારે બને છે જ્યારે તેઓ પોતાનાં અત્યાર સુધીના ભુતકાળની વાત કરે છે. તેઓ કહે છે કે,

'જનમ જનમે ગુજરાતી
મા-ભોમ-લાડલો ભારતી
ભાષાએ સુરતી ગુજરાતી
જન્મે આફ્રિકન ગુજરાતી
અમીન-સપને ફેંકાયો
'બ્રિટિશ' નાતે સ્વીકારાયો
લંડન ખાતે સંઘરાયો
પાસપોર્ટ - પાને ચમકતો
કહેવાતો બ્રિટિશ હું કેવો ?' (પૃ. ૧૪)

ઉપરોક્ત પ્રથમ ચાર પંક્તિઓમાંથી ત્રણ પંક્તિઓમાં અંતે ગુજરાતી શબ્દ વાપરીને કવિએ એ સાબિતી આપી છે કે પોતે આજે પણ એક ગુજરાતી છે. ગુજરાત તેમના હ્રદયમાં વસે છે, એ હજી છૂટ્યું નથી. આફ્રિકામાં ઈદી અમીનના ફરમાનને લીધે તમામ ભારતીયોની હાલત કફોડી થઈ ગઈ હતી. કારણ કે, એક તરફ તેમને નેવું દિવસમાં આફ્રિકા છોડવાનું હતું; એ પણ પોતાની તમામ સંપત્તિમાંથી કશું પણ સાથે લીધા વિના. તો સામે બીજો પ્રશ્ન એ પણ હતો કે આફ્રિકા છોડી બીજા કયા દેશમાં જવું? ત્યારે મોટા ભાગના લોકોએ બ્રિટન જવાનું નક્કી કર્યું. કેમ કે, બ્રિટને જ મોટા ભાગના ભારતીયોને સૌપ્રથમ આફ્રિકા મોકલ્યાં હતા. વળી, બ્રિટને મોટાભાગના આફ્રિકન નિરાશ્રિતોને આવકાર્યા અને એ રીતે આ લોકો ત્યાં સ્થાયી થયા.

કવિના મનમાંથી ગુજરાત છુટ્યું નથી એ કારણે તો તેઓ આજે ગુજરાતીપણું ટકાવી રાખી શક્યા છે અને બ્રિટિશ બની શક્યા નથી; એ વાત તો ખરી જ, પણ પોતે બ્રિટિશ નથી તેના વધુ પૂરાવાઓ કવિ આગળ આપતા કહે છે કે,

'યુદ્ધ-દુંદુભી જો ગાજે આજે
હું રણ-છોડદાસ ગભરાઉં સ્હેજે
ન લલચાઉં જવા યુદ્ધમોરચે
ન મરવાય તૈયાર હું કમોતે
હું તે વળી ક્યાંનો બ્રિટિશ ?' (પૃ.૧૪)

બ્રિટનનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે બ્રિટને ઘણા બધા યુદ્ધોમાં ભાગ લીધો છે. અત્યાર સુધી બે વિશ્વયુદ્ધો થયા છે. આ બન્ને વિશ્વયુદ્ધોમાં બ્રિટને ભાગ લીધો છે. તેની સાથે સાથે બીજા ઘણા બધા નાના મોટાં યુદ્ધોમાં પણ તે ભાગીદાર રહી ચુક્યો છે; એટલે યુદ્ધ જેવી ઘટના બ્રિટન માટે નવી નથી. યુદ્ધ સમયે વતનપ્રેમ દાખવી દેશને વિદેશી હુમલાઓથી  બચાવવા ખાતર શહીદ થઈ જવું એ કોઈપણ દેશવાસી માટે ગૌરવની વાત કહેવાય છે. દરેક દેશવાસી માટે સૌપ્રથમ દેશ છે, પછી ઘર, કુટુંબ, સગાવ્હાલાં, મિત્રો વગેરે.. પણ આ વાતે કવિ અપવાદ છે. કવિ પોતે એ વાત સ્વીકારે છે કે જો આજે યુદ્ધ થાય તો પોતે ગભરાઈ જઈ તેમાં સક્રિયપણે ભાગ લેવાનું ટાળશે. એક બ્રિટિશ નાગરિક તરીકે કવિ યુદ્ધ મોરચે જવા તૈયાર થશે નહીં એવી કબૂલાત પણ તેઓ પોતે અહીં કરે છે. બીજા બ્રિટિશ નાગરિકો જેમ દુશ્મનોનો સામનો કરવા, યુદ્ધ લડવા કે પછી શહીદ થઈ જવા તત્પર બનશે તેવી તત્પરતા તેમનામાં નથી. કવિ આ વાત માટે 'રણ-છોડદાસ' જેવો શબ્દપ્રયોગ કરે છે. એટલે જ કવિ પોતાની જાતને પ્રશ્ન કરે છે કે, 'હું તે વળી ક્યાંનો બ્રિટિશ ?'

લંડન-બ્રિટનવાસી મોટાભાગના ગુજરાતીઓ સ્વેચ્છાએ પરદેશ આવીને સ્થાયી થયાં છે. તેઓને સ્વદેશ છોડવા માટે કોઈએ ફરજ પાડી નથી. ગુજરાતીઓ સંપતિ કમાવવાની લાલચે અને સુખ-શાંતિ જોઈ અહીં સ્થાયી થયા છે. સુંવાળપ અને હુંફની સાથે સાથે સહિષ્ણુતાની ભાવનાને લીધે ગુજરાતીઓ અહીં રહેવા આકર્ષાય છે. બ્રિટનની ભાષા, ધર્મ, કલા, સાહિત્ય વગેરે તમામ નવવસાહતીઓને આકર્ષે તેવું છે. તેમ છતાં કવિ આખરે હૃદયમાં પડેલી પોતાની મૂળ માતૃભૂમિ પ્રત્યેની ભાવનાને છોડી શક્યા નથી. એટલે જ આખરે તેઓ એ વાતને પણ સ્વીકારે છે કે,

'તોયે રહ્યો ગુર્જર હું
શીદને ન મૂળ રંગે રંગાઉં ?
હું તે એવો કેવો બ્રિટિશ ?
હું તે વળી ક્યાંનો બ્રિટિશ ?' (પૃ.૧૫)

આપણે જાણીએ છીએ કે ડાયસ્પોરા એ સ્થળાંતરની પ્રક્રિયા છે. તે જાણે છે કે વિદેશમાં જવાથી શરૂઆતના દિવસોમાં સમસ્યાઓનો સામનો કરવો પડશે. આ વાસ્તવિકતાથી વાકેફ હોવાના લીધે જ મોટાભાગના ડાયસ્પોરા શરૂ શરૂમાં એકલા જવાનું પસંદ કરે છે અને પરિસ્થિતિઓ થોડી અનુકૂળ બનતાં

પછી ધીમે ધીમે પરિવારના સભ્યોને વિદેશમાં સાથે રહેવા બોલાવી લેતા હોય છે. એક તરફ અત્યાર સુધી ઘડાયેલું ભારતીય માનસ અને બીજી બાજુ પશ્ચિમી સંસ્કૃતિનું આકર્ષણ કે પ્રભાવ પણ આ નવા ડાયસ્પોરાઓને સહન કરવો જ પડે છે. બાળકો અને યુવાનોને આ પરિવર્તન થોડું ગમે એ પ્રકારનું પણ હોય છે. આથી તેઓ બહુ ઝડપથી પોતાની જાતને નવા વાતાવરણ અને નવા સમાજ, નવી જીવનશૈલી મુજબ ઢાળી લે છે. પણ આ સ્થળાંતરને લીધે સૌથી વધારે સમસ્યાઓનો સામનો વૃદ્ધોને કરવો પડે છે. જન્મ, બાળપણ, યુવાનીથી માંડી જીવનની મોટા ભાગની જિંદગી ભારતીય સંસ્કૃતિ પ્રમાણે વિતાવનારા જીવનના છેલ્લા પડાવે પહોંચેલા લોકોને માટે પરિવર્તન અશક્ય જેવી ઘટના બની જાય છે. ભારત જેવા દેશમાં નવરાશની પળોમાં સમય પસાર કરવા માટે આવા મોટી ઉંમરના લોકોને પોતાના જેવા જ બીજા સાથી મિત્રો મળી રહેતા હોય છે. કોઈપણ પ્રકારની ઓળખાણ ન હોવા છતાં એકબીજાની પ્રત્યે સહાનુભૂતિની ભાવના હોય એ મહદઅંશે ભારતમાં – ભારતીય સંસ્કૃતિમાં જ શક્ય છે. તેથી આવા લોકોને જ્યારે વિદેશમાં કોઈ સાથ સહકાર આપવાવાળું ન મળતાં ઘરમાં એકલા બેસી રહેવા સિવાય તેમની પાસે બીજો કોઈ વિકલ્પ પણ રહેતો નથી. ઘરની ચાર દીવાલોમાં એકલા બેસી રહેવું એ તેમની મજબૂરી બની જાય છે. જીવનમાં એકલતા સિવાય હવે તેમનો કોઈ સાથી હોતો નથી. આવા એકલવાયા વૃદ્ધોની દશાને પ્રગટ કરતું કાવ્ય છે 'કાચી જેલ'. કાવ્યનું શીર્ષક જ સુચવે છે કે ઘર એ હવે જેલ બની ગઈ છે. આ કાવ્યની શરૂઆતમાં જ કવિ કહે છે કે,

'રોજિંદા પ્રકાશકેરી જીવાદોરી તોડીને' (પૃ.૨૨)

જીવન જીવવાની છૂટ જેવી યુવાનો અને બાળકોને મળે છે તેવી જ વૃદ્ધોને પણ હોવી જ જોઈએ. પણ સમાજની વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળે છે. વૃદ્ધોને અનાયાસે એકલા એકલા જ ઘરમાં પડ્યા રહેવું પડે છે. પોતાની ઇચ્છા વિરુદ્ધ. ન ગમે તો પણ. આ બધાથી તેઓની જીવાદોરી તૂટતી જતી હોય એવો અનુભવ તેઓને થાય છે. જીવતા જીવ જ કબરમાં દાટી દીધા હોય તેવી અનુભૂતિ તેઓને થતાં તેઓ પોકારી ઉઠે કે,

'જીવતો જ ન દફનાવી દેશો તમે મને;
ઝંખતા પ્રભાતના આસોપાલવના ક્ષિતિજે
ગળેથી ટીંગાળીને લટકાવજો ફાંસીએ.' (પૃ. ૨૨)

આમ, ઘરમાં એકલા ગુંગળાઈને મરી જવા કરતાં તેઓ ઇચ્છે છે કે તેઓને ખુલ્લી હવામાં ફાંસીએ લટકાવી દેવામાં આવે. કમસે કમ એ બહાને તેઓને ખુલ્લી હવામાં થોડીક ક્ષણો માટે શ્વાસ લેવા તો મળશે. આ બધી બાબતો એ તરફ દિશા સુચન કરે છે કે વૃદ્ધો પ્રભાત રૂપી મોકળાશ ઇચ્છે છે, બંધિયાર વાતાવરણમાંથી બહાર નીકળી મુક્તિ ઇચ્છે છે. પણ પોતાને ચાર દીવાલો વચ્ચે જેલના કેદી જેવી અનુભૂતિ થતાં આક્રંદ કરતાં કહે કે,

'જીવતા દોજખ પાછળ ન ગોંધશો મને
નાનકડી ખોરડી માટ નફરત મને ભારે;' (પૃ. ૨૨)

જીવતે જીવ નર્કમાં હોવાનો અનુભવ તેમને થતો હોય એ ઉપરોક્ત પંક્તિઓમાં કહેવાયું છે. એટલે જ તેમને બંધિયાર ઘરો પ્રત્યે ભારે નફરત પેદા થઈ આવે છે. જીવનમાં મૃત્યુ ક્યારે આવશે એની રાહ જોઈને બેઠા હોય તેવી તેમની સ્થિતિ છે. આ પરિસ્થિતિમાં પણ તેમને કોઈ સાથી મળી જાય તો જીવવું કઠિન ન લાગે. પણ કોઈનો સાથ ન હોવાથી તેઓની અકળામણ વધુ તીવ્ર બને છે. એટલે જ છેલ્લી પંક્તિઓમાં કહે છે કે,

'કબર જેવું અહીં છે બધું સુમસામ
કાચી આ જેલમાં કરતાં ન બને બંદીવાન.' (પૃ. ૨૨)

લંડન જેવા આધુનિક મહાનગરમાં વસવાટ કરતાં કવિને થયેલ શહેરીકરણની અનુભૂતિને તેઓ 'જંગલો કૉન્ક્રીટના' કાવ્યમાં તેમણે રજૂ કર્યા છે. ઝૂંપડપટ્ટી, ચૉલ કે નાની નાની વસાહતોની જગ્યા મહાનગરોએ લઈ લીધી છે. ક્યારેક એકબીજાની હરિફાઈ તો ક્યારેક વૈશ્વિક વિક્રમો પ્રસ્થાપિત કરવા માટે થઈને શહેરની બિલ્ડિંગો વધારેને વધારે ઉંચે ઉઠતી જાય છે. કવિ શહેરોની બિલ્ડિંગોને 'વૈભવધામો અમારાં' એવી ઉપમા આપે છે. પણ આ વૈભવધામોની વાસ્તવિકતા અકળાવનારી છે. એટલે જ કવિ કહે છે કે,

'એના વસવાટોનાં ખોરડાં એટલે
    ગુફાયુગની પ્રતિકૃતિ વિનાનાં
    આધુનિક અંધાધૂંધીથી ભરેલાં
    બાકસો.
એની આસપાસનું વાતાવરણ એટલે
    સ્વચ્છ પર્યાવરણ વિનાનું
    ગંદું, ગલીચ ને જીવતું
    દોજખ.
એના ગગનચૂંબી ફ્લૅટોની ખોલીઓમાં
    ત્રાસ, ભય ને બેચેની વિના
    બીજું કોઈ સુખ નથી.' (પૃ. ૩૬)

કવિએ આધુનિક મહાનગરોના રૂમો માટે ઓરડાંને બદલે 'ખોરડાં' શબ્દ પ્રયોજી ખાલીપાની, એકલતાની વાત રજૂ કરી છે. વળી, આ ખોરડાં તેમને મકાન કે ઘર નહીં પણ ગૂફા જેવા બંધિયાર, અજવાસ વિનાના લાગે છે. તેમાં ચારે તરફ ફેલાયેલા અંધકારને લીધે કવિ તેને 'બાકસ'ની ઉપમા આપે છે. તેમાં પણ હવા, પાણી, પ્રકાશ, સ્વચ્છતા વગેરેના અભાવને લીધે કવિને જીવતે જીવ નર્કની અનુભૂતિ થતી હોય તેવું લાગે છે. સુખ

અને શાંતિની શોધમાં આવેલા માનવીને અહીં ત્રાસ, ભય અને બેચેની ચારે તરફથી ઘેરી વળે છે. દીવાલો પર સુંદર પ્રકૃતિ ચિત્રોની જગ્યાએ અસભ્ય અને બીભત્સ શબ્દોમાં લખાયેલ વાક્યો છે. મોટા શહેરોમાં વાહનોની ભીડભાડથી બચવા માટે બનાવેલા અંડરગ્રાઉન્ડ રસ્તાઓ ચોરી અને વ્યભિચારના કેન્દ્રો બની રહ્યા છે. વિનય કવિ એટલે જ 'નિર્ઝરાં'ના કાવ્યો વિશે વાત કરતાં કહે છે કે, 'નગરસભ્યતાની નગ્નતા જ્યારે માઝા મૂકે છે, મશીનરીના ચક્કરમાં ફસાયેલ માનવી જ્યારે ખુદના ચહેરાને પણ ઓળખી નથી શકતો ત્યારે મનમાં વિદ્રોહની ભાવના તીવ્ર બને છે; એમ થાય છે કે આજને ભસ્મીભૂત કરી નાંખી એક નવી નક્કોર આવતી કાલનું ઘડતર કરીએ.' (પૃ. ૨૩૪, શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ) એટલે જ આખરે કવિ આ સમગ્ર અનુભવના નવનીત સ્વરૂપે કહે છે કે,

'અહીં
અસહિષ્ણુતાની
અસંતોષની
અરાજકતાની
ને નિઃસહાય
વસાહતીઓની
કારમી દશા
જોવી રહી.' (પૃ. ૩૭)

લંડન જેવા પશ્ચિમી સંસ્કૃતિના આધુનિક શહેરોની વધુ એક કારમી વાસ્તવિકતા 'ટુરિસ્ટ બૉર્ડની જા X ખ' અને 'જંકી' કાવ્યોમાં પ્રગટ થાય છે. રાત્રે રોશનીથી ઝળાહળા થતા બાર હવે યુવાનોની આદત બનતી જાય છે ત્યારે એની વાત કર્યા વગર લંડનની વાત પૂરી કેમ થઈ શકે ! એટલે જ કવિને પણ કહેવું પડ્યું છે કે, 'ડિસ્કો વગરનું જીવન ફિઆસ્કો' આ ડિસ્કો વિશે વધારે વાત કરતા કવિ કહે છે કે,

'સાવ રે અધૂરું
મારું આયખું' – ની
સાબિતી જોઈતી હોય
તો
તસતસતા ને થનગનતા
ચેતનવંતા ને રંગીલા
અમારા દેશના
લાઇવ ડિસ્કોની

મુલાકાત લો' (પૃ. ૧૧૦)

આ ડિસ્કો થકી યુવાનીના આવેગમાં પ્રેમના વ્હેમમાં ફસાઈ પોતાના કૌમાર્યને બહુ નાની ઉંમરે ખોઈ બેસવું એ પણ હવે સામાન્ય વાત બની ગઈ છે. આવી વેધક વાસ્તવિકતાને પણ કવિએ પોતાની આ કવિતામાં નીચે મુજબ આલેખ્યું છે :

'રોમાન્સભરપૂર
નવલકથાનાં પાત્રોથીયે
વધુ રોમાન્ટિક
રાજકુંવર અને રાજકુમારી
(એટલે કુમારી નહિ)' (પૃ. ૧૧૦)

યુવાનોની બીજી એક જીવલેણ આદત છે નશીલા પદાર્થોનું સેવન કરવું. આ પદાર્થો ઉન્માદ જગાડનારા હોઈ એક વખત તેનો સ્વાદ ચાખી જનાર તેનો ગુલામ બની જાય છે. બીડી, ગુટખા, તંબાકુ કે દારૂ એ તો હજી ધીમા માદક દ્રવ્યો છે પણ લંડનના યુવાનો હવે ઝડપી જીવનશૈલી જીવતા હોઈ તેઓ આ બધાથી આગળ વધી ડ્રગ્સના રવાડે ચડે છે. કવિના અનુભવવિશ્વથી આ બાબત પણ છૂપી રહેતી નથી. આવા લોકોની જ વાત કવિ 'જંકી' કાવ્યમાં કરે છે. કવિ કહે છે કે,

'–છૂંદણા જેવાં કુંડાળા નીલા રંગના
નિશાનો હાથ પરનાં, ચિહ્નો હીન દશાનાં –
આસપાસ નિહાળી રહે, અધખૂલી આંખે
ગંદકી મધ્યે, ગલીચ વાતાવરણે, ગંદા બિછાને નિજને
ન સમજાય એને – કોણ પોતે ?
નામ શું ? લાડલો કોનો ? ક્યાં વસે ?
જીવે નશાને જોરે
– શબ, જીવતું શબ –
સોયનો ભોગ બનીને.' (પૃ. ૬૧)

યુવાનોની અવદશાનું આ કાવ્ય છે. યુવાનોના હાથે થયેલાં ગોળ નિશાનોને કવિ છૂંદણાની ઉપમા આપી પોતાની અંદર રહેલી ભારતીયતાને પ્રગટ કરે છે. પણ આ ગોળ નિશાનો એ કોઈ ચિત્રો કે tattoo નથી એનો પૂરાવો નિશાનોને અપાયેલી 'નીલા રંગના' જેવી ઉપમા આપે છે. બહુ જ ઝડપથી – તત્કાલીન નશો થાય એ માટે યુવાનો હવે ડ્રગ્સને ઇંજેક્શનથી સીધા લોહીમાં ભેળવે છે. આ ગોળ નિશાનો એ થકી જ બન્યાં છે. ડ્રગ્સ એ ઝેર જ છે. ઝેર પીધા પછી માનવીના નખ જેમ નીલા પડી જાય તેમ આ ડ્રગ્સને પણ ઇંજેક્શન દ્વારા –

હાથમાં જેમ લોહી ચડાવવામાં આવે તે રીતે વારંવાર લેવાથી થાય છે. આ ડ્રગ્સ લીધા પછી વ્યક્તિ જાણે જીવતી લાશ બની જાય છે. પછી તેને આસપાસની ગંદકી વિશે કોઈ જ સાનભાન રહેતા નથી. પોતે પોતાનું વ્યક્તિત્વથી માંડી અસ્તિત્વ સુધી પણ થોડા સમય માટે ભૂલી જાય છે. આ સઘળી બાબતને કવિએ અહીં કેવી સાહિત્યિક રીતે અલંકારિક અને પ્રશ્નાર્થશૈલીમાં રજૂ કરી આપ્યાં છે તે ધ્યાન ખેંચે છે.

પશ્ચિમે વિશ્વને બબ્બે વિશ્વયુદ્ધોની ભેટ આપી છે. એના અનુભવે ત્યાંના લોકો એ તો શીખ્યાં છે કે જો હવે ત્રીજું વુશ્વયુદ્ધ – ન્યુક્લિયર યુદ્ધ થાય તો તેનાથી કેમ બચવું ? આ પ્રશ્નનો ઉકેલ પણ તેઓએ શોધી લીધો અને એટલે તેમણે જમીનમાં ખૂબ ઊંડાઈએ ન્યુક્લિયર બોમ્બની પણ અસર ન થાય તેવા રહેઠાણો બનાવ્યાં. તેને ન્યુક્લિયર શેલ્ટર એવા નામે તેઓ ઓળખાવે છે. આ ન્યુક્લિયર શેલ્ટર અને આધુનિક જીવનશૈલી પણ તેમને સુખ અને શાંતિ આપી શક્યાં નહીં. તેથી દુનિયામાં ક્યારેય શક્ય નથી તેની શોધમાં માનવી નીકળી પડ્યો છે. એટલે જ 'છેલ્લો માનવી' નામની કવિતામાં કવિ કહે છે કે,

'હું
ભૂત બની
પૃથ્વી પરના ખંડેર મહલમાં
ભમવા લાગ્યો
ને શોધી રહ્યો
પશ્ચિમમાં ઊગવાના સૂરજને.' (પૃ. ૧૮)

- અસહકાર અને એકલતા

પેસ્ટર નાઇમોલરના અંગ્રેજી કાવ્યને આધારે લખેલા 'ન્યુક્લિયર યુગનું રાષ્ટ્રગીત' નામની કવિતામાં તેઓ અસહકાર અને એકલતાની પીડાને વાચા આપે છે. બીજાકોઈ વ્યક્તિને તેની મુશ્કેલીની ક્ષણોમાં સહકાર ન આપવાની વૃત્તિ ધરાવનાર વ્યક્તિ જ્યારે પોતે કોઈ પીડા કે અત્યાચાર અને અન્યાયનો ભોગ બને છે ત્યારે તેની મદદે પણ કોઈ આવતું નથી. એ વાતને કવિએ અહીં યુહૂદીઓના વિસ્થાપન જેવી મહત્ત્વની ઘટનાઓના આધાર લઈને રજૂ કરી છે. કવિ કહે છે કે,

'સૌ પ્રથમ તેઓ યહુદી માટે આવ્યા
ત્યારે હું બોલ્યો નહિ –
કારણ કે હું યહુદી નહોતો.' (પૃ.૧૭)

પોતે યહુદીઓ ઉપર થઈ રહેલા અત્યાચાર, અન્યાયને મૂંગા મોઢે જોઈ રહ્યા, તેમનો સાથ ન આપ્યો. એ જ રીતે સામ્યવાદીઓ અને કામદારોનો પણ સાથ ન આપ્યો. અને આખરે,

'પણ ત્યારબાદ તેઓ મારા માટે આવ્યા

ત્યારે મારે માટે બોલે એવું,
કોઈએ ત્યાં નહોતું......?' (પૃ.૧૭)

આમ, જરૂર પડ્યે બીજા કોઈને સાથ ન આપનાર વ્યક્તિને પણ સંકટ સમયે કોઈ સાથ આપવાનો નથી. એમ કહો કે સાથ આપવા માટે કોઈ રહેવાનો જ નથી એ વાસ્તવિકતાને આ કાવ્ય બહું માર્મિક રીતે રજૂ કરે છે.

- સાંસ્કૃતિક અને ધાર્મિક ખેંચતાણ

લંડન જેવા વિકસિત અને આધુનિક શહેરને ભલે પોતાની સંસ્કૃતિ વટલાઈ જવાની બીક ન હોય પણ કવિને એ બીક તો છે જ. જેની પ્રતીતિ કરાવે છે 'અમે' નામની કવિતા. કવિએ અહીં 'હું' જેવા એકવચનને બદલે 'અમે' જેવા બહુવચન દ્વારા પોતાના જેવા તમામ ડાયસ્પોરાની લાગણીને આ કાવ્યમાં અભિવ્યક્ત કરી છે. અહીં કવિ ડાયસ્પોરા માટે 'ભમતારામ' અને 'પારકી ધરતીના જીવડા' જેવી ઉપમાઓ પ્રયોજે છે. કવિ સ્વીકારે છે કે,

'ધરમકાંડ અમ સાચવીએ ભારે તે
સાચવવી રહી સંસ્કૃતિ નિજની જે.' (પૃ.૮૯)

ધર્મના નામે પૂજાપાઠ, વ્રત, કર્મકાંડ, કથા વગેરે ભારતીય સંસ્કૃતિનું એક અંગ માનવામાં આવે છે. આ ધાર્મિકતા દરેક ભારતીયમાં થોડા ઘણાં અંશે હોવાની. જેની ખાતરી પણ અહીં થાય છે. સદીઓ પૂરાણી ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખવાની મથામણ ડાયસ્પોરા પણ કરતો રહે છે એ પણ કવિના આ વિધાનોથી માલૂમ પડે છે. ડાયસ્પોરા અનુભવે છે તેવી ભીંસ અને પારકાપણાની અનુભૂતિને આલેખતા કવિ આગળ કહે છે કે,

'ભોગવવી રહી ત્રિશંકુ દશા અમારે
ઝઘડો કરવાનું ન થોભીએ લગીરે
પારકા ઘોડાના અસવાર બની રહી
ફરીએ અમે તો ગરવા ગુર્જર બની.' (પૃ.૮૯)

કવિ ભારતથી આફ્રિકા અને પછી આફ્રિકાથી બ્રિટન એમ ત્રેવડા વિસ્થાપનના અનુભવી છે એટલે અહીં 'ત્રિશંકુ' જેવા શબ્દ દ્વારા વિસ્થાપનની અનુભૂતિથી ઉદ્ભવતી પીડાને કવિએ આ રીતે અહીં વાચા આપી છે. ડાયસ્પોરા માટે 'પારકા ઘોડાના અસવાર' જેવો શબ્દપ્રયોગ કરી કવિએ અહીં ડાયસ્પોરાની લાગણીઓને અભિવ્યક્ત કરી છે. આટલી બધી મુસીબતો વચ્ચે પણ કવિ આખરે પોતાને 'ગુર્જર' તરીકે ઓળખાવે છે એ તેમની વતનપ્રિતી અને માતૃભૂમિ પ્રત્યેની નિષ્ઠા જ વ્યક્ત કરે છે.

'ફટકિયો રંગ તે જાય ઓસરી ખરે
ઢીંગલા-ઢીંગલી છતાંય શણગારીએ.' (પૃ. ૮૯)

ઉપરોક્ત પંક્તિઓઆં આવતો 'ફટકિયો રંગ' એ શબ્દો પાસપોર્ટનો સંદર્ભ લઈને આવે છે. વિદેશવાસી થવા છતાંય ગુજરાતીઓ – ભારતીયો પોતાની સંસ્કૃતિને વળગી રહ્યા છે તેનો સંદર્ભ પણ અહીંથી એ રીતે મળે કે ગુજરાતીઓ – ભારતીયો આજે પણ પોતાની લગ્નની પરંપરાને અનુસરે છે. વસવાટ ભલે વિદેશમાં હોય લગ્ન કરવા તો સ્વદેશમાં જ – વતનમાં જવું એવી ગુજરાતીઓની પ્રણાલીનો અહીં સંદર્ભ રહેલો છે. આ લગ્ન પણ ભારતીય રીતિરીવાજો અને ધાર્મિક પરંપરાઓ મુજબ જ કરવા એ પણ ગુજરાતીઓની આગવી ઓળખ છે. જેને કવિએ અહીં કાવ્યવિષય બનાવ્યો છે. તો સામે પક્ષે પશ્ચિમની ભૌતિક સંસ્કૃતિના પરિચયમાં આવ્યા પછી ભારતીય ધાર્મિક સંસ્કૃતિ પર 'પુનરોદ્ધાર' જેવી કવિતા દ્વારા કટાક્ષ કરતા કહે કે,

'મંદિરો ને દેવાલયોમાં
પૂતળાં બની
બિરાજમાન થયેલા ઓ અધિષ્ઠાતાઓ !
તમારાં એ ઉત્તુંગ શિખરોની હરોળમાં
મને ન સામેલ થવા દેતા
નહિ તો –
યાતનાના દ્વાર પર ઊભેલો હું
– માગણો માછી –
માગ માગ કર્યાં જ કરીશ.' (પૃ. ૧૧૩)

ભગવાનના મંદિરોમાં લાંબી લાઈનો લગાવીને ઊભેલા આજના લોકો આસ્થા કે અધ્યાત્મ નહીં પણ પોતે પોતાની અધુરી રહી ગયેલી ઇચ્છાઓની પૂર્તિ થાય એવી માંગ લઈને જ દર્શન કરવાના બહાને મંદિરોમાં જાય છે. એવો કટાક્ષ આ કવિતા થકી કવિએ કર્યો છે. પોતાની યાતનાને પોતે દૂર કરી શકતો ન હોય ત્યારે જ તે દેવસ્થાનોમાં જવાનું પસંદ કરે છે. ધાર્મિકતાના નામે લોકોમાં જાગેલી આ માંગણવૃત્તિને કવિએ આલેખી છે.

- વતન વિશે

ડાયસ્પોરાએ આજે પણ પોતાની ભૂતકાળની યાદોને સાચવી રાખી છે. સમય આવ્યે એ યાદોમાં પોતે ક્યારેક ક્યારેક ડોકિયું કરી લેતો હોય છે એની પ્રતીતિ આપણને કવિના 'પટારો' કાવ્યમાં થાય છે. તો કવિએ પોતાના વતન અને માતૃભૂમિમાં વિતાવેલા સમયની યાદોને વાગોળતા 'યાદ' નામની કવિતામાં પોતે જે જગ્યાએ ઉછેર્યા છે તે વાપી શહેરની વાત કરે છે. આ કવિતામાં કવિએ જુના વાપી શહેર અને અત્યારના વાપી શહેરની તુલનાત્મક દૃષ્ટિએ રજૂઆત કરી છે. કવિને પહેલાના શાંત, સ્વચ્છ અને હર્યાભર્યા વાપી શહેરથી આજનું વાપી શહેર તદ્દન વિપરીત લાગે છે. ક્યાં પેલું પોતે બાળપણમાં જોયેલું

વાપી; જેમાં ઘટાદાર વૃક્ષોની નીચે પોતે માળેલી એકાંતની પળો, એ દેસાઈવાડની યાદો, એ ફ્લાઈંગ રાણીની મુસાફરી વખતનો આનંદ. ને ક્યાં શહેરીકરણ, આધુનિકતા અને વસ્તી વધારાને લીધે ગંદકીથી ઊભરાતું આજનું વાપી શહેર ! એટલે જ કવિ કહે છે કે,

"અને આજે એ 'વાડ' નથી
નદી પણ લોકોએ વસાવી દીધી છે.
'રાણી છે, પણ પગ મૂકવાની જગ્યા નથી.
ને હુંયે નથી
કે નથી આપણું એકાંત !
હવે સુવર્ણપ્રભાત ક્યાં ઊગે !
વાપીનું આકાશ નવા ધુમાડામાં ખોવાઈ ગયું છે.' (પૃ. ૭૮)

હરીન્દ્ર દવે પણ 'નિર્ઝરાં' વિશે પોતાનો આનંદ વ્યક્ત કરતાં બળવંત નાયકને એક પત્ર દ્વારા લખે છે કે, 'આટલાં વરસોથી વિદેશમાં વસો છો છતાં તમારો કવિતારસ કરમાયો નથી બલ્કે વધુ પ્રફુલ્લિત થયો છે તેની પ્રતીતિ ખરે જ આનંદદાયક હતી. 'કાચી જેલ'માં વિદેશમાં વસતા વૃદ્ધજનની કથા અને વ્યથા દેખાય છે. ત્યાં રહ્યા પણ તમે 'નવા ધુમાડામાં ખોવાઈ ગયેલા વાપીના આકાશને' વીસર્યા નથી..' (પૃ. ૨૪૧, શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે))

સ્વદેશ છોડી પરદેશમાં સ્થાયી થયેલા કવિને ઘણી બધી મુશ્કેલી અને યાતનાઓ વેઠવી પડી છે. પરદેશમાં તેને વિપરિત પરિસ્થિતિઓનો સામનો કરવાનું અવારનવાર બને છે. એક રીતે જોઈએ તો હવે આ જ ડાયસ્પોરાની – કવિની નિયતિ છે તે જાણે સ્વીકારી પણ લીધું છે. આ મુસીબતોથી ડરી હવે તે પીછેહટ નથી કરતો પણ અડગ નિશ્ચય કરી તેનો સામનો કરે છે. સ્વદેશ છોડતી વખતે જ તેણે આ બધા માટે તૈયાર રહેવું પડે છે. પણ સ્વદેશમાં રહેતા પોતાના સ્નેહીજનોને આ બધી વાસ્તવિકતા અને પરદેશની રોજેરોજની બનતી ઘટનાઓ વિશે કેમ સમજાવવું એ પણ ડાયસ્પોરા માટે એક મોટો પ્રશ્ન છે. કવિ પોતે હજી સુધી સ્વજનોને ભૂલ્યાં નથી તેની પ્રતીતિ કરાવે છે તેમની 'ન ભૂલું હું....' નામની કવિતા. કવિએ આ રચના પોતાની બાને સંબોધીને લખી છે. ડાયસ્પોરાને વેઠવી પડે છે તે તકલીફો માટે પોતે તો તૈયાર હોય છે પણ આ બધાથી પોતાના સ્વજનોને દુઃખ ન પહોંચે એનું પણ કવિ ધ્યાન રાખવા ઇચ્છે છે. પોતાની તકલીફો વિશે ક્યારેક જાતે બધું પોતાની બાને કહે – સમજાવે એ પહેલા જ પોતાની માતાનું અવસાન થવાથી હવે પોતે એકલા રહી ભવિષ્યમાં આવનાર કોઈપણ પરિસ્થિતિઓનો સામનો કરી પોતાનું જીવન સાર્થક કરવાનું વિચારે છે. પણ હૃદયમાં ક્યાંક ઊંડેને ઊંડે રહેલો વતનપ્રેમ અને માતૃભૂમિ પ્રત્યેનું ખેંચાણ પણ હવે ઓસરી જવા આવ્યું છે. જેના લીધે કવિ આખરે નિર્ધાર કરે છે કે,

'હે સુહૃદય ! મને પાછો ફરવા ન વિનવીશ
નહીંતર મારી શોધ એળે જશે !
ને પોતાને, જનનીને
જનનીભાવોને
પરાઈ ભૂમિ
વિસરાવી દેશે.' (પૃ. ૬૪)

આમ, કવિ હવે સ્વદેશ પરત ફરવા માંગતા નથી તેવો દૃઢ નિર્ણય કરી લે છે તેની પ્રતીતિ અહીં થાય છે. ડાયસ્પોરાની આ પણ એક અલગ બાજુ છે કે ડાયસ્પોરા પોતાના વતન પરત ફરવા કેમ માંગતો નથી ? તેના ઘણા બધા કારણો હોઈ શકે પણ એમાંનું એક કારણ અહીં આ કાવ્ય દ્વારા આપણી સમક્ષ પ્રગટ થાય છે.

આ બધા અનુભવો પછી પણ જો ડાયસ્પોરા પોતાના વતન – ગામમાં પરત ફરે તો તેને કેવાં કેવાં અનુભવો થાય છે તેનો પરિચય '– ને ખોવાયો હું જ હતો' અને 'દ્વિધા' જેવા કાવ્યો થકી આપણને થાય છે. ઈદી અમીનની ઈર્ષાનો ભોગ બનેલા ભારતીયો ઈંગ્લેન્ડમાં સ્થાયી થયા. એમાંના જ એક દંપતિ વર્ષો પછી સ્વદેશ પરત ફરતા હોય છે તે વખતે હવાઈમાર્ગ દરમ્યાન પત્નિ સાથે થતી વાતચીતથી કાવ્ય આરંભાય છે. વતન ફરવાની ઉત્કંઠા અને આનંદની સાથે સાથે પત્નિના મનમાં એ મૂંઝવણ પણ છે કે વચ્ચેના વર્ષો દરમ્યાન વતનમાં કોઈ પરિવર્તન આવ્યું હશે ? આવ્યું હશે તો કેવું કેવું પરિવર્તન આવ્યું હશે ? આવા બધા વિચારોને વિચારોમાં વિમાન મુસાફરી પૂરી થાય છે. બે સ્થળો વચ્ચેનું અંતર ક્યારે પૂરું થઈ ગયું એ પણ ખબર ન પડી. આખરે વતન પહોંચ્યા પછીની અનુભૂતિને કવિ આ રીતે વ્યક્ત કરે છે,

'મળ્યાં સ્નેહીજનોને, નિહાળ્યાં જૂનાં ધામ
માનવી દીસે ન નવલાં, ધામોયે હતાં તેવાં જ
બદલાતું હતું શું ત્યારે થયો પ્રશ્ન અમને
બદલાયાં અમે શું હતાં થાય પ્રશ્ન એમને
કુતૂહલ બની રહે બાપડું બાવરું બાવરું.
દ્વિધા અનુભવીએ અંદરોઅંદર અમે
નિહાળી રહીએ અંદરોઅંદર એકમેકને
પ્રશ્નો ભારે સતાવે, ઉત્તરો ન સાંપડે
થયાં કરે બદલાયાં હતાં શું અમે ખરે ?
જૂનું નવું શું ને નવુંજૂનું વળી શુંયે ?' (પૃ. ૭૩)

આમ, સ્વદેશ પરત ફરી, સ્વજનોને મળી, ત્યાંનો એ જ પરિવેશ જોયા પછી દંપતિને જે સવાલ મનમાં પેદા થાય છે તે માર્મિક છે. વર્ષો સુધી વતનથી દૂર રહેવા છતાં તેમાં કોઈ પરિવર્તન આવેલું દેખાતું નથી. આખરે સમજાય છે કે પરિવર્તન વસ્તુઓ કે પરિસ્થિતિમાં આવ્યું જ નથી. જે કંઈ પણ પરિવર્તન આવ્યું છે એ માત્ર અને માત્ર તેમની પોતાની અંદર જ આવ્યું છે. એટલે જ કવિ પણ છેલ્લે કહે છે તેમ સમય ક્યારેય બદલાતો જ નથી. બદલાય છે માત્ર મનુષ્ય – એના વિચારો. સ્વદેશ છોડ્યા પછી પોતાની સંસ્કૃતિ, સભ્યતા, સમાજ, ભાષા વગેરે છિનવાઈ જશે એવી ચિંતા દરેક ડાયસ્પોરાને સતાવતી હોય છે. પોતે નવી સંસ્કૃતિમાં ખોવાઈ જશે અથવા વતનને – ઘરને – સ્વજનોને ખોઈ બેસસે એવી બીક પણ તેને હોય છે. આ જ બાબતને વિષય બનાવી કવિ '– ને ખોવાયો સામે જ હતો ?' કાવ્ય લખે છે. તેમાં પણ વતનમાં પરત ફરેલા ડાયસ્પોરાની સંવેદનાને વાચા આપવામાં આવી છે. કવિએ અહીં પક્ષીઓના સ્થળાંતરની વાત થકી પોતાની વાત મૂકી આપી છે. પણ આપણે એ પણ જાણી લેવું જોઈએ કે  પક્ષીઓનું સ્થળાંતર પ્રકૃતિગત હોય છે. વસવાટની મૂળ જગ્યાએ ચોક્કસ સમયગાળા દરમ્યાન વાતાવરણ પ્રતિકુળ બનતાં અનુકૂળ વાતાવરણ ધરાવતાં પ્રદેશમાં જઈ પક્ષીઓ વસવાટ કરે છે. પણ મોસમ બદલાતાં પરિસ્થિતિ પણ બદલાય છે ત્યારે તેઓ પોતાના મૂળ વસવાટના સ્થાન તરફ પરત ફરે છે. વળી તેઓને દેશ પરદેશ જેવી માનવે ઊભી કરેલી સીમાઓ પણ નડતી નથી. આથી પક્ષીઓનું સ્થળાંતર જીવનચક્રના એક ભાગ રૂપ બની જાય છે. કવિ પણ પરદેશ છોડી હવે સ્વદેશ પરત ફરે છે. આથી કહે છે કે,

'સ્થળાંતર કરતાં વિહગો પણ હોય છે
ને છતાંયે નિજ ધામમાં પાછાં ફરે
પથિક હુંયે તે પગલી પાડી ફરી મેં
ફર્યો પાછો નિજ ગામે લથડતે પગલે –' (પૃ. ૯૮)

પોતાના ગામ – ઘરે વર્ષો પછી પરત ફરેલા કવિ ઘરને – ગામને ઝીણવટ ભરી નજરે બારીકાઈથી જુએ છે અને એ વિચાર કરે છે કે વર્ષોના આટલા અંતરાલમાં શું શું બદલાઈ ગયું છે. આખા ઘરમાં ફરી વળ્યા પછી પણ કવિને કંઈ બદલાવ જોવા મળતો નથી તેથી તેના મનમાં મૂંઝવણ ઊભી થાય છે જેને આ શબ્દો દ્વારા અભિવ્યક્ત કરે છે,

'હતો એ જ ઓટલો, હતું એ જ બારણું
હતો એ જ ચૂલો, હતો એ જ વાડો.
થયું :
હતો એ જ હું ?
ગુમાવ્યું શું ? મેળવ્યું શું ?

સરવાળા બાદબાકી કરું
ને જમા – ઉધારપાસે લટકી રહું
તે પહેલાં
સંસ્કાર – સંસ્કૃતિ કેરાં 'ગ્રાસરુટે'
ઊભો રહ્યો અક્કડ નિજ ધામે' (પૃ. ૯૮-૯૯)

આખરે કવિને માત્ર પોતે જ બદલાયાની અનુભૂતિ થાય છે.

- સાહિત્યિકતા

'નિર્ઝરાં' કાવ્યસંગ્રહના ૧૦૧ કાવ્યોમાં પહેલું કાવ્ય છે – 'વેદના' અને અંતિમ કાવ્ય છે –'કાલ'. જાણે કે ડાયસ્પોરાની શરૂઆત 'વેદના'થી થાય છે અને એક ઉજ્જ્વળ 'કાલ'ની આશાએ આ કાવ્ય સંગ્રહ પૂરો થાય છે. ડાયસ્પોરાના જીવનની જ જાણે કે આ છબી છે. વેદનાથી આરંભાયેલી આ સંગ્રહની છેલ્લી પંક્તિઓ પણ જોઈએ.

'ધન્ય ! ધન્ય ! ઓ ધરા !
ધન્ય આજ દિન ! આનંદો જનગણ સૌ !
આનંદો ભારે !!!' (પૃ. ૧૨૪)

વળી, આ સંગ્રહના ડાયસ્પોરિક કાવ્યોમાં વિષયવસ્તુ તરીકે તેમણે મોટાભાગે લંડન, તેની નગરસભ્યતા અને આફ્રિકામાંથી ઈદી અમીનના લીધે કરવું પડેલું સ્થળાંતરને વારંવાર આલેખ્યા છે. આવું કેમ થયું હશે એ જાણવા જયન્ત પરમારના શબ્દો બહુ ઉપયોગી નીવડે છે. તેઓ કહે છે કે, ' 'નિર્ઝરાં'ના કવિનો બ્રિટનવસવાટ છેલ્લા લગભગ દોઢેક દાયકાનો થવા જાય છે. (તત્પૂર્વે પત્રકાર અને નવલકથાકાર તરીકે જ તેમના વાચકવર્ગને તેઓ પરિચિત હતા.) સંવેદનશીલતા કોઈ પણ કવિનું પ્રથમ લક્ષણ, અને જે વાતાવરણમાં કવિનો વસવાટ હોય તેથી ભાગ્યે જ તે અળગો રહી શકે. એટલે બ્રિટનના વાતાવરણને કવિ નજરે પામવાને પ્રયત્નથી અધઝાઝેરી કૃતિઓ 'નિર્ઝરાં'નો કબજો લઈ લે તો તે સ્વાભાવિક જ ગણાશે. ૧૦૧ કૃતિઓમાંથી ૪૩ કૃતિઓ બ્રિટનના – ખાસ તો લંડન, લેસ્ટરના પડઘાઓને ઝીલનારી છે. અર્થાત્, દરેક કવિ જેમ પોતાના સમાજની પેદાશ હોય છે, જિવાતા સમકાલીન સમાજના મતમતાંતરો, ભાવોર્મિઓ, ઉદ્રેક આદિને ઝીલ્યા સિવાય પ્રચ્છન્ન કે પ્રગટ રીતે પોતાની કૃતિમાં રજૂ કર્યા વગર ભાગ્યે જ રહી શકે છે તેમ સાથે સાથે એ અન્ય કરતાં દશાંગુલ ઉપર રહી ઘણું બધું અનુભવતો પણ હોય છે ને ક્રાંતદર્શન પણ કરાવતો હોય છે. લંડનની ભૂમિમાં પગ રોપીને બળવંતભાઈએ તેમાં વસતાં માનવને નિહાળવા સુપેરે પ્રયત્ન કર્યો છે.' (પૃ. ૨૩૬-૨૩૭, શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે))

ડાયસ્પોરિક સાહિત્યની એક લાક્ષણિકતા એ પણ છે કે ડાયસ્પોરા જે બે અલગ અલગ ભૂ-ભાગોની સંસ્કૃતિથી પરિચિત હોય તે બન્ને ભાષાના શબ્દોને પોતાના સાહિત્યમાં સ્થાન આપે છે. આવું તે આયાસ પૂર્વક કરતો નથી પણ અનાયાસે થઈ જાય છે. પોતે જે નવી સંસ્કૃતિના પરિચયમાં આવ્યો છે તે ભાષાના અમુક શબ્દો પોતે આત્મસાત કરી લેતો હોય છે. આ સંગ્રહમાં પણ કવિએ અંગ્રેજી અને સ્વાહિલી ભાષાના શબ્દો પ્રયોજ્યા છે. જેનાં વિશે ભાનુશંકર ઓધવજી વ્યાસ નોંધે છે કે, ' 'કેઇવ એઇજ', 'પેરિસ્કોપ', 'પ્લેટોનિક લવ', 'માચો-બીલી' (ડબલ આંખો સ્વાહિલી શબ્દ), 'Hell on Earth', 'ટેરરિસ્ટ', 'એક્સ્ટ્રો-ઇન્ટ્રો-વર્ટ', 'ગ્રાફિટી', 'ગાર્ડન', 'કોન્કાર્ડ', 'મહિન્ડી' (સ્વાહિલી), 'એસ્કેલેટર', 'ઇન્સ્ટામેટિક' વગેરે. જેમ શબ્દો મુંબઈ-કંપાલા-લંડન-ગરા હોવાની ચાડી ખાઈ લે છે તેમ તે જ રીતે ત્રણે પ્રદેશના લાંબા વસવાટને આવરતા વિષયો પણ સહેજે નજરે પડે તેવા છે (જૂઓ પૃ. ૧૪, ૨૩, ૨૯, ૩૬, ૫૨, ૭૪, ૧૦૭ વગેરે). પશ્ચિમની સંસ્કૃતિ, નગર સંસ્કૃતિ, યંત્રસંસ્કૃતિ ('બાયોનિક ઇયળ', 'યંત્રગર્દભ' આદિ દ્વારા) સુંદર રીતે સ્ફુટ થઈ જવા પામે છે.' (પૃ. ૨૪૩, શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે))

સર્જકના કવિકર્મને ગુજરાતી સાહિત્યિક માપદંડો વડે તપાસતાં પહેલા બળવંત જાનીએ કરેલી એક ટકોર વિશે વાત કરીએ. 'કાવ્યના તત્ત્વોની દષ્ટિએ અથવા તો માત્ર સાહિત્યના તાત્વિક તાણાવાણા સંદર્ભે જ બધું ડાયસ્પોરા સાહિત્ય મૂલવવા જઈએ તો ઘણી બધી રચનાઓને સાહિત્યમાંથી બાદ કરવી પડે. કલાની ગુણવત્તા, કલાત્મકતા કલાના-સાહિત્યના પદાર્થ, પદાવલિ, પ્રયુક્તિ, વગેરે પર નિર્ભર હોય છે. સાહિત્યકલા પાસેથી પણ આ ત્રિવિધ પરિબળોના સંયોગે નીપજી આવતા રૂપની અપેક્ષા જ હોય પરંતુ કેટલીક વખત પ્રતિબદ્ધ મૂલ્યોનો પણ આદર, સ્વીકાર જરૂરી બનતો હોય છે. દલિત સાહિત્યનો રચયિતા દલિત વર્ગનો હોય તો તે 'પક્ષકાર'નું જ લેબલ પામે છે. નારીવાદી સાહિત્ય નારીસર્જકને કલમે અવતરે છે ત્યારે પણ એવું જ બન્યા કરે છે. એ જ રીતે ડાયસ્પોરા સાહિત્યની મૂલવણી સંદર્ભે પણ સતત સાહિત્યિકતા વિશેની ટકોર થતી રહે છે. આ સાહિત્યમાં શબ્દની સાથે, શબ્દના નેપથ્યે પડેલા જીવનનો, જીવનસંલગ્ન ભાવનાઓ, વિચારો વગેરેનો બહુ મોટો ઐતિહાસિક દસ્તાવેજ પ્રાપ્ત થતો હોય છે. બળવંત નાયકની ઉપર નિર્દેશિત કવિતા પણ આવા ઐતિહાસિક દસ્તાવેજીકરણને લીધે જ મહત્ત્વપૂર્ણ બને છે. અલંકાર, કલ્પન, પ્રતીક, આદિની ભાષા સંરચનાની નહીં બલકે કાવ્યરૂપે પ્રગટેલા કવિના આંતરવિશ્વ દ્વારા ઉઘડતો એક નવો પ્રદેશ જ આ કાવ્યની વિશેષતારૂપે જુદો અનુભવ આપે છે.' (ડાયસ્પોરા સારસ્વત : બળવંત નાયક, સંપાદકઃ બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન – અમદાવાદ, ૨૦૧૦, પ્રસ્તાવના પૃ. ૩૫-૩૬)

આ કાવ્યસંગ્રહના કાવ્યોના સ્વરૂપ વિશે વાત કરીએ તો 'લંડન', 'ઘૂમરી', 'તું મને ન જુએ છતાં', 'આવતે ભવે' અને 'ફૂલ' સંપૂર્ણ પણે ગદ્યાંશો લાગે છે. તો વળી, છેલ્લી રચના 'કાલ'માં તો પદ્ય અને ગદ્ય બન્નેનું મિશ્રણ છે.  જ્યારે બાકીના બધા જ કાવ્યો અછાંદસ છે. વિનય કવિ એટલે જ કહે છે કે, 'આ બધાં

કાવ્યો પરથી એ સ્પષ્ટ થાય છે કે બળવંતભાઈ અછાંદસ કવિતાના ઉપાસક છે. એમના વિચારવિશ્વને આ માધ્યમ માફક લાગ્યું છે; તો એમાં ખોટું પણ શું છે ? આખરે સાહિત્યદર્પણકાર વિશ્વનાથે કહ્યું છે તેમ 'વાક્યં રસાત્મકં કાવ્યમ્'. છંદરહિત રચના પણ જો રસમય હોય, લયબદ્ધ હોય તો કાવ્યની પરિભાષામાં આવી જાય છે. હા, છંદમુક્ત કૃતિ માત્ર ચબરાકિયા શબ્દોનો શંભુમેળો ના બની રહે તેની તકેદારી રાખવી ઘટે.' (પૃ. ૨૩૫, શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે))

બળવંત નાયકની કવિતા અને કવિપ્રતિભા વિશે વિનય કવિ કહે છે કે, 'શ્રી બળવંતભાઈની કવિતાની એક વિશિષ્ટતા એ છે કે તે ચીલાચાલુ નથી. તેમની કલ્પનાશક્તિ કાં તો નવા નવા વિષયો ખોળી કાઢે છે યા તો જૂનાં વસ્તુ-સ્થિતિને નવા જ દષ્ટિકોણથી નિહાળે છે અને પછી એના પર પોતાની પ્રતિભાનો ઓપ ચઢાવી કાવ્યપ્રેમીઓ સમક્ષ રજૂ કરે છે – અને વાચકને અહેસાસ થાય છે કે આ વસ્તુ-સ્થિતિ મેં જોયાં હતાં, પણ આ રીતે નહીં. એક સાચા કળાકારનું આ તો છે કલાકૌશલ્ય કે ચિત્ર ભલે એક જ છે, પણ નિજના કેલિડોસ્કોપિક દષ્ટિ-સામર્થ્યથી એને જૂજવા રૂપે પ્રગટ કરી બતાવે છે.' (પૃ. ૨૩૫-૨૩૬)

અંતે કવિની વતનપ્રીતિ વિશે વિનય કવિના જ આ શબ્દો : 'ગુજરાતથી દૂર હોવાં છતાં અસ્મિતાને ટકાવી રાખવાની, એનાં ભાષા-સંસ્કૃતિનાં જતન-સંવર્ધન કરવાની ધગશવાળા સાહિત્યજીવ આફ્રિકામાં વસ્યા હોય કે પછી બ્રિટનમાં, પોતાના મૂળ ધ્યેયને ભૂલ્યા નથી. પ્રતિકૂળ વાતાવરણમાં પણ આવા ભેખધારીઓ સાહિત્યપ્રવૃત્તિને આગળ ધપાવી રહ્યા છે; આ કામ અશક્ય ન હોય તોપણ અઘરું જરૂર છે. આ મહાયજ્ઞમાં 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે' કહી ઝુકાવનાર ગણીગાંઠી વ્યક્તિઓ છે તેમાં બળવંતભાઈનું નામ ભુલાય તેમ નથી.' (પૃ. ૨૩૩ શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે))

❖ ૨.૩ બળવંત નાયકની વાર્તામાં ડાયસ્પોરિક વલણો

'સફરનાં સાથી' બળવંત નાયકનો એકમાત્ર વાર્તાસંગ્રહ છે. જેનું પ્રકાશન એપ્રિલ ૧૯૬૧માં થયું. આ સંગ્રહમાં કુલ ૧૬ વાર્તાઓનો સમાવેશ સર્જકે કર્યો છે. તેમાંથી 'નીપા મટોટો', 'નિરધાર', 'અશ્રુઘોષ' અને 'કલંકિની !' નામની ચાર વાર્તાઓ અને શ્રી બળવંત નાયક પરિવાર સંપાદિત 'શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે)'માં સમાવિષ્ટ અગિયાર વાર્તાઓમાંથી 'છીપનું મોતી', 'આવતી કાલે', 'અધુરો શબ્દ', 'લાઈવ ક્યુ', 'પ્રા. સત્યકામ', 'સેક્રેડ કાઉ', 'યશોધરાનો ગૃહત્યાગ' અને 'જશોદાની આંખો' જેવી આઠ વાર્તાઓ મળી કુલ બાર વાર્તાઓમાં જ મને ડાયસ્પોરિક સંવેદન આલેખન પામ્યું હોય તેવું લાગ્યું છે. એટલે અહીં માત્ર આ બાર વાર્તાઓ વિશે જ વાત કરવાનો મારો ઉપક્રમ છે. આ સંગ્રહમાં સમાવિષ્ટ 'વહેમનાં ઝેર' નામની વાર્તાનો બળવંત જાનીએ પોતાના સંપાદિત પુસ્તક 'ડાયસ્પોરા સારસ્વત : બળવંત નાયક'માં સમાવેશ કર્યો છે. પરંતુ આ વાર્તામાં ડાયસ્પોરિક સંવેદન હોય એવું મને નથી લાગતું. આ વાર્તા મુંબઈમાં રહેતા શીલા અને શૈલેન નામના દંપતિ વિશે છે. સુવાવડ માટે પિયર ગયેલી પત્નીના નામે અચાનક અમેરિકાથી કોઈ

શરદનો પત્ર આવે છે. પત્ની ઘરે હાજર ન હોવાથી અનિચ્છાએ શૈલેન તે પત્ર ખોલીને વાંચે છે. પત્ર વાંચવાથી શૈલેનને માલૂમ પડે છે કે શરદ શીલાનો પ્રેમી છે અને અમેરિકાથી થોડાં જ દિવસોમાં મુંબઈ પરત ફરવાનો છે. પત્ર વાંચી શૈલેનના મનમાં શીલા વિશે વહેમ પેદા થાય છે. આખરે ત્રણે પાત્રો મળે છે ત્યારે ખબર પડે છે કે શરદની પ્રેમિકા શીલા અને શૈલેનની પત્નિ શીલા બન્ને અલગ અલગ પાત્રો છે. અંતે શૈલેન ભોઠપ અનુભવે છે. આ છે આ વાર્તાની કથાવસ્તુ. વાર્તાનો કોઈ પાત્ર પરદેશથી આવવાનો હોય કે પરદેશ ગયો હોય તેનો કથામાં ઉલ્લેખ આવતો હોવાથી તે વાર્તા મારા મતે ડાયસ્પોરિક બની જતી નથી. બળવંત જાનીનો જ આ વાર્તા વિશેનો અભિપ્રાય જોઈએ, ''વહેમનાં ઝેર' નવલિકામાંથી પસાર થતાં એ ભારતમાં રહી લખતા સર્જકો જેવી જ સીધી સાદી દામ્પત્યજીવનની વાર્તા લાગે છે.' (ડાયસ્પોરા સારસ્વત બળવંત નાયક પૃ. ૨૩) એથી આ વાર્તાની ચર્ચા કરવાનું મેં અહીં ટાળ્યું છે.

- નીપા મટોટો

સરયુ અને શરદ નામના શિક્ષક દંપતિને ચાર વર્ષના કોન્ટ્રાક્ટ થકી મુંબઈથી આફ્રિકા જવાનું થાય છે. મુંબઈથી આફ્રિકા અને આફ્રિકાથી પરત મુંબઈ આવવાના સમયપટ પર આ વાર્તા વિસ્તરેલી છે. મુંબઈના ડોકયાર્ડથી દરિયાઈ માર્ગે મોમ્બાસા અને ત્યાંથી નૈરોબી થઈને આ દંપતિ કંપાલા પહોંચે છે. શાળામાં શિક્ષણકાર્યની સાથે સાથે ઇત્તરપ્રવૃત્તિઓ થકી આ દંપતિએ વિદ્યાર્થીઓ અને ત્યાંના લોકોમાં સારી એવી નામના મેળવી. તેવામાં તેમના ઘરે એક દીકરીનો જન્મ થયો. તેનું નામ સરિતા. સરયુ અને શરદ બન્ને શાળામાં નોકરી કરતાં હોવાથી તેમને સરિતાની સારસંભાળ રાખવા માટે કોઈ આયા રાખવાની ફરજ પડી. આથી નાલિન્યા નામની આફ્રિકન સ્ત્રીને તેમણે સરિતાની દેખરેખ માટે રાખી લીધી. નોકરીના સમયે નાલિન્યા સરિતાનું ધ્યાન રાખતી. માતા જેવો જ પ્રેમ આપતી. એવામાં ચાર વર્ષનો સમયગાળો પૂરો થતો હોવાથી શરદ અને સરયુને મુંબઈ પરત ફરવાની ફરજ પડી. આ વાતની જાણ જ્યારે નાલિન્યાને થઈ ત્યારે તેનું હૈયું ભરાઈ આવ્યું. સરિતાથી છૂટા પડવું તેની માટે દુ:ખદ હતું એટલે નાલિન્યાએ પણ મુંબઈ આવવાની ઇચ્છા દંપતિ સામે વ્યક્ત કરી. સરયુ અને શરદ જાણતા હતા કે પોતે ઇચ્છે તો પણ આ વાત શક્ય નહોતી. આથી સરયુ, શરદ અને સરિતા દરિયાઈ માર્ગે મુંબઈ પરત ફરવા નીકળી પડ્યા. નાલિન્યા સરિતાથી વિખૂટી પડવા માંગતી નહોતી એટલે ચોરીછૂપીથી તે પણ સ્ટીમ્બરમાં આવી જાય છે. સ્ટીમ્બરના કેપ્ટન અને દંપતિ મળી નાલિન્યાને રસ્તાની વચ્ચે આવતા સીસલ ટાપુ પર ઉતારી દેવાનું નક્કી કરે છે. પણ નાલિન્યાનું માતૃહૃદય સરિતાને પોતાની આંખોથી દૂર કરી શકે એમ ન હોવાથી બીજા બધા લોકોની નજર બચાવી પોતે સરિતાને લઈને દરિયામાં કૂદી આત્મહત્યા કરી લે છે. આ છે આ વાર્તાનું કથાવસ્તુ.

આ વાર્તામાં પરાયા બાળક માટે પણ પોતાના બાળક જેવી જ માતૃત્ત્વની લાગણી આલેખાઈ છે. વળી, આ લાગણી ધરાવતું પાત્ર યજમાન દેશનું છે એ દૃષ્ટિએ તેને ડાયસ્પોરિક કહેવા કરતાં આ વાર્તામાં નિરૂપિત પરિવેશ અને શરદની માનસિકતા ડાયસ્પોરિક લાક્ષણિકતા પ્રગટાવે છે.

આ વાર્તામાં આવતો પરિવેશ ગુજરાતીઓ-ભારતીયોના ઇતિહાસની યાદ તાજી કરાવે છે. આજે આધુનિકયુગમાં મોટાભાગે વિદેશ પ્રવાસ જ્યારે હવાઈમાર્ગે થાય છે ત્યારે આઠ-આઠ દિવસ જેટલી લાંબી મુસાફરી હવે કોઈ કરવા માંગતું નથી. ગુજરાતીઓએ કરેલી આવી લાંબી અને જોખમી દરિયાઈ મુસાફરીનો પણ અહીં ચિતાર મળે છે.

દરિયાઈ મુસાફરી દરમ્યાન ઊભી થતી તકલીફોને પણ સર્જકે અહીં 'કેટલાંકને ચક્કર આવતાં હતાં તો કેટલાંકને વૉમીટ થઈ રહી હતી.' (પૃ. ૫૪) જેવા સુચનો દ્વારા અભિવ્યક્ત કરી છે. તો 'સી-સીકનેસ' જેવી બાબતોનો પણ અહીં ઉલ્લેખ કરી દરિયાઈ મુસાફરોને થતાં અનુભવોની વાત સર્જકે કરી છે. સ્ટીમ્બરની અકડાવનારી મુસાફરી, મુસાફરોની શારીરિક અને માનસિક સ્થિતિનો સંદર્ભ આપતાં આ શબ્દો જૂઓ : 'માનવીને ઘેટાં-બકરાંની જેમ એમાં ભર્યાં હતાં. આઠ દિવસ સુધી એમને જે યાતના ભોગવવી પડે છે તેનો ખ્યાલ આવતાં અમે કમકમાં અનુભવ્યાં. અમે સ્ટીમ્બરના છેક નીચલા ભાગમાં ગયાં. એને 'ફાળકું' કહેવામાં આવે છે. મોટી સંખ્યાનાં માણસો ત્યાં રહેતાં હતાં છતાં એમને માટે પંખાની કશી સગવડ નહોતી.' (પૃ. ૫૬) આ વર્ણનો એ બાબતની સાક્ષી પૂરે છે કે દરિયાઈ મુસાફરી કેટલી મુશ્કેલી ભરી હતી. પણ ગુજરાતીઓ પહેલી વખત આફ્રિકા આ દરિયાઈ માર્ગે થઈને જ પહોંચ્યા હતા. શરૂઆતના ડાયસ્પોરાનો આવવા-જવાનો માર્ગ આ જ હતો. એ દૃષ્ટિએ આ વાર્તાનું ઐતિહાસિક મૂલ્ય છે.

કોઈપણ ડાયસ્પોરા યજમાન દેશના લોકો સાથે બહુ જલ્દીથી ભળતો નથી. યજમાન લોકો અને ડાયસ્પોરા વચ્ચે વ્યવહાર તો થાય છે પણ એકબીજા પ્રત્યે વિશ્વાસ આવતાં બહુ સમય લાગે છે. ક્યારેક આ વિશ્વાસ ન આવે એવું પણ બને. આ જ બાબત વાર્તામાં શરદના પાત્રને લાગુ પડે છે. આફ્રિકાના વસવાટને થોડો સમય થઈ ગયો હોવા છતાં શરદ આફ્રિકનો પર વિશ્વાસ કરી શકતો નથી. પોતાને અને સરયુ- બન્નેને શાળાની નોકરીમાં જવાનું હોવાથી સરિતાના જન્મ થયા પછી તેની સારસંભાળ રાખવાવાળું ઘરે કોઈ ન હોવાથી સરિતાની દેખરેખ રાખી શકે એવી કોઈ આયા રાખવાનું દંપતિ નક્કી કરે છે. આયા રાખવાની વાત નીકળે છે ત્યારે શરદના મનમાં પેદા થતું આ મનોમંથન જૂઓઃ 'ખરું પૂછો તો અનુભવ પછી મને આફ્રિકાનાં સ્ત્રી કે પુરુષો માટે માન રહ્યું ન હતું. એ લોકો ભારે નિમકહરામી લાખ ઉપકાર કરો પણ અપકાર કરતાં એ અચકાશે નહિ. એટલે આ આધેડ વયની બાઈ માટે પણ મને.... છતાં હું નાઈલાજ હતો એટલે મેં સંમતિ

આપી.' (પૃ. ૬૦) આમ, યજમાન દેશના લોકો સાથે આત્મીયતા ન કેળવી શકતો ડાયસ્પોરા નાયક પોતાના જેવા જ બીજા સ્વદેશી ડાયસ્પોરાના વર્તૂળોના જૂથમાં બંધાઈને સંકુચિત માનસ ધરાવતો થઈ જાય છે.

તો સાથે સાથે યજમાન પાત્રોના મુખે યજમાન દેશની ભાષાનો જ ક્યારેક ક્યારેક થતો ઉપયોગ ડાયસ્પોરિક સાહિત્યને સાંસ્કૃતિક દૃષ્ટિએ થતાં સમન્વયનો પણ પર્યાય બની રહે છે. જેના થોડાંક ઉદાહરણો...

'કોઈન્ડા ઉપેસી...જલદી ઊતરી જા.' (પૃ. ૬૩)

'નીપા મટોટો. મીમી ટાકા ચૂકવા ઈ જે........ લાવ, બેબીને ફરવા લઈ જાઉં.......' (પૃ. ૬૩)

'અપાના મામા...ના...હું તો સંડાસમાં ભરાઈ ગઈ હતી.' (પૃ. ૬૩)

'બાના, મારા બાળકથી મને અલગી કરીશ નહિ.' (પૃ. ૬૩)

'મામા, લાવો એને બહાર ફરવા લઈ જાઉં.' (પૃ. ૬૩)

- નિરધાર

સમગ્ર વાર્તા નાયક શૈલેશ અને નાયિકા શીલાના પાત્રની આસપાસ રચાય છે. શૈલેશના પિતા સુમનલાલ શાળાના હેડમાસ્તર છે, તે જ શાળામાં તેનો દીકરો શૈલેશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેની સાથે શીલા નામની એક શિક્ષિકા પણ છે. બંને શાળામાંથી રાજીનામું આપી સગાસંબંધી અને સુમનલાલની મરજી વિરુદ્ધ લગ્ન કરી લે છે. પરંતુ શાળામાંથી નોકરી છોડ્યા પછી તેમની પાસે આવકનું કોઈ સાધન રહેતું નથી. એકાદ વર્ષમાં તો તેઓ એકદમ કંગાળ અવસ્થામાં આવી જાય છે. પોતે મહેનતું અને હોશિયાર હોવા છતાં, બીજી કોઈપણ જગ્યાએ તેમને કોઈ નોકરી આપવા તૈયાર થતું નથી. બધી જગ્યાએથી તુચ્છકાર મળ્યાં પછી તેઓ સાવ જ નિરાધાર થઈ ગયા હતા. તેવામાં આફ્રિકામાં શિક્ષક અને શિક્ષિકાની નોકરી માટેની જાહેરખબર તેઓ વાંચે છે. જાહેરખબર વાંચતાવેંત જ તેઓ ખૂબ ખુશ થઈ જાય છે. તેઓ આ નોકરી માટે અરજી કરે છે. એક જ મહિનાની અંદર જ તેમની પસંદગી પણ થઈ જાય છે. બંનેને સાથે મળીને મહિનાનો ૧૬૦૦ શિલિંગ જેટલો પગાર મળશે એ વાત જાણીને તેઓ રોમાંચિત થઈ ઊઠે છે. પરંતુ દુઃખના દિવસો પૂરા થવાના જ હતા ત્યાં એક નવી સમસ્યા તેમની સામે આવી જાય છે. વિદેશ જવા માટે સ્ટીમરનો ખર્ચ તો શાળાના સંચાલકો આપવાના હતા પણ જીવન જરૂરિયાતની કહી શકાય તેવી ચીજવસ્તુઓ લેવા જેટલા પણ પૈસા અત્યારે તેમની પાસે નહોતા. આથી તેઓએ હતાશ થઈને આફ્રિકાના શાળાના સંચાલકોને કાગળ લખ્યો જેમાં પોતે નહીં આવી શકે એમ જણાવી તે પાછળનું પોતાની આર્થિક પરિસ્થિતિનું કારણ પણ જણાવે છે.

થોડા દિવસો પછી યુગાન્ડાની સ્ટેમ્પ વાળી એક ટપાલ તેમને ત્યાં આવી. ખોલીને જોયું તો તે આફ્રિકાના પેલા શાળાના સંચાલકોએ જ લખેલી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે તમને બે મહિનાનો પગાર એડવાન્સ મળી જશે. હવે તેઓ બેબાકળા બની ગયા. આશાનું એક નવું કિરણ ફરીથી દેખાતું હોય એવું લાગ્યું. પૈસા મેળવી તમામ તૈયારીઓ કરી તેઓ અંધારિયા ખંડ તરીકે ઓળખાતા આફ્રિકા ખંડમાં આવેલા યુગાન્ડા નામના દેશ જવા રવાના થાય છે. આઠ દિવસની દરિયાઈ મુસાફરી પછી તેઓ મોમ્બાસા બંદરે પહોંચે છે. ત્યાંથી જે ગામમાં નોકરી કરવાની છે તે ગામ એટલે કે કુલીલા પહોંચે છે. શાળાની બાજુમાં જ તેઓના રહેવા માટે પતરાંના બનેલા ક્વાટર્સ હતા. પાણી, વીજળી, બાથરૂમ વગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ પણ અહિંયા નહોતી. જેથી કરી તેઓ થોડા હતાશ થાય છે. પણ પૈસા મળશે એની લાલચે તેઓ રહેવા મજબૂર બની જાય છે.

સમય જતાં શીલા ગર્ભવતી બને છે. પણ પાણી માફક ન આવતા તેનું સ્વાસ્થ્ય પણ જળવાતું નથી. ખોબા જેવડા ગામડામાં યોગ્ય સારવારના અભાવે તે કસુવાવડનો ભોગ બને છે. આખરે શીલા 'બ્લેક વૉટર' નામના રોગનો ભોગ બની જાય છે. જેથી અકાળે તે અવસાન પામે છે.

આખરે પોતે કુલીલા ગામમાં જ Multi Racial School (સર્વકોમી શાળા) શરૂ કરે છે. જેમાં તેને તમામ સ્થાનિક લોકો અને સરકારની પણ આર્થિક મદદ મળે છે. આથી કહેવાતા અંધારિયા ખંડમાં શિક્ષણ થકી ગરીબી, બેરોજગારી, માંદગી જેવી તકલીફો સામે લડી સ્વાસ્થ્ય અને સુખાકારીમાં વધારો થાય તેવી પ્રવૃત્તિમાં પોતે પોતાનું યોગદાન આપે છે.

આ વાર્તાનો રચનાસમય ૧૯૫૬ની આસપાસનો ગણાવી શકાય. કારણ કે, વાર્તામાં એક જગ્યાએ એવો ઉલ્લેખ આવે છે કે , 'ભારત આઝાદ થયાને નવ વર્ષ થયાં' ભારત ૧૯૪૭માં આઝાદ થયો. આ વિધાન મુજબ ૧૯૪૭ પછીના નવ વર્ષ એટલે કે ૧૯૫૬ જ થાય. આ વાર્તામાં શૈલેશ અને શીલાને યુગાન્ડા ગયા પછી થતા અનુભવો, ત્યાંની પરિસ્થિતિ, વાતાવરણ વગેરેની સાથે સાથે શીલાને ગુમાવ્યા પછી શૈલેશ સ્વદેશ પરત ફરવાને બદલે યુગાન્ડામાં જ શા માટે સ્થાયી થવાનો નિર્ણય કરે છે એ બાબતો ડાયસ્પોરિક સાહિત્યની લાક્ષણિકતાઓ પ્રગટાવે છે. જેના વિશે વાત કરીએ.

'નિપા મટોટો' વાર્તામાં આપણે જોઈ ગયા તેમ અહીં પણ શૈલેશ અને શીલા ભારતથી યુગાન્ડા જવા માટે હવાઈમાર્ગે જવાને બદલે દરિયાઈ માર્ગે મુસાફરી કરે છે. વાર્તામાં ઉલ્લેખ છે તે મુજબ આ પ્રવાસ દરમ્યાન આઠ દિવસની દરિયાઈ મુસાફરી પછી મુંબઈથી મોમ્બાસા પહોંચાય છે. ભારતમાં રહીને બેરોજગારીથી ત્રસ્ત દંપતિને જ્યારે એ વાતની ખબર પડે છે કે તેઓના જવાની તમામ વ્યવસ્થા અને બે

મહિનાનો પગાર તેમને અગાઉથી મળી જશે ત્યારે તેઓ બહુ ખુશ થાય છે. બની શકે તેટલી વહેલી તકે તેઓ ભારતથી આફ્રિકા જવાનું નક્કી કરે છે. ત્યારે 'નટવરલાલ ઍન્ડ સન્સ'ની પેઢીના વૃધ્ધ તેમને કહે છે કે, 'ભાઈ, ઓછામાં ઓછો એક મહિનો લાગશે. તમારે પાસપોર્ટ તૈયાર કરાવવો પડશે. શીતળાનાં તેમજ ટાઈફોઈડના અને યેલો ફીવરનાં ઇંજેક્શન લેવાં પડશે. ઈન્કમ-ટેક્સ ક્લીઅરન્સ સર્ટીફિકેટ મેળવવું પડશે. વગેરે અનેક વિધિમાંથી પસાર થવું પડશે.' (પૃ. ૬૧) અત્યારે વિશ્વમાંથી સંપૂર્ણપણે નાબૂદ થઈ ગયેલ શીતળા જેવો ચેપીરોગ તે સમયે કેટલો ભયાનક માનવામાં આવતો હશે તેનો અંદાજ પણ અહીંથી લગાવી શકાય. કારણ કે જો શીતળાના રોગનો કોઈ દર્દી રસી લીધા વિના સ્ટીમર મારફતે આઠ આઠ દિવસ જેટલી લાંબી મુસાફરી કરે તો સ્વાભાવિક છે કે સાથી મુસાફરોને પણ તેનો ચેપ લાગે, મોટી જાનહાનિ થઈ શકે. વળી દરિયાઈ મુસાફરી વખતે દરિયાના ખારા પાણી પરથી ફૂંકાતા પવનોને કારણે પણ ઘણા બધા લોકોને નાના મોટા રોગો થતા હોય છે. ટાઈફોઈડ અને યેલો ફીવર આવા રોગોમાં મુખ્ય ગણાય છે. આવા રોગો મુસાફરી વખતે ન થાય એ માટે જ તકેદારી સ્વરૂપે ટાઈફોઈડ અને યેલો ફીવરના ઈંજેક્શન લેવા પડતા હોય છે. આમ, દરિયાઈ મુસાફરી સસ્તી ભલે હોય પણ વધારે પડતો સમય માંગી લેતી હોવાથી સ્વાસ્થ્ય સંબંધીત આવી બહુ ચર્ચિત અને ભયાનક બીમારીઓથી બચવું એ પણ જરૂરી છે.

મોમ્બાસાના દરિયા કિનારેથી યુગાન્ડા જઈ કુલીલા ગામ સુધી પહોંચતા તેઓને બીજા ત્રણ દિવસો લાગે છે. ત્યાં પહોંચીને શાળાની બાજુમાં પોતાની રહેવાની વ્યવસ્થા જ્યાં કરવામાં આવી હતી તે પતરાના ક્વાટર્સ વાળી જગ્યા જૂએ છે ત્યારે તેઓ વિદેશની ધરતી પર સૌપ્રથમ વખત હતાશા અનુભવે છે. તેઓ બાકીની પરિસ્થિતિ અને આસપાસના વાતાવરણથી પરિચિત થાય છે ત્યારે એ હતાશામાં વધારો થાય છે. આ વર્ણન જૂઓઃ 'ઘરમાં વીજળી બત્તી નહિ, નળ નહિ, કે બાથરૂમ નહિ. પાણી જે રીતે સંઘરાતું તે જોઈ એને તો પાણી પીવાનું પણ ગમતું નહિ. વરસાદનું પાણી એક નાનકડા અને જમીન સાથે ચણેલા પીપમાં સંઘરાતું અને એ જ પાણીનો બધાં કામ માટે વપરાશ કરવાનો. ગામની અભણ, અજ્ઞાન છતાં ભોળી બહેનો જોડે શરૂશરૂમાં એને (શીલાને) નહિ ફાવે એ સ્વાભાવિક હતું. પણ એની એણે ઝાઝી પરવા કરી નહીં. પણ પેલું ગૂંગળાવતું વાતાવરણ તો એ નહિ જ સહિ શકી." (પૃ. ૯૯) કુલીલા ગામના પ્રથમ દર્શને જ શીલા અને શૈલેશને અહીંથી અણગમો થઈ આવે એ સમજી શકાય એવી વાત છે. તેમ છતાં પૈસા મળશે એવી ઇચ્છાએ સ્વદેશ છોડી અહિ પરદેશમાં રહેવા મજબૂર આ દંપતિ પાસે બીજો કોઈ ઉપાય પણ નહોતો. ભારતમાં પિતા અને સગાસંબંધીઓની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરવાને લીધે તેમને જે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો તે હકીકત તેઓ હજી વિસર્યા નહોતા. આથી વિદેશની ધરતી પર કોઈ સ્વજન વિના, એકલા અટૂલા કોઈ પરિચિત પણ નહીં એવી જગ્યાએ પણ ટકી રહેવાનું અડગ નિર્ણય લઈ તેને અનુસરે છે. યુગાન્ડાની અકડાવનારી પરિસ્થિતિ, અભણ અને અજ્ઞાની લોકો, સ્વાસ્થ્ય સંબંધી બાબતોનો અભાવ વગેરે તમામ

બાબતો યુગાન્ડાના તત્કાલીન સમયની છબી ઉપસાવવામાં મદદરૂપ થાય છે. ગરીબી, બેકારી, શિક્ષણનો અભાવ વગેરે જેવી વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે જીવન જરૂરિયાતની પૂરતી સગવડો પણ તેમને મળતી નથી. કદાચ આ બધી બાબતોને લીધે જ આફ્રિકાને 'અંધારિયો ખંડ' જેવી ઉપમા આપવામાં આવી હશે તેનો પણ અહીં અંદાજ આવે છે.

સમય જતાં શીલા ગર્ભવતી બને છે. વચ્ચેના આ સમયગાળામાં શીલાને સ્વાસ્થ્ય સંબંધી તકલીફો ભોગવવી પડે છે. યુગાન્ડાનું ગંદુ પાણી શીલાને માફક આવતું નથી. આથી ક્વીનીનની ગોળીઓ લેવાથી તે યુગાન્ડા આવી તે વખતે હતી તેનાથી પણ વધારે કમજોર બની જાય છે. આ વર્ણન જૂઓ : 'શીલાને ગામનાં પાણી આવી ત્યારથી જ માફક આવ્યા ન હતાં. મુંબઈમાં હતી ત્યારે ક્વીનીનની એક પણ ગોળી લેવી પડી ન હતી જ્યારે અહીં આવ્યાને વરસ થયું ન હતું ત્યાં તો ક્વીનીન ખાઈ ખાઈ એણે એનું હીર ગુમાવ્યું હતું. એ ફિક્કી અને પીળી બની ગઈ હતી.' (પૃ. ૧૦૧)

શીલાનું પોતાનું કહી શકાય તેવું યુગાન્ડામાં શૈલેશ સિવાય બીજું કોઈ નહોતું. વળી પ્રતિકૂળ વાતાવરણ અને સ્વચ્છતાના અભાવે તેનું સ્વાસ્થ્ય પણ લથડતું જતું હતું. તેવામાં તે ગર્ભવતી બને છે પણ પૂરતું પોષણ ન મળવાને લીધે તેની કસૂવાવડ થઈ જાય છે. સારવાર કરાવવી હોય તો પણ છસોથી સાતસો માઈલ દૂર જિંજા અથવા કંપાલા જવું પડતું. ગામડામાં ડૉક્ટરના નામે 'ઊંટ-દાક્તર' પાસેથી નાછૂટકે દવાઓ લઈ લઈને તેની તબિયત વધારે બગડતી ગઈ. કસુવાવડ પછી તેને પાણીજન્ય જીવલેણ રોગ 'બ્લેક વૉટર' થયો અને આખરે અકાળે તેનું અવસાન થાય છે. આવી રીતે વીતે છે શીલાની જિંદગી. ખુશીઓ અને આનંદની આશાએ આફ્રિકાના યુગાન્ડામાં આવેલી શીલા અકાળે મોતને ભેટે છે તેના પાછળનું સૌથી મોટું કારણ યુગાન્ડાના વાતાવરણને જ ગણાવી શકાય. સારવારનો અભાવ પણ તેમાં ભાગ ભજવે છે. આટલી બધી અગવડો છતાં કોઈ ડાયસ્પોરા મોતને ભેટી જાય તે હદ સુધી સહન કરવાનું શા માટે પસંદ કરતો હશે તેના ઘણા કારણો હોઈ શકે. પણ અહીં શીલાની મજબૂરીનું એકમાત્ર કારણ પૈસાની જરૂરિયાતને જ ગણાવી શકાય. પોતે અને શૈલેશ ભણેલ અને હોશિયાર હોવા છતાં ભારતમાં તેમને કોઈ નોકરી આપવા તૈયાર ન થયું એટલા માટે જ તેને અનાયાસે આફ્રિકા જેવા અંધારિયા ખંડના યુગાન્ડા દેશના કુલીલા જેવા સાવ નાનકડા ગામમાં રહેવા મજબૂર થવું પડ્યું. ડાયસ્પોરાની આ પણ એક કડવી વાસ્તવિકતા જ ગણી શકાય.

શૈલેશ પરાયા દેશમાં સાવ એકલો પડી જાય છે. જે દેશે પોતાની પાસેથી પોતાની પત્નીને છીનવી લીધી હોય એ દેશમાં કોઈ રહેવાનું પસંદ કરે ખરો ? છતાં પણ વાર્તાનાયક કેમ પોતાનાં વતન, પોતાના સ્વદેશ, પોતાનાં કહેવાતાં સગાસંબંધીઓ પાસે પરત ફરવા નથી માંગતો ? પિતા સુમનલાલે તેને ભલે લગ્ન પછી તિરસ્કાર્યો હોય પણ પોતે આફ્રિકા આવવા રવાના થયો ત્યારે તો તેના પિતા તેને વિદેશ જવા માટે

વિદાય આપવા આવ્યા હતા એ પણ હકીકત છે ને. જો શૈલેશ ઇચ્છે તો પરત પોતાના વતન ભારત જઈ શાળાની નોકરી પરત મેળવી શાંતિથી પોતાની બાકીની જિંદગી વિતાવી શક્યો હોત. શીલાના મૃત્યુ પછી પોતે જે વિચારો કરે છે તેમાં તેની આ ચિંતા દેખાઈ આવે છે. 'ગામ લોકોની સહાનુભૂતિ છતાં એને એ ગામમાં રહેવાનું ગમ્યું નહીં. મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. ક્યાં જવું અને શું કરવું ?' (પૃ. ૧૦૧) આ વિધાનો શૈલેશની માનસિક સ્થિતિ સૂચવે છે. હવે તો શીલા પણ પોતાની પાસે નથી રહી પણ જ્યારે તેઓ બન્ને યુગાન્ડામાં હજી આવ્યા જ હતાં ત્યારના સમયની વાર્તાનાયક શૈલેશની માનસિકતા પણ અહીં જોઈએ: 'આફ્રિકામાં આવી નવજીવનનાં સોપાન માંડવાની એમની મહેચ્છા અકાળે દફનાવાઈ જતી લાગી. થોડાક જ મહિનામાં શૈલેશને પણ સમજાયું કે અહીં પૈસો મળે છે પણ જીવનનો આનંદ મળતો નથી, જિંદગી જિવાતી નથી. અને જીવનમાં જો આનંદ ન હોય તો પૈસાની શી કિંમત? ....ત્યાં જ બે મહિનાનો 'એડવાન્સ પે!' એ રકમ એની સમક્ષ આવી જતી ત્યારે એને સમજાતું કે એ પૈસા વિના એ લોકો અહીં આવી શક્યાં ન હોત. એની સાથે જ દર મહિને એમને બન્નેને મળી મળતી ૧૬૦૦ શિલિંગની રકમ પણ એને વિચાર કરતો બનાવી જતી. અને આર્થિક દૃષ્ટિએ તો દેશ કરતાં સારું છે ને ! એવો સંતોષ મેળવી સંજોગને અનુરુપ બનવાના પ્રયાસમાં પાછો ગૂંથાઈ જતો.' (પૃ. ૯૯, ૧૦૦) આ વર્ણનોથી એક તારણ એવું પણ કાઢી શકાય કે પહેલી વખત યુગાન્ડા આવ્યા પછી શૈલેશને પણ શરૂઆતમાં હતાશા થવા છતાં તે સ્વદેશ પરત ફરી શકતો નથી. એનું એક કારણ એ પણ છે કે પોતે પહેલાંથી જ યુગાન્ડા આવવા માટે બે મહિનાનો પગાર એડવાન્સ સ્વરૂપે લઈ લીધો છે. આ પૈસાના લીધે જ તેમને જિંદગીમાં આ નવો વળાંક આવ્યો છે. ભારતની જિંદગીમાંથી છૂટી અહીં તેઓ ૧૬૦૦ શિલિંગ જેટલો માસિક પગાર મેળવી શકે છે. સ્વદેશમાં ભૂખે મરવા કરતાં અહીં સારો એવો પગાર મળતો હતો. આ બધી બાબતો તેના માનસમાં ઊભા થતાં ભારત પરત ફરવાના વિચારને મનમાંથી બહાર જ આવવા નથી દેતા.

આમ, માત્ર પૈસો મળશે એવી આશાએ વિદેશની ધરતી પર આવી પહોંચનાર શીલા અને શૈલેશ જેવા કેટલાંય લોકોને એ અફસોસ તો થતો જ હશે કે માત્ર પૈસા મેળવવા માટે તેમણે કેટલું બધું ગુમાવ્યું છે. પૈસા કમાવવાની લાલચ જ તેમની મજબૂરી બની જાય છે. સિક્કાની બીજી બાજુ એ પણ છે કે આવા લોકોની સમજદારી, હોશિયારી અને સમજણને સ્વદેશમાં કોઈ સમજી શકતું નથી. કદાચ કોઈક સમજે છે તો તે સમાજ, સંસ્કૃતિ અને બીજા લોકો શું કહેશે એવા ડરથી પણ તેઓને નોકરી આપતા ખચકાટ અનુભવે છે. જ્યારે વિદેશની ધરતી પર પોતાને સીધી રીતે ઓળખનાર કોઈ હોતું નથી. આથી તેઓ પોતાની અંદરની કળાને, કાબેલિયતને પૂરેપૂરી વિકસાવી શકે છે અને પૈસા કમાવવાની સાથે સાથે સારી એવી નામના પણ મેળવે છે અને પ્રગતિ સાધે છે.

આ વાર્તામાં બે પાત્રો છેઃ શીલા અને શૈલેશ. દેખીતી રીતે વાર્તામાં સૌથી વધુ દુઃખ શીલાને ભોગવવું પડે છે. કસુવાવડ પછી ‘બ્લેક વૉટર’ જેવા જીવલેણ રોગનો ભોગ બની પોતે મૃત્યુને ભેટે છે. પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ જોઈએ તો દુઃખ શૈલેશને ભોગવવું પડે છે. શીલા તો મૃત્યુ પામવાથી આ દુઃખદર્દમાંથી છૂટી જાય છે પણ એકલા રહી દુઃખ સહન કરવાનું શૈલેશના ભાગે જ આવે છે. વળી, આ વાર્તામાં શીલાનું માનસ જેટલું પ્રગટ થયું છે તેના કરતાં નાયક શૈલેશનું માનસ વધારે આલેખાયું છે, પ્રગટ થયું છે. ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી  આઝાદી મળી તેને નવ વર્ષ જેટલો સમય થઈ ગયો હોવા છતાં ભારતમાં પ્રવર્તતી શિક્ષિત બેરોજગારી તરફ પણ અહીં અંગુલિનિર્દેશ થયો છે. ભારતના વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓ લાગુ કરવમાં આવી હોવા છતાં શૈલેશના માનસમાં ઉદ્ભવતા આ વિચારો જોઈએઃ પંચવર્ષીય યોજના અને નવનિર્માણની મોટી મોટી વાતો કરનાર નેતાઓ અને છાપાંના તંત્રીઓ પર એને ભારે તિરસ્કાર છૂટવા લાગ્યો. દેશ પરદેશથી આવતાં પ્રતિનિધિમંડળો અને એમના તરફથી ઉચ્ચારાતા ભારતની સિદ્ધિનાં વેણ શાળાના કોઈ ગોખણિયા વિદ્યાર્થીના મોઢામાંથી ટપકી પડતાં વાક્ય જેવાં લાગ્યાં.’ (પૃ. ૯૩-૯૪) આ શિક્ષિત બેરોજગારીને લીધે જ શીલા અને શૈલેશે પોતાનો સ્વદેશ-ભારત છોડી યુગાન્ડા જેવા પરદેશમાં પૈસા કમાવવા અનાયાસે જવું પડે છે.

- અશ્રુશોષ

વાર્તાનો નાયક રમેશ છે. વાર્તામાં વર્તમાન કરતાં ભૂતકાળની યાદો વધારે મહત્ત્વની બની જાય છે. એક રીતે કહીએ તો આ આખી વાર્તા ફ્લેશબેકની ટેકનિકથી લખાયેલી હોય તેવું લાગે છે. આ વાર્તાનું કથાવસ્તુ આ પ્રકારનું છે. રમેશનું મૂળ વતન વડગામ નામનું એક નાનકડું ગામ છે. તેના પિતા રામલાલ દેસાઈ ગામના બહુ પ્રતિષ્ઠિત અને સારી એવી નામના ધરાવતા હતા. રમેશના લગ્ન રમા નામની એક છોકરી સાથે થવાના હોય છે, હાથે મીંઢોળ બંધાઈ ગયા હોય છે ત્યારે જ રમેશને ખબર પડે છે કે તેના પિતાએ પોતાના લગ્ન માટે દસ હજાર રૂપિયા જેટલું વાંકડું (કન્યાપક્ષ તરફથી વરપક્ષને અપાતી રોકળ રકમ) લીધું છે. આથી પિતા-પુત્ર વચ્ચે ઝઘડો થઈ જાય છે. મીંઢોળ પહેરેલ હાથે રમેશ ઘર છોડી - દેશ છોડી છેક રંગૂન ચાલ્યો જાય છે. ત્યાં જઈ રંજના નામની છોકરી સાથે પોતે લગ્ન કરી લે છે. રંજના અને એના પિતાએ રમેશને સરકારી ઈજનેર બનાવ્યો. પોતે હવે સુખેથી જીવન વિતાવવા લાગ્યો હતો. પણ આ સુખ વધારે ટક્યું નહીં. જાપાને મણિપુર અને રંગૂન શહેર પર હુમલો કર્યો. જાપાનીઓના આક્રમણથી બચવા માટે ત્યાંના બધા જ હિંદુઓ પોતાની તમામ સંપત્તિને છોડી જીવ બચાવવા ખાતર પહેરેલ કપડે પોતાના વતન તરફ પરત ફરવા લાગ્યા. રમેશને પણ આ રીતે રંગૂન છોડવું પડ્યું. વતન છોડવાની અંધાધુંધીમાં રમેશ રંજના અને પોતાના સસરાથી છૂટો પડી ગયો. રંજના અને તેના પિતા જીવતા રહ્યા હતા કે નહીં તેની પણ કોઈને ખબર

પડી નહીં. ભારત પરત ફર્યા પછી પણ તે લોકોના કોઈ સમાચાર ન મળ્યા જેથી કરી રમેશે પણ માની લીધું હતું કે તેઓ પોતાનો જીવ બચાવી નહીં શક્યા હોય અને ક્યાંક મૃત્યુ પામ્યાં હશે. હવે રમેશ સાવ એકલો થઈ ગયો. અત્યારે જે હાલત બર્માના રોહિંગ્યા મુસ્લિમોની છે તેવી જ હાલત આ લોકોની થઈ હશે એવી કલ્પના કરી શકાય.

ભારત સરકારે નિરાશ્રિત તરીકે રમેશને નોકરી આપી. સરકારી કામકાજના લીધે જ રમેશને પોતાના વતન પરત ફરવાનું થાય છે. ખરેખર ત્યાંથી જ આ વાર્તા આરંભાય છે. વડગામ પરત ફર્યા પછી રમેશને ખબર પડે છે કે પોતાના ઘર છોડ્યા પછી આખા કુટુંબની કેવી અવદશા થઈ અને એક પછી એક તમામ લોકો મોતને ભેટ્યા. રમેશ જ્યારે રંગૂનમાં હતો ત્યારે તેને પોતાના પરિવારની યાદ તો આવતી જ હતી પણ તે વખતે પોતે જાણતો નહોતો કે તેના ગયા પછી બાકીના લોકોની આવી અવદશા થશે. આ બધું જાણ્યા પછી રમેશને પોતાના સ્વજનો પ્રત્યે ભારે લાગણી જન્મે છે. તે રાત્રી રોકાણ માટે પણ પોતાની જૂની હવેલી – જે હવે સરકારી ઉતારો બની ગઈ હતી ત્યાં જ રહેવાનું પસંદ કરે છે. પોતાના પરિવારજનોનો દેહ જ્યાં દાટવામાં આવ્યો હતો તે સ્મશાનમાં રાત્રે એકલો જઈ રડી આવે છે. પિતૃતર્પણ સમજી સરકારી પત્રકમાં જોગવાઈ ન હોવા છતાં પોતાના તરફથી સ્મશાન ભૂમિના નવા મકાનનું સમારકામ પણ કરાવી આપવાની વાત કરે છે.

આમ, સ્વદેશ છોડી પરદેશ ગયા પછી પરદેશમાં પરિસ્થિતિ પ્રતિકૂળ બનતા સ્વદેશ પરત ફરેલો ડાયસ્પોરા રમેશ જ્યારે પોતાના વતન વડગામ આવે છે. પોતાના ગયા પછી પોતાના સ્વજનોની થયેલી અવદશા વિશે જાણે છે ત્યારે વિહ્વળ બની જાય છે. પોતે દુઃખની લાગણી અનુભવે છે. પરિવારજનો ખાતર સ્મશાન ભૂમિના મકાનનું સમારકામ કરાવી આપી એક રીતે પોતાના દિલનું દર્દ હળવું કરે છે. આમ, સ્વદેશ પરત ફરતા ડાયસ્પોરાની લાગણીઓને આ વાર્તા આલેખિત કરે છે.

આ સંગ્રહની વાર્તાઓ ભારતના આઝાદી કાળની આસપાસ રચાયેલી છે. આ વાર્તામાં પણ ભારતમાં પ્રવર્તતી કુપ્રથાઓમાંની એક લગ્ન વખતે કન્યા પક્ષ તરફથી વર પક્ષ દ્વારા લેવામાં આવતી રોકડ રકમ જેને વાંકડા કહે છે તેનો નિર્દેશ જોવા મળે છે. આ કુપ્રથાનો વિરોધી રમેશ જ્યારે એ વાત જાણે છે કે પોતાના લગ્ન માટે પિતાએ દસ હજારનો વાંકડો લીધો છે ત્યારે તે અંદરથી ખુબ દુઃખી થાય છે. પોતે ભણીગણીને જે કુરિવાજોથી દૂર જવા માંગતો હતો તે જ કુરિવાજનો તે ભાગ બને છે. આથી તેને લાગી આવે છે અને નવી પત્ની રમા સાથે કોઈ વાતચીત કર્યા વગર ગૃહત્યાગ કરી મ્યાનમારના રંગૂન શહેર ચાલ્યો જાય છે.

રંગૂનમાં રંજના સાથે લગ્ન કર્યા પછી પણ તેને અવારનવાર પોતાના વતનની, પરિવારજનોની યાદ આવતી રહેતી. પોતાના ભૂતકાળથી તે ભલે અળગો થયો હોય પણ તે ભૂતકાળ, સ્વજનો, તેની યાદમાં સતત આવ્યા કરે છે. જેની સાક્ષી પૂરે છે વાર્તામાંના આ વર્ણનોઃ 'રંગૂનમાં રહી રંજના સાથે અમનચમનમાં દિવસો પસાર કરતી વખતે પણ રમેશને રમાની યાદ વારંવાર આવી જતી અને ત્યારે એ અવશ્ય વિચારવમળે ચઢી જતો. પોતાની માતાજીનો કરૂણ ચહેરો એને વિવશ બનાવી જતો. પણ એના પિતાજીનો લાલ ચહેરો નજરે ચઢતાં પેલો ગુસ્સો ફરી પાછો એના મનનો કબજો લઈ લેતો અને માતા, પિતા, પત્નિ તમામને તે ભૂલી રંજનાને જ પોતાનું સર્વસ્વ માની લેતો.' (પૃ. ૧૨૧) ડાયસ્પોરાની આ એક સર્વસામાન્ય લાક્ષણિકતા છે કે વિદેશવાસી થયા પછી પણ તેને તેના સ્વજનો હંમેશા યાદ આવ્યા કરે છે. પણ કોઈ ચોક્કસ કારણોને લીધે તે પાછો ફરી શકતો નથી.

રમેશ અહીં બે વખત ડાયસ્પોરા બને છે. પહેલી વખત તે વટગામથી પિતા સાથે ઝઘડો થયા પછી વતન છોડી રંગૂન આવે છે. પહેલી વખત વતન છોડતી વખતે તેના સ્વજનો સુરક્ષિત હોય છે. બીજી વખતે જાપાન મણિપૂર અને રંગૂન પર આક્રમણ કરે છે ત્યારે રમેશને પોતાની તમામ માલમિલકત, સંપત્તિ છોડી; પહેરેલ કપડે જીવ બચાવવા માટે વતન પરત ફરવું પડે છે. આ વખતે પત્નિ રંજનાનું શું થયું તેની પણ તેને ખબર પડતી નથી. તે જ્યારે આશ્રિતોની છાવણીમાં પહોંચે છે ત્યારે તેને પોતાનું કહી શકાય તેવું કોઈ જોવા મળતું નથી. આમ, અહીં રમેશે પહેલી વખત કરેલું સ્થળાંતર સ્વૈચ્છિક હતું જ્યારે બીજી વખતનું સ્થળાંતર અનાયાસે કરવું પડેલું હતું. બીજી વખતના સ્થળાંતર પછી તેની પાસે કંઈજ બચતું નથી. નાસભાગમાં પોતે પત્નિ અને સસરાને ખોઈ બેસે છે. એટલે જ સ્વૈચ્છિક સ્થળાંતર કરતાં અનૈચ્છિક સ્થળાંતરને વધારે દુષ્કર માનવામાં આવે છે. બીજી વખતના સ્થળાંતરનું વર્ણન જૂઓઃ 'જાપાને મણિપુર અને રંગૂન પર હુમલો કર્યો અને ત્યાંના હિંદુઓને પહેરેલ કપડે વતન તરફ ભાગવું પડ્યું. જે લક્ષ્મી પાછળ કંઈક કાળાં ધોળાં કર્યાં હતાં, લક્ષ્મીના મોહમાં આંધળા બની ન કરવાના પાપ કર્યા હતા તે તમામે રક્તથી રંગાએલી એ લક્ષ્મીને પરદેશમાં જ મૂકી સ્વદેશ તરફ દોડ મૂકી. જેમને પોતાના પ્યારા વતન તરફ લગીરે મમતા નહોતી એવાઓને પણ આખરે વતનના પંથે પડવું પડ્યું. સૂર્યોદય જેવી શુભ્ર પરદેશી લક્ષ્મી સૂર્યાસ્ત જેવી પરાસ્ત બની ગઈ. લાખો માનવીઓનાં ટોળાંની દૃષ્ટિ એકમાત્ર વતન તરફ હતી. વતનમાં જ એમને સહારો મળવાનો છે અને વતન તે વતન એનું ભાન એ માનવીઓને આ વિપત્તિમાં જ થયું. એ માનવ મહેરામણ જંગલો, કોતરો, નદી નાળાં વીંધી પગપાળા આગળને આગળ વધ્યો. મા દીકરાથી, પતિ પત્નિથી, ભાઈ બહેનથી વિખુટાં પડી ગયાં. સૌ પોતપોતાની જાન બચાવવાની ચિંતા કરતાં હતાં.' (પૃ. ૧૨૧) આ વર્ણનથી એ પણ તારણ નીકળે છે કે કોઈ ડાયસ્પોરા જ્યારે પોતાનું વતન છોડી પરદેશ જાય છે ત્યારે ત્યાં જઈને પોતે પોતાનો એકમાત્ર ઉદ્દેશ પૈસા કમાવવાનો જ રાખે છે. વધારે ને વધારે પૈસા કમાવવા માટે તે કોઈપણ પ્રકારના આદર્શોની પરવા કર્યા વિના

પૈસો એ જ પરમેશ્વર માંની ત્યાંના લોકોનું શોષણ પણ કરતાં અચકાતો નથી. પરદેશમાં જઈ સારો એવો પૈસો ભેગો કરી લીધા પછી આવો ડાયસ્પોરા પોતાના વતન તરફ પણ કોઈ મમત્વ દાખવતો નથી. પોતાની પાસે પૈસો આવી જવાથી ન તો વતન વિશે વિચારે છે કે ન તો વતનમાં રહેતા પોતાના સગાસંબંધીઓ વિશે ! તે તો માત્ર વધારે પૈસા કમાવવાની હોડમાં લાગી જાય છે અને પોતાના ભૂતકાળને, માતૃભૂમિને ભૂલી જાય છે. પણ જ્યારે આ અઢળક પૈસો પણ તેને કામ આવતો નથી ત્યારે પોતાનો જીવ બચાવવા ઊભી પૂંછડીએ ભાગતા જનાવર જેવી જ તેની હાલત થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં જીવ બચાવવા ક્યાં શરણ લેવી એ સૌથી મોટો પ્રશ્ન હોય છે ત્યારે જ આવા લોકોને પોતાનું વતન યાદ આવે છે. બેઈમાની અને દગાખોરી દ્વારા કમાયેલા પૈસાની પરવા કર્યા વિના, સ્વજનોની પરવા કર્યા વિના માત્ર પોતાનો જીવ બચાવી તે સ્વદેશ આવી જાય છે. ડાયસ્પોરાની આ પણ એક વાસ્તવિકતા છે. જેના તરફ બહુ ઓછાની નજર જાય છે.

રમેશના કોઈને પણ કહ્યા વગર ગૃહત્યાગ કરવાના લીધે પરિવારની જે અવદશા થાય છે તેના માટે પણ એક રીતે તો પોતે જ જવાબદાર છે એવું પણ પોતાના ગામ પરત ફર્યા પછી તેને પણ લાગે છે. ડાયસ્પોરાના ગયા પછી તેના સ્વજનોની કેવી દશા થાય છે એ પણ અહીં આ વાર્તામાં આલેખાયું છે. રમેશની પત્ની રમા વિશેનું આ વર્ણન જૂઓઃ 'નવપરણેતર વહુએ પતિની રાહ જોતાં જોતાં એક વર્ષ પસાર કર્યું અને ત્યાં સુધી કોઈને પણ મીંઢળ છોડવા દીધું નહિ. કહેતી : 'મારો ધણી જ એ મીંઢળ છોડશે.' આખરે બિચારી ધણીની રાહ જોઈને આંખોના પાણી ઉલેચી નાંખતી પણ એનો ધણી તો નહિ આવ્યો તે નહિ જ આવ્યો... અને એક રાત્રે એણે બિચારીએ કૂવામાં પડી....'(પૃ. ૧૨૩-૧૨૪) રમેશના ઘર છોડવાની અસર માત્ર એની પત્ની પર જ નહીં ઘરના બીજા લોકો પર પણ પડી હતી. 'એકના એક પુત્રને 'ગુમાવ્યા' પછી એક વર્ષમાં દેહાઈએ પત્ની ગુમાવી. વહુએ આપઘાત કર્યો, દીકરી કસુવાવડમાં ચાલી ગઈ. દુઃખના ડુંગરા એમના માથે વરસ્યા. દેહાઈ માટે જીવનમાં શું હતું ? છતાં એકલાં થોડાક વર્ષ ઝઝુમ્યા અને આખરે એમણે પણ....'(પૃ. ૧૨૪) આ બન્ને વર્ણનોથી રમેશના પરિવારની થયેલી અવદશા છતી થાય છે. રમેશના ગૃહત્યાગના લીધે જ તેની પત્ની રમા અને તેના પિતા રામલાલ દેસાઈને આત્મહત્યા જેવું પગલું ભરવું પડે છે. રમેશની માતા પણ રમેશના ગૃહત્યાગના આઘાતને સહન ન કરી શકી એટલે જ તેનું પણ અકાળે અવસાન થયું હતું. આ રીતે રમેશની પત્ની રમા, તેની માતા અને પિતા રામલાલ દેસાઈ ત્રણેયના મૃત્યુનું એકમાત્ર કારણ રમેશને જ ઠેરવી શકાય. રમેશ જેવા કેટલાય ડાયસ્પોરા માત્ર પોતાના અહમને પોષવા ગૃહત્યાગ કરી વિદેશ જતાં રહે છે અને એના લીધે એનો પરિવાર તેની સજા ભોગવે છે. ડાયસ્પોરા આ બાબતે સાવ અજાણ હોય છે, અથવા એમ કહો કે પોતાના ગયા પછી પોતાના પરિવારની કેવી હાલત થઈ હશે એના વિશે જાણવાની પણ તસ્દી લેતો નથી. આ રીતે આ વાર્તા ડાયસ્પોરાની એક કાળી બાજુને આપણી સમક્ષ ઉજાગર કરે છે.

- કલંકિની

પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રથી કહેવાયેલી આ વાર્તાની કથક માયા છે. સમગ્ર વાર્તાને ત્રણ ભાગમાં જોઈ શકાય. પ્રથમ ભાગમાં માયાનો વર્તમાન છે. બીજા ભાગમાં માયા પોતાનો ભૂતકાળ વાગોળે છે અને ત્રીજા ભાગમાં કથા પાછી વર્તમાન પ્રવાહ સાથે જોડાઈ જાય છે.

નાયિકા માયાના માતાપિતા વર્ષોથી સ્વદેશ છોડી આફ્રિકા ખંડમાં રહેવા લાગ્યા છે. માયાનો જન્મ પણ આફ્રિકામાં જ થાય છે. એ રીતે માયા ડાયસ્પોરાની બીજી પેઢી છે. માયાના પિતાજીએ આફ્રિકામાં આવ્યા પછી જાતમહેનતથી પોતાનો સારો એવો ધંધો શરૂ કર્યો હતો. મિ. હડસન નામના બીજા એક યુરોપિયન ભાગીદાર સાથે મળી માયાના પિતાજીએ પોતાના ધંધાને વધારે વિસ્તાર્યો હતો. મિ. હડસનની દીકરી મિસ. યંગ અને માયા વચ્ચે નાનપણમાં જ સારી એવી મિત્રતા થઈ જાય છે. પણ મિ. હડસન ધંધામાંથી છૂટા થઈ પોતાની અલગ જમીન ખરીદી ખેતી કરવા માટે ધંધામાંથી અલગ થઈ ગયા. માયા યુવાન થઈ. ધામધૂમથી તેન લગ્ન કરાવવામાં આવ્યા. લગ્નમાં પૈસો પાણીની જેમ વપરાયો. લગ્નમાં દહેજ પણ અપાયું છતાં માયાની સાસુને તો અસંતોષ જ રહ્યો. લગ્ન પછી પણ સાસુ તરફથી માયાનું શોષણ થતું રહ્યું. એવામાં માયાના પતિનું અવસાન થતાં માયા વિધવા બની. તેના પતિના મૃત્યુ પાછળ પણ માયાને જ જવાબદાર ઠેરવવામાં આવી. તેને અભાગણ, કલંકિની અને 'પુત્રને ભરખી જનારી' જેવા કટુવચનો સંભળાવવામાં આવ્યા. પતિએ મરતી વખતે માયાની જવાબદારી તેના નાના ભાઈ દિનેશને સોંપી હતી આથી માયાને દિનેશ પ્રત્યે કૂણી લાગણીઓ હતી પણ સમાજ અને સાસુના ડરને લીધે માયા દિનેશથી પણ છૂટી પડી એકલી ગૃહત્યાગ કરી આફ્રિકાનાં જંગલો તરફ ચાલી જાય છે. રસ્તામાં તેની બાળપણની મિત્ર મિસ. યંગ મળતાં તે માયાને સમજાવે છે. જીવનનું મુલ્ય સમજાતાં ફરીથી માયામાં જીવન જીવવાની ઇચ્છા પ્રગટે છે. માયા હવે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરી મિસ. મેરી નામે એક હૉસ્પિટલમાં નર્સ તરીકે દર્દીઓની સેવા કરવામાં લાગી જાય છે. એક દિવસ અચાનક એક વિમાનનો અકસ્માત થતાં ઘાયલ થયેલા દર્દીઓને માયાની હૉસ્પિટલમાં જ સારવાર માટે લાવવામાં આવે છે. દર્દીઓમાં માયાનો દિયર દિનેશ પણ સામેલ હોય છે. વધુ પડતું લોહી વહી જવાથી દિનેશનું હૉસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થઈ જાય છે. દિનેશને ગુમાવ્યાં પછી મિસ. મેરી (માયા) એકદમ ભાંગી પડે છે. મિસ. મેરી આ દુઃખમાંથી બહાર નીકળવાના પ્રયાસો કરતી હતી તે જ દિવસોમાં દિનેશ જેવા જ દેખાતાં એક અજાણ્યાં યુવાનને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. મિસ. મેરી તેની સારસંભાળ પાછળ વધારે પડતી કાળજી રાખે છે. તે વ્યક્તિ સાજો થઈને હૉસ્પિટલમાંથી જે દિવસે રજા મેળવી ઘરે જવાનો હોય છે તે જ દિવસે અચાનક મિસ. મેરી ઝેર પીને આપઘાત કરી લે છે. આ છે આ વાર્તાનું કથાવસ્તુ.

ભારત દેખીતી રીતે છૂટી જાય છે પણ વ્યક્તિની અંદર પડેલ ભારતીય માનસિકતા ક્યારેય છૂટતી નથી. આ વાર્તા એનું જ પ્રમાણ છે. માયાના માતાપિતા ભારત છોડી આફ્રિકામાં લાંબો સમય વસવાટ કર્યા પછી પણ ભારતીય સમાજમાં સ્ત્રીને જે રીતે સહન કરવું પડે છે એ રીતે માયાને સહન કરવા મજબૂર બનાવી દે છે. આફ્રિકામાં લગ્ન કરવા છતાં માયાના માતાપિતા માયાના લગ્ન વખતે પોતાની જિંદગીભરની બચાવેલી પૂંજીમાંથી અડધી પૂંજી ખર્ચી નાંખે છે. દહેજ જેવી કુપ્રથાને હસ્તે મોઢે સ્વીકારી માયાના સાસરિયા પક્ષની લગભગ તમામે તમામ ઇચ્છાઓ પૂર્ણ કરે છે. તેમ છતાં માયાને સાસરિયામાં સુખ મળતું નથી. દહેજ સિવાય કરિયાવર અને લગ્ન પછીના પ્રસંગોમાં પણ માયાના પિતાએ મોં માંગ્યા પૈસા આપ્યા હોવા છતાં માયાની સાસુનું માયા પ્રત્યેનું વલણ જરાય પણ બદલાયું નહોતું. માયાના પતિના મૃત્યુ માટે માયાને જવાબદાર ઠેરવવામાં આવે છે. માયાના પતિના મરતી વખતના શબ્દોમાં પણ ભારતીય સમાજની બદીઓ વિશે દિશાનિર્દેશ થયેલ જોઈ શકાય છે, ‘આપણો એ સમાજ તમારા નિર્મળ સંબંધને કલુષિત બનાવવા અનેક પ્રયાસો કરશે, પણ મક્કમ બની તમે એનો સામનો કરજો અને છેલ્લે આટલું યાદ રાખજો કે એક માત્ર તારી સહાનુભૂતી પર જ માયા ગમે તેવું વિકટ જીવન જીવવા પ્રયાસ કરશે.’ (પૃ. ૨૫૧) પતિના મૃત્યુ પછી દિયર દિનેશ જ માયાનો એકમાત્ર સહારો બચે છે. પણ પેલો ભારતીય સમાજ માયાને હેરાન પરેશાન કરવામાં કોઈ જ કસર છોડતો નથી. ‘જે સમાજે મને સુખની રાણી બનાવી હતી, તે જ સમાજે મને, મારા પતિને, મારા દિયરને, મારા ચારિત્ર્યને હડધૂત કર્યું.’(પૃ. ૨૫૧) આમ, ભારતીય સમાજ જ માયાને તિરસ્કારે છે. પતિ મૃત્યુ પામ્યો, સાસુ તો પહેલેથી જ ત્રાસ આપતી હતી, દિયરથી પણ સમાજને લીધે દૂર થવું પડ્યું અને આખરે માયાનો છેલ્લો સહારો તેનું પિયર રહે છે. પણ માતા-પિતા પેલા ભારતીય સમાજના જ સંતાન હતા ને. તેમની માનસિકતા પણ ભારતીય હતી આથી પિયર જવા ઇચ્છુક માયાને માતાપિતાએ પોતાની પાસે રહેવાની મંજૂરી ન આપી. જેથી અનાયાસે તેને સાસરિયામાં રહેવું પડે છે. ‘હું જો પિયર જાઉં તો મને મારા પતિની મિલકતમાંથી હક્ક નહિ મળે, એમ ધારી મારાં માતાપિતાએ પણ મને જાકારો દીધો.’ (પૃ. ૨૫૨) પતિ ગુમાવેલી માયાને સમાજમાં પ્રવર્તતા કુરિવાજોના નામે ‘મુંડન’ કરાવવું જોઈએ એવી આશા રાખવામાં આવી.

એકવખત માયા અને દિયર દિનેશને બન્નેને સાથે એકબીજાના દુઃખમાં ભાગીદાર થતાં જોયા ત્યારે તેની સાસુનો પ્રકોપ માયા પર જ ઉતર્યો. તેને ‘રાંડ, હવે તો જંપ ! કુળની આબરૂ લાખની હતી તે કાખની કરી, હવે આને તો જીવવા દે!’ (પૃ. ૨૫૩) જેવા કડવા વચનો સંભળાવે છે.

પોતાના પતિનું જ સંતાન પેટમાં છે તેવી જાણ માયાને થઈ પણ આ વાત તેની સાસુ અને સમાજના અન્ય લોકો માનવા તૈયાર ન થયા. માયાના ગર્ભમાં ઉછરી રહેલું બાળક દિનેશનું છે એવા આક્ષેપો તેના પર લગાડવામાં આવ્યા. દિનેશનું સગપણ પણ આ અફવાને લીધે ફોક થઈ ગયું.

અત્યાર સુધી બધા જ અન્યાયો અને અત્યાચારો સહન કરનાર માયાની સહનશીલતા હવે જવાબ દેવા લાગી હતી. આથી પોતાના જીવનનો અંત આણવા પોતે કોઈને પણ કહ્યા વગર ગૃહત્યાગ કરી આફ્રિકાના ઘટાદાર જંગલોમાં એક રાત્રે એકલી ચાલી નીકળે છે- મોત મળશે એવી આશાએ. માયાને મોત તો ન મળ્યું પણ તેની બાળપણની મિત્ર મિસ. યંગ મળી ગઈ. મિસ. યંગે માયાને સમજાવી કે, 'મારવું અને મરવું બન્ને સહેલાં છે પણ જીવવું અને જીવાડવું અત્યંત મુશ્કેલ છે. મરવું હોય તો પણ જીવવાનો પ્રયત્ન કરતાં બીજાને જીવાડવા મથતાં શા માટે મૃત્યુને ન ભેટવું ?' (પૃ. ૨૫૫) મિસ. યંગના આ વચનોને જીવનનો ધ્યેય માની માયા ધર્મ પરિવર્તન કરી હિન્દુ ધર્મ છોડી ખ્રિસ્તી ધર્મ અપનાવે છે. માયામાંથી નામ પરિવર્તન કરી મિસ. મેરી બની જાય છે. અહીં એક પ્રશ્ન જરૂર થાય કે શું ધર્મપરિવર્તન કરવું માયા માટે આવશ્યક હતું ? તે હિંદુ ધર્મને વફાદાર રહીને જ પોતાના ભવિષ્ય વિશે વિચાર ન કરી શકી હોત ? માયા તો હિન્દુ રહીને પણ પોતાના બાકીના જીવનને બીજા લોકોના નિઃસ્વાર્થ સેવા ખાતર વાપરી શકી હોત. પણ ભારતીય સમાજ તેને વિધવાના મહેણા મારત. ભારતીય અને હિન્દુ સમાજમાં વિધવાની જે નિંદા અને અવગણના થાય છે તેનો તેને અનુભવ થઈ ચુકેલો છે. આથી જ તે હિન્દુ ધર્મની બદીઓમાંથી છૂટવા ખાતર જ માયામાંથી મિસ. મેરી બની ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરે છે. આમ, હિંદુ ધર્મની કહેવાતી આદર્શ પરંપરા માયા જેવી સ્ત્રીઓની કેટલી હદે પરીક્ષાઓ કરી તેમની દૂર્દશા પાછળ જવાબદાર બનતી હોય છે તે પણ અહીં એક પ્રશ્નાર્થ છે.

માયાના મનમાં દિયર દિનેશ માટે કૂંણી લાગણી હોય જ છે પણ સાસુ અને સમાજની બીકે તે પોતે ક્યારેય દિનેશ સમક્ષ તેનો એકરાર કરી શકતી નથી. વળી, દિનેશને પણ તેના મોટા ભાઈએ મરતાં પહેલા માયાની જવાબદારી સોંપી હતી છતાં તે પણ પોતાની માતા અને સમાજની બીકે જ માયાને અપનાવતો નથી. માયા બધુ છોડી મિસ. મેરી બની હૉસ્પિટલમાં નર્સ બની દર્દીઓની સારવાર કરવામાં લાગી જાય છે. પણ ભૂતકાળ તેની સામે પાછો આવી જાય છે. દિનેશનું એક વિમાન અકસ્માતમાં ઘાયલ થવું, માયાની જ હૉસ્પિટલમાં સારવાર અર્થે આવવું, અને પતિની જેમ જ દિનેશનું પણ માયાની આંખેની સામે જ સારવાર દરમ્યાન અવસાન થવું. આ બધાથી મિસ. મેરી ભાંગી પડે છે. તેમ છતાં મિસ. યંગે આપેલી સમજણને ખાતર જીવતી રહે છે. પણ દિનેશ જેવા દેખાતાં એક અજાણ્યાં દર્દીની સારવાર કરી, દર્દીને તંદુરસ્ત થયા પછી જે દિવસે હૉસ્પિટલમાંથી રજા આપવાના હોય છે તે જ દિવસે મિસ. મેરી ઝેર પી લઈ આપઘાત કરી લે છે તે વાત જરાક ખટકે છે. પોતાના પતિ અને વ્હાલા દિયર દિનેશને પોતાની આંખોની સામે મૃત્યુ પામતી જોઈ રહેનાર માયા (મિસ. મેરી)ને કંઈ જ થતું નથી. પણ એક અજાણ્યાં વ્યક્તિથી આકર્ષાયા પછી તેની સારસંભાળ લઈ તેને સાજો કરી લીધા પછી મિસ. મેરી ધારત તો તેની સાથે ફરીથી પોતાના જીવનની નવી શરૂઆત કરી શકી હોત. તેને આવું કરતાં રોકવાવાળું પણ કોઈ નહોતું. તેમ છતાં પોતે આત્મહત્યા જેવું પગલું ભરે છે એ બાબત એ જ દર્શાવે છે કે તેણે પોતે હિંદુ ધર્મ છોડી ભલે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હોય પણ

પેલી ભારતીય માનસિકતા તેનો પીછો છોડતી નથી. મનમાં ઘર કરી ગયેલી ભારતીય માનસિકતા જ તેને પેલા અજાણ્યા વ્યક્તિ સાથે જીવન વ્યતિત કરતાં રોકે છે. પોતે એવું કરશે તો કોઈ અપરાધ કર્યાનો ભાવ તેને થશે એવા જ વિચારોને લીધે તે મૃત્યુને વ્હાલું કરે છે.

વળી, વાર્તામાં ઉલ્લેખ આવે છે તે મુજબ માયા પોતાના સાસરિયાના ઘરને છોડે છે ત્યારે તે ગર્ભવતી હોય છે, પણ મિસ. મેરી બન્યા પછી કે ઘર છોડ્યા પછી તેના ગર્ભનું શું થયું તેનો કોઈ નિર્દેશ સર્જકે કર્યો નથી. આમ, ક્યાંકને ક્યાંક વસ્તુસંકલના તૂટતી હોય એવું લાગે છે. વિદેશમાં માયાના જન્મથી માંડી તેના ઉછેર, લગ્ન, સાસરિયામાં શોષણ, પતિનું મૃત્યુ, દિયર દિનેશ પ્રત્યે કૂંણી લાગણી, ગૃહત્યાગ, માયામાંથી મિસ. મેરી બનવું, દિનેશનું પોતાની આંખો સામે મૃત્યુને ભેટવું વગેરે ઘણી બધી ઘટનાઓ વાર્તામાં આવે છે. એટલે ક્યાંકને ક્યાંક વાર્તાના માળખા પર આટલી બધી ઘટાનાઓ બોજા રૂપ બને છે, તેથી પણ વાર્તાને નુકશાન પહોંચે છે. વાર્તા એટલે ‘તણખો’ એવા ગુજરાતીના ‘ધૂમકેતુ’ના વિધાનની સામે આ વાર્તામાં ઘટનાઓનું આખું જાળું રચાયું છે. તે સર્જકની સર્જકતાને ક્ષતિ પહોંચાડે છે.

તેમ છતાં ભારતીય સમાજની માન્યતાઓ અને હિંદુ ધર્મમાં વિધિઓ, રીતિ-રીવાજોના નામે સ્ત્રીઓ પર કેવા કેવા અત્યાચારો થાય છે એ આ વાર્તામાં બહુ સારી રીતે પ્રતિબિંબિત થયાં છે. શરૂઆતમાં જ વાત કરી તેમ સમગ્ર વાર્તા પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રથી લખાઈ છે. પણ દિનેશ જેવા દેખાતા પેલા અજાણ્યા દર્દીના ઉલ્લેખ વખતે અચાનક વાર્તાનું કથનકેંદ્ર સર્વજ્ઞ બની જાય છે. વાર્તાના અંતમાં આવતો આ અચાનક પરિવર્તન ક્યાંકને ક્યાંક સર્જકની  નિષ્કાળજીનું પરિણામ હોય એવું પણ લાગે છે. અહીં એ સંદર્ભ જોઈએ. ‘હું પણ મૂક બની ગયો. બીજા દરદીઓ કરતાં મારા પ્રત્યે એ જે વધુ કાળજી રાખતી હતી તેનો મને ખ્યાલ આવ્યો. હું એને સાન્ત્વન આપવા પ્રયાસો કરતો હતો.....બીજે દિવસે સવારે મને હૉસ્પિટલમાંથી રજા મળી ત્યારે નર્સ અને ડૉક્ટરોની ભારે અવરજવર જોઈ મેં એક નર્સને પૂછ્યું : ‘શું થયું છે ?’’ (પૃ. ૨૫૬) આમ, વાર્તાનો કથક માયામાંથી બદલીને પેલો અજાણ્યો દર્દી બની જાય છે.

માયાને માટે વપરાયેલા કુલટા, કુલાંગર, કલંકિની, પાપિણી, વિધવા, અભાગણ, પુત્રને ભરખી જનારી વગેરે જેવી ઉપમાઓ ભારતીય સમાજમાં સ્ત્રી માટે વર્ષોથી વપરાતી આવે છે. પણ, અફસોસની વાત એ છે કે માયા જેવી કોઈ પણ સ્ત્રી જ્યારે પોતે સ્વીકારી લે છે કે પોતે કલંકિની છે ત્યારે ખરાં અર્થમાં તેનું શોષણ થાય છે. ભારતીય સમાજમાં સ્ત્રીને સંઘર્ષ કરવાને બદલે સહન કરવાનું ગળથુંથીમાંથી જ શીખવાડવામાં આવે છે. માયા જેવી સ્ત્રીઓ સહન કરે છે એટલે પણ તેમના પર વધારેને વધારે અત્યાચારો થાય છે. અહીં માયાએ પણ સ્વીકારી લીધું છે કે તેને આ બધું સહન કરવાનું છે. પહેલી વખત ગૃહત્યાગ કરી આત્મહત્યા કરી લેવા નીકળેલી માયાને તો મિસ. યંગ બચાવી લે છે પણ બીજી વખતે મિસ. મેરી બન્યા પછી માયાને બચાવવાવાળું

કોઈ નથી. આ છે ભારતીય સમાજની કડવી વાસ્તવિકતા. જે સમાજ સ્ત્રીને શક્તિનું રૂપ ગણી પૂજા અર્ચના કરી તેના મંદિરો બનાવે છે એ જ સમાજ સ્ત્રીને સહનશક્તિની ઉપમા પણ આપે છે. ધર્મ અને સંસ્કારના નામે વર્ષોથી આ જ રીતે સ્ત્રીનું શોષણ કરતો ભારતીય સમાજ માયા જેવી હજી કેટલીય સ્ત્રીઓનું બલિદાન લેશે તે તો જોવું રહ્યું !

- છીપનું મોતી

આ વાર્તાનું કથનકેન્દ્ર પ્રથમ પુરુષ એકવચનનું છે. વાર્તાનાયક ડૉક્ટર હેમંત આ વાર્તાનો કથક છે. હેમંત યુગાન્ડા છોડી ઓસ્ટ્રેલિયામાં આવેલ ગાયનેકોલોજીસ્ટ છે. નાયિકા હેલન નર્સ છે. નાયક અને નાયિકા બન્ને ઓસ્ટ્રેલિયામાં નવા નવા સ્થાયી થયા છે. એક દિવસ હોસ્પિટલમાં એક દર્દીની સારવાર કરતાં થોડું મોડું થાય છે. આથી બન્ને જણ પોતપોતાની સાઈકલથી ઘરે પરત ફરતા હોય છે ત્યારે રસ્તામાં જૂએ છે કે એક માદા કાંગારું પોતાના નવજાત બચ્ચાંને જન્મ આપી રહી છે. આ ઘટનામાં માદા કાંગારું ખૂબ જ પીડા અનુભવે છે. હેમંત અને હેલન માદા કાંગારુંની મદદ કરે છે. બાળકને જન્મ આપીને માદા કાંગારું મૃત્યુને ભેટે છે. ડૉ. હેમંત પોતે ગાયનેકોલોજીસ્ટ છે આથી જાણે છે કે એ નવા જન્મેલા બાળ કાંગારુંને (જોયીને) જન્મ પછી માતાની હુંફ ન મળી તો તે પણ મૃત્યુ પામશે. પણ માદા કાંગારુંનું મૃત્યુ થતાં તે નર્સ હેલનને આ બધી વાત કહી , જોયીને તેના ઓવરકોટ નીચે છાતી સરખું રાખી માતાની હુંફ આપવાનું કહે છે. નર્સ હેલન એ મુજબ જ કરે છે. જોયીને હેલન પોતાના ઘરે લઈ જાય છે અને દૂધ આપી તેની દેખરેખ કરે છે. જોયી બચી જાય છે. આ સમયગાળા દરમ્યાન હેલન અને હેમંત ઘણી બધી વખત મળે છે. આ મિલન પ્રેમમાં પરિણમે છે. તે બન્ને વચ્ચે બે ત્રણ વખત શરીરસંબંધ પણ બંધાય છે. જેથી હેલન ગર્ભવતી બને છે. હેલન અને હેમંત હેલનના ગર્ભ વિશે વિચારવિમર્શ કરે છે. જો હેલન કાંગારુના બચ્ચાંને પણ મરતાં બચાવી લેતી હોય, તેની સારસંભાળ રાખતી હોય તો પછી તે જ હેલન પોતાના ગર્ભમાં ઉછરી રહેલા પોતાના અને હેમંતના બચ્ચાંને ગર્ભમાં જ મારી નાંખવા માટે કેવી રીતે તૈયાર થાય ! આથી જ હેલન નક્કી કરી લે છે કે પોતે તમામ મુશ્કેલીઓનો સામનો કરીને પણ પોતાના બાળકને જન્મ આપશે જ. વાર્તા અહીં પૂર્ણ થાય છે.

યુગાન્ડાથી આવેલ ડૉ. હેમંત અને લંડનથી આવેલ નર્સ હેલનને પ્રેમ થાય છે. બન્ને વચ્ચે શરીરસંબંધ પણ બંધાય છે. હેલનને ખબર પડે છે કે પોતે હવે હેમંતના બાળકની માતા બનવાની છે ત્યારે બન્નેને થોડી ચિંતા થાય છે. આ ચિંતાઓ કંઈક આવી છેઃ ‘ગર્ભપાતનો માર્ગ લેવો ? નોકરી છોડી માતા બની રહેવું ? તો પછી નર્સની ટ્રેઈનીંગનું શું ? ઉપરી અધિકારીની સલાહ લેવી ? ... કોઈને જણાવવું નહિ ?’ (પૃ. ૧૯૨) અહીં એ બાબત ચોક્કસ આપણું ધ્યાન ખેંચે છે કે જો આવી કોઈ ઘટના ભારતીય મૂળના વ્યક્તિ સાથે બની હોત તો તેના પ્રશ્નો કે તેની ચિંતા કંઈક જુદી હોત. લગ્ન કર્યા પહેલા કુંવારી માતા બનવું, કે સમાજના લોકો

શું કહેશે? એવા પ્રશ્નો અહીં આ પાત્રને થતાં નથી. જે સીધી રીતે પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ દર્શાવે છે. કારણ કે, હેલન મૂળે લંડનની રહેવાસી છે. તેને સમાજ શું કહેશે તેની ચિંતા નથી. પોતે કુંવારી માતા બનશે એની પણ ચિંતા નથી. પોતે ગર્ભવતી છે એ જાણ્યા પછી પણ હેલન હેમંત સાથે લગ્ન કરવાની કોઈપણ વાતચીત કરતી નથી. તેથી વિરુધ્ધ અહીં હેલનને પોતાની નોકરીની ચિંતા છે. તેને ચિંતા છે કે જો તે ગર્ભપાત ન કરાવતાં બાળકને જન્મ આપવાનું નક્કી કરશે તો તેણે પોતાની નર્સની ટ્રેઈનિંગ અધૂરી છોડી દેવી પડશે. આમ, સીધી રીતે અહીં વ્યક્તિસ્વાતંત્ર્યનો મહિમા થતો જોઈ શકાય છે. કોઈપણ મુસીબતમાં બીજા લોકો શું વિચારશે, શું કહેશે, કે પછી સમાજમાં તેના વિશે કેવી ચર્ચાઓ થશે એવું ન વિચારતાં માત્ર પોતાના ભવિષ્ય વિશેની ચિંતા થવી એ વ્યક્તિસ્વાતંત્ર્ય જ સૂચવે છે.

હેલને જ્યારે પહેલી વખત હેમંતને પોતે ગર્ભવતી છે એવું જણાવ્યું હતું ત્યારે પણ હેમંતના મુખમાંથી સહજતાથી સરી પડેલા આ શબ્દો જૂઓ : 'તેં કોઈ પ્રીકોશન્સ નહોતાં લીધાં ? આજે તો ઘેર ઘેર કોન્ડોમની જાહેરાત થતી રહી છે. રેડિયો-ટી.વી. પર રોજે બરાડા પાડી એનો પ્રચાર થઈ રહ્યો છે.' (પૃ. ૧૯૨) હેમંતના આ શબ્દોથી એ સ્પષ્ટ થઈ જાય છે કે દેહસુખ માણ્યા પછી હેમંત નથી ઇચ્છતો કે હેલન ગર્ભવતી બને. હેમંતને શરીરસુખ માણ્યા પછી હેલનને ગર્ભ રહી ગયાની ચિંતા સતાવ્યા કરતી'તી એનો નિર્દેશ પણ વાર્તામાં આવતાં આ વર્ણનોથી થાય છે : 'મિસ્ટેઈક ઑફ નાઈટના નાઈટમેરમાં અમે મહિનાની આખરની તારીખ પર જ કેલેન્ડરમાં નજર ઠેરવી રહેતાં.' (પૃ. ૧૯૨) આમ, 'મિસ્ટેઈક ઑફ નાઈટ' જેવા શબ્દપ્રયોગથી હેમંતનું માનસ પણ પ્રગટે છે. હેમંત પોતે ડૉક્ટર હોવાથી પોતાના જ બાળકની ભ્રૂણહત્યા કરતાં પહેલા થોડો ખચકાટ અનુભવે છે. પણ આખરે પોતે એવું નક્કી કરી લે છે કે હેલનનો ગર્ભપાત કરાવી નાંખવો. હેમંત તો ગર્ભપાત કોની પાસે કરાવવો એ માટે બે થી ત્રણ ડૉક્ટરો પણ નક્કી કરી લે છે. હેમંત જ્યારે પોતાનો આ વિચાર હેલનને જણાવે છે ત્યારે હેલનનો જવાબ સાંભળી તેને આંચકો લાગે છે. હેલન હેમંતને સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે, ' ના, બીજો ડૉક્ટર  હોય...યા ત્રીજો ડૉક્ટર હોય.. હું ગર્ભપાત માટે તૈયાર નથી.' (પૃ. ૧૯૩) જે હેલન એક કાંગારુના બચ્ચાને મરતાં બચાવી લે છે, તે પોતાના બાળકને મારી નાંખવા રાજી થતી નથી. તે પુરા મક્કમ મનથી છીપમાં જેમ મોતી સચવાય તે રીતે પોતાના બાળકને ગર્ભમાં સાચવી તેને જન્મ આપવાનો અડગ નિર્ણય કરી લે છે.

આ વાર્તાના કથાવસ્તુમાં સ્વાસ્થ્ય સંબંધી વાત કરવામાં આવી છે અને એટલા માટે જ સર્જકે વાર્તાના બન્ને પાત્રોને તબીબી વ્યવસાય સાથે જોડાયેલા બતાવ્યા છે. વળી, હેલનનું પાત્ર વ્યક્તિસ્વાતંત્ર્યની વાત કરતું હોઈ તેને મૂળે લંડનની બતાવી છે, જ્યારે હેમંતનું રૂઢિચુસ્ત માનસ ભારતીય હોવાનું પ્રમાણ આપે છે. આ રીતે સર્જકે વાર્તાની વસ્તુસંકલના બાંધવામાં દાખવેલી દરકાર પણ નોંધપાત્ર છે.

- આવતી કાલે

વાર્તાનાયક હારેક હંગામી સૈનિક છે. જે પોતે દુશ્મન જવાનોના હાથે પકડાઈ ગયો છે. લશ્કરી અદાલત સમક્ષ તેને આવતી કાલે હાજર કરવામાં આવે એ પહેલા જેલની ઓરડીમાં કેદ થયેલો હારેક પોતાના ભૂતકાળને વાગોળે છે તેની આ કથા છે. હારેક પોતે યુરોપખંડમાં આવેલા બાલ્કન રાષ્ટ્રોના સમુહ એવા સર્બિયા દેશનો વતની છે. આ સર્બિયા અને બાજુના પાડોશી દેશ બોસ્નિયા પર મુસલમાનો અને ટર્કોએ ઘણા લાંબા સમયગાળા સુધી અધર્મ આચરી ત્યાંની મૂળ એવી સર્બ પ્રજા પર ખૂબ જ અન્યાય, અત્યાચાર કરી, જુલ્મો ગુજાર્યા હોય છે. આથી સર્બિયાના તત્કાલીન સંતો, સર્જકો અને સત્તાધારીઓએ પોતાને અને પોતાના પૂર્વજોને થયેલા દમનનો બદલો લેવાના આશયથી સર્બિયાને બોસ્નિયા સાથે જોડી દઈ અહીં વસતા તમામે તમામ મુસલમાનો અને ટર્કો પર અમાનુષી ત્રાસ ગુજારી તેને પોતાના દેશમાંથી ભગાડી મૂકવા માટે 'સર્બિયન વોલિન્ટિઅર્સ દળ'ની રચના કરી. પહેલાં કાપડની મિલમાં કામ કરતો હારેક પણ 'ઈરરેગ્યુલર' (હંગામી) સૈનિક તરીકે આ દળમાં જોડાય છે. આ દળમાં જોડાયા પછી પોતાની મુસલમાન પ્રેમિકા હસીનાને પણ તે ગુમાવી બેસે છે. તેણે પોતે નિર્દોષ મુસલમાન કુંટુંબોની ગોળીઓ વીંધી હત્યા કરી નાંખી હતી તેની ઘટના પણ તેને યાદ આવે છે. નિર્દોષોને મારવામાં વૃદ્ધો કે બાળક કોઈને પણ તેણે છોડ્યા નહોતાં. નિર્દોષ લોકોની સાથોસાથ તેણે મુસલમાન સિપાહીઓને પણ ક્રુરતાથી મારી નાંખ્યા હતા. પુરુષોને ઘરમાંથી બહાર કાઢી ગોળીએ દેવામાં આવતા અને સ્ત્રીઓ- એ પછી તરૂણ હોય, યુવાન હોય કે વૃદ્ધ તેમના પર સામુહિક બળાત્કારો કરવામાં આવતા. સામુહિક બળાત્કારોથી બચવા ઘણી બધી સ્ત્રીઓ તો જાતે આત્મહત્યા પણ કરી લેતી. આવી તો કેટલીય જાનહાનિ તેણે જાતે કરી હતી પણ જ્યારે પોતે પકડાય છે ત્યારે તેને પોતાનો સઘળો ભૂતકાળ યાદ આવે છે. આ રીતે આ વાર્તાનું કેન્દ્રસ્થાન નાયક હારેક છે.

આમ, પરપ્રાંતિય કે લઘુમતિ લોકો પર જ્યારે બહુમતિ લોકો બળવો કરે છે ત્યારે કેવો કેવો આતંક ગુજારે છે એનું બયાન છે. આવા દેશના લઘુમતિ કે પરપ્રાંતિય લોકો પોતાનો જીવ બચાવવા માટે જ અનાયાસે સ્થળાંતર કરે છે જેને આપણે ડાયસ્પોરાની વ્યાખ્યામાં સમાવીએ છીએ એટલે ડાયસ્પોરાને કેવી કેવી પરિસ્થિતિઓ દેશ છોડવા મજબૂર કરે છે એનો ચિતાર આ વાર્તા આપે છે.

હારેક પોતે સર્બ હોય છે, જ્યારે એની પ્રેમીકા હસીના મુસલમાન. શરૂઆતના સમયમાં સર્બિયામાં બધા એકસાથે શાંતિથી રહેતા હોય છે- પાડોશી તરીકે. પણ જ્યારથી સર્બિયામાં મુસલમાનો અને ટર્કોના રહ્યા સહ્યા વંશજો પર જુલમ ગુજારવાનું શરૂ થાય છે ત્યારથી પરિસ્થિતિ બદલાય છે. સર્બિયાના લોકો એકજૂથ થઈ 'સર્બિયન વોલિન્ટિઅર્સ દળ' બનાવે છે. વધારેને વધારે મુસલમાનો અને ટર્કોને ઝડપથી મારી પોતાના દેશમાંથી નામશેષ કરી શકાય એવા આશયથી જ સામાન્ય લોકોને પણ લશ્કરમાં સૈનિકો તરીકે ભરતી

કરવામાં આવે છે. હારેક આ રીતે જ ટૂંકાગાળા માટે સૈન્યમાં જોડાય છે. પછી તો જે ખૂનીખેલ શરૂ થાય છે તેમાં નાના-મોટાં, સ્ત્રી-પુરુષ-બાળકો કોઈપણ ભેદભાવ રાખ્યા વિના તમામે તમામ મુસલમાન અને ટર્કોના પરિવારો ઉપર આફતના જાણે કે પહાડ તૂટી પડે છે. હારેકના સૈન્યમાં જોડાયા પછી હસીના અને તેની આસપાસના પાડોશી મુસલમાન ભાઈ-બહેનોની કેવી અવદશા થઈ તે જૂઓઃ '...અને હસીનાના કુટુંબને જ નહિ પણ લત્તાના અન્ય મુસલમાન નાગરિકોને પોતાનું વતન છોડી જવાની યા મોતને આધીન થવાની ફરજ પડતી લાગી. એ પવન એટલો તો જોરથી ફેલાવા લાગ્યો કે મુસલમાન કુટુંબો એનો સામનો કરી શક્યાં નહિ. વોલિન્ટીઅર ગ્રુપવાળા મુસલામાનોને એમનાં ઘરોમાંથી હાંકી કાઢતા દેખાયા...સ્ત્રીઓને ઘરમાં ગોંધી રાખી એમના પર ખુલ્લેઆમ અત્યાચાર .... બળાત્કાર... થવા લાગ્યો ! સ્ત્રીઓ, યુવતીઓ, બાળાઓ...સૌ કોઈ આવી બેઈજ્જતીનો ભોગ બની. દળના સભ્યો બાદ સર્બિયાના 'ઈરરેગ્યુલર' લશ્કરના સૈનિકોએ મળેલી તકનો બેફામ લાભ ઉઠાવ્યો. જેણે સામનો કર્યો તેની બૂરી હાલત થવા પામી...બળાત્કાર ન સહી શકનાર સ્ત્રીએ શરમની મારી આત્મહત્યા કરવા માંડી...સામૂહિક બળાત્કારનો કેર સર્વત્ર વર્તાવા લાગ્યો. બેઈજ્જતી, બેહાલ અને નાલેશીનો ભોગ બનવા કરતાં હસીનાએ જીભ કરડીને આત્મહત્યા કરી... અને એ બધું હારેકની હાજરીમાં થયેલું...!' (પૃ.૧૯૫) આ વર્ણનો સાબિત કરે છે કે ડાયસ્પોરાએ કેવી પરિસ્થિતિ વચ્ચે સ્થળાંતરણ કરવું પડતું હોય છે. મરો અથવા ભાગી જાઓ જેવી આ દશામાં જો જીવ બચાવી ભાગી શકાય તો તેવું કરવામાં કોઈપણ માણસ એકક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય, પરિવારજનો કે માલમિલકતનો વિચાર કર્યા સિવાય દેશછોડી નાસી છૂટે એ સ્વાભાવિક છે. કારણ કે, જંગમાં તો જે બહાદુર અને શક્તિશાળી હોય એ જ ટકી શકે છે. એનો જ વિજય થાય છે. કમજોર અને હારી જનાર લોકોને તો ત્રાસ સહન કરવા કે આત્મહત્યા કરી લેવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. સ્ત્રીઓની માન-મર્યાદા, આબરૂ બધું જ જાહેરમાં લૂંટાતું હોય ત્યારે કોણ આવી પરિસ્થિતિ સહન કરી શકે ? વળી, ભૂખ્યા વરૂઓની જેમ સૈનિકો સ્ત્રીઓ ઉપર તૂટી પડે છે. એક સ્ત્રી જીવે ત્યાં સુધી અનેક સિપાહીઓના હવશનો શિકાર બને છે અને આખરે સહનશીલતા જ્યારે હદ વટાવે ત્યારે હસીનાની જેમ આત્મહત્યા કર્યા સિવાય બીજો કયો ઉપાય તેને સુઝે !

આવા તો કંઈક ગુનાઓ હારેકે પોતે કર્યા હોય છે. પોતે બે મુસલમાન પહેરેગીરને છ ઈંચ લાંબા ચાકુથી મારી નાંખ્યા હતા. લાશ પણ કોઈને મળે નહીં એ માટે થઈને તેણે આજુબાજુની ઝાડીઓમાં ફેંકી દીધી હતી. તો એક દસ લોકોના મુસલમાન પરિવારને તેણે પોતાના સાથીઓની મદદથી મશીનગનની ગોળીઓથી વીંધી નાંખ્યા હતા. આ દસ લોકોમાં એક દસ વર્ષની નાનકળી બાળકી અને એક વૃદ્ધા હતી. તેને પણ પોતે જ પોતાની ગોળીઓથી ક્રુરતાથી મારી નાંખ્યા હતા.

હારેકે કરેલા ગુનાઓનું લિસ્ટ હજી લાંબું છે. હારેકના બીજા ગુનાઓનું વર્ણન જૂઓ: 'તેણે નિરાધાર સ્ત્રીઓની હત્યા કરવાનો એકરાર જ નહોતો કરવાનો પણ સર્બિયન લશ્કરના સૈનિકો અને ઈરરેગ્યુલર ગણવેશધારીઓએ પણ હજારો મુસલમાનોની હત્યા કરેલી. રાજલૉવેક ખાતેના ખુલ્લા મેદાનમાં ખાઈ ખોદી તેમાં તે તમામ શબોને એકબીજા પર થપ્પી કરીને ગીધડાઓનું ભક્ષણ બનવા માટે ખુલ્લામાં રાખ્યાં હતાં તેનો ચિતાર પણ આપવાનો હતો. એનાથી વધુ કરૂણ અને ભયાનક દૃશ્ય ડોન્ની બ્લોક જેવા મુસલમાન વસ્તીવાળા સમગ્ર ગ્રામવાસીઓને ગણવેશધારીઓએ ગોળીએ ચઢાવ્યાં કરતાં બાજુમાં આવેલી સ્ટીલ જેવી ધાતુ ગાળવાની ભઠ્ઠીમાં .... આગના ઉકળતા ચરૂમાં ભડથું થવા કેવી રીતે હોમ્યા હતા તેનું હૃદયવિદારક બયાન કરવાનું હતું...' (પૃ.૧૯૫)

આમ, અહીં હારેકને જ્યારે પોતે કરેલા તમામ અત્યાચારોના પરિણામ ભોગવવાનો વારો આવે છે ત્યારે પોતે કરેલા પાપોનો હિસાબ પોતાની સમક્ષ રજૂ કરી પસ્તાવો અનુભવે છે.

આ વાર્તામાં અર્ધવાક્યોનો વધારે પડતો ઉપયોગ થયેલો જણાય છે. આ અર્ધવાક્યોથી લોકોની પીડા, તેમનું દર્દ, લાગણી, ભાવના વગેરે વ્યક્ત થાય છે. ક્યારેક વધારે પડતી સ્પષ્ટતા પણ મર્યાદા બની જતી હોય છે. એથી જ મર્યાદાઓને ટાળવા સર્જકે અહીં અર્ધ વાક્ય શૈલીનો ખૂબ જ સચોટ રીતે ઉપયોગ કરે છે. આ સઘળી વાર્તા હારેકના જીવનમાં બની ગયેલા બનાવોનું બયાન કરે છે. પોતે જ્યારે તમામ નિર્દોષ લોકોની ક્રુરતાથી હત્યા કરતો હતો ત્યારે તેને કોઈ અફસોસ થતો નહોતો પણ જ્યારે પોતે કરેલા પાપોની, ગુનાઓની સજા ભોગવવાનો વખત નજીક આવે છે ત્યારે તેને આ બધું યાદ આવે છે. આવી ટેકનિકથી આ વાર્તા રચાઈ હોઈ તેનું શીર્ષક 'આવતી કાલે' રાખવામાં આવ્યું છે તે વાર્તાને ખરેખર બંધબેસતું લાગે છે.

આવતી કાલ એ હારેકના ગુનાઓનો તો અંત હશે જ પણ તે તેના જીવનનો અંત લાવી દેશે એવી ચિંતા પણ હારેકના પાત્ર દ્વારા વાર્તામાં પ્રગટતી જોવા મળે છે. એ રીતે આવતી કાલ બહુ નિર્ણાયક હશે તેનો સ્પષ્ટ ખ્યાલ આ વાર્તા કરાવે છે.

- અધુરો શબ્દ

યુગાન્ડામાં ઈદી અમીનના એશીયનોને દેશ છીડી દેવાના ફરમાનથી અસ્મિતા તેના પતિ મનસુખ સાથે સડકમાર્ગે યુગાન્ડા છોડી એન્ટેબે જવા નીકળે છે. એન્ટેબે પહોંચતા અમીનના સૈનિકો તેમને લૂંટે છે. પૈસા ન હોવાથી મનસુખને સૈનિકો મારી નાંખે છે. અસ્મિતા એ વખતે પ્રેગનન્ટ હતી તેથી તેના પર દયા ખાઈ તેને છોડી દેવામાં આવે છે. આ રીતે ભારતીય મૂળની અસ્મિતા યુગાન્ડા છોડી લંડનમાં આવીને વસે છે. તેને નીતિન (ન્યુટન) નામનો એક દીકરો અને લંડન આવ્યા પછી જન્મેલી નાની દીકરી નીના છે. અસ્મિતા

લંડનમાં ભારતીય હિંદુ વિધવા તરીકે નહીં પણ એક સ્વતંત્ર નારી તરીકે જીવન જીવે છે. લંડનમાં આવીને ઠરીઠામ થયા પછી અસ્મિતા માર્ટીનને ત્યાં નોકરી કરે છે. આ બંને સંતાનોની વનપેરન્ટ બની અસ્મિતા ઉછેર કરે છે. અસ્મિતા અને માર્ટીન એકબીજાને પસંદ કરવા લાગે છે. અસ્મિતા માટે માર્ટીનને પ્રેમ કરવા કરતાં એ પ્રેમનો એકરાર પોતાના બંને બાળકો સમક્ષ કરવો વધારે કઠિન હતું. મોટો દીકરો નીતિન તો માતાની ભાવનાઓ સમજી શકે છે એટલે માર્ટીનને પિતા તરીકે સ્વીકારવા રાજી થઈ જાય છે પણ નીના હજી નાની હોવાથી માતાને ખોઈ બેસવાની ચિંતા કહો કે સમજણનો અભાવ; તે માર્ટીનને પિતા તરીકે સ્વીકારી શકતી નથી. માર્ટીન જ્યારે પણ પોતાના ઘરે આવે છે ત્યારે નીનાને એ ગમતું નથી. આ જ હતાશામાં તેનું ધ્યાન ભણવામાં પણ લાગતું નથી. નીનાના શિક્ષક મિ. રિચર્ડસનના સમજાવાથી નીના માર્ટીન તરફ સકારાત્મક વલણ અપનાવતી થાય છે. પોતાના પહેલા પતિને ગુમાવ્યા પછી ફરીથી માર્ટીન સાથે લગ્ન કરવા માટે બાળકો તરફથી સંમતિ મળ્યા પછી અસ્મિતા આત્મમંથન કરે છે. આત્મમંથનના અંતે અસ્મિતા માર્ટીનને એક ચીઠ્ઠી લખે છે જેમાં પોતે બીજા લગ્ન માટે તૈયાર નથી એવું જણાવે છે. ત્યાં આ વાર્તા પૂર્ણ થાય છે.

આ વાર્તામાં મુખ્ય ચાર પાત્રો છે. લંડનમાં આવ્યા પછી માર્ટીન તરફ આકર્ષાઈ બીજા લગ્ન કરવા તૈયાર થનાર અસ્મિતાને પોતાના બાળકોની સંમતિ લેતી વખતે રાખવી પડેલી કાળજી એક નવી જ સમસ્યા પેદા કરે છે. બાળકોના લગ્ન તો બધા જ માતા-પિતા કરાવે પણ પોતાની માતાના બીજા લગ્ન માટે મંજૂરી આપનાર બંને બાળકોના પાત્રો પણ અહીં ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ પ્રગટાવી જાય છે.

અકાળે મનસુખને ગુમાવનાર અસ્મિતા લંડનમાં જે રીતે નોકરી કરે છે, વનપેરન્ટ તરીકે બન્ને બાળકોને ઉછેરે છે તે નારીસ્વાતંત્ર્ય - વ્યક્તિસ્વાતંત્ર્યનું ઉમદા ઉદાહરણ બને છે. લંડનમાં તેને 'હિંદુ વિધવા' જેવા લેબલ નીચે જીવવું નથી પડતું તે પણ તેના વ્યક્તિ ઘડતર માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. પણ અસ્મિતા માટે સૌથી કપરી પરિસ્થિતિ તો ત્યારે ઊભી થાય છે જ્યારે પોતાના જ બાળકોને પોતાના બીજા લગ્ન માટે રાજી કરવાની જવાબદારી પોતાના જ શીરે આવે છે. આ પરિસ્થિતિમાં નીતિન (ન્યૂટન)ની સહમતિ તો તે મેળવી લે છે પણ નાની દીકરી નીનાની સહમતિ મળતાં સુધીમાં તેને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ન્યૂટનના પિતા મનસુખનું યુગાન્ડામાં ખૂન થયું ત્યારે તે બે વર્ષનો હતો. લંડનમાં આવીને મુક્ત વાતાવરણ વચ્ચે ઉછરીને તેના વિચારો પણ સંકુચિતતાના વાતાવરણમાંથી બહાર નીકળી સમગ્રતાના દૃષ્ટિકોણથી ઘટનાને નિહાળતા કોઈ પુખ્તવયના વ્યક્તિ જેવા બન્યા હતા. આ ખુલ્લા મનની વિચારસરણીને લીધે જ માર્ટીન સાથે પોતાની માતા અસ્મિતાના પાંગરતા સંબંધોથી તેને કોઈ અણગમો થતો નથી. તે પોતે એટલું સમજે છે કે દરેક વ્યક્તિને પોતાનું જીવન જીવવાનો અધિકાર હોય છે. પિતાના અકાળે અવસાન પછી જે રીતે અસ્મિતાએ તેને અને નીનાને ઉછેરી હતી એ તમામ ઘટનાઓનો પણ તે સાક્ષી હતો. આથી તેના માટે

સઘળું સ્વીકારવું કપરું નહોતું. પરંતુ નીના હજી નાની હતી. માતાને ખોઈ બેસવાની ચિંતા કે તેના પ્રેમમાં ભાગ પડાવનાર કોઈક વ્યક્તિનું તેના જીવનમાં આગમન થાય તે વિચાર જ તેને નિરાશ કરી દેતું હતું. આ નિરાશામાં જ તેનું ધ્યાન શાળાના અભ્યાસમાં પણ લાગતું નથી. તેની અસર તેના પરિણામ પર પડે છે. આ બધી હતાશામાંથી નીનાને બહાર લાવવાનું કામ તેની જ શાળાના શિક્ષક મિસ્ટર રીચર્ડસન કરે છે. નીનાને જ્યારે ખબર પડે છે કે મિસ્ટર રીચર્ડસનને પણ બે છોકરાં છે અને તે પણ હવે પોતાની ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કરનાર છે ત્યારે નીના માર્ટીન તરફનો પોતાનો અભિગમ બદલે છે. અસ્મિતાને બીજા લગ્ન કરવાની પરવાનગી આપે છે.

ડાયસ્પોરિક સાહિત્યની એક લાક્ષણિકતા વતન છોડ્યા પછી નામમાં થતાં પરિવર્તનની છે. અહીં આ વાર્તામાં પણ અસ્મિતાના પુત્રનું મૂળ નામ નીતિન હોય છે પણ લંડનમાં જવાથી તેનું નામ ન્યૂટન થઈ જાય છે. આ બાબતે સર્જકે આપેલી નોંધ પણ જોઈએ : 'મૂળ નામ તો નીતિન પણ અહીં ઈંગ્લેન્ડમાં શાળામાં એનું નામ એંગ્લીસાઈઝડ કરી નાંખવામાં આવ્યું હતું અને બધાં એને ન્યૂટનના નામથી ઓળખતા.' (પૃ. ૧૯૭) વળી, આ વાર્તામાં ક્યાંક ક્યાંક અંગ્રેજી સંવાદોનો ઉપયોગ કરી સર્જકે ડાયસ્પોરિક પરિવેશ રચવાનો પણ પ્રયાસ કર્યો છે. જે પણ વાર્તાના પાત્રોને ઉપકારક નીવડે છે. આ વાર્તાનું કથક અસ્મિતા છે. સર્જકે આ જ કથાવસ્તુ તેમની 'ને ધરતી ખોળે નરક વેરાયું...' નામની નવલકથામાં પ્રયોજી કથાને વિસ્તારથી વર્ણવી છે.

- લાઈવ ક્યુ

વાર્તાનાયક લેવ વેલેન્સ્કી મૂળે અમેરિકન છે. પત્ની અને પોતાના એક બાળક સાથે મૉસ્કોમાં રહે છે. અમેરિકા તેની માતૃભૂમિ છે તો મૉસ્કોને તે પોતાની પિતૃભૂમિ માને છે. મૉસ્કોની ભૂમિમાં જ તેનું જીવનનિર્વાહ ચાલે છે. જીવનનિર્વાહ માટે તે પોતાની જૂનીપૂરાણી ઝીગુલી કાર પર આધારિત છે. આ કાર થકી તે મૉસ્કોમાં મુસાફરોને એકથી બીજી જગ્યાએ લેવા મુકવાનું કામ કરે છે. ભાડે ટેક્ષી ચલાવી તેનું ગુજરાન શાંતિથી ચાલતું હોય છે.

આવા જ સમયગાળામાં સામ્યતાવાદના વિરોધને લીધે ઠેરઠેર ચળવળો, આંદોલન કરવામાં આવે છે. સત્તા પરિવર્તનની માંગ ચારે તરફ પ્રગટી ઊઠે છે. લોકોમાં સરકાર વિરુદ્ધ ગુસ્સો પેદા થાય છે, આથી લોકો રસ્તાઓ પર ઉતરી આવે છે. પરિવર્તન, ચળવળો, આંદોલન અને ક્રાંતિ કરવાના આ સમયગાળામાં યુરોપના આર્મેનિયા, આઝરબાયઝાન, ઇસ્ટોનિયા, લેટેવિયા અને લીધુઆનિયા જેવાં રાજ્યોમાં વધારે પડતો ખળભળાટ જોવા મળે છે. આ ખળભળાટ બધી જ જગ્યાએ ફેલાવા લાગે છે. પોતાનો વતન છોડી લેવ વેલેન્સ્કીની જેમ પરદેશમાં જીવતા મોટાભાગના લોકો આ ચળવળના આરંભકાળથી જ પરદેશ છોડી સ્વદેશ પરત ફરવા

લાગ્યા હતા. લેવ વેલેન્સ્કીની પત્ની નાલિન્યાએ પણ તેને પોતાના બાળકોને લઈ વહેલી તકે બીજા લોકોની સાથે સ્વદેશ પરત ફરવાનું એકવખત સૂચન કરેલું. પણ લેવ વેલેન્સ્કીએ એ વાતને ગંભીરતાથી લેવાના બદલે નજરઅંદાજ કરી દીધી. પોતે કોઈ ચળવળ કે આંદોલનમાં જોડાયેલ નથી એટલે પોતે પરદેશમાં પણ સુરક્ષિત છે એવી દલીલ કરી તેણે નાલિન્યાને સમજાવી લીધી હતી. સામે અમેરિકન એમ્બેસીની આગળ અમેરિકા જવાના વિઝા મેળવવા માટે અમેરિકનોની ભીડ દિવસેને દિવસે વધતી જતી હતી. લોકો વિઝા મેળવવા માટે દિવસ રાત જોયા વિના લાઈનોમાં ઊભા રહેવા લાગ્યા હતા. મૉસ્કો જેવા શહેરમાં ચળવળ અને આંદોલનો વધારે ઉગ્ર થવા લાગ્યા હતા. આથી જ મૉસ્કોના લોકોને વિઝામાં પ્રાથમિકતા આપવા માટે અમેરિકન એમ્બેસીની બહાર લાગતી લાઈનો હવે બે વિભાગમાં વિભાજીત કરવામાં આવી હતી. લાઈવ ક્યુ અને ડેડ ક્યુ. લાઈવ ક્યુ મૉસ્કોમાં રહેતા લોકો માટે જ હતી. વળી, મૉસ્કોમાં અમેરિકનોની સુરક્ષા પર પણ હવે ખતરો હોવાથી લાઈવ ક્યુના લોકો હવે પોતાના ઘરે પરત ફરવા માંગતા નહોતા. જ્યારે મૉસ્કો સિવાયના આસપાસના વિસ્તારમાં વસતા લોકો કે જ્યાં હજી આંદોલનો અને ચળવળે પોતાનો ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું ન હતું ત્યાંના લોકો માટે ડેડ ક્યુ હતી. આ ડેડ ક્યુના લોકો અરજી કરી પોતાના ઘરે પરત ફરી જતા હતા.

એક દિવસ અમેરિકન એમ્બેસીની બહાર યહૂદીઓ વચ્ચે થતી વાતચીત લેવ વેલેન્સ્કી સાંભળી લે છે. આ વાતચીત સાંભળી અત્યાર સુધી વતન પરત ફરવા ન માંગતો લેવ વેલેન્સ્કી તરત જ પોતાના વતન અમેરિકા પરત ફરવાનો નિર્ણય લઈ લે છે. પોતાની પ્રાણથી પણ પ્યારી જીવનનિર્વાહની એક માત્ર સાથી એવી ઝીગુલી કારને તરત જ વેંચી નાંખે છે. પોતાના બાળક અને પત્નીને લઈ તે અમેરિકન એમ્બેસીની બહાર લાગેલી લાઈવ ક્યુમાં ઊભો રહી જાય છે. આમ, સત્તા પરિવર્તનના સમયગાળામાં થતા સ્થળાંતરને વર્ણવતી આ વાર્તા ડાયસ્પોરાની નવી દિશા તરફ આંગળી ચીંધે છે.

આ વાર્તામાં સ્વદેશ છોડી પરદેશને સ્વદેશ ગણી રહેનાર લેવ વેલેન્સ્કીની કહાણી છે. લેવ વેલેન્સ્કી મૉસ્કોને પરદેશ માનવાને બદલે પિતૃભૂમિ માને છે. પણ જ્યારે મૉસ્કોમાં સત્તા પરિવર્તન અને અંધાધુંધીનો માહોલ ફેલાવાની શરૂઆત તેને દેખાય છે ત્યારે એ પિતૃભૂમિ કરતાં તેને માતૃભૂમિ- અમેરિકા વધુ સલામત લાગે છે. આ માટે જ પોતાનો જીવ બચાવી તે બને એટલી જલ્દી પોતાના સ્વદેશ પરત ફરવાનો નિર્ણય પણ લઈ લે છે. લેવ વેલેન્સ્કી સિવાય તેની આસપાસના પાડોશીઓ તો આ ચળવળના આરંભકાળથી જ મૉસ્કોને છોડી પોતાના વતન પરત ફરી જવા નીકળી પડે છે. આમ, જિજીવિષા એ સંપત્તિ કે નોકરી ધંધા કરતાં વધારે મહત્ત્વની હોય છે તે આ તમામ પાત્રોના આધારે આ વાર્તા દ્વારા સમજી શકાય. આ જિજીવિષાને ખાતર જ કોઈપણ વ્યક્તિ ક્યારેક પોતાની માતૃભૂમિને છોડવા મજબૂર બનતો હોય છે તો ક્યારેક એ માતૃભૂમિ જ તેને સલામતિ અને શાંતિનો અહેસાસ કરાવનારી બની રહે છે.

- પ્રા. સત્યકામ

સત્યકામ આ વાર્તાનો નાયક છે. સત્યકામ સાથે જ કૉલેજમાં અભ્યાસ કરતી સુરેખા અને સત્યકામ એકબીજાને પ્રેમ કરતા હોય છે. સુરેખા સત્યકામ સમક્ષ પોતાના પ્રેમનો એકરાર પણ કરે છે. છતાં હતાશાને લીધે સત્યકામ તેને સમજી શકતો નથી. આખરે સુરેખા બીજા છોકરા સાથે લગ્ન કરી ભારત છોડી આફ્રિકા ચાલી જાય છે. સત્યકામ ભણીગણી નાટકમાં સારું એવું નામ કમાય છે. એક વખત અમેરિકામાં ગરબા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે તેને જવાનું થાય છે ત્યારે સુરેખાના આબેહુબ ચહેરા વાળી સુલેખાને તે જૂએ છે. સુલેખાને જોયા પછી પોતે આકુળવ્યાકુળ બની જાય છે. સુલેખાને મળ્યાં પછી તેને ખબર પડે છે કે તે સુરેખાની જ દીકરી છે. આ સુરેખા અને તેનો પતિ તો આફ્રિકામાં જ મરી ગયા હતા. ભૂતકાળ પાછો વર્તમાન બની જતો હોય એમ સત્યકામને લાગતું હતું. સત્યકામ અફસોસ કરે છે. પરત ફરતી વખતે વિમાનની એર હોસ્ટેસ સાથે સારો એવો પરિચય થાય છે. જીવનમાં એક વખત કરેલી ભૂલ ફરીથી ન થાય એ માટે થઈને સત્યકામ પેલી એર હોસ્ટેસ સાથેના સંબંધને સાચવી લેવાનો નિર્ધાર કરી ભારત પરત ફરે છે. આ છે આ વાર્તાનું કથાવસ્તુ.

આ વાર્તામાં લંડન જેવા શહેરમાં જઈને પણ ગુજરાતીઓએ પોતાની સંસ્કૃતિને જાળવી રાખી છે એ બાબત સિવાય ડાયસ્પોરિક કહી શકાય તેવી બીજી કોઈ લાક્ષણિકતા નથી. લંડન જેવા અત્યાધુનિક શહેરમાં ગરબાને જીવંત રાખી નવરાત્રીની પરંપરાને ગુજરાતીઓએ સાચવી રાખી છે. વળી, આ ગરબામાં ગુજરાતીઓએ ત્યાંના સ્થાનિક લોકોને પણ રસ લેતા કરી દીધા છે. ગરબા થકી બ્રિટનના અન્ય લોકોને ગુજરાતની પરંપરા અને ગુજરાતી સંસ્કૃતિથી પરિચિત કરાવવામાં ગરબાઓએ મોટો ભાગ ભજવ્યો છે. ગરબાની સ્પર્ધાઓમાં ગુજરાતી સિવાય અન્ય બ્રિટનવાસી પણ ઉલ્લાસથી એમાં સહભાગી થાય છે. ગુજરાતી લોકોની વચ્ચે 'વંડરફુલ', 'માર્વલસ', 'યુનીક' જેવા અંગ્રેજી સંવાદો બ્રિટનની સ્થાનિક પ્રજાને ગરબામાં પડતા રસની કહાણી રજૂ કરે છે.

પ્રા. સત્યકામ ગુજરાતીઓએ કરેલા સ્થળાંતરો અને એના વિકાસની ગાથાની સાથે સાથે તેના વ્યવહાર વિશેની વાત કરતાં ગુજરાતીઓ વિશે પોતાનો અભિપ્રાય આપે છે તેમાં ગુજરાતીઓની પોતાની સંસ્કૃતિને બચાવી રાખવાની જહેમત દેખા દે છે. તેમનો અભિપ્રાય જોઈએ, 'એ જ્યાં જ્યાં ગયો ત્યાં પોતાની સાથે પોતાના પડછાયાની માફક પોતાની ભાષા, સંસ્કૃતિ અને કલા સાથે લઈ ગયો છે; અને મૂળ વતની પ્રજાની ભાષા, કળા અને સંસ્કૃતિની સાથે એનો સુમેળ સાધવા પ્રયાસ કર્યો છે... તમે દેશ છોડી આફ્રિકા ગયા, બ્રિટન આવ્યા, અમેરિકા ગયા પણ તમે જ્યાં જ્યાં ગયા ત્યાં અંગ્રેજોની માફક તમે પણ તમારું નાનકડું ગુજરાત ઊભું કર્યું એ તદ્દન સ્વાભાવિક છે... ગરબો એ ગુજરાતનું ગૌરવધન છે. ભારતની ભિન્ન ભિન્ન

પ્રાદેશિક કળાઓનો બેનમૂન નમૂનો છે. ગરવી ગુજરાતણને અહીં આ પચરંગી મેળા વચ્ચે ઘૂમતી જોતાં મારી છાતી ગજ ગજ ફૂલી ઉઠે છે...' (પૃ. ૨૦૬-૨૦૭)

- સેક્રેડ કાઉ

કથાવસ્તુ : કાશીબાનો દીકરો જયંત અભ્યાસ અર્થે લંડન ગયા પછી ત્યાં જ ડૉક્ટરની પ્રેક્ટીસ કરવા લાગે છે. માતા-પિતાની મરજીથી ભારતની જ એક જ્યોતી નામની બ્રાહ્મણ કન્યાથી લગ્ન કરી તેને પણ પોતાની સાથે લંડન લઈ જાય છે. જયંતના લંડન ગયા પછી એકાદ વર્ષમાં જ તેના પિતા કેશવભાઈનું મૃત્યુ થઈ જાય છે. કાશીબા ભારતમાં એકલા રહે છે. જયંત-જ્યોતિની ઘણી બધી ઇચ્છાઓ છતાં તે લંડન જવા રાજી થતાં નથી. જયંતને જોડીયા દીકરીઓ જન્મે છે. મોટીનું નામ મીરાં અને નાનીનું નામ ધીરજ રાખે છે. મીરાં લાડકોડમાં ઉછરી હોવાથી તે અભિમાની છે. જ્યારે ધીરજ સમજણી છે. કાશીબાના પગની પીડા વધવાથી અને ભારતમાં તેમની સારસંભાળ રાખવાવાળું કોઈ ન હોવાથી અનાયાસે તેમને પણ લંડન જવું પડે છે. કાશીબાના ભારતીય સંસ્કાર અને પરંપરાગત ખ્યાલો મીરાંને અનુકૂળ લાગતાં નથી. તેને એ પરંપરાઓ બંધન જેવી લાગે છે. કાશીબાનું વારંવાર અપમાન કરવું કે તેમને ઠીક લાગે તેમ સંભળાવી દેવા જેવી ઘટનાઓ રોજેરોજ બનવા લાગી. જયંત અને જ્યોતિ બન્ને નોકરીએ જતાં હોવાથી ઘરે કાશીબાનો એકમાત્ર સહારો ધીરજ જ રહે છે. ધીરજ કાશીબાનું ધ્યાન રાખે છે, તેમની વાતો સાંભળે છે, તેને અનુસરે છે. પણ, મીરાંને કાશીબાની ધાર્મિકતા ગમતી નથી. કાશીબાને મીરાં કડવા વચનો સંભળાવતા જરાય ખચકાતી નથી.

એકાદ વર્ષ પછી કાશીબાની માનતા પૂરી કરવા આખું કુટુંબ પોતાના વતન આવે છે. ત્યાં પણ મીરાંને કાશીબાની ધાર્મિકતા ખટકે છે. ગામના શિવ મંદિરમાં જવાનું મીરાંને ગમતું નથી. ગામમાં મીરાંને એકલું એકલું લાગ્યા કરે છે. સવાર તો પોતે ગમે તેમ પસાર કરી નાંખતી પણ બપોરના તડકા અને લૂના લીધે પોતે અકળામણ અનુભવે છે. એક દિવસ મીરાં એકલી એકલી બપોરના સમયે નદી કિનારે આવેલા શિવ મંદિર તરફ ચાલવા લાગે છે. બપોરના સમયે ગામડામાં બધા આરામ કરતા હોવાથી નીરવ શાંતિ મીરાંને વધુ આકર્ષવા લાગી. મંદિરનું શાંત વાતાવરણ, નદી, પહાડો મીરાંના માનસમાં કંઈક ગજબની અસર ઊભી કરે છે. પોતે મંદિરમાં જાય છે, ઘંટ વગાડે છે. એ અનુભવ તેને અલૌકિક આનંદ આપે છે અને આખરે મીરાં પણ પછીથી બધાની સાથે મંદિરમાં થતી આરતીમાં સહભાગી થવા પ્રેરાય છે. સાંજે બધાના ગયા પછી પોતે પણ આરતી સમયે ટોળાંની પાછળ જઈને ઊભી રહી જાય છે.

મીરાંના પાત્ર દ્વારા પશ્ચિમી સંસ્કૃતિનું આલેખન અહીં થયું છે. તો કાશીબા સીધી રીતે ભારતીય સંસ્કૃતિનું સીમાચિહ્ન બની રહે છે. બંને વ્યક્તિઓનું મિલન થવાથી તેમની વચ્ચે જે તણખાં ઝરે છે એ બે

સંસ્કૃતિઓનો ટકરાવ દર્શાવે છે. તો અંતે મીરાં જે રીતે ભારતીય સંસ્કૃતિને સ્વીકારી લે છે તે વાર્તાને એક નવો વળાંક આપે છે.

ઘર, વડીલો અને વતનથી દૂર પરદેશમાં અભ્યાસ અર્થે જનાર ઘઉંવર્ણા ભારતીય વિદ્યાર્થીઓ જ્યારે વિદેશની ગોરી છોકરીઓને જોઈને તેનાં રૂપમાત્રથી અંજાઈ તેના પ્રેમમાં પડી જાય છે અથવા લગ્ન કરી, ઘર, માતા-પિતા, સ્વજનો, વતનને છોડી પરદેશમાં જ કાયમ માટે સ્થાયી થઈ જાય છે. આવા લોકો વતન તરફ ક્યારેય પરત ફરવાનું વિચારતા નથી. માત્ર ગોરા વર્ણને લીધે આકર્ષાઈ લગ્ન કરી લીધા પછી જ્યારે આખી જિંદગી આવા પરદેશી પાત્ર સાથે પસાર કરવાની થાય ત્યારે તેમને પોતાની ભૂલ સમજાતી હોય છે. જયંતના મિત્રોએ પણ આવી જ ભૂલ કરેલી હતી. જેનો અફસોસ તેમને પાછળથી થતો હતો. જયંત પોતે સંયમી અને ધાર્મિક તથા માતા-પિતાનો આજ્ઞાંકિત હોવાથી આવું કોઈ પગલું ભરતો નથી. આમ, જયંતના મિત્રોના ઉલ્લેખથી ડાયસ્પોરાની એક લાક્ષણિકતા આ વાર્તામાં પ્રગટ થઈ છે. તેનું વર્ણન જોઈએ : ‘લંડનના મુક્ત વાયરામાં એ અટવાયો ન હતો એ એનું સદ્ભાગ્ય. બાકી એના એક બે નિકટના મિત્રો તો ગોરી નર્સો સાથે લગ્ન કરીને પાછળથી પસ્તાયા હતા.’ (પૃ. ૨૧૧)

સંતાન પરદેશમાં સ્થાયી થયા પછી ક્યારેક પોતાના માતા-પિતાને પણ વિદેશમાં પોતાની સાથે રહેવા માટે બોલાવી લેતું હોય છે. એ પણ ડાયસ્પોરાની આગવી લાક્ષણિકતા છે જે અહીં જયંત અને કાશીબાના પાત્ર દ્વારા પ્રગટતી જોવા મળે છે.

પરદેશના જ વાતાવરણમાં જન્મનાર નવી પેઢી પોતાના મૂળ વતન તરફ વફાદાર રહેતી નથી. તે નવા દેશની સંસ્કૃતિના રંગે જ રંગાઈ જાય છે. આ લાક્ષણિકતા અહીં મીંરાના પાત્ર દ્વારા જોવા મળે છે. મીરાં જે રીતે કાશીબાનું અપમાન કરે છે, તેને કડવા વચનો સંભળાવે છે, ક્યારેક તો અપશબ્દો પણ કહે છે. આ બધું મીરાંના માનસ પર થયેલ પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ દર્શાવે છે. મીરાં અને કાશીબાના પાત્રો જનરેશન ગેપનું પણ ઉદાહરણ પૂરું પાડે છે. મીરાંના ઉચ્ચારણમાં વપરાતી ભાષા પણ  ગુજરાતીની બદલે અંગ્રેજી છે. એ પણ ડાયસ્પોરિક સાહિત્યનું જ એક લક્ષણ છે.

ભારતીય સંસ્કૃતિ અને સમાજ આબરૂ, રૂઢિ, રીતિરિવાજો વગેરેમાં માનનારી છે. જ્યારે પશ્ચિમી સંસ્કૃતિ વ્યક્તિ સ્વાતંત્ર્યમાં વિશ્વાસ રાખે છે. વિદેશમાં જન્મથી જ બાળકને મુક્ત વાતાવરણ મળી રહે છે. આથી મોટા થયા પછી તેનો પ્રભાવ તેના જીવનમાં, વ્યવહારમાં દેખાય જ છે. આ રીતે લંડનમાં જ જન્મીને ત્યાં જ લાડકોડમાં ઉછરવાના લીધે મીરાંનું સ્વાભિમાન અભિમાનની હદે પહોંચી ગયું છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. એટલે કાશીબાનું મીરાં પ્રત્યેનું વલણ વાર્તાના આ શબ્દોમાં પ્રગટ થતું દેખાય કે, ‘બન્ને બાળકો

પ્રત્યે સમાન ભાવ, સમાન હેત અને સમાન શુશ્રુષા સેવવામાં આવ્યા હતા છતાં એક દીકરી આવી ઉછાંછળી, અવિવેકી અને અવિચારી કેવી રીતે બની શકે તે એ સમજી શકતાં ન હતાં. દેશમાં હોય તો પરણવા લાયક પોતાના દીકરાની એક દીકરી આવી નીકળી હોય તો એનું તો આવી જ બને ! એમનાથી પણ આ દુ:ખ જોયું જવાતું ન હતું, સહ્યું સહન થઈ શકતું ન હતું. નવો જમાનો અને નવા જમાનાનો સ્વચ્છંદી અને મુક્ત વાતાવરણના તે હિમાયતી ન હતાં.' (પૃ. ૨૧૨) આ શબ્દો કાશીબાના માનસની છાપ આપણી સમક્ષ રજૂ કરે છે. કાશીબા ભારતીય સંસ્કૃતિથી રંગાયેલા છે એટલા માટે જ તેમના માટે દીકરી એટલે લગ્ન માટેની વસ્તુ હોય એવું તે માને છે. દીકરીને પણ પોતાને પોતાનું સ્વાભિમાન હોય કે દીકરી પોતે પગભર હોઈ શકે એવા વિચારો કાશીબા સ્વીકારી જ શકતા નથી. દીકરી જન્મે ત્યારથી જ લગ્ન કરી તેને પરાયા ઘરે વિદાય કરી દેવાની તૈયારી શરૂ થઈ જતી હોય એ જ વિચાર આજે પણ ભારતીય સંસ્કૃતિમાં ક્યાંક ક્યાંક પ્રવર્તતો જોવા મળે છે. એટલે જ મીરાંનું સ્વચ્છંદી અને મુક્ત માનસ કાશીબાને અકળાવી મૂકે છે.

કાશીબા લંડનમાં ગયા પછી અંગ્રેજીમાં બોલવાનું શીખે છે, એ માટે તે મોટી ઉંમરની સ્ત્રીઓના વર્ગોમાં પણ જવાનું શરૂ કરે છે. આ રીતે વિદેશમાં ડાયસ્પોરાએ કરવું પડતું અનુકુલન પ્રગટે છે. અંગ્રેજી થોડું થોડું શીખ્યા પછી પોતે 'ડ્લાસ', 'ડીનેસ્ટી' અથવા 'ઈસ્ટ એન્ડર', 'જે.આર. સુલેઅન', 'બૉબી', 'પૅમ', 'મિસ એલી', 'જૉક', 'સિક્સ મિલિયન ડૉલર મૅન', 'સુપર મૅન', 'સુપર વુમન', 'વંડર વુમન' વગેરે પાત્રોથી પરિચિત થાય છે. ધીરજને હનુમાન, ભીમ, કૃષ્ણ વગેરેના પાત્રોથી પરિચિત કરાવે છે. આ રીતે બે સંસ્કૃતિનો સમન્વય થાય છે એવું કલ્પી શકાય.

અંગ્રેજી શીખ્યા પછી ઘરનું સઘળું સંચાલન કાશીબાના હાથમાં આવવાથી મીરાંને સુધારવાના આશયથી મીરાંની સ્વતંત્રતા છીનવી લેવામાં આવે છે અથવા તો એમાં મર્યાદાઓ લગાવી દેવામાં આવે છે. આ મર્યાદાઓ એ ભારતીય સમાજ – સંસ્કૃતિમાં સ્ત્રી પર લગાડી દેવામાં આવતી મર્યાદાઓ જ છે. એ રીતે મીરાંના મુક્ત માનસને બાંધી દેવાનો પ્રયાસ કાશીબા દ્વારા કરવામાં આવે છે. એ માટે મીરાં પર લગાવેલા નિયમો જૂઓ: 'તે સાથે જ રવિવારે મોડેથી ઊઠવાનું બંધ થવા લાગ્યું. શનિવારે મોડે સુધી ટી.વી. જોવા સામે મનાઈ થઈ. ઘરમાં બધાં વચ્ચે બની શકે ત્યાં સુધી માતૃભાષામાં જ વિચારવિનિમય થવા લાગ્યો. મિત્રો, સહેલીઓને ઘરમાં લાવવાની સંપૂર્ણ છૂટ છતાં મા-બાપની હાજરીમાં જ એવો આગ્રહ રખાયો. મિત્રોને પ્રીતિભોજનમાં સામેલ કરવાની છૂટ પણ તે વખતે ઘરમાં જે પકવવામાં આવ્યું હોય તેનો જ સૌ હળીમળીને આહાર કરે. મનોરંજન માટેનો સમય નક્કી રહે. રેડિયો ઊંચા સાદે ચાલુ ન રાખવો. ડીસ્કોમાં જવાની છૂટ પણ દીવાબત્તી થાય તે પહેલાં ઘર ભેગા થવાનો આગ્રહ માન્ય.' (પૃ. ૨૧૩) આમ, આવી આવી રીતે મીરાંને ભારતીય સંસ્કૃતિમાં બાંધી દેવાના પ્રયાસો થાય છે.

કાશીબાની માનતા પૂરી કરવા માટે આખું કુંટુંબ વતનમાં કાશીબાના ગામડે જાય છે. ત્યાં મીરાંને મંદિરમાં જવાનું ગમતું નથી પણ એક દિવસ અચાનક બપોરે ફરવા નીકળેલી મીરાંનું માનસ પરિવર્તન થવું એ આખી વાર્તામાં વળાંક લાવે છે. પણ, આ વળાંક મેલોડ્રામેટીક લાગે છે. પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાયેલી મીરાં બધાના કહેવા છતાં માનતી નથી પણ અચાનક કોઈના પણ કહ્યા વગર તેનામાં આવેલું પરિવર્તન ઉપજાવી કાઢેલું હોય તેવું લાગે છે. એકરીતે એવું પણ લાગે છે કે સાહિત્યકારે પોતાની જાતનું સીધેસીધું પ્રત્યાર્પણ મીરાંના પાત્ર પર કરી દીધું છે. કેમ કે, સાહિત્યકાર બળવંત નાયક મૂળે ભારતીય સંસ્કૃતિના સંતાન છે. આફ્રિકા અને ઈંગ્લેન્ડના વસવાટને લીધે શારીરિક રીતે ભારત તેમનાથી છૂટી ગયું છે પણ પેલી ભારતીય માનસિકતા હજી છૂટી નથી. ભારત તરફનું આકર્ષણ હજી પણ છે, હજી તેમને ભારતીય સંસ્કૃતિ પશ્ચિમી સંસ્કૃતિ કરતાં વધારે પોતાની તરફ ખેંચે છે. આ બધી બાબતોને લીધે જ સર્જકે અહીં મીરાંના પાત્રને વાર્તાના અંતે ભારતીય સંસ્કૃતિ તરફ સરી જતી બતાવી છે. વાર્તાના પાત્રો પર પોતાના ભાવોનું કરેલું આવું આરોપણ આપણને 'યશોધરાનો ગૃહત્યાગ' નામની વાર્તામાં પણ જોવા મળે છે.

- યશોધરાનો ગૃહત્યાગ

વાર્તાની નયિકાનું નામ યશોધરા છે. પોતે વિદેશમાં વસતા પણ ભારતીય માનસિકતા ધરાવતા માતા-પિતાની દીકરી છે. યશોધરાની ઉંમર લગ્ન કરી લીધા જેવડી થઈ ગઈ હોવાથી તેના માતા-પિતા તેને લગ્ન કરી લેવાનું દબાણ કરે છે. જ્યારે યશોધરા લગ્ન માટે પોતાની જાતને હજી તૈયાર માનતી નથી. વળી, પોતે કોઈ પાત્રને પસંદ પણ કરતી નથી છતાં માતા-પિતાના કહેવા માત્રથી કોઈપણ પાત્ર સાથે લગ્ન કરી લેવા પોતે રાજી થતી નથી. માતા-પિતાના લગ્ન કરી લેવાની ઈચ્છાની પોતે વિરુદ્ધ હોવાથી તે પોતાનું ઘર છોડીને એકલી ચાલી નીકળે છે. ઘર છોડી મિસ ગોલ્ડસ્મિથ પાસે કાઉન્સીલ સંચાલિત મહિલા હૉસ્ટેલમાં રહેવા જતી રહે છે. ત્યાં તેના જેવી બીજી તેર યુવતીઓ સાથે તે રહેવા લાગે છે. અહિયા તેના પર કોઈ દબાણ નથી, પણ માતા-પિતા, ભાઈ-બહેનની યાદ તેને અવાર-નવાર આવતી રહે છે. પોતે ભારતીય સમાજમાં થતી સ્ત્રીની અવદશા વિશે પૂરેપૂરી વાકેફ છે. એટલે જ તે ઘર છોડીને નીકળી આવી છે. હૉસ્ટેલમાં તેને આશરો મળ્યો હતો પણ પ્રેમ, લાગણી અને હુંફ મળતી નહોતી એવું તેને લાગતા એક રાત્રીના અંધકારમાં ઘર તરફ પરત ફરવા નીકળી પડે છે. અહીં વાર્તા પૂર્ણ થાય છે.

યશોધરાએ પોતાના ઘર છોડ્યાની ઘટનાથી આ વાર્તાની શરૂઆત થાય છે અને ઘર તરફ પાછા ફરવાના દિશા નિર્દેશ સાથે વાર્તા પૂર્ણ થાય છે. યશોધરાના ગૃહત્યાગ પાછળના કારણો ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીની થતી અવગણના અને તેના પર થતાં અત્યાચારોને ગણાવી શકાય. યશોધરાના ઘર છોડવા માટેના કારણને સમજવા આ શબ્દો મદદરૂપ થાય કે, 'માતાપિતા જ્યારે ઈજ્જત અને આબરૂના કૂવામાં હજીયે ડૂબી

મરવા તૈયાર હતાં ત્યારે પોતે એ કૂવામાં તરવા અને તરફડવા યે તૈયાર ન હતી. – જ્યાં સુધી પોતાની પસંદગીના પાત્ર સાથે, જેની સાથે મન મળ્યું હોય તેની સાથે સહજીવન ગાળવાનું થાય, Arranged Marriagesના શાપનો ભોગ એણે બનવું ન હતું.... આવા સંઘર્ષમાંથી જ કલહ જાગ્યો હતો. કલહની એ આગ અસહ્ય બની જતી હતી. પોતે એમાં ખાખ થઈ જાય તે પહેલાં જ એણે આખરી નિર્ધાર કરી લીધો હતો અને...' (પૃ. ૨૨૫) વાર્તાનું આ વર્ણન સ્પષ્ટ કરે છે કે તેના ઘર છોડવાનું મુખ્ય કારણ લગ્ન સંબંધીત છે. Arranged Marriages એના મતે શાપ સમાન છે. ભારતીય સમાજમાં પ્રવર્તતી આ લગ્ન વ્યવસ્થા તેના માટે ભંગાર જેવી છે. આ વ્યવસ્થાથી બચવા જ તેણે પોતાનો ઘર છોડ્યો છે. એટલે યશોધરાના પાત્રમાં અહીં નારીચેતના જોઈ શકાય છે. જૂની-પૂરાણી માન્યતાઓને વળગી રહી કોઈપણ જાતના ચંચૂપાત કર્યા વગર તેને વફાદારીથી નિભાવવાની તૈયારી ન દર્શાવી પોતાના જીવનનો રસ્તો જાતે પસંદ કરવા માટે કોઈપણ વ્યક્તિને કહ્યા વગર, કોઈપણ સહારા વગર, એકલી પોતાના માતાપિતાના ઘરનો ત્યાગ કરતી યશોધરાનું પાત્ર વ્યક્તિ સ્વાતંત્ર્યનું ઉદાહરણ બને છે.

યશોધરા ઘર છોડી કાઉન્સીલ સંચાલિત જે મહિલા હૉસ્ટેલમાં રહે છે એ મહિલા હૉસ્ટેલમાં પહેલાંથી તેર મહિલાઓ રહેતી હોય છે. આ મહિલાઓમાંથી સાત યુવતીઓ યશોધરાની જેમ જ પોતાનું ઘર છોડીને આવેલી હોય છે. આ હૉસ્ટેલમાં ભારતીય યુવતીઓ સાથે સાથે અંગ્રેજી-ગોરી યુવતીઓ પણ રહે છે. એક તો શારીરિક અને માનસિક રીતે ત્રાસ આપનાર પતિનો ભોગ બનેલી યુવતી પણ છે. આ મહિલા હૉસ્ટેલની યુવતીઓને અહીં આવ્યા પછી સામાન્ય જીવન જીવવામાં કોઈ જ બંધનોમાં બંધાવું નથી પડતું. તે પોતાનું રોજીંદું જીવન પોતાની મરજીથી સ્વતંત્ર રીતે જીવી શકે છે. આ પ્રકારની હૉસ્ટેલો લંડનમાં છે પણ ભારતમાં હજી પણ ત્યાં જેટલી સ્વતંત્રતા આવી સ્ત્રીઓને મળતી નથી. એ પણ હકીકત છે. ભારતીય સમાજમાં આવી રીતે ઘર છોડી ભાગેલી યુવતીઓ પ્રત્યે સમભાવ રાખવાના બદલે ક્યાંકને ક્યાંક અન્યાયી વર્તન થતું હોય છે.

ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં સીતા, દમયંતી, દ્રોપદી અને સાવિત્રી જેવી સ્ત્રીઓને વેઠવી પડેલી તકલીફોથી પણ યશોધરા પૂરેપૂરી વાકેફ હતી. પોતાની પરિસ્થિતિ એવી ન થાય તે માટે જ ઘર છોડવા જેવું આત્યંતિક પગલું ભરનાર યશોધરા અંતે અચાનક લાગણીના આવેશમાં તણાઈ જઈ પોતાનું સ્વાભિમાન ભૂલી જઈ વાર્તાના અંતે જે રીતે પાછી પોતાના ઘર તરફ જવા નીકળી પડે છે એ વાત અહીંયા આપણે આગળ જોઈ ગયા તેમ સર્જક માનસનું યશોધરાના પાત્ર પર થયેલ પ્રત્યાર્પણ દર્શાવે છે.

લંડન જેવા મુક્ત વાતાવરણવાળા શહેરમાં ફરી પાછું જીવનને જોખમમાં મૂકી અસ્તિત્વને ભૂલાવી દઈ માત્ર પાતાપિતાના પ્રેમને પામવા માટે પોતાની સ્વતંત્રતાનું બલિદાન આપી દેનાર યશોધરામાં આવેલું

અચાનક પરિવર્તન વાચકને સાહજીક ન જ લાગે. આમ, યશોધરાના પાત્ર પર સર્જક બળવંત નાયકની ભારતીય માનસિકતા અને ભારતીય નૈતિક મૂલ્યો તરફનું ખેંચાણ દેખાઈ આવે છે.

વાર્તાના શીર્ષક 'યશોધરાનું ગૃહત્યાગ'માં આવતો યશોધરા નામોલ્લેખ આપણને સીધું પુરાણકાળ સુધી લઈ જઈ રામાયણની યાદ તાજી કરાવે છે. રામાયણમાં રામના ચૌદ વર્ષના વનવાસમાં ભાઈ તરીકે સાથ આપવા ભરત પત્ની સાથે જાય છે. પોતાની પત્ની યશોધરાની પરવાનગી મેળવવી પણ ભરતને જરૂરી લાગતી નથી. એ રીતે રામાયણમાં ભરતે ગૃહત્યાગ કર્યો હતો. પુરાણોમાં સ્ત્રીઓના થયેલા શોષણ વિરુદ્ધ યશોધરા જાણે કે બળવો કરતી હોય એમ આ વાર્તામાં યશોધરાનો થયેલો ગૃહત્યાગ આધુનિક નારીમાં આવેલી ચેતનાનું પ્રમાણ બની રહે છે.

- જશોદાની આંખો

વાર્તાનું કેંદ્રસ્થ પાત્ર દેવકોરબહેન છે. દેવકોરબહેનના પતિ મનસુખલાલ માસ્તર અકાળે અવસાન પામે છે. દેવકોરબહેન પોતાના પુત્ર ભરતને અમેરિકા ભણવા મોકલે છે. અમેરિકાથી ભણીગણીને ભારત પરત ફરી ભરત તેની સારસંભાળ રાખશે એવા દેવકોરબહેનના સ્વપ્નાઓ ઉપર પાણી ફરી વળે છે જ્યારે ભરત સ્વદેશ પરત ફરવાના બદલે ક્લેર નામની યુવતી સાથે અમેરિકામાં જ લગ્ન કરી ત્યાં જ તેની સાથે સ્થાયી થઈ જાય છે. ભરત દેવકોરબહેનની સાથે રહી દેખરેખ કરવાના બદલે દર મહિને માતા માટે પૈસા મોકલી પુત્રધર્મ બજાવતો હોય એવી ભ્રમણામાં જીવે છે.

વર્ષો પછી ભરત પોતાની પત્ની, દસ વર્ષની દીકરી ઍંજલા અને સાત વર્ષના દીકરા કેવીન સાથે ભારત ભ્રમણ કરવા માટે સ્વદેશ આવવાનો છે એવા સમાચાર દેવકોરબહેનને મળતાં દેવકોરબહેન પુત્રના સ્વાગત માટે મુંબઈ એરપોર્ટ પર જાય છે. મુંબઈ એરપોર્ટ પર ઉતરેલો ભરત પહેલાના ભરત કરતાં એકદમ બદલાઈ ગયેલો જણાય છે. તે પોતાના મિત્ર દિનકરનું અપમાન કરે છે અને દેવકોરબહેનને શાંતિથી મળ્યાં વગર ગામડે આવવાના બદલે મુંબઈની હોટલમાં જવા કારમાં નીકળી જાય છે. વર્ષો પછી પોતાનો દીકરો ઘરે પરત આવશે એવી દેવકોરબહેનની આશા ફરી નિરાશામાં પરિણમે છે.

ભરતને હંમેશા લાગ્યા કરે છે કે પોતાની પત્નિ અને બાળકોને ગામડે ફાવશે નહીં આથી જ તે ગામડે જવાનું ટાળતો રહે છે. પણ બાળકોની જીદ્દ આગળ તેનું ચાલતું નથી અને દક્ષિણ ભારતના પ્રવાસ પછી ઉત્તર ભારત જવાને બદલે ભરતના વતન તેના ગામડે પોતે કુંટુંબ સહિત જાય છે. ગામડે આવી બાળકોને તો હરવા-ફરવા, રમવાની અને મોજ મસ્તી કરવાની મજા પડી જાય છે. ક્લેર પણ ભારતીય સંસ્કૃતિના પરિચયમાં આવે છે ત્યારથી તેને પણ નવું નવું જાણવાની તલપ જાગે છે. એકમાત્ર ભરતને જ હવે

ગામડું ગમતું નથી. ગામડામાં રહી બધાને હળ્યા મળ્યા પછી ક્લેરને માલૂમ પડે છે કે અહીં દેવકોરબહેનની જેમ ઘણાબધાને આંખોની તકલીફો છે. અમુક લોકોને તો મોતિયાની અસરો છે. આ બધાને સારવારની અને સલાહસૂચનની તત્કાળ જરૂર છે. વળી, પોતે આંખોની ડૉક્ટર હોવાથી ભારત જેવા ઉષ્ણકટિબંધીય દેશમાં વસતા લોકોની આંખો પર થતી અસર વિશે જાણી સંશોધન કરવામાં તેને રસ પડે છે. આ કાર્ય માટે ભરતના મિત્ર દિનકર અને અન્ય ગામલોકો તથા સરકારી સહાયથી ક્લેર ગામમાં એક શિબિરનું આયોજન કરે છે. ગામડામાં લોકોની આંખો તપાસે છે. દેવકોરબહેન જેવા કેટલાંય દર્દીઓના ઑપરેશન કરી મોતિયાથી તેમની આંખોને બચાવે છે.

ક્લેરને મળ્યાં પછી અને તેના વર્તન, વ્યવહારને જાણ્યાં પછી દેવકોરબહેનનો તેના પ્રત્યેનો અભિગમ સાવ જ બદલાઈ જાય છે. વર્ષો પહેલા ભરતે જ્યારે અમેરિકામાં લગ્ન કરી ત્યાં જ સ્થાયી થઈ જવાનું નક્કી કરી લીધું હતું ત્યારે દેવકોરબહેનને એવું લાગતું હતું કે ભરતને પોતાનાથી દૂર કરવામાં ક્લેરનો જ હાથ હશે. પણ ક્લેરને રૂબરૂમાં મળ્યાં પછી, તેને ઓળખ્યાં પછી દેવકોરબહેનને પણ પોતાનો અભિગમ બદલવો પડે છે. દેવકોરબહેનને હવે સમજાય છે કે ખરેખર વાંક ક્લેરનો નહીં પણ પોતાના પુત્ર ભરતનો જ હતો. વિદેશ વસવાટ પછી ભરત જ ગામડાં પ્રત્યે અણગમો ધરાવતો થયો હતો. અમેરિકાનું વૈભવી જીવન તેને ગમવા લાગ્યું હતું. ભારતના ગામડામાં તેને હવે આવવું નહોતું, ફાવતું નહોતું. આ રીતે આ વાર્તા ડાયસ્પોરાની એક નવી લાક્ષણિકતા પણ દર્શાવે છે કે કેમ કોઈ વ્યક્તિ વિદેશ ગયા પછી પોતાના વતનને ભૂલી જઈ તેના પ્રત્યે અણગમો ધરાવતો થઈ જાય છે.

આ વાર્તાનું શીર્ષક ‘જશોદાની આંખો’ છે. પણ આ વાર્તામાં જશોદા નામનું કોઈ પાત્ર છે જ નહીં. એટલે અહીં સંદર્ભને સમજવા માટે ભારતીય ધર્મગ્રંથ ‘ભાગવત’ પાસે જવું પડે. ‘ભાગવત’માં આવતા કૃષ્ણ અને પાલક માતા જશોદાનો સંદર્ભ લેવો પડે. બાળ કૃષ્ણની હરકતોની ફરિયાદ લઈને જશોદાની પાસે આવતી ગોકુળની ગોપીઓની વાત જશોદા માનતી જ નથી. જશોદાને તો એમ જ લાગે છે કે મારો પુત્ર કૃષ્ણ એવું ક્યારેય કરી જ ન શકે. જશોદા સામેથી ગોપીઓને ઠપકો આપે છે પણ જ્યારે જશોદા પોતાની આંખે કૃષ્ણને મસ્તી કરતો જૂએ છે ત્યારે જ તેને સાચી વાસ્તવિકતા સમજાય છે. અહીં પણ ભરતને નિર્દોષ માનતી દેવકોરબહેનને છેલ્લે ખબર પડે છે કે પોતાની અવગણના કરવા પાછળ ક્લેર નહીં પણ ખરેખર તો પોતાનો પુત્ર ભરત જ જવાબદાર છે.

આપણે આગળ જોઈ ગયા તેમ ડાયસ્પોરિક સાહિત્યની પ્રથમ લાક્ષણિકતા સ્થળાંતરણની છે. એટલે કોઈ સાહિત્ય કૃતિમાં એક જ સ્થળકાળની વાત કરવામાં આવી હોય તો તે કૃતિને ડાયસ્પોરિક કૃતિ કહેવી કે નહિ એ પહેલો પ્રશ્ન થાય. કૃતિના પાત્રોનું માતૃભૂમિ છોડી વિદેશમાં સ્થળાંતરિત થવું એ ડાયસ્પોરિક

સાહિત્યની પ્રથમ શરત બની રહે છે. એટલે જ 'નીપા મટોટો' વાર્તામાં શરદ અને સરયુ ભારત છોડી આફ્રિકામાં સ્થળાંતર કરે છે. આ સ્થળાંતર સ્વૈચ્છિક અને ચાર વર્ષ જેટલા ટૂંકાગાળાનું છે જ્યારે 'નિરધાર' વાર્તામાં શૈલેશ અને શીલાનું ભારતથી આફ્રિકામાં થતું સ્થળાંતર સ્વૈચ્છિક પણ મજબૂરીમાં કરવું પડેલું સ્થળાંતર છે. આ સ્થળાંતર કાયમી છે. એટલે જ શીલાનું આફ્રિકામાં મૃત્યુ થયા પછી પણ શૈલેશ ભારત પરત ફરતો નથી. 'અશ્રુશોષ' વાર્તાનો નાયક રમેશ દ્વિસ્થળાંતરનો અનુભવ ધરાવે છે. ભારતથી રંગૂન (મ્યાનમાર-બર્મા)નો સ્થળાંતર સ્વૈચ્છિક સ્થળાંતર છે જ્યારે રંગૂનથી ભારત તરફ થતું સ્થળાંતર અનાયાસે કરવું પડેલું સ્થળાંતર છે. રમેશે કરેલું બન્ને વખતનું સ્થળાંતર કાયમી જ કહી શકાય કારણ કે ભારતથી રંગૂન જતી વખતે અને ત્યાં સ્થાયી થઈ ગયા પછી પણ રમેશની ઇચ્છા ક્યારેય ભારત પરત હતી જ નહિ. જાપાનના રંગૂન પરના આક્રમણને લીધે રમેશને રંગૂન છોડવું પડે છે. રંગૂનથી ભારત તરફનું સ્થળાંતર પણ કાયમી જ છે. કારણ કે, રંગૂનમાં રહેવું હવે સલામત નથી. ભારત પરત ફર્યા પછી રમેશની ઇચ્છા રંગૂન પરત ફરવાની નથી હોતી. 'અધૂરો શબ્દ'ની નાયિકા અસ્મિતાને યુગાન્ડા અનાયાસે છોડવું પડે છે. જીવ બચાવવાની કોશિશમાં તે પોતાના પતિ, માતા અને પિતાને ખોઈ બેસે છે. 'સેકેડ કાઉ' વાર્તામાં પણ જયંત અભ્યાસ અર્થે ભારત છોડી લંડન ગયા પછી ત્યાં જ કાયમ માટે સ્થાયી થઈ જવાનું નક્કી કરે છે. 'જશોદાની આંખો' વાર્તામાં તો અમેરિકા ભણવા ગયેલો ભરત ત્યાં જ લગ્ન કરી ક્લેર સાથે સ્થાયી થઈ જાય છે. આ બધી વાર્તાના મુખ્ય પાત્રો કોઈકને કોઈક કારણસર સ્થળાંતર કરે છે. આથી ડાયસ્પોરિક સાહિત્યની પહેલી લાક્ષણિકતાને ફળીભૂત કરે છે. મારે એ વાતની પણ સ્પષ્ટતા અહિ કરવી જોઈએ કે માત્ર કોઈ પાત્રનું સ્થળાંતર કરવું એથી તે સાહિત્યને ડાયસ્પોરિક કહેવાતું નથી. પ્રથમ પ્રકરણમાં ચર્ચા કરી તેવી વિવિધ લાક્ષણિકતાઓમાંથી બીજી પણ લાક્ષણિકતાઓ આ વાર્તાઓમાં આલેખિત થઈ છે એટલે જ, માત્ર એક જ નહિ પણ એક કરતાં વધારે ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ પ્રગટ કરતી સાહિત્ય કૃતિને જ ડાયસ્પોરિક સાહિત્યની ધારામાં સમાવવી જોઈએ તેથી ઉપરોક્ત કૃતિઓની બીજી લાક્ષણિકતાઓ વિશે પણ વાત કરીએ.

પરિવેશ એ કોઈપણ કૃતિનો એક મહત્ત્વનો ભાગ છે. કૃતિમાં તેનું આગવું મહત્ત્વ હોય છે. ટૂંકી વાર્તાના ઘટક તત્ત્વોમાં પણ પરિવેશને સ્થાન આપવામાં આવે છે ત્યારે ઉપરોક્ત બાર વાર્તાઓમાંથી પસાર થયા પછી એક તારણ એ પણ નીકળે છે કે 'નીપા મટોટો' અને 'નિરધાર' જેવી સર્જકની શરૂઆતની વાર્તાઓમાં પરિવેશની થોડી ઘણી સમાનતા જોવા મળે છે. ભારત છોડી દરિયાઈ માર્ગે સ્ટીમ્બર દ્વારા આફ્રિકા જતાં ભારતીય ડાયસ્પોરાની સાહસિકતા અને દરિયાઈ મુસાફરીની તકલીફો આ બન્ને વાર્તાઓમાં જે રીતે આવે છે તે સામ્યતા ધરાવે છે. આનું કારણ પ્રથમ પ્રકરણમાં વાત કરી તેમ સર્જકના-ડાયસ્પોરાના તબક્કાવાર થતાં વિકાસને જ ગણાવી શકાય. સર્જક બળવંત નાયક મૂળે ગુજરાતના ભારત છોડી આફ્રિકામાં સ્થાયી થતાં પછીના જ સમયમાં આ વાર્તાઓ લખાઈ હોવી જોઈએ કારણ કે આ સમયે સર્જકે પોતે કરેલા

સ્થળાંતરની યાદો હજી તાજી હતી. આફ્રિકામાં વસવાટ કર્યાને પણ વધુ સમય થયો નહિ હોય. આવું એટલા માટે કહી શકાય કે સાહિત્ય સર્જન એ લાગણીની જ અભિવ્યક્તિ ગણાય છે. લાગણીની અભિવ્યક્તિ માટે સૌથી પહેલા તેની અનુભૂતિ થવી પણ અનિવાર્ય છે. જે લાગણીની અભિવ્યક્તિ જ નથી થઈ તેની કલ્પના પણ કેમ કરવી ? એટલે સર્જક પોતાને થયેલા સ્થળાંતરની અનુભૂતિને આ વાર્તાઓમાં પરિવેશ તરીકે આલેખે. 'સફરનાં સાથી' વાર્તાસંગ્રહ ૧૯૬૧માં પ્રકાશિત થાય છે. ૧૯૭૦માં તેમને આફ્રિકા પણ ઈદી અમિનના ફરમાનને લીધે છોડવું પડે છે. હવે સર્જકને બીજી વખત વિસ્થાપનની પીડા વેઠવી પડે છે. આ અનુભૂતિ તેમનું ઘડતર કરવામાં પણ ફાયદાકારક નીવડે છે. આફ્રિકાથી હવે સર્જક- બળવંત નાયક લંડનના પરિવેશમાં મૂકાય છે. સર્જકની આ અનુભૂતિ સીધી જ 'અધૂરો શબ્દ' વાર્તાના પરિવેશમાં આલેખિત થયેલી જોઈ શકાય છે. આફ્રિકાથી અસ્મિતાનું લંડનમાં આવવું એ સર્જકની પોતાની અનુભૂતિઓનું જ બીજી રીતે અભિવ્યક્ત થયું છે. જેમ જેમ સમય વીતે છે તેમ તેમ સર્જક પાસેથી બીજી પણ કેટલીક વાર્તાઓ સામયિકોના માધ્યમથી ગુજરાતી સાહિત્યને મળે છે. આ વાર્તાઓમાં સર્જકનો વિકાસ થતો જોઈ શકાય છે. 'છીપનું મોતી' વાર્તામાં સર્જક ઓસ્ટ્રેલિયાનો પરિવેશ આલેખે છે. તો 'આવતી કાલે' વાર્તામાં હારેક જેવા એક સર્બિયનની કેફિયત વર્ણવે છે. 'લાઈવ ક્યુ' વાર્તામાં અમેરિકન એવા લેવ વેલેન્સ્કીના પાત્ર દ્વારા મૉસ્કોનો પરિવેશ છે. તો 'પ્રા. સત્યકામ' વાર્તામાં લંડનનો પરિવેશ છે. આમ, સમય જતાં સર્જક નવાં નવાં દેશોની ભૌગોલિકતા અને સંસ્કૃતિને વાર્તામાં પરિવેશ માધ્યમ દ્વારા પ્રસ્તુત કરે છે. સર્જક માત્ર સ્વાનુભવની અનુભૂતિ પૂરતા સીમિત ન રહેતા હવે કલ્પનાના માધ્યમ દ્વારા દેશ-વિદેશના ડાયસ્પોરાની પણ લાગણીને પોતાની વાર્તાઓનું વિષયવસ્તુ બનાવતા થાય છે. આ વાર્તાઓને આથી જ સર્જકનો બીજો તબક્કો ગણાવી શકાય છે. સર્જક નવા દેશના નવા લોકો અને સંસ્કૃતિ સાથે પરિચિત થતા તે વિષયોનું વૈવિધ્ય આલેખી શકે છે.

શરૂઆતની વાર્તાઓમાં મોટાભાગના પાત્રો મૂળ ભારતીયો જ હતાં. જેની સહાય અનાયાસે લેવી પડતી હતી. તે ઘરનાં નોકર કે મદદગાર હતા. જેની સહાય અનાયાસે લેવી પડતી હતી. પણ હવે વિદેશી ભૂમિના પાત્રો સાથે વ્યવહાર વધતાં જીવનમાં પણ તેમનું સ્થાન સ્વીકારાયું છે એટલે જ હવે વાર્તાઓમાં પણ તેમનું આગમન થાય છે. 'છીપનું મોતી'ની નાયિકા હેલેન મૂળે લંડનની છે. 'આવતી કાલે'નો નાયક સર્બિયન છે. 'અધૂરો શબ્દ'માં પણ અસ્મિતાનો પ્રેમી જે તેનો બૉસ પણ છે તે લંડનવાસી અંગ્રેજ છે. 'લાઈવ ક્યુ'નો નાયક પણ મૂળે અમેરિકન છે. 'યશોધરાનો ગૃહત્યાગ'માં પણ યશોધરાને હૉસ્ટેલમાં આશ્રય આપનારી મિસ ગોલ્ડસ્મિથ અંગ્રેજ છે. તો 'જશોદાની આંખો'માં ભરત પ્રેમિકા- જેનાથી પોતે લગ્ન કરી લે છે તે ક્લેર પણ અમેરિકન પાત્ર છે.

વાર્તાના પાત્રોના નામકરણ બાબતે પણ એક બાબત નોંધવા જેવી છે કે એક જ વાર્તાના મહત્ત્વના પાત્રોના નામોમાં એક પ્રાસ જોવા મળે છે. જેમ કે, 'નીપા મટોટો'માં શરદ અને સરયુ પતિ પત્નિ છે. 'નિરધાર'માં પણ પતિ-પત્નિના નામ શૈલેશ અને શીલા છે. 'છીપનું મોતી' વાર્તામાં નાયક અને નાયિકા હેમંત અને હેલેન છે. તો 'પ્રા. સત્યકામ'માં સુરેખાની દીકરીનું નામ સુલેખા છે.

ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યની શરૂઆત ૧૯૬૦ના સમયગાળા પછીથી થાય છે. આ સમયગાળાને સાહિત્યમા આધુનિકયુગ તરીકે ઓળખવામાં આવે છે. આ યુગમાં નારીચેતના, દલિતચેતના, નગરચેતના જેવી ધારાઓની ગુજરાતી સાહિત્યમાં ખૂબ ચર્ચા-વિચારણાઓ થઈ છે. પણ આ જ સમયગાળામાં શરૂ થયેલ ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય વિશે એટલી ચર્ચા કે વિચારણા અને સંશોધન થયા નથી. ૧૯૬૦માં જે ગુજરાતીઓ વિદેશ ગયા હતા તેમણે પોતાના અનુભવો સાહિત્યકૃતિઓમાં આલેખ્યાં. આ રીતે ગુજરાતી ડાયસ્પોરાની આ પહેલી પેઢી હતી. તેમના સંતાનો થયા એ ડાયસ્પોરાની બીજી પેઢી અને અત્યારે મોટાભાગે વિદેશમાં વસે છે એ ડાયસ્પોરાની ત્રીજી પેઢી છે. સમય જતાં ડાયસ્પોરાની આ પહેલી-બીજી અને ત્રીજી પેઢીઓ વચ્ચે પણ સંસ્કૃતિ અને પરંપરાઓને લીધે સંઘર્ષો થવા લાગ્યા. આ સંઘર્ષોને વાચા આપતું સાહિત્ય એ ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનું ત્રીજા તબક્કાનું સાહિત્ય છે. 'યશોધરાનો ગૃહત્યાગ' વાર્તાની નાયિકા એ ગુજરાતી ડાયસ્પોરાની બીજી પેઢી છે. આ નાયિકા ભારતીય લગ્ન વ્યવસ્થા પ્રમાણે માતાપિતાએ પસંદ કરેલ મુરતિયા સાથે લગ્ન કરી લેવા રાજી થતી નથી. તે ઇચ્છે છે કે પોતે પોતાને ગમતાં વ્યક્તિને પસંદ કરી પછી તેની સાથે લગ્ન કરે. માતાપિતાની ઇચ્છા કે આજ્ઞાને વશ થઈ પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેવામાં તે માનતી નથી. આથી જ તે માતાપિતા, ભાઈ-બહેન બધાને છોડી એકલી ગૃહત્યાગ કરવાનો નિર્ણય લઈ શકે છે. 'કલંકીની' વાર્તાની નાયિકા માયા ભારતીય ડાયસ્પોરાની બીજી પેઢી હોવા છતાં તે હજી ભારતીય પરંપરા, આદર્શો અને મૂલ્યોને છોડી શકતી નથી. સાસુ સાથેના ઝઘડા કે સમાજ શું કહેશે તેની ચિંતાને લીધે આખરે તે આત્મહત્યા કરી લે છે. આમ, ડાયસ્પોરાના વિવિધ પાસાંઓને આ વાર્તાઓના માધ્યમ દ્વારા સર્જકે આપણી સમક્ષ મૂક્યાં છે.

'સેક્રેડ કાઉ' અને 'જશોદાની આંખો' આ બંને વાર્તાઓમાં ત્રણે પેઢીની વાત એકસાથે કરાઈ છે. પણ અહીં પહેલી પેઢી ડાયસ્પોરા નથી. 'સેક્રેડ કાઉ'માં કાશીબાને દિકરા જયંતના કહેવાથી અનાયાસે લંડન જવું પડે છે પણ 'જશોદાની આંખો'માં દેવકોરબહેન જ્યારે વતન છોડી પરદેશ જતા નથી. કાશીબાના દિકરા જયંતની બે દિકરીઓમાંથી મોટી દિકરી મીરાં અને કાશીબા વચ્ચે હંમેશા વાદવિવાદ થયા જ કરે છે. જયંતને તો માતા કાશીબા અને દિકરી મીરાં બંને માટે સમાનભાવ છે. પણ મીરાંને કાશીબાના બંધનો, મર્યાદા, ધાર્મિકતા જેવી બાબતો પસંદ નથી. આ દાદી અને પૌત્રી વચ્ચેનો સંઘર્ષ વાર્તામાં આલેખાયો છે. જ્યારે આથી

તદ્દન વિરુદ્ધ 'જશોદાની આંખો' વાર્તામાં દાદી દેવકોરબહેન અને પૌત્ર-પૌત્રી કેવિન અને એંજલા વચ્ચે કોઈ મતભેદ નથી. કેવિન અને એંજલાને દેવકોરબહેન બહુ ગમે છે. દેવકોરબહેન પણ પૌત્ર-પૌત્રીને ખુલ્લા દિલે સ્વીકારે છે. અહીં સંઘર્ષ ભરતને છે. વિદેશ ગયા પછી બદલાયેલી ભરતની માનસિકતાને લીધે માતા અને પુત્ર વચ્ચે ગેરસમજ ઉભી થાય છે. આખરે વાર્તાના અંતે તે ગેરસમજ દૂર થાય છે ત્યારે સમજાય છે કે વાંક ભરતનો જ છે. જયંત એ બે પેઢીઓને ક્યારેય સાથે જોડવા માંગતો નથી. આમ, ભરત અને જયંતના પાત્રો દ્વારા સિક્કાની બે ભિન્ન બાજુઓને આલેખીને સર્જકે વિષ્યવૈવિધ્ય જાળવ્યું છે.

ડાયસ્પોરાએ પોતે કરેલા વિકાસ કે સહન કરેલા સંઘર્ષની વાતો પોતે તો હંમેશા કરી જ છે પણ 'પ્રા. સત્યકામ' વાર્તામાં પ્રવાસી તરીકે આવેલા સત્યકામ ગુજરાતીઓની યશગાથા રજૂ કરે છે. તો 'આવતી કાલે' વાર્તામાં પીડિત નહીં પણ દમનકારી પાત્રના મુખેથી બધી વાત મૂકી આપી એક નવો દષ્ટિકોણ પણ સર્જકે રજૂ કર્યો છે.

બળવંત નાયકની વાર્તાઓ વિશે વાત કરતાં બળવંત જાની નોંધે છે કે. 'વાર્તાનું વાતાવરણ જ માત્ર ડાયસ્પોરિક નથી હોતું એની ભાષા, વર્ણનો અને પાત્ર સાથે સંકળાયેલા પ્રસંગો ભાવકને તળ ગુજરાત નહીં પણ ડાયસ્પોરિક ગુજરાતના પરિવેશમાં વિહાર કરાવતા હોઈને બળવંત નાયકની નવલિકા એ ડાયસ્પોરિક નવલિકા બની રહે છે.' (ડાયસ્પોરા સારસ્વત બળવંત નાયક, પૃ. ૨૨) બળવંત જાનીનું આ નિરીક્ષણ બળવંત નાયકની તમામ વાર્તાઓને સંદર્ભે કરાયેલું છે. પરંતુ દરેક વાર્તા વિશે જો અલગ અલગ કરી મૂલ્યાંકન કરવામાં આવે તો આ ઉપરોક્ત બધી લાક્ષણિકતાઓ કોઈ એક જ વાર્તામાં સમાવિષ્ટ થતી હોઈ એવી વાર્તા મળશે નહીં. એટલે  કે સર્જકની કોઈ વાર્તા પરિવેશની દષ્ટિએ ડાયસ્પોરિક છે તો કોઈક વાર્તા પાત્રોની દષ્ટિએ ડાયસ્પોરિક ગણી શકાય. કોઈક કોઈક વાર્તાઓમાં સાંસ્કૃતિક દષ્ટિએ પણ ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ પ્રગટતી જોઈ શકાય.

❖ ૨.૪ બળવંત નાયકની નવલકથામાં ડાયસ્પોરિક વલણો

## ➢ 'મૂંગા પડછાયા'

બળવંત નાયકના જીવનનો ઘણો સમય દક્ષિણ આફ્રિકામાં વિત્યો છે. ભૌગોલિક રીતે જોઇએ તો ભારતનો દક્ષિણ આફ્રિકા સાથે ખૂબ જ જૂનો નાતો છે. ડાહ્યાભાઇ પટેલના આગ્રહથી 'જાગૃતિ' સામયિક માટે સર્જક આ 'મૂંગા પડછાયા' (૧૯૬૦) નામની નવલકથા લખે છે. 'સર્જનને દેશ નથી અને કાળેય નથી.' પ્રસ્તાવનામાં જ લખેલ આ પંક્તિ તો આપણે માનવી જ રહી. ગુજરાતી ભાષામાં આફ્રિકાની ધરતીની સુવાસને લઇ આવવાનો તેમનો પ્રયત્ન વાચકો માટે નવી છબી(પડછાયા) ઉકેલવા માટે બાધક બનતી નથી. મનુષ્યનો જન્મ થાય છે તેની સાથે તેનો પડછાયો જન્મ લે છે. જે દિવસના તડકા અને ચાંદની રાતમાં

મનુષ્યની સંગે રહે છે અને મૃત્યુ સુધી તેનો સાથ છોડતો નથી. આ પડછાયો પોતાના અરીસા સમાન કાર્ય કરે છે. મનુષ્યનું વાસ્તવિક રૂપ પડછાયો જ જાણતું હોય છે. આવા જ થોડાંક પડછાયા આ નવલકથામાં સદેહે રજૂ થયા છે.

પ્રસ્તુત નવલકથાનો મુખ્ય સૂર છે ગુલામી પ્રથામાંથી મુક્તિ. એરિસ્ટોટલ જેવા વિદ્વાને પણ કહ્યું છે કે માનવજીવનનો કેટલોક ભાગ તો ગુલામ જ છે. આ નવલકથાના પાને પાને ગુલામોની દયનિય સ્થિતિ નજરે પડશે. પુરાતન કાળની ઘર કરી ગયેલી આ પ્રથા આજે શું ખરેખર લુપ્ત પામી છે, એ પણ એક પ્રશ્ન છે. ગુલામીના ઇતિહાસમાં આફ્રિકાનો ઇતિહાસ રોચક છે. વિદેશી પ્રજાના આક્રમણ પૂર્વે પણ આ આદિવાસી પ્રજાએ ખૂબ જ કારમી પરિસ્થિત ભોગવી છે. કસબાના મુખિયાઓ, ભૂવાઓ વગેરેએ આ વહેમી અંધશ્રદ્ધાળું પ્રજાને જે રીતે પજવ્યા છે એ સાંભળી કે વાંચીને કોઇ પણ માનવી ખળભળી જાય. સુધારાવાદી લોકો આ પ્રદેશમાં પ્રવેશે એ પૂર્વે આ પ્રદેશમાં આરબોનો હાહાકાર વર્તાતો હતો. તે જ સમયની વાત આ નવલકથામાં આકાર પામી છે.

વિષુવવૃત્તના જંગલોને કારણે આ પ્રદેશની પ્રાકૃતિક સંપદા પર અનેક વ્યાપારીઓની નજર રહેતી. જેમાં અહીં  વસતા હાથીઓના હાથીદાંત મેળવવાની મનસા વધુ હતી. પોતાની પાસે રહેલો માલ વેચી તેના બદલામાં હાથીદાંત ખરીદી શાહ સોદાગરો પાછા વતનમાં આવતા. પરંતુ વધુમાં વધુ હાથીદાંત મેળવવાની લાલચે તેઓ ગુલામોની ખરીદી તરફ વાળ્યા. આરબો પાસે કામ કરવા માટે અને આ હાથીદાંત લઈ જવા માટે પુરતા મજૂરો ન હોવાથી અહીંના કબીલાના લોકોને ગુલામ બનાવી તેમની પાસેથી હાથીદાંત ઉપડાવી કિનારા તરફ લઈ જવામાં આવતા. આવા દશ્યો તો એ સમયે આફ્રિકામાં સાવ સામાન્ય હતા. આ ગુલામો ભાગી ન જાય એ માટે તેમના ગળાંમાં અને હાથ-પગમાં સાંકળો બાંધવામાં આવતી. તેમને ક્યારેક ઢોર માર પણ મારવામાં આવતો. કોઇ કોઇ પ્રતિકાર કરે તો શરીરના અલગ અલગ ભાગોમાં ડામ દેવાતા. તો કોઇકને જીવતા સળગાવવામાં આવતા.

સમગ્ર નવલકથા ત્રીસ જેટલા પ્રકરણોમાં વિભાજીત થયેલી છે. કથા સમય સોળમી સદીનો છે. મનોજ અને રાજેન્દ્ર નામના બે મિત્રો જંગબારની ગલીઓમાં ફરતાં ફરતાં એક જૂની પૂરાણી વસ્તુઓનું સંગ્રહાલય કહી શકાય તેવી દુકાનમાં જઈ ચડે છે. આ દુકાનની માલિક ૧૦૯ વર્ષની વૃદ્ધ ડોશી તેમને સોળમી સદીના જંગબારની કથા કહી સંભળાવે છે. મહેશ અને રાજેન્દ્ર સૌથી પહેલા તો તેની અનદેખી કરી ત્યાંથી ચાલ્યા જાય છે પણ પછી મહેશે એકલો તે ડોશી પાસે તેની કથની સાંભળવા તેના ઘરે જાય છે. ડોશી મહેશને પૂર્વ આફ્રિકાના ગુલામોની કથા કહી સંભળાવે છે. તેના કહેવા મુજબ, “આજે તો સમગ્ર પૂર્વ આફ્રિકા પર ગોરાઓનો અમલ છે. પણ એક જમાનો એવો હતો જ્યારે પૂર્વ આફ્રિકામાં બધે આરબોની જ હાક

વાગતી હતી. પૂર્વ આફ્રિકા પર આરબોનો જ પ્રભાવ હતો. ગીચ જંગલો, જંગલી પ્રાણીઓ, રોગિષ્ટ આબોહવા અને દુર્ગમ માર્ગોવાળા આ પ્રદેશમાં એવી જ બર્બર પ્રજા વસ્તી હતી એ અબુધ, વહેમી અને બર્બર પ્રજાના અંધકારથી ઘેરાયેલા જીવનમાં સૌ પ્રથમ પ્રકાશ લાવનાર એક આરબ બચ્ચો હતો. એ ગીચ જંગલો વીંધી, દુર્ગમ પંથે આગળ વધી એ બર્બર પ્રજામાં એણે જાગૃતિ આણી. એનું નામ હતું હમીદ બીન મહમ્મદ. રમઝાન મહિનામાં એનો જન્મ થયો હતો એટલે બધા એને રમઝાની કહેતા હતા. એ હતો મારો સસરો.” (પૃ. ૫) ડોશીની કથની પરથી માલૂમ પડે છે કે તેનું નામ રઝિયા છે જે એક સમયે સફદરની પ્રેમિકા હતી. ઇતિહાસ જેને ગુલામોનો સોદાગર કહે છે તેવા તેના સસરા રમઝાનીની વાસ્તવિકતા તે પોતાના મોઢે મહેશને આ રીતે જણાવે છેઃ “એ જ્યાં જતો ત્યાં પોતાનો પ્રભાવ પાડી શકતો. અબુધ. અજ્ઞાન અને બર્બર પ્રજાને સમજાવી કામ કાઢી શકતો. અને ક્યારેક સામનો કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતો ત્યારે લડી પણ લેતો. આવી રીતે લડાઈ કરતાં એની અચૂક જીત થતી જ અને હારેલો રાજા કે મુખી એનો ‘ગુલામ’ બનતો. એને ભેટ આપતો. એને હરકોઈ પ્રકારે મદદ કરવાનું વચન આપતો. ભેટ સોગાદમાં હાથીદાંત અને હીરા મુખ્યત્વે હતા. ઉપરાંત તે જમાનાના રિવાજ પ્રમાણે આફ્રિકન રાજા કે મુખી ભેટમાં અમુક માણસો – સ્ત્રી પુરુષો પણ આપતા. આવા માણસો સામાન્ય રીતે ‘ગુલામ’ કહેવાતા. હમીદ બીન એ રીતે ‘ગુલામો’ મેળવતો પણ તેથી કંઈ તે ‘ગુલામોનો વેપારી’ ન હતો ! એનો વેપાર તો મુખ્યત્વે હાથીદાંત અને હીરાનો જ હતો.” (પૃ. ૮–૯)

ડોશી પાસેથી ગુલામોની વાતો સાંભળવામાં સમય ક્યારે વહી જાય છે તેનો પણ મહેશને ખ્યાલ રહેતો નથી. આખરે અંધારું થવાથી મહેશ પાછો પોતાના મિત્ર રાજેન્દ્રના મકાને પહોંચે છે. પોતે સૂઈ જવાની કોશીશ કરે છે પણ તેને ઉંઘ આવતી નથી. ડોશીએ કહેલી ગુલામોની વાતો તેને સતત યાદ આવ્યા કરે છે. આથી પોતે દરિયા કિનારે ફરવા નીકળી પડે છે. દરિયા કિનારે તેને એક દર્દભર્યું ગીત સંભળાય છે. ગીતના શબ્દો જે દિશામાંથી આવતા હતા તે તરફ જવા છતાં ગીત ગાનાર કોઈ વ્યક્તિ તેને દેખાતું નથી. પોતે બીકનો માર્યો ત્યાંથી દોડવા લાગે છે. દોડતાં દોડતાં પોતે પોતાની મૂળ જગ્યાએથી બહુ દૂર એક આરબના ઘરે પહોંચી જાય છે. ‘એ આરબ એક આંખે આંધળો હતો અને પગે લંગડો હતો.’ (પૃ. ૩૧) આ આરબ એટલે નવલકથાનો કથક મહમુદી પોતે. મહમુદી પોતાનો પરિચય મહેશને કરાવતાં કહે છે કે, ‘હું ગુલામ પણ બન્યો છું અને મેં ચામડાના ચમચમતા ચાબખા પણ ખાધા છે. હું માલિક પણ બન્યો છું અને ગુલામોના શરીર પરથી ચામડી પણ ઉખેડી છે. હું મિત્ર પણ બન્યો છું અને એમના દુઃખદર્દમાં ભાગીદારી પણ નોંધાવી છે. જરૂર પડતાં હું નિષ્ઠુર પણ બન્યો છું અને નેકીના માર્ગ પરથી ચલિત પણ થયો છું. ક્યારેક હતાશ બની જતાં હૈયાફાટ રડ્યો યે છું. ને ક્યારેક દુઃખદર્દને હસીયે કાઢ્યાં છે. ગુલામોથી બદતર જીવ્યો છું તો જીવનની કારમી વેદનાનો નીડરતાથી મેં સામનો પણ કર્યો છે. સુલતાનના મહેલમાં રહી અમન-ચમન અને એશઆરામ

ભોગવ્યા છે, તો ગીચ જંગલોમાં જંગલી માણસો વચ્ચે જીવના જોખમે મહિનાના મહિનાઓ પસાર કર્યા છે.' (પૃ. ૩૫-૩૬) મહેશ મહમુદી પાસેથી ગુલામોની આખી વાત વિસ્તારથી સાંભળે છે.

મહમુદી પોતે અરબસ્તાનથી ગુલામ તરીકે ખરીદાઈને જંગબાર આવ્યો હતો. રાજાની  રખેવાળી વફાદારી પૂર્વક કરવાને લીધે તેને સુલતાનની બેગમ મહેરુન્નિસા અને યુવાન પુત્રી ઝૈબુન્નિસાની દેખરેખ માટે જનાનખાનામાં રાખવામાં આવ્યો હતો. સુલતાની દીકરી ઝૈબુન એક વખત નમાઝ પડવા જતી વખતે રસ્તામાં ચીંથરેહાલ જતાં સફદરને જોઈ તેના પર મોહી પડે છે. સફદરની યાદોમાં ઝૈબુન બીમાર પડે છે. બધા હકીમો તેને બીમારીમાંથી સાજી કરવા અસમર્થ નીવડે છે ત્યારે ઝૈબુન મહમુદીને પોતાના દિલની વાત કહી સંભળાવે છે. મહમુદી સફદરનો ભેટો ઝૈબુન સાથે કરાવી આપે છે પણ સફદર ઝૈબુનના પ્રેમને સ્વીકારવા તૈયાર થતો નથી.

કારણ કે, સફદર પોતે ઈરાનના શાહી કુટુંબનો નબીરો હતો. પોતે પોતાના જૂના દુશ્મનોની દીકરી બિલકા સાથે પ્રેમ કરવા લાગે છે પણ બિલકા પોતાના પિતા સમક્ષ સફદરને 'શિયાળ' અને પોતાને 'સિંહની' દીકરી સમાન ગણાવે છે આથી સફદર ત્યાંથી ભાગી જંગબાર આવી જાય છે. મહેશને જે દર્દભર્યું ગીત સંભળાતું હતું તે ગાનાર આ બિલકા જ હતી. જંગબારમાં પોતે ગુલામ તરીકે આવે છે. મોરક્કોનો શાહ સોદાગર મિરઝા યાકુબ સફદરને ખરીદે છે અને પોતાની સાથે રાખે છે. મિરઝા યાકુબ પોતે મૂર હતો અને તેની પાસે પચ્ચીસ જહાજો હતા. જંગબારમાં એક દિવસ ફિરંગીઓના ત્રણ જહાજ અચાનક આવી ચડે છે. ફિરંગીઓનું જંગબાર આવવાનું મુખ્ય ઉદ્દેશ વ્યાપાર હોય છે પણ આવતાવેંત જ તેઓની મિરઝા યાબુક સાથે વંશીય ટીકાટીપ્પણી થવાને લીધે તેમના વચ્ચે વેરભાવના બંધાય છે. ફિરંગીઓ સાથે ઝઘડો પણ થાય છે, જેમાં સફદર તલવારથી ઘવાય છે. સફદરની દેખરેખ કરવામાં મિરઝા યાકુબની દીકરી રઝિયાને સફદરથી પ્રેમ થઈ જાય છે. મિરઝા યાકુબને જ્યારે એ વાતની જાણ થાય છે કે પોતાની દિકરી એક ગુલામ સાથે પ્રેમ કરવા લાગી છે ત્યારે તે ખુબ જ ગુસ્સે થાય છે અને સફદરને મારી નાંખવાનું કાવતરું રચે છે. રઝિયાને પિતાની યોજનાની જાણ થઈ જતાં સફદરને બધી વાત કહી દે છે. જહાજનો કેપ્ટન સફદરને મારવાનો હોય છે પણ મોકો મળતાં સફદર જ તેને મારી નાંખે છે. પોતાને ગુલામ સમજી મિરઝા યાકુબે આવી યોજના ઘડી હતી આથી રઝિયાને પાછી પોતાના પિતા પાસે જવા માટે કહી આફ્રિકામાંથી ગુલામીપ્રથાની નાબૂદી માટે સફદર નીકળી પડેલ છે. ઝૈબુન સફદરના રસ્તામાં રુકાવટ બનવા નથી માંગતી આથી પોતાની કમરે લટકતી કટાર હ્રદય સોંસરવી ઉતારી પોતાનું આત્મબલિદાન આપી દે છે. સફદર ઝૈબુન સમક્ષ પ્રતીજ્ઞા લે છે કે, 'મારી હઠીલી મલેકા ! આજે તારી સમક્ષ હું પ્રતિજ્ઞા કરું છું કે આફ્રિકાની ધરતી પરથી ગુલામોની મુક્તિ

કરતાં કરતાં દેહ પાડીશ અને જો જીવતો રહીશ તો તારી યાદમાં એ ખંડમાં ફરી અહાલેક જગાવીશ.' (પૃ. ૧૦૦)

મહમુદી અને સફદર ત્યાંથી ભાગી છૂટે છે. ભાગતાં ભાગતાં અને જંગલોમાં છુપાતાં છુપાતાં તેઓ બહુ દૂર નીકળી જાય છે. તેઓ કોંગોની સરહદે આવી પહોંચે છે. ત્યાં તે બન્ને એક આરબ શેખ અબદુલ્લા બીન સાલેમ નામના ગુલામોના વેપારીની વણઝાર પાસે જઈ ચડે છે. ત્યાં ઘણા બધા ગુલામોમાંથી એક સ્ત્રી ગુલામ પર બન્નેની નજર પડે છે. બાકી બધાં ગુલામો કરતાં તેનો રૂઆબ કંઈક અલગ જ તરી આવે છે આથી સફદર તે ગુલામ સ્ત્રીને પેલા આરબ શેખ પાસેથી ખરીદવા તૈયાર થાય છે. પાંચ ગીનીના બદલે ગીનીમાં સોદો નક્કી થાય છે.

જંગબારનો શાહ સોદાગર હમીદ બીન ઉર્ફે રમઝાની કોંગોની સરહદ પર પોતાની પાસે રહેલ માલસામાન વહેંચી તેના બદલામાં હાથીદાંત મેળવવા આવ્યો હોય છે. આ પ્રદેશમાં તે બાના પિસ્તોલી તરીકે જાણીતો થયો હતો. જેમાં તેની પાસે રહેલ દારૂગોળો જવાબદાર હશે. લોકો તેને ગુલામોનો ખરીદદાર તરીકે ઓળખતા પણ હકીકતમાં તે ગુલામો ખરીદી તેમની મુક્તિનું કાર્ય કરતો હતો. આટલા પૈસા સફદર પાસે નહોતા આથી સફદર બાજુમાં પડાવ નાંખી રહેલા રમઝાની પાસે પૈસાની મદદ માંગે છે. સફદરનો ઈરાદો અને તેની નેકદીલી જોઈ રમઝાની પેલી ગુલામ સ્ત્રી-લૈઝાને છોડાવે છે અને સફદરને પોતાનો પુત્ર-સાથી-સલાહકાર બનાવી લે છે. લૈઝા સફદરને પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર હોય છે પણ સફદર તેને સ્વીકારતો નથી.

હાથીદાંતની શોધમાં રમઝાની, સફદર, મહમુદી અને લૈઝા સાથેની આખી વણઝાર નીકળી પડે છે. આ વણઝાર મોરાન નામના મસાઈ યોદ્ધાઓના વિસ્તારમાં પહોંચે છે. મસાઈઓમાં એવો એક રિવાજ હોય છે કે લગ્ન કરતાં પહેલા દરેક યોદ્ધાએ બે સિંહોને મારવા પડે છે. આવા મસાઈ યોદ્ધાઓના ત્રાસથી આસપાસની આદિવાસી પ્રજા દૂર દૂર જંગલોમાં ચાલી ગઈ હોય છે. આથી મસાઈ અને રમઝાની વચ્ચે સંધિ થાય છે કે, 'રમઝાનીએ એમને મદદ કરવી. બદલામાં મસાઈઓ એને મદદ કરે. આસપાસની માયકાંગલી ટોળી પર મસાઈઓનો ભારે ત્રાસ હોઈ મસાઈઓથી ડરી તેઓ અંદરના ભાગમાં ચાલ્યા ગયા છે તેમને પકડી ગુલામ બનાવવામાં રમઝાની મદદની જરૂર. રમઝાની ગુલામો લઈ જાય અને એમનાં ઢોરઢાંખર મસાઈને મળે!' (પૃ. ૧૫૨)

લૈઝાની ગુલામી પાછળ પોતાના ગામના ભુવા અને મુખીનો હાથ હતો, આથી મસાઈ યોદ્ધાઓ અને રમઝાનીનો સાથ લઈ લૈઝા તમામને પોતાના વતનમાં લઈ જાય છે. લૈઝાનું વતન હાથીઓના દેશ તરીકે પણ

જાણીતો હતો. આ જગ્યાએ એકસમયે સિંહોનું વર્ચસ્વ હતું પણ હાલે હાથીઓનું વર્ચસ્વ હોય છે. હાથીઓનું ટોળું અવારનવાર વિફરી જતું ત્યારે આ ગામના લોકો અને એમની ખેતીને બહુ મોટું નુકશાન પહોંચાડતું. લૈઝા જાણીજોઈને હાથીઓને ઉશ્કેરે છે. જેના લીધે ગામના ઘણાં બધા લોકોની સાથે મુખીનું પણ હાથીઓના પગ નીચે કચડાઈ જવાથી મોત નીપજે છે. આ ગામમાં જ એક જગ્યાએ રમઝાનીને હાથીદાંતનો દટાયેલો જૂનું ખજાનો મળે છે. હાથીદાંતના બહુ મોટા જથ્થાને દુર્ગમ જંગલોમાંથી ઉંચકી સમુદ્ર કિનારા સુધી પહોંચાડવા માટે રમઝાનીને બીજા ગુલામોની જરૂરિયાત ઊભી થાય છે, જેના લીધે રમઝાની આસપાસના બીજા મુખીઓ સાથે પણ મસાઈ યોદ્ધાઓ સાથે કરેલ સોદા જેવા સોદા કરી વધારેમાં વધારે ગુલામો ભેગા કરવામાં લાગી જાય છે.

એવામાં એક દિવસ અચાનક રાત્રિના અંધકારનો લાભ લઈ એક નાંદી યોદ્ધાઓનો સરદાર રમઝાનીએ જે સ્ત્રીઓને ગુલામ બનાવી હતી તેમાંથી આયેશા નામની એક સ્ત્રીને ઉપાડીને ભાગી જાય છે. રમઝાનીને આ વાતની જાણ થતાં કથક મહમુદી અને મસાઈ યોદ્ધાઓ સાથે તે નાંદી યોદ્ધાનો પીછો કરી તેને મારી નાંખે છે. નાંદી યોદ્ધાને મસાઈ યોદ્ધાનો સરદાર કે જેનું નામ ઓપિયો હતું તે મારી નાંખી આયેશાને રમઝાની પાસે પરત લાવે છે. રમઝાની ઓપિયોની આ બહાદુરી બદલ ખુશ થાય છે અને આયેશા ઓપિયાને સોંપી દે છે.

એકબાજુ રમઝાની ગુલામો ભેગા કરતો જાય છે ત્યાં બીજી બાજુ એક વિચિત્ર પ્રકારની ઘટના બને છે. આસપાસના ગામોમાંથી રોજેરોજ યુવાન સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે. શોધખોળ કરતાં ગામલોકોને સિંહના પંજાના નિશાન મળે છે. જેના લીધે સૌ લોકો એવું વિચારવા લાગે છે કે સિંહ યુવાન સ્ત્રીઓને મારીને ખાઈ જતો હશે. પરંતુ લૈઝા એક સિંહની મદદથી આસપાસની યુવાન સ્ત્રીઓને એક ગુફામાં ભેગી કરતી હોય છે.

રમઝાનીને જરૂરિયાત પ્રમાણેના ગુલામો મળી જવાથી તે સૌ સમુદ્ર તરફ પાછા ફરે છે. આ વખતે રમઝાની સાથે આફ્રિકાની સૌથી મોટી વણઝાર હતી. વણઝારમાં લૈઝાએ બચાવેલી યુવાન સ્ત્રીઓ પણ હતી. યુવાન સ્ત્રીઓને સાથે લીધા પછી તેમની સુરક્ષાની અંગે રમઝાનીને એવી ચિંતા થવા લાગે છે કે એમનો ગેર-ઉપયોગ પોતાના કાફલામાંથી જ તો કોઈ નથી કરતું ને. આ માટે નિર્દોષ જૂમાને સજા કર છે; માત્ર દાખલો બેસાડવા માટે જ. પણ આ તરફ એકલી અટૂલી સ્ત્રીઓ પુરુષના સાથને ઝંખે છે. તેની આ ઝંખના મહમુદી પુરી કરે છે અને લૈઝાના પ્રેમમાં પડે છે. પણ મહમુદીને પછીથી ખબર પડે છે કે લૈઝા અને સફદર એકબીજાને પ્રેમ કરવા લાગ્યા છે. તેમ છતાં મહમુદી પોતે જાણે કંઈ જ જાણતો નથી તેવો ઢોંગ કરી રાત્રે ફરીથી લૈઝા પાસે જાય છે, પણ આ વખતે રમઝાનીને એવી જાણ થઈ જાય છે કે સ્ત્રીઓ વચ્ચે કોઈ પુરુષ

ગયો છે આથી તે પુરુષની શોધખોળ થવા લાગે છે. મહમુદી ત્યાંથી બચવા વાડ કૂદીને ભાગી જવાનો પ્રયાસ કરે છે પણ વાડ કૂદે એ પહેલા રમઝાનીના માણસો મહમુદીને પકડી લે છે. રાતના અંધારમાં મહમુદી પોતાની ઓળખાણના લીધે ત્યાંથી ભાગવામાં તો સફળ થઈ જાય છે પણ રમઝાનીના એકવખત મિત્ર પણ પાછળથી દુશ્મન બની બેઠેલા મસાઈ સરદાર ઓપિયોના હાથે પકડાઈ જાય છે. ઓપિયો મહમુદીની એક આંખ ભાલાની ગરમ અળી વડે ફોળી નાંખે છે અને રમઝાનીએ કઈ જગ્યાએ પડાવ નાંખ્યો છે તે જાણી તે જગ્યા પર રાત્રે પોતાના બીજા સાથી મિત્રો સાથે રમઝાની પર હુમલો કરે છે. હુમલામાં રમઝાનીની જીત થાય છે પણ સફદર મૃત્યુને ભેટે છે જ્યારે રમઝાનીને ઝેરી તીર વાગી જતાં પોતે ગંભીર રૂપે ઘાયલ થઈ જાય છે. ઘાયલ રમઝાની વણઝારના સરદાર તરીકેની જવાબદારી મહમુદીને સોંપી આખરે મૃત્યુ પામે છે. લૈઝા જેણે અત્યાર સુધી રમઝાની અને સફદરનું સાથ પુરી વફાદારી પૂર્વક નિભાવ્યું હતું તે આખરે રાજા નસામા સાથે ભળી જાય છે અને આખી વણઝાર રાજા નસામાના કબ્જામાં આવી જાય છે. મહમુદી રાજા નસામાનો ગુલામ બને છે. જંગબારની બજારમાં પોતે વેંચાય છે અને આખરે લવીંગના ખેતરમાં કાળી મજૂરી કરી પોતાની પાછલી જિંદગી પસાર કરે છે.

મહેશ મહમુદી પાસેથી બેઠો બેઠો આ સમગ્ર કથા સાંભળી આખરે તેની વિદાય લે છે. ત્યાં નવલકથા પૂર્ણ થાય છે. આમ, આફ્રિકાની ગુલામી પ્રથા નવલકથાનું વિષયવસ્તુ છે.

- માનવ ગુલામોનું થતું અનૈચ્છિક સ્થળાંતર

આફ્રિકામાં ગુલામોની ખરીદી અને દેશ-વિદેશ સુધી ફેલાયેલો માનવદેહનો આ વેપાર ગુલામોને પોતાના વતનને છોડવા મજબૂર કરે છે. માણસને માણસ ન ગણતા, તે એક ચીજ-વસ્તુ હોય તેવો તેની સાથે વ્યવહાર થતો હતો. ચીજ-વસ્તુઓની હરાજીમાં જેમ જે વ્યક્તિ સૌથી વધારે પૈસાની બોલી લગાવે તે વહેંચાતી ચીજ-વસ્તુનો માલિક બને છે તેમ અહીં પણ બનતું. ફરક માત્ર એટલો જ હતો કે અહીંયાં ચીજવસ્તુઓની જગ્યાએ માણસોની બોલી બોલાતી.

સૌથી કરૂણ કહી શકાય તેવી વાત એ પણ છે કે રમઝાની જેવા આરબો ગુલામોની ખરીદ-વેચાણનું કાર્ય કરતાં પણ એ પૈસા કમાવવા ખાતર નહોતાં કરતાં. તેઓ મુખ્ય રૂપે ગુલામોના નહીં પણ હાથીદાંત અને બીજી કિંમતી ચીજવસ્તુઓના વેપારી હતા. ગીચ જંગલોમાંથી હાથીદાંત શહેર કે સમુદ્ર કિનારા જેવી દૂરની જગ્યાઓ સુધી ઊંચકીને લઈ જવા માટે ત્યાં જ રહેતા આદિવાસીઓને ગુલામ બનાવાતા. *'આરબો એ રીતે કાપડ, તાંબુ અને તાંબાના તાર-બંદૂક અને પાવડર વેચીને બદલામાં એમની પાસેથી હાથીદાંત અને અવારનવાર એ હાથીદાંત ઊંચકી જવા માટે માણસો(ગુલામ) ખરીદવા લાગ્યા.'* (પૃ. ૧૧૦) એટલે એવું પણ

કહી શકાય કે ચીજવસ્તુઓની કિંમત માનવજીવન કરતાં પણ વધુ હતી. પેટ્રોલિયમ પેદાશોમાં પેટ્રોલ અને ડીઝલ મેળવી લીધા પછી આડપેદાશ સ્વરૂપે ડામર બચે છે અને તેનો પણ વેપાર થાય તેમ અહીં હાથીદાંત એ મુખ્ય વેપાર હતો અને માનવગુલામો તેમને અહીં આડપેદાશ સ્વરૂપે મળતાં એવું કહેવું અતિશયોક્તિ ભર્યું તો ન જ કહેવાય. પોતાની પાસે રહેલા અસ્ત્રો કે શસ્ત્રો વડે બીચારાં ભોળા અને માસૂમ આદિવાસીઓને અનિચ્છાએ ગુલામ બનાવવામાં આવતા. *"જે કોઈ ટોળીવાળા આરબોની સામે થતા તેઓ ક્યાં તો કૂતરાને મોતે મરતા યા તો 'ગુલામ' બની જિંદગીભર તેમની સેવા કરતા." (પૃ. ૧૧૧)* આ દૃષ્ટિએ ગુલામ આદિવાસીઓનું થતું સ્થળાંતર એ કાયમી અને અનૈચ્છિક પ્રકારનું સ્થળાંતર બને છે, જે ડાયસ્પોરા બને છે. પોતાના માદરે વતનને છોડી પોતાને ખરીદનાર અજાણ્યાં માલિક સાથે બીજા કોઈક દેશમાં જઈ તેના ગુલામ બની જવું પડે ત્યારે આવા આદિવાસીઓને ગુલામ તરીકે કેવી પીડા થતી હશે એ તો તે પોતે જ વર્ણવી શકે! એટલે જ ધ્રુવ ભટ્ટ પોતાની 'તત્ત્વમસિ' નામની નવલકથામાં કહે છે કે, *"'હિજરત' ચાર અક્ષરનો આ શબ્દ જે પ્રસંગને વર્ણવે છે તે પ્રસંગની પીડા વર્ણવવા માટેનો શબ્દ જગતના કોઈ શબ્દકોશમાંથી નથી. એ માત્ર અનુભવી શકાય છે. હિજરતીના અંતર સિવાય એની વ્યથાને કોઈ જાણી શકતું નથી ત્યાં વર્ણવી તો કેવી રીતે શકે ? પોતાની પાછળ પોતે શું છોડી જાય છે તે માત્ર હિજરતી જાણતો હોય છે. ગમે તેટલા પ્રયત્ને પણ અન્ય કોઈ એ જાણી શકવાનો નહિ."* (પૃ. ૧૮-૧૯) આવા ગુલામોની વાત અહીં મહમુદ્દીના મોઢે રજૂ થઈ છે. મહમુદ્દી પોતે એક સમયે ગુલામોના સોદાગર સાથે કામ કરતો હતો અને પછી પોતે પણ ગુલામ બની પોતાની જિંદગીના ઘણા બધા વર્ષો વીતાવી ચૂક્યો છે. એટલે જ તેને ખબર છે કે આ ગુલામો સાથે તેમના માલિકો દ્વારા કેવા કેવા વ્યવહારો કરવામાં આવે છે. આ ગુલામોની પીડા વ્યકત કરતાં થોડાં વિધાનોની નોંધ લઈએ.

> *'એ ગુલામો જંગબારના બઝારમાં વેચાતા. એમાંના કેટલાયે જંગબાર પહોંચતા તો મૃતપ્રાય બની જતા, તો વળી કેટલાક માર્ગમાં જ પછડાઈ પડી ત્યાં જ પ્રાણ ત્યજી દેતા. જે બચી જતા તેમાંના ઘણાને જહાજમાં પરદેશ રવાના કરવામાં આવતા જ્યારે બીજા જંગબારમાં કે મોમ્બાસામાં લવીંગનાં ખેતરોમાં કાળી મજૂરી કરી જિંદગી આખી પસાર કરતા.' (પૃ. ૨૬)*

> *'આ ગુલામોમાં વૃદ્ધો, યુવાનો અને બાળકો ઉપરાંત યુવાન સ્ત્રીઓનો ખાસ કરીને સમાવેશ થતો હતો. અને એ તમામને આરબોના ઘરમાં નોકરો તરીકે અથવા તો લવીંગના બાગમાં કામ કરવા વેંચી દેવામાં આવતા. જેઓ સશક્ત હતા તેમને ઠેઠ જંગબાર સુધી લઈ જવામાં આવતા અને ત્યાં આવતા દેશપરદેશના વેપારીઓને એ ગુલામો વેચી દેવામાં આવતા. આ વેપારીઓમાં મુખ્યત્વે ફિરંગી અને ડચ વેપારી હતા.' (પૃ. ૧૦૫)*

*'સ્ત્રીઓ અને બાળકોની પણ એવી જ દશા હતી. સ્ત્રીઓમાં અર્ધનગ્ન શરીર પર ચાબુકના ઊપસી આવેલા સોળ સ્પષ્ટ પણે દેખાતા હતા. અને એમના કોમળ દેહને લોખંડની જંજીરમાં જે રીતે જકડી લેવામાં આવ્યો હતો અને એને લીધે કેટલીકના શરીરમાંથી વહેતું લોહી જોઈને અમને કમકમાટી છૂટવા લાગી.' (પૃ. ૧૨૨)*

*'એ ગુલામોની હાથમાં જંજીર હતી. એમના ગળામાં લાકડાનાં અને લોખંડના ચોકઠાં હતાં. અને દરેક ગુલામને બીજા ગુલામના એ ચોકઠાં સાથે જાડાં દોરડાંથી બાંધવામાં આવ્યો હતો.' (પૃ. ૧૨૧)*

ગુલામોના આ વેપારીઓનો ત્રાસ અને ગુલામોને હેરાન કરવાની તેમની રીત જાણે કે સર્વાનુમતે સ્વીકારાઈ હોય અને પ્રથા બની હોય તેવી અમાનવીય પ્રથાઓ વિશેની ઝાંખી પણ આ નવલકથા આપણને કરાવે છે. જેમકે,

*'સ્ત્રીઓના ગાલે અને વક્ષસ્થળે એવા ડામ દેવામાં આવ્યા હતા જ્યારે પુરુષોના કપાળે એવા ડામ દેવાતા હતા. તે જમાનામાં ગુલામોના વેપારીઓમાં આવી પ્રથા હતી. અસલના વખતમાં જે ઢોરને ઓળખવા માટે આવા ડામ દેવાતા હતા તેવી જ રીતે ગુલામોની ઓળખ માટે પણ આવી જંગલી પ્રથા ચાલુ હતી. અને એ જમાનામાં ગુલામના વેપારીનાં આવાં કૃત્ય કાયદેસર લેખાતાં હતાં. એક વખત આ રીતે ગુલામોને ડામ દેવાય એટલે બીજા આરબ વેપારી એમના તરફ દૃષ્ટિ સરખી નાખી શકતો ન હતો.' (પૃ. ૨૨૩)*

ગુલામ તરીકે પુરુષો પાસેથી શારીરિક શ્રમ લેવામાં આવતો જ્યારે યુવાન અને સુંદર ગુલામ સ્ત્રીઓ સોદાગરોના હવસની પણ શિકાર બનતી રહેતી. પોતાની વિષયલોલુપતાની પૂર્તિ માટે આવી સ્ત્રીઓને સ્વેચ્છાએ તૈયાર કરવામાં આવતી અને જો કોઈ સ્ત્રી એ માટે તૈયાર ન થાય તો તેવી સ્ત્રીઓ સાથે ખૂબ જ અત્યાચાર થતો અને ક્યારેક તો આવી સ્ત્રીઓએ મરવાનો પણ વખત આવતો.

ગુલામોને તેમના માલિકો પોતાના મનોરંજન માટે પણ ઉપયોગ કરતાં. એટલે મલ્લ જેવી રમતોમાં રમતવીરો તરીકે આ ગુલામોનો ઉપયોગ થતો. અને જે ગુલામ હારી જાય તેને જનાવરો જેવી જ આકરી સજાઓ પણ કરવામાં આવતી. આ સજાઓમાં શારીરિક તકલીફથી માંડી મૃત્યુદંડ સુધીની સજાઓ પણ થતી.

*'યુદ્ધમાં હારનાર હાથીના દાંત ઉખેડી મિનારામાં ગોઠવી દેવામાં આવતા હતા. કુસ્તીના દાવમાં પરાજય મેળવતા મલ્લ માટે મૃત્યુ સિવાય બીજું કોઈ ઇનામ ન હતું.' (પૃ. ૭૨)*

ગુલામોની સંખ્યા એટલી વધારે રહેતી કે તેમાંથી એક કે બે ગુલામોને કંઈ થાય તો સોદાગરો તેમની સારસંભાળ લેવાની તસ્દી પણ ન લેતાં. પોતે મોઘાં અને કિંમતી કપડાંઓ પહેરતાં પણ ગુલામોને શરીર ઢંકાય તેટલા કપડાં માંડ નસીબમાં થતાં. મહમુદ્દી લૈઝા માટે થઈને સ્ત્રીઓ વચ્ચે જાય છે ત્યારે તેને આ વાતની ખબર પડે છે. એક સ્ત્રીએ મહમુદ્દીને કહ્યું કે,

*'આ તારો શાહ સોદાગર કંજૂસ છે. એણે અમને મરીકાનનું એક કપડું આપ્યું છે તે તો દિવસના સમયે અમે ધારણ કરીએ છીએ. રાતના સમયે તો અમે આવી અવસ્થામાં જ એકબીજાની હુંફ મેળવી સમય પસાર કરીએ છીએ.' (પૃ. ૩૧૭)*

ક્યારેક તો માત્ર ખોટી નામના કે બીજા ગુલામોમાં ધાક બેસાડવા માટે પણ ગુલામોને મારી નાંખવામાં આવતા. ક્યારેક જુમાની જેમ પોતાનો કોઈ વાંક ન હોવા છતાં સોદાગરોના કાવતરાંના ભોગ બનવું પડતું. તો આયેશા નામની યુવતીનું શું થયું તેની પણ કોઈને જાણ ન થઈ. કારણ માત્ર એટલું જ હતું કે રમઝાની અને બીજા સાથીઓની એક રાતની ઊંઘ કોઈકે બગાડી હતી અને નામ આયેશાનું આપવામાં આવ્યું હતું. ફાતમા નામની યુવતી અને બીજા ગુલામોને તો તેના માલિકે ટોળીના બીજા ગુલામોમાં ધાક બેસાડવા માટે થઈને જ મારી નંખાવ્યા હતા.

*'બીજા કેટલાક જેઓ સફદરના પ્રશંસક હતા તેમને ઝાડની ડાળી સાથે બાંધી નીચેથી આગ સળગાવવામાં આવી હતી અને એ રીતે બીજા કેટલાકને દાખલો બેસાડવા જમીનમાં જીવતા જ દાટી દેવામાં આવ્યા હતા.' (૨૨૪)*

*'ગુલામો ઝનૂને ચઢ્યા હોય ત્યારે જંગલી જાનવરો કરતાં પણ તેઓ વધુ ક્રૂર અને ભયંકર હોય છે. તેઓને અંદર અંદર લડવા જ દેવામાં આવે અને એમાંથી એક બે લડતાં લડતાં મરણશરણ થાય તો તેની એમને કોઈ ખાસ ચિંતા પણ નહીં.' (પૃ. ૨૨૨)*

ક્યારેલ નસામા જેવા રાજાઓ આદિવાસીઓને પોતાની સેનાના જોરે ગુલામ બનાવતા તો ક્યારેક એવું પણ બનતું કે બિચારા ભોળાં, અભણ, માસૂમ અને નિર્દોષ આદિવાસી લોકોને અંધશ્રદ્ધાના લીધે પણ પોતાનું વતન છોડવું પડતું. લૈઝા અહીં તેનું ઉદારહણ બને છે. લૈઝાના ગામમાં રહેતા ભૂવાની કપટવૃત્તિ, ચાલાકી અને સરપંચની ખરાબ નજરને લીધે લૈઝા જેવી અસંખ્ય યુવાન યુવતીઓ સાથે ન થવાનું થતું. *'અમારી ટોળીમાં એવો રિવાજ છે કે અમારા વિસ્તારમાં જ્યારે જ્યારે વરસાદ ન પડે ત્યારે એકી સાથે દશ દશ સુંદર યુવતીઓનો ભોગ ધરાય છે.' (પૃ. ૧૭૮)* તો *'લૈઝા જેવી એક જ અતિ સ્વરૂપવાન યુવતીનો ભોગ એ બીજી દશ યુવતીના ભોગ બરાબર છે.' (પૃ. ૧૭૯)* આવી રીતે યુવાન યુવતીઓને ભોળવી તેની સાથે શું

થતું હશે એ નવલકથામાં સ્પષ્ટ રીતે ન આલેખાયું હોવા છતાં સૌ કોઈને સમજાઈ જાય છે કે તેમની સાથે શું થતું હશે.

આમ, નવલકથાના સાર સમા આ શબ્દો અંતે અહીં નોંધવા જોઈએ કે, 'માનવીની આવી બુરી હાલત, એની લાચારી અને અકળ વેદના, એનાં દુઃખ, દર્દ અને એનું કારમું આક્રંદ અને એની કરૂણ કિકિયારી એટલે આ અંધારિયા ખંડની એક કરૂણતમ ગાથા.' (૩૫૮)

## ➢ વેડફાતાં જીવતર

બળવંત નાયક પાસેથી ૧૯૯૩માં 'વેડફાતાં જીવતર' નામની બીજી નવલકથા મળે છે. આ નવલકથામાં દક્ષિણ આફ્રિકાની જીવનશૈલી, ત્યાંના લોકોના દૈનિક પ્રશ્નો અને પરિસ્થિતિઓને સર્જકે અહીં વિષયવસ્તુ તરીકે આલેખ્યાં છે. રંગભેદની નીતિ આ નવલકથાનું કેન્દ્ર છે. રંગભેદની નીતિના કારણે દક્ષિણ આફ્રિકાના લોકોને સહન કરવી પડતી પારાવાર તકલીફોની દાસ્તાન આ નવલકથામાં રજૂ થઈ છે.

- કથાવસ્તુ

નવલકથાનું મુખ્ય પાત્ર લુસીના છે. પોતે એક આફ્રિકન યુવતી છે, પણ તેનો વાન ગોરો હોવાથી અન્ય લોકો તેને કોઈ ગોરાની પુત્રી જ હશે એવી ભ્રમણામાં રહી આફ્રિકન લોકો કરતાં વધારે માન-સન્માન આપે છે. લુસીના ત્રણે ભાઈ બહેનોમાં સૌથી નાની છે. સૌથી મોટાં ભાઈનું નામ ટૉડ છે. ટૉડનો રંગ વધુ પડતો કાળો છે જ્યારે બહેન જોસેફીનનો વાન ઘઉંવર્ણો છે. ત્રણેય સંતાનોને પોતાના પિતા વિશે કશી ખબર નથી, પોતાની માતાને પણ તેઓના ખરા પિતા કોણ છે તેની ખબર નથી. નવલકથાના મુખ્ય બે કથનકેન્દ્ર છેઃ એક લુસીના પોતે અને બીજું બહેન જોસેફીનની ડાયરી. સમગ્ર નવલકથા વીસ પ્રકરણોમાં વિભાજીત થયેલી છે. જેમાં શરૂઆતના પંદર જેટલાં પ્રકરણો લુસીના પોતે વર્ણવે છે. જ્યારે બાકીના પ્રકરણો જોસેફીનની ડાયરીના માધ્યમથી રજૂ થયા છે. નવલકથાના અંતે જ ભાવકને માલૂમ પડે છે કે લૂસીના હાલે એક સ્કૂલ ચલાવે છે તેણે પોતાના ભૂતકાળની કથા આ સમગ્ર નવલકથામાં રજૂ કરી છે.

નવલકથામાં સમયસંકલના પણ આગવી રીતે રજૂ થઈ છે. સોળ વર્ષની વયે પોતાની માતા, ભાઈ, બહેન અને જન્મભૂમિથી દૂર ચાલી ગયેલી લુસીના સાત વર્ષ પછી પાછી પોતાના જન્મસ્થળે, સ્વજનોની વચ્ચે આવે છે ત્યાંથી આ કથા આરંભાય છે. જે આગળ જતાં વર્તમાન અને ભૂતકાળ એમ થતાં થતાં કથા આગળ વધે છે. સાત વર્ષો પહેલા છોડી દીધેલાં સ્વજનો અને જન્મભૂમિએ પરત આવ્યા પછી પોતે નિહાળેલી જન્મભૂમિ અને સ્વજનોની કરૂણતા આ નવલકથાનો મુખ્ય સૂર બની રહે છે. નવલકથાનો અડધો સમય તો સાત વર્ષ સુધીનો જે સમય સ્વજનોથી દૂર વીતાવ્યો હતો તેમાં જ રોકાય છે અને બાકીનો સમય લુસીના

પરત ફરી પોતાના સ્વજનોની દયનીય હાલત જૂએ છે એમાં જ વીતે છે. અંત ભાગ આગળ વાત કરી એમ જોસેફીનની ડાયરી દ્વારા રજૂ થયો છે.

લુસીના ઘર છોડી સૌ પહેલાં જોહાનિસબર્ગમાં મિસ્ટર ગ્રીફીથને ત્યાં થોડો સમય કામ કરે છે. મિસ્ટર ગ્રીફીથ બહુ જ ભલા અને સજ્જન વૃદ્ધ હતા. પણ અચાનક તેમનું અવસાન થઈ જાય છે. મૃત્યુ પામતાં પહેલા મિસ્ટર ગ્રીફીથ લુસીના માટે પચાસ પાઉન્ડની રકમ અને એક પત્ર મૂકી ગયા હોય છે. આ પત્ર મિસ્ટર અને મિસીસ સ્મિથના નામે હતો અને તેમાં લુસીનાની નોકરી માટેની ભલામણ હતી. આથી લુસીના મિસ્ટર સ્મિથના ઘરમાં નોકરાણી તરીકે કામ કરવા લાગે છે. મિસીસ સ્મિથનું ખરું નામ લ્યુસી હોય છે. તેનો સ્વભાવ ચિડિયો હોય છે જ્યારે મિસીસ સ્મિથનો સ્વભાવ પ્રેમાળ હોય છે. મિસ્ટર સ્મિથ લુસીનાને તેની તકલીફો વિશે અવારનવાર પૂછતાં રહેતા જેથી લુસીના મિસ્ટર સ્મિથ પ્રત્યે લાગણીથી જોડાય છે. એવામાં મિસીસ સ્મિથનું અવસાન થતાં લુસીનાને લાગવા લાગ્યું કે મિસ્ટર સ્મિથ હવે પોતાના તરફ ઢળી પડશે. પોતે મિસ્ટર સ્મિથને આ સમયમાં ટેકો આપી તેનો વિશ્વાસ જીતી લઈ તેમના જીવનમાં પોતાનું સ્થાન જન્માવી શકશે. *“મિસીસ સ્મિથના અવસાન બાદ હું સ્મિથને મારો બનાવી શકીશ, અમારી વચ્ચેનું પેલું અંતર હું સાંધી શકીશ એવી મને ખાતરી હતી.”* (પૃ.૧૧૦) લુસીનાના જીવનમાં એટલી ઝડપથી ખુશી થોડી આવવાની હતી! મિસ્ટર સ્મિથનો સહવાસ લુસીનાને એટલું સહેલાઈથી મળી જાય એવું તો કેમ બને ! એટલે મિસ્ટર સ્મિથની પ્રિયતમા શેઈલા લુસીનાની જગ્યા લેવા આવી જાય છે. એક દિવસ મિસ્ટર સ્મિથની કારનો અકસ્માત થતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચે છે. હોસ્પિટલ પહોંચતા સુધીમાં મિસ્ટર સ્મિથના માથામાં લાગેલા ઘાવના કારણે વધારે પડતું લોહી વહી જવાથી અને ‘ઇન્ટરનલ બ્રેઈન હેમરેજ’ના લીધે તેમનું પણ અવસાન થાય છે. લુસીનાને હવે કોઈ આધાર રહેતો નથી. પોતે મિસ્ટર સ્મિથની સોનાની ફ્રેમ વાળી તસવીરને વળગીને બેઠી હતી ત્યારે અચાનક શેઈલા ત્યાં આવી જતાં તેને એવો ભ્રમ થયો કે લુસીના સોનાની ફ્રેમ અને પથારી પર પડેલો પોતાનો હાર ચોરી કરવાની તૈયારીમાં છે. તેથી શેઈલાએ લુસીનાને મિસ્ટર સ્મિથના ઘરમાંથી કાઢી મૂકી. સ્વજનોથી અલગ રહેતી લુસીના માટે હવે એક છતની જરૂર હતી. પોતે ક્યાં જાય એવી અવઢવમાં હતી ત્યારે તેને મિસ્ટર સ્મિથ અને શેઈલાનો જ મિત્ર એલેક યાદ આવે છે. એલેક લુસીનાને ચાહતો હતો, લુસીના સમક્ષ તેણે પોતાના પ્રેમનો એકરાર પણ કર્યો હતો. લુસીના એલેકના ઘરે પહોંચે છે. એલેક પોતે લેખક છે અને અપરિણિત છે. એલેકના ઘરનું એકાંત લુસીના અને એલેકને એકબીજા પ્રત્યે નજીક લાવે છે. એકરાત્રે લુસીના અને એલેક વચ્ચે શરીરસંબંધ બંધાય છે. લુસીનાને હવે એવું લાગવા લાગે છે કે એલેકને પોતાનું સર્વસ્વ સોંપી દઈ તેની પ્રત્યે આજીવન વફાદાર રહી તેની અર્ધાંગીની બની રહેશે. રાત્રીની શીતળ ચાંદનીમાં બંધાયેલ સંબંધના આધારે સુખી જીવનના સ્વપ્નો જોતી લુસીનાને ખબર નહોતી કે દિવસના સુરજનો તાપ તેને દઝાળી મૂકશે. તે રાત્રી પછીના દિવસની સવારે એલેકનો લુસીના પ્રત્યેનો વર્તાવ બદલાઈ

જાય છે. એલેકે લુસીના પર આરોપ મૂકતાં કહેલા વચનો તેને હતાશ કરી મૂકે છેઃ *"લ્યુસી ! શું તને નથી લાગતું કે તેં મારી સાથે ખૂબ ખૂબ છૂટ લીધી હતી ?"* (પૃ. ૧૫૭) આ ઉપરાંત લુસીનાને એ પણ જાણવા મળે છે કે જે શેઈલાને લીધે મિસ્ટર સ્મિથથી તેને અલગ થવું પડ્યું હતું તે જ શેઈલા હવે એલેકના પ્રેમમાં છે. એલેક પણ શેઈલાને ચાહવા લાગ્યો છે. આથી લુસીનાને હવે લાગવા લાગે છે કે અહીં પારકા લોકો વચ્ચે તેનો માત્ર ઉપયોગ જ થાય છે. *"મેં એને મારું સર્વસ્વ અર્પણ કરી દીધું. પણ એને તો મારા પ્રેમની જરૂર ન હતી; એને ભૌતિક સુખ જોઈતું હતું –એ ભૂખ એણે સંતોષી અને... ?"* (પૃ. ૫૮) વાક્યના અંતે આવતો પ્રશ્નાર્થ ચિહ્ન સુચવે છે કે લુસીનાને હવે જીવનના ઘણાં મહત્ત્વના પ્રશ્નોના જવાબો શોધવાના હતાં. આ પ્રશ્નોના જવાબો તેને પરાયા લોકો વચ્ચે ન મળતાં પોતાના કહી શકાય તેવા લોકો વચ્ચે પરત ફરવાનો નિર્ધાર કરી ચૂકેલી લુસીનાને એ સમજાઈ જાય છે કે પરાયા લોકો તેનો માત્ર ઉપયોગ જ કરે છે. આથી બની શકે તેટલી ઝડપથી તે પોતાની માતા પાસે પરત ફરે છે. ખરેખર નવલકથા અહીંથી જ શરૂ થાય છે. આ બધી કથા કૃતિમાં પછીથી રજૂ થયેલી છે.

સાત વર્ષ પહેલા માતા, ભાઈ અને બહેનને છોડી ગયેલી લુસીના પરત ફરે છે ત્યારે તેને વતનની બદલાઈ ગયેલી વાસ્તવિકતા જાણવા મળે છે. પોતે જે જગ્યાએ રહેતી હતી તે વસાહતની હાલત એકદમ ખરાબ છે. પોતે જે ખોરડામાં જન્મી હતી તેમાં પ્રવેશ કરી પોતે ચારેબાજુ જૂએ છે તો તેને કોઈ દેખાતું નથી, પણ આખરે મરવાના વાંકે જીવતી તેની જન્મદાત્રીથી તેનો ભેટો થાય છે. *"હું ઝૂંપડીમાં દાખલ થઈ. એ અંધારી કોટડીમાં, અંધારા ખૂણામાં એક મેલીઘેલી પથારી બિછાવેલી હતી. બહારથી વીંઝાતા પવનથી થડકતી દીવાની જ્યોત સામે મીટ માંડી માતાજી જાણે મૃતઃપ્રાય અવસ્થામાં પડી હતી. જીવનના ગ્રાહમાંથી મુક્ત થવાનું પ્રશાન્તિપૂર્ણ મુહૂર્ત હવે નિકટ આવી લાગ્યું છે એમ એ જાણે સ્પષ્ટપણે જોઈ શકતી હતી. જાણે માતાજી મૃત્યુની પ્રતીક્ષા કરી રહી હતી, એમ મને લાગ્યું. પણ ત્યાં જ મને જોતાં કે કેમ પણ એની આંખના ખૂણા ભરાઈ આવ્યા. હું એની પાસે દોડી ગઈ. એ મેલી ગંદી પથારી પર હું એની નજીક બેસી ગઈ. અને 'મમ્મી ! મમ્મી !' એટલું બોલી હું એ જીર્ણ શરીર પર ઢળી પડી."* (પૃ. ૪૦)

માતા સાથે વાતચીતથી તેને ખબર પડે છે કે પોતાનો મોટો ભાઈ ખૂનના આરોપસર આજીવન કારાવાસની સજા ભોગાવે છે. તો બહેન જોસેફીન સામે પણ ગેરરીતિ કાનૂન સબબ કેસ ચાલે છે. જેથી કરી તે પોલીસથી નાસતી ભાગતી ફરે છે. આ ગેરરીતિ કાનૂનનો ડર અને એની અસર વિશે સર્જક નોંધે છે કે, *'કોઈપણ ગોરો કોઈપણ નેટીવ યા રંગીન સ્ત્રી સાથે પકડાતાં એને માટે સજા ઉપરાંત નામોશી અને અપકીર્તિ પણ સાથે આવતાં હોય છે. સમાજમાં એનું કોઈ સ્થાન રહેતું નથી.'* (પૃ. ૬૧) જોસેફીન જોહાનિસબર્ગના કોઈ ગલીચ વિસ્તારમાં ગેરકાનૂની રીતે દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. આ દારૂ જ

માતાજીનું પેટ ભરવાનો એકમાત્ર માધ્યમ પણ છે. પોતે બહેન જોસેફીનને મળવા જવાનો નિર્ણય કરે છે. જોસેફીનની શોધમાં તેનું સરનામું પૂછતાં પૂછતાં જે જગ્યાએ પહોંચે છે તે જગ્યાનું વર્ણન જૂઓ : *"અહીં રહેવા માટે ઝૂંપડાં હતાં. અને દશ ફૂટ લાંબા એ રહેઠાણમાં અસંખ્ય માનવપ્રાણી એકબીજાની હુંફમાં જીવન ટકાવી રહ્યાં હતાં. રોગચાળાનો ભોગ બને એવાં તમામ સાધનો અહીં કામે લાગ્યાં હતાં. અને આ વતની પ્રજાની કાયાને ખોખરી બનાવી દેવાતી હતી. એક બાજુથી ગોરા એમનું લોહી ચૂસતા હતા, બીજી બાજુ મચ્છર અને અન્ય જીવડાં એમના જીવનની ગતિને મંદ પાડવાની કામગીરી બજાવી રહ્યાં હતાં. આરોગ્યના સીધાસાદા નિયમોનું ભાન ન હોવાથી સેંકડો માણસો રોગચાળાનો ભોગ બનતા હતા. બાળકોને જયાં અક્ષરજ્ઞાન મળવાનાં ફાંફાં હતાં ત્યાં પ્રૌઢશિક્ષણનો તો સવાલ જ કયાં હતો ! લોકાને પૌષ્ટિક ખોરાક ન મળતો હોવાથી તેઓ અકાળે વૃદ્ધ બની ગયેલાં લાગ્યાં. તેમાં વળી જીવનસંઘર્ષનો કારમો ઘા ભૂલવા માટે ગામઠી દારૂ ગાળવાની સદ્ધર પ્રવૃતિ વેગ પકડી રહી હતી અને મોટા ભાગના લોકો બીજી રીતે જીવનનો આનંદ માણવા અસમર્થ હોઈ દારૂની બાટલીમાં પોતાના ગમને ડુબાડી દેતાં હતાં." (પૃ. ૭૩)*

લુસીના જોસેફીનની હાલત જોઈ અફસોસ કરવા લાગે છે. જોસેફીનની દયનીય હાલત પાછળ ક્યાંકને ક્યાંક પોતે પણ જવાબદાર છે એવું લુસીનાનું માનવું છે. કેમકે, લુસીના પોતાના સ્વજનોને તરછોડી સાત વર્ષ માટે ગોરાઓની વચ્ચે રહેતી હતી એ દિવસોમાં જોસેફીન તેને એક વખત મળવા પણ જાય છે. લુસીના જોસેફીનને એક પાઉન્ડની નોટ આપી ત્યાંથી રવાના કરી દે છે. આખરે પુરુષસત્તાક સમાજમાં જોસેફીન  પોતાના દમ પર જીવન જીવવાનું નક્કી કરે છે. જોસેફીન પણ શરૂઆતમાં નેકદીલ અને આબરૂદાર સ્ત્રી હતી. કોઈ એક જ પુરુષ સાથે ઘરસંસાર નિભાવી શાંતિની જિંદગી જીવવાના તેના ઓરતા હતા પણ પોતે જે જગ્યાએ કામ કરતી હતી તે પીઠાના(જગ્યાના) માલિકની વિષયલોલુપતાનો ભોગ તેને બનવાનું થયું. સમય જતાં ગેરરીતિ કાનૂન અને બીજી બધી તકલીફોને કારણે અનિચ્છાએ જોસેફીનને અનીતિનો માર્ગ અપનાવવો પડે છે. જીવન નિર્વાહ માટે પૈસા કમાવા જરૂરી હતા જેથી કરી પોતાનું અને પોતાની માતાનું ખાલી પેટ ભરી શકે. પૈસા કમાવવા માટે જોસેફીનને જે જે રસ્તાઓ મળ્યાં તે રસ્તે ચાલવાનું જ તેણે નક્કી કરી લીધું હતું. પોતાના ત્રણ સંતાનો પણ હતા. તેમની ભરણપોષણની જવાબદારી પણ પોતાને જ નિભાવવાની હતી.

આ બધાની સાથે શાંતિની શોધમાં જોસેફીન વૉન વેરવુડ સ્મટ્સ નામના ગોરા વ્યક્તિને ત્યાં નોકરી કરવા લાગે છે. જોસેફીન અને વૉન વેરવુડ વચ્ચેની મિત્રતા અગંત સંબંધમાં વિકસવા લાગે છે. પણ આ સંબંધને વૉન વેરવુડના પિતા વૉન સ્મટ્સ સ્વીકારવા તૈયાર નથી થતા. વૉન સ્મ્ટ્સ તેના પુત્રને જોસેફીનથી દૂર રહેવાની સલાહ આપે છે. તેમ છતાં જોસેફીન અને વૉન વેરવુડ વચ્ચેની નીકટતા જળવાઈ રહે છે. એક

દિવસ વેરવુડ અને જોસેફીન ફાર્મહાઉસે એકલા હતા ત્યારે અચાનક કોઈ ત્રીજા વ્યક્તિની આવવાની શંકા જોસેફીનને થઈ. જોસેફીને આસપાસ તપાસ કરી તો વૉન સ્મટ્સ બાજુના રૂમમાં હતા. વૉન સ્મટ્સ તેમના પર ચોરી છૂપીથી નજર રાખી રહ્યાં છે તેવું જોસેફીનને લાગ્યું. બન્ને વચ્ચેની વાતચીતમાં અચાનક જોસેફીનના હાથમાં રહેલી બંદૂકમાંથી ગોળી છૂટી જતાં વૉન સ્મટ્સનું પ્રાણ પંખેરું ઉડી ગયું. ગોળીનો અવાજ સાંભળી ફાર્મહાઉસમાં હાજર તમામ નોકરોએ જોસેફીનને ઘેરી લીધી. જોસેફીન પોલીસના હાથે પકડાઈ. તેના પર ખૂનનો આરોપ લાગ્યો અને આખરે એક દિવસ તેને ફાંસીની સજા કરવામાં આવી.

આમ, આ નવલકથામાં સૌથી કરૂણ પાત્ર કહેવું હોય તો જોસેફીનનું કહી શકાય. નવલકથા ભલે લુસીનાની આસપાસ રચાઈ હોય પણ સૌથી વધુ દુઃખોય જોસેફીનને જ સહન કરવા પડ્યા છે. પિતાની છત્રછાયા તો પહેલેથી જ નહોતી એમાં લુસીના પણ ઘર છોડી જતી રહે છે. ટૉડ તો નાનપણથી જ અનૈતિક કાર્યો તરફ વળી જતાં જેલ ભેગો થઈ ગયો હોય છે આથી માતા અને પોતાના ત્રણ બાળકોની જવાબદારી એકલી જોસેફીન પર આવી જાય છે. 'ગેરરીતિ કાનૂન'ને લીધે પણ પોલીસ તેનો પીછો કરતી રહે છે. આખરે અચાનક તેનાથી ખૂન થઈ જતાં તેને ફાંસીની સજા થાય છે આવી દુઃખદ ઘટનાઓનો સામનો કર્યા પછી જોસેફીનના માનસમાં આક્રોશ જન્મે એ વાજબી છે. એટલે જ પોતે નોંધપોથીમાં લખે છે કે, *"ઈશુએ દક્ષિણ આફ્રિકા માટે શું કર્યું છે ? કાંઈ જ નહિ. માણસ જ બધું કરશે............હા...........હા. આજ ભલે ગોરાઓની હશે... આવતી કાલ અમારી થશે. આજે અમારે માટે દક્ષિણ આફ્રિકાની ધરતી પર ભલે વાડાબંધી કાનૂનનો અમલ થાય, ભલે માનવતાની હાંસી ઉડાવતી પાસ-પદ્ધતિ અમલી બનતી, ભલે માટીમાંથી કે વખતે કચરામાં ફેંકેલા ટીનના ડબ્બાનાં પતરાંમાંથી અમારાં મકાનો બને. ટાઢમાં અમે થરથરીએ, વરસાદમાં ભીંજાઈએ તાપમાં સીઝી જઈએ, અમને ગોરાઓના લત્તામાં રહેવા ભલે કોઈ ઘર ન આપે, અમારા નક્કી કરેલા વાડામાંથી બહાર જવાની ભલે આજે મનાઈ હોય....પણ અમારો-ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જ્યારે જાગશે.... ત્યારે આ ધરતી પરનાં આ મહેલાતો અને આ નંદનવનો. આ ગગનચૂમી ઈમારતો અને વિશાળ રાજમાર્ગો એક ક્ષણમાં ભસ્મીભૂત બની જશે.*

*ઈશુની આ ધરતી પર અમારે અનારોગ્યનાં ધામમાં રહેવાનું. દુનિયાના દરબારમાં લોકશાહી અને જન્મસિદ્ધ હક્કની વાતો પૂરજોશમાં થતી હોય ત્યારે અમારે જન્મસિદ્ધ હક્ક એટલે અલગ-વિસ્તારમાં— અસ્વચ્છ અને અનારોગ્ય ધામમાં રહી જીવન પસાર કરવાનું ?*

*અને ઈશુની આ ધરતી પર આરોગ્યનાં અનેક ધામ છે ત્યાં અમારે નહિ જવાનું કેમ? ઇશુ પાસે એનો કોઈ ઉત્તર હશે ?*

*આવાં અસ્વચ્છ ધામોમાં રહેવાથી અમે રોગનો ભોગ બનીએ. દવા મોંઘી એટલે દવા વિના જ અમે ઈશુની ધરતી પર આળોટીએ. વૈદ્યો અને ડૉક્ટરો અમને અડે પણ નહિ. ભૂવા કે ઊંટવૈદ્યો સિવાય અમારા કાઈ બોલી નહિ.*

*પુષ્ટિકારક ખોરાક અમને ખાવા ન મળે ત્યારે ગોરાઓને ત્યાં. ઢગલાબંધ ખોરાક બગડી જવાથી ગટરમાં ફેંકાતો હોય છે. અમને જે ખોરાક મળે છે તે પૂરતો નથી કારણ કે ખોરાક મેળવવા માટે પૈસો જોઈએ. અમારી મજૂરીના પ્રમાણમાં અમને પૈસા મળતા નથી. અને મજૂરી કરી પૈસા મેળવીએ છીએ તે પણ ગાળો ખાઈ કે ગાળો ખાવા મજૂરી કરીએ છીએ એમ લાગે છે.*

*અક્કલવાળી મહેનત કરવાની શાણી સલાહ મળે છે પણ એવી મહેનત કરતાં પહેલાં ભણતરની જરૂર પડે, અમારે ગોરાઓની શાળામાં જવું... એમને માટે બંધાયેલાં સુંદર પુસ્તકાલયો અને વાંચનાલયોમાં જવું છે.......પણ અમારાથી ત્યાં ન જવાય. અમને કોઈ ત્યાં પેસવા જ ન દે.*

*મિશનરીઓ અમને ભણાવે. પણ એ ભણતર એટલે?........ધર્મ?......ઈશુ?..... પ્રભુપિતા.....?...ભાઈચારો ?.......સમાનતા ?......સહિષ્ણુતા......?*

*પણ તમને ખબર છે કે ધર્મનાં સ્થાન પણ અમારે માટે બંધ હોય છે ?*

*ધર્મ અને ધર્મસ્થાન ! ઈશુ અને ઈશુની ધરતી !!*

*અમે ગંદાં, અમે સ્વચ્છ. અમે કાળાં. અને રંગીન. માટે અમે કોઈ અધિકારને પાત્ર નહિ ? અમે કાળાં. અમે રંગીન માટે અમે વ્યસની ? અમે દુર્ગુણી ? દુર્ગુણનું માપ લેનારી પારાશીશી તમારી પાસે છે ? હોય તો બીજાઓને પણ મૂકી જુઓને !*

*અમારી ચામડીના રંગને લીધે જ દુર્ગુણી બાકી અમારાં પાપ કાંઈ ઊજળા વર્ણના લોકોનાં પાપ કરતાં બહુ મોટાં તો નહીં જ હોય." (પૃ. ૨૪૨-૨૪૪)*

આ ઉદ્‌ગારોના પ્રથમ પેરેગ્રાફમાં વપરાયેલા શબ્દો ઉમાશંકર જોશીના 'જઠરાગ્નિ' સૉનેટની યાદ અપાવી જાય છેઃ

*ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;*
*ખંડેરની ભસ્મકણી ના લાધશે!*

જોસેફીનના નીચેના શબ્દોમાં પણ તેનો આ જ પ્રકારનો આક્રોશ વ્યક્ત થાય છેઃ

*'હે દેશ તું રુદન કર તારા દેશના કાયદાભંગ માટે, પ્રથાઓ માટે, મૃત્યુ પામેલાઓ માટે અને જે સ્ત્રી અને બાળકોએ જેમને સદાને માટે ખોઈ દીધાં હોય તેમને માટે....*

*ભય જ આ સર્વનું મૂળ છે. જ્યાંની વતની પ્રજા પાસે ધ્યેય કે ધ્યેયની પાછળ બધાં કાર્યોને કેન્દ્રિત કરવાનું સ્વાતંત્ર્ય નથી ત્યાં વ્યભિચાર, ગુના, નશાબાજી સિવાય બીજું શું હોઈ શકે ?...' (પૃ. ૨૫૨)*

ફાંસીના માંચડે ચડતાં પહેલાના તેના અંતિમ શબ્દોમાં પણ દક્ષિણ આફ્રિકાની ઉન્નત્તિ જોવાની અને વર્તમાન પરિસ્થિતિઓ પ્રત્યે આક્રોશ સ્પષ્ટ પણે જોઈ શકાય છેઃ

*"હે દેશ તું રુદન કર,*
*તારા દેશના કાયદા ભંગ માટે,*
*પ્રથાઓ માટે, મૃત્યુ પામેલાઓ માટે,*
*વ્યભિચાર માટે, ગુના માટે, નશાબાજી માટે."* (પૃ. ૨૫૪)

આવા જ શબ્દો લુસીનાના મોઢેથી પણ નીકળે છેઃ *"હે દેશ ! તું રુદન કર, તારા દેશનાં કાયદાભંગ માટે, પ્રથાઓ માટે, મૃત્યુ પામેલાઓ માટે અને જે સ્ત્રી અને બાળકોએ તેમને સદાને માટે ખોઈ દીધાં હોય તેમને માટે.*

*ભય જ આ સર્વનું મૂળ છે ! જ્યાંની વતની પ્રજા પાસે ધ્યેય કે ધ્યેયની પાછળ બધાં કાર્યોને કેન્દ્રિત કરવાનું સ્વાતંત્ર્ય નથી ત્યાં વ્યભિચાર, ગુના, નશાબાજી સિવાય બીજું શું હોઈ શકે ?" (પૃ. ૩૮)*

આ નવલકથામાં ડાયસ્પોરાને ભોગવવી પડતી તકલીફો કરતાં ડાયસ્પોરાના પરિવારજનોને ભોગવવી પડતી તકલીફો વધારે છે. પોતે દક્ષિણ આફ્રિકામાં જ રહે છે, દેશ છોડીને જતી પણ નથી. તેમ છતાં તે સ્થળાંતર તો કરે જ છે. પણ આ સ્થળાંતર રાષ્ટ્રીય છે. દક્ષિણ આફ્રિકાના જ બે વિસ્તારોમાં થતું આ સ્થળાંતર ડાયસ્પોરિક કહેવાય કે નહીં એ બાબતે ઘણાં મતમતાંતરો હોવા છતાં આ બાબતે આપણે પ્રથમ પ્રકરણમાં ચર્ચા કરી તેમ બદલાતાં સમય અને સંજોગો પ્રમાણે ડાયસ્પોરિક સંજ્ઞામાં પરિવર્તન લાવવું જરૂરી છે. માત્ર આંતરરાષ્ટ્રીય સ્થળાંતરને જ ડાયસ્પોરા કહેવા કરતાં કોઈપણ પ્રકારના સ્થળાંતરને ડાયસ્પોરાની વ્યાખ્યામાં સમાવવાનો સમય હવે આવી ગયો લાગે છે. એ દૃષ્ટિએ આ નવલકથાને ડાયસ્પોરિક રીતે જોઈ શકાય. લુસીના પોતાના ઘર અને સ્વજનોને છોડી જોહાનિસબર્ગમાં રહેવા માટે જાય છે ત્યારે તેને પડેલી તકલીફો અને ત્યાંના પરાયા લોકો વચ્ચે ન ગોઠવાઈ શકવાને લીધે ફરીથી પોતાના ઘર અને સ્વજનો વચ્ચે આવવા કરેલા સ્થળાંતરને ડાયસ્પોરિક કહી શકાય. આ બધાની સાથે સાથે નવલકથામાં રંગભેદની નીતિ મુખ્ય ઘટક તત્ત્વ બને છે. આટલી લાક્ષણિકતાઓને બાદ કરતાં ડાયસ્પોરિક કહી શકાય તેવી કોઈ વિશિષ્ટ લાક્ષણિકતા આ નવલકથામાં જોવા મળતી નથી.

આ નવલકથામાં વારંવાર આવતા ઉદ્‌ગારો જેવા કે, *"ઈસુએ દક્ષિણ આફ્રિકા માટે શું કર્યું છે ? કંઈ જ નહિ માણસ જ એનો ઉદ્ધાર કરશે."* અને *"હે દેશ તું રુદન કર"* થકી આ નવલકથામાં દક્ષિણ આફ્રિકાના મૂળ વતનીઓની પીડાઓને વાચા મળી છે.

આ નવલકથા વિશે ભાનુશંકર ઓધવજી વ્યાસ નોંધે છે કેઃ *આ વાર્તામાં અનેક 'વેડફાતાં જીવન'ની હૃદયદ્રાવક કથા છે, કાયદાની પકડથી છટકવા માગતાં પાત્રોની વ્યથા છે, ઊગતી પ્રજોતાં નિર્મળ આત્મ પર*

*ધીમે ધીમે વધતાં જતાં પાપોનાં કલંક છે, આખીયે પ્રજાને માનવતાવાદી બનાવવાનાં સ્વપ્નાં છે, કરુણ જીવનમાંથી અલ્પસમય માટે પણ નિરાંતનો દમ ખેંચવા ચાહતાં પાત્રોનાં દિવાસ્વપ્ન છે, દેશની સમૃદ્ધિને પડછે થતું નીતિ, ન્યાય અને નિયમનું લિલામ છે, અગાઉના સમયમાં પ્રવર્તતી પાશવી જુલમોની પ્રથા નથી છતાં તેને ટપી જાય તેવી ઠંડી ક્રૂર શિક્ષાઓની વાત છે, આવી પરિસ્થિતિમાંથી ક્ષણિક સુખ આપવા મથતાં પ્રભુપિતાને નામે અપાતાં ધર્મસૂત્રોનો ઉપદેશ છે, રક્ષણની ઢાલ હેઠળ રિબાતી પ્રજાને વધુ કચડવાના નિયમોની ચાતુરી છે, પ્રભુપિતા ક્યારેક તો દયા લાવશે તેવી અબૂઝ પ્રજાની શ્રદ્ધાનાં દર્શન છે, પાપી માનસનાં માનસિક દમન અને સ્વગત અનુભવેલાં પ્રાયશ્ચિત છે, પ્રેમના સંતોષને ખાતર થતી ખૂનની કથા છે, વિશાળ સમુદાય સમક્ષ ન્યાયને નામે કચેરીમાં ભજવાતાં દશ્યો છે, ઈશ્વરે દક્ષિણ આફ્રિકા માટે કશું જ કર્યું નથી તેવી નાસ્તિકતાનો રણકાર છે અને આ બધાંમાંથી કોઈ અગમ્ય પ્રદેશમાં વાચકને વિહાર કરવા લઈ જાય તેવાં મનોરમ, કલ્પનોત્થ વર્ણનો છે. (પૃ. ૩૦-૩૧)*

અંતે દક્ષિણ આફ્રિકાની પ્રજા વિશેના થોડાંક ઉદ્‌ગારો નોંધીએ:

- *“સંસારસાગર જેવો વિશાળ અને ખારો છે પણ દક્ષિણ આફ્રિકાનો સંસાર તો જેટલો સાંકડો છે તેટલો જ દુર્ગંધથી ખદબદતો છે. એમાં મચ્છર પાકતાં નથી. એમાં ઝેરી સાપ કે વીંછી પાકતા નથી. એમાં પાકે છે વર્ણ-વર્ણ વચ્ચે ઝેર પેદા કરતું વિષ. રંગભેદનું એ ઝેર સારાયે દક્ષિણ આફ્રિકામાં ફેલાયેલું છે. એમાંથી કોઈ બચ્યું નથી. એ રોગનો ભોગ આબાલવૃદ્ધ તમામ થયાં છે.”* (પૃ. ૭૦)
- *“દક્ષિણ આફ્રિકાની ધરતીનો ઈતિહાસ એટલે સુધરેલી લેખાતી માનવજાતના કલંકનો ઇતિહાસ. એનાં એકે એક નગર એટલે જીવતાં નરક. એ નરકમાં કાળા, રંગીન, ઘઉંવર્ણો, ગોરા એવા અનેક જીવ ખદબદી રહ્યાં છે. નીતિ, ન્યાય અને નિયમને આ ધરતી સાથે કશી લેવાદેવા નથી. અહીં જે લુચ્ચો તે પ્રામાણિક, જે ધૂર્ત તે શાણો, જે કપટી તે કુશળ, જે દુષ્ટ તે ન્યાયી, ગરીબના હીરા અહીં ચણીબોરની કીંમતે વેચાય છે અને ધનાઢ્યોની કોડી હીરાના મૂલ્યે જાય છે. નિર્દોષને અહીં કારમી યાતનામાંથી પસાર થવું પડે છે અને દોષિત માટે અહીં એશઆરામ અને મહેફિલો હોય છે. ગોરાઓને ઈશ્વરી હકક પ્રાપ્ત થયા છે જ્યારે અન્ય જાતિના માનવીઓ માટે અહીં માનવહક્કોનું છડેચોક નિકંદન નીકળે છે.*

  *આવા આ દેશમાં અત્યાચાર, ખૂન અને મારફાડ તો રોજનો ક્રમ હતો. એટલે અખબારોમાં પાનાં આવા ખૂનકેસોથી, અત્યાચારની રંગીન કહાનીઓથી અને મારફાડનાં રોમાંચક વર્ણનોથી જ ભરપૂર હોય એ સ્વાભાવિક હતું.”* (પૃ. ૨૦૯-૨૧૦)
- *“અહીં માનવીનાં જીવતર વેડફાઈ રહ્યાં છે.*

  *અહીં માનવતાનું લિલામ થઈ રહ્યું છે.*

*અહીં નીતિ, ન્યાય અને નિયમનું છડેચોક ઉલ્લંઘન થઈ રહ્યું છે.*

*અહીં દેશના મૂળ વતનીઓ-આફ્રિકનો, રંગીનો, હિંદીઓની ક્રૂર હાંસી ઉડાવાઈ રહી છે. એમની માનવતા કોડીની કિંમતે બીજાઓ મૂલવે છે, તે એમના કયા અપરાધને કારણે ?*

*એમને આ દેશમાં અસલના વખતની જેમ જીવતા ચણી દેવામાં નથી આવતા પણ એમના હક્કોનું છડેચોક ઉલ્લંઘન કરી. એમને જાણે જીવતા જ બાળી મૂકવામાં આવે છે. એમને હાથીના પગે અહીં કચડવામાં નથી આવતા પણ કાયદાની જડ શૃંખલા એમના વ્યક્તિત્વને છિન્નભિન્ન કરી નાખે છે, એમના શરીર પરથી ચામડી ઉતારી નાંખવામાં આવતી નથી, પણ તેઓ માનવતાના માર્ગે આગળ ન વધી શકે તે માટે તેમની સામે અનેક અવરોધે ઊભા કરવામાં આવે છે અને એ અવરોધોનો સામનો કરવાનો પ્રયાસ કરવામાં આવે એટલે...."* (પૃ. ૨૫૮)

ભાનુશંકર ઓધવજી વ્યાસના શબ્દોમાં જ કહીએ તો આ નવલકથા *"પ્રધાનતઃ લુસીનાથી અને જેસેફિનની દૈનંદિનીમાંથી રજુ થતી આ નવલકથા દક્ષિણ આફ્રિકાના અતિક્લિષ્ટ એવા કોયડાઓને પ્રકટ કરે છે એટલું જ નહિ, પરંતુ સાથે સાથે એના ઉકેલ માટે અને ભિન્ન ભિન્ન જાતિઓના ગૂંચવણભર્યા પ્રશ્નોને શી રીતે હલ કરી શકાય તેની નક્કર વિચારસરણી પાત્રોની આડે રહીને કહી જાય છે." (પૃ. ૩૦)*

## ➢ –ને ધરતીને ખોળે નરક વેરાયું

બળવંત નાયકની ૧૯૯૭માં પ્રગટ થયેલી '–ને ધરતીને ખોળે નરક વેરાયું' એશિયનોને ઇદી અમીને આપેલા નેવું દિવસમાં યુગાન્ડા છોડી દેવાના અમાનુષી ફરમાનની યાદ તાજી કરાવતી નવલકથા છે. સર્જકે આ નવલકથામાં લોકકથા, ફ્લેશબેક, સ્વપ્ન, સંવાદ વગેરે જેવી ટેક્નીકનો ઉપયોગ કર્યો છે. ગુજરાતીઓએ યુગાન્ડામાં પહેલું વહેલું આગમન થયું ત્યારથી કરી ગુજરાતીઓએ પોતાના બુદ્ધિચાતુર્ય અને અથાગ મહેનતના ફળરૂપે ઉપાર્જિત કરેલી આર્થિક સંપતિ અને આખરે ઇદી અમીનના ફરમાનના લીધે એશિયનોના સ્થળાંતરથી લઈને વર્ષો પછી પાછા તે જ દેશ તરફ પરત ફરવાની કથા આ નવલકથામાં વિષયવસ્તુ તરીકે આલેખાયેલી છે.

સર્જક યુગાન્ડાની લોકકથાનો આધાર લઈ યુગાન્ડામાં વસતા પહેલા માનવીથી નવલકથાની શરૂઆત કરે છે. આ નવલકથા કુલ છવ્વીસ પ્રકરણોમાં વિભાજીત થયેલી છેઃ તેમાંથી પ્રથમ બે પ્રકરણોમાં યુગાન્ડાની લોકકથા આલેખી છે. ત્રીજા પ્રકરણમાં વર્તમાન અને ભૂતકાળની વાત કરી ચોથા પ્રકરણમાં સર્જક પાછા વર્તમાનની વાત કરે છે. ત્યાર પછી ફ્લેશબેક પદ્ધતિથી પાંચથી બાર સુધીના પ્રકરણમાં આ કથા આગળ વધે છે. અંતે તેરથી છેક છેલ્લા પ્રકરણ સુધી વર્તમાનમાં કથા પ્રવાહ આલેખાયો છે.

આ નવલકથાની નાયિકાનું નામ અસ્મિતા છે. અસ્મિતાના જીવનને કેન્દ્રમાં રાખી આ નવલકથાનો કથાપ્રવાહ રચાયો છે આથી આ નવલકથાના વિષયવસ્તુને નીચે પ્રમાણેના પાંચ વિભાગોમાં વહેંચી શકાયઃ

૧. યુગાન્ડા વિશેની પૂર્વભૂમિકા

૨. અસ્મિતાનું યુગાન્ડાનું જીવન

૩. યુગાન્ડા છોડતી વખતે અસ્મિતાએ વેઠેલી યાતનાઓ

૪. પતિ મનસુખને ગુમાવ્ય પછીનું અસ્મિતાનું દ્વિધા ભર્યું ઇંગ્લેન્ડનું જીવન

૫. યુગાન્ડાની બદલાતી રાજકીય પરિસ્થિતિ અને અંત

અહીં આ નવલકથાના કથાવસ્તુને છવ્વીસ પ્રકરણો પ્રમાણે નહીં પણ ઉપરોક્ત પાંચ વિભાગોને આધારે મુલવણી કરી છે.

- કથાવસ્તુ

પ્રકૃતિની અપાર વૈવિધ્યતા અને સુંદરતા ધરાવતો યુગાન્ડાનો પ્રદેશ અને તેમાં રહેતા એક માત્ર માનવી એટલે કે કિન્ટુની પ્રચલિત લોકકથાના આધારે સર્જક આ નવલકથાની શરૂઆત કરે છે. આ લોકકથા મુજબ નામ્બી સ્વર્ગમાંથી મેઘધનુષ્યના માર્ગે પૃથ્વી પર આવેલી એ કન્યા છે જે એક દિવસ કિન્ટુને મળે છે. કિન્ટુના એકાંતને દૂર કરવા તે ફરી પાછી પૃથ્વી પર આવી તેની સાથે લગ્ન કરવાનું વચન આપી સ્વર્ગ ચાલી જાય છે. સ્વર્ગમાં જઈ પિતા અને ભાઈને પોતે કિન્ટુને આપેલા વચનની વાત કરી આખરે નામ્બી પૃથ્વી તરફ પાછી આવવા તૈયાર થાય છે. જતાં જતાં નામ્બીને પિતા એક સલાહ આપે છે કે તે પૃથ્વીમાં રહેવા જવાની છે એના વિશેની કોઈ ચર્ચા તેના બીજા ભાઈ વાલુમ્બેને ન કરે. આ વાલુમ્બે એટલે આપણે આજે જેને મૃત્યુ કહીએ છીએ તે પોતે જ. તેમ છતાં નામ્બી પૃથ્વી તરફ જવા નીકળે છે ત્યારે રસ્તામાં જ તેને વાલુમ્બેનો ભેટો થઈ જતાં વાત વાતમાં વાલુમ્બેને ખબર પડી જાય છે કે તેની બહેન પોતાને કહ્યા વગર પૃથ્વીમાં રહેવા જતી રહેવાની છે. વાલુમ્બે આ વાત જાણી ખૂબ ક્રોધે ભરાય છે પણ ત્યારે કંઈ પણ કરતો નથી. નામ્બી પાછી પૃથ્વીમાં આવી કિન્ટુ સાથે રહેવા લાગે છે તેવામાં થોડા દિવસો પછી વાલુમ્બે પૃથ્વીમાં આવી પહોંચે છે. વાલુમ્બેને નામ્બી પાછો ચાલ્યા જવાનું કહે છે પણ વાલુમ્બે એમ ચાલ્યો જાય એવો ક્યાં હતો! આથી નામ્બી વાલુમ્બેને વચન આપે છે કે, 'તું જો અહીંથી જતો રહે અને પાછો નહિ આવે તો અમારું પહેલું બાળક અમે તને આપીશું' (પૃ.૪) વાલુમ્બે ત્યાંથી ચાલ્યો જાય છે. નામ્બી અને કિન્ટુ સુખેથી રહેવા લાગે છે. તેમને બાળક પણ થાય છે. નામ્બી એ બાળક વાલુમ્બેને આપવાના બદલે તેને કંઈ જ કહેતી નથી. ઘણા દિવસો પછી પાછો આવેલો વાલુમ્બે નામ્બી અને કિન્ટુના બાળકને જુએ છે આથી ગુસ્સે થાય છે. અને કહે છે કે, 'તમે તમારું વચન પાળ્યું નહિ. પહેલું બાળક મને સુપરત કર્યું નહિ. હવે તો હું આ ધરતી પરથી ખસવાનો જ નહિ. અહીં

જ રહેવાનો.......' (પૃ.૪) આમ, તે દિવસથી મૃત્યુ પૃથ્વી પર રહેવા લાગે છે અને લોકોને દુ:ખી કરે છે. આ નવલકથામાં ઇદી અમીનને જાણે કે આ વાલુમ્બેનો જ અવતાર હોય એ રીતે દર્શાવાયો છે.

ગુજરાતીઓમાં પ્રચલિત કાનોજી નામના ખારવાની લોકકથાનો પણ સર્જક ઉલ્લેખ કરે છેઃ 'વર્ષો પૂર્વે સદી કરતાં વધુ સમય પર કાનોજી નામનો એક મારવો એની હોડીમાં બેસી આફ્રિકાના કિનારે થઈ છેક મસ્કત અને દુબઈની સફર કરી આવ્યો હતો. તેની દંતકથા બની ગયેલી વાત તે યાદ કરી રહ્યા. કાનોજી પછી તો ગુજરાતના પશ્ચિમ કિનારાના કેટલાય ખારવા એને માર્ગે અવરજવર કરી રહેલા. સાગરખેડુ બની જીવના જોખમે દરિયાલાલને નાથી રહેલા... ખંભાતનો અખાત, કચ્છ, સુરત અને મુંબઈનાં બંદરો પરથી ત્યાર બાદ હિંદી મહાસાગર તેઓ ખૂંદી રહ્યા હતા. કાનોજી પહેલવહેલા એના હોડકામાં પેમ્બા ટાપુ પર આવ્યો હતો. એ વાત તો ધનીલાલને એના પિતા અવારનવાર સંભળાવતા. આમ પેઢી દર પેઢી એ દંતકથા વહેતી રહેલી. એ જ કાનોજીના માર્ગે એના દાદા અને પિતા પણ આફ્રિકાના પૂર્વ કિનારે આવ્યા હતા. પ્રારંભની અનેકાનેક મુશ્કેલીઓ વેઠી તેમણે અહીં ધીમેધીમે જંગલમાં મંગલ ઊભું કરી નિજની વસાહત ઊભી કરેલી....' (પૃ.૬૪) આમ, આ દંતકથા દ્વારા સર્જકે ગુજરાતીઓ સૌપ્રથમ આફ્રિકા કેવી રીતે પહોંચ્યા તેના ઇતિહાસની યાદ તાજી કરાવી આપી છે. બહુ ઓછા સાધનો અને ટેક્નોલોજી વિના હોડકાઓમાં બેસી દેશવિદેશની મુસાફરી કરનારા ગુજરાતીઓના સાહસની પણ આ લોકકથા સૌર્યગાથા બની રહે છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે વાસ્કો-દ-ગામાને કેપ-ઓફ-ગુડ-હોપથી ભારત સુધીનો દરિયાઈ માર્ગ દેખાડનાર પણ એક ગુજરાતી ખારવો જ હતો.

ધનીલાલના દાદા મદનલાલ ૧૮૭૫માં ખંભાતના અખાતમાંથી એક હોડકામાં બેસી આફ્રિકા આવ્યા હતા. દાદાના સાહસ અને વેપાર વાણિજ્યની વાતો પિતા ધનીમલ ધનીલાલને કરતાં. ધનીલાલ મેટ્રિક પાસ કરી પિતાની સાથે પોતે પણ આ જ રીતે આફ્રિકામાં આવેલા. શરૂઆતના દિવસોમાં ધનીલાલના પિતા આફ્રિકાનાં ખેતરોમાં કામ કરે છે. પણ પછી અંગ્રેજોએ રેલ્વે લાઈન નાખવાની શરૂ કરી ત્યારે અંગ્રેજી ભાષા આવતી હોવાથી ધનીમલ દુભાષિયા તરીકે નોકરી કરે છે. અંગ્રેજોની સાથે કામ કરવાથી લોકોમાં ધનીમલનું માન વધે છે. પરંતુ બ્લેકવોટર જેવા જીવલેણ રોગનો ભોગ બનવાથી પિતા ધનીમલની નોકરી તેના પુત્ર ધનીલાલને મળે છે. થોડો સમય નોકરી કર્યા પછી વેપારનો પોતાનો અલાયદો ધંધો શરૂ કર્યો. એમાં તેમણે રેલ્વેમાંથી નિવૃત્ત થયેલ અંગ્રેજ અધિકારી મિસ્ટર બ્રાઉન સાથે ભાગીદારી કરી મોટો સ્ટોર શરૂ કર્યો. આ સુખના દિવસોમાં વધારો ત્યારે થાય છે જ્યારે ધનીલાલને ઘરે પુત્ર મનસુખનો જન્મ થાય છે. મનસુખના જન્મની સાથે જ નવલકથાનો સમય એક છલાંગ લગાવે છે –છેક મનસુખ પિતા બને છે ત્યાં સુધી. મનસુખનું બાળપણ અને તેની યુવાનીના કોઈ જ વર્ણનો આ નવલકથામાં નથી. મનસુખના પિતા બનતાની સાથે જ

ધનીલાલના મનમાં પોતાનો સ્વદેશપ્રેમ જાગે છે. તેઓને હવે ભારત પરત ફરવાની ઇચ્છા જાગે છે. પોતાની સઘળી સંપતિ પુત્ર મનસુખના નામે કરી શેઠ ધનીલાલ ભારત પરત ફરવાની તૈયારીમાં લાગી જાય છે.

એવામાં નવમી ઓક્ટોબર ૧૯૬૨ના રોજ યુગાન્ડા આઝાદ થાય છે. યુગાન્ડાની આઝાદી પછી પણ મોટા મોટા ક્ષેત્રોમાં એશિયનોનો દબદબો રહે છે. 'આઝાદી બાદ પણ વેપાર-વાણિજ્યનો તમામ વ્યવહાર એશિયનોને હસ્તક હતો. દેશનું અર્થતંત્ર એમના સાથની અપેક્ષા રાખે તે સ્વાભાવિક હતું....આવી નવી ભાવના ઉભય પક્ષે ફળદાયી બની રહી હતી.' (પૃ.૨૯) યુગાન્ડાના પહેલા રાષ્ટ્રપતિ ડૉ. મિલ્ટન ઓબોટેનું ગુજરાતીઓ પ્રત્યેનું વલણ હકારાત્મક હતું. પણ યુગાન્ડાના સામાન્ય નાગરિકોમાં એશિયનો પ્રત્યે થોડો અણગમો હતો કારણ કે મોટાભાગની સંપતિ અને આર્થિક બાબતો પર પ્રભુત્વ એશિયનોનું હતુ. તેમ છતાં ડૉ. મિલ્ટન ઓબોટેની સરકાર દસ વર્ષ ચાલે છે. પરંતુ ૨૫મી જાન્યુઆરી ૧૯૭૧ના રોજ યુગાન્ડા સૈન્યના વડા ઇદી અમીન ડૉ. મિલ્ટન ઓબોટેની સત્તા સામે બળવો કરી તેમની ગેરહાજરીમાં પોતાને યુગાન્ડાનો સર્વસત્તાધીશ જાહેર કરી દે છે. આવું થવાનું એક કારણ એ પણ હતું કે ડૉ. મિલ્ટન ઓબોટેએ યુગાન્ડાની આઝાદી પછી વર્ષોથી ચાલતી આવતી રાજાશાહી પ્રથાને તરછોડી લોકશાહીને અમલી બનાવી હતી. રાજાશાહીનો વિરોધ કરી યુગાન્ડામાં લોકશાહી લાગુ કરવાનો નિર્ણય ડૉ. મિલ્ટન ઓબોટેને ભારે પડ્યો હતો. યુગાન્ડાના મૂળ સ્થાનિકો પૈકી રાજાની જાતિના લોકો આથી નારાજ થયા હતા અને આખરે તેઓ ઈદી અમીન સાથે સહમત થઈ ગયા હતા.

ઇદી અમીનના મતે એશિયનો યુગાન્ડાનું આર્થિક શોષણ કરતાં આવ્યા છે એટલે અહીંના લોકોને થયેલા અન્યાયનો બદલો લેવા તે પોતે ૫ ઓગસ્ટ ૧૯૭૨ના રોજ એવી જાહેરાત કરે છે કે એશિયનોએ પોતાની તમામ સંપતિ અને માલ-મિલકત છોડી ૯૦ દિવસમાં એટલે કે ૮ નવેમ્બર ૧૯૭૨ સુધીમાં યુગાન્ડા છોડી બીજે ગમે ત્યાં બની શકે એટલા વહેલા ચાલ્યા જવું. શરૂઆતના દિવસોમાં એશિયનોને લાગ્યું કે ઈદી અમીનનો આ ફતવો એક બળાપો માત્ર હશે પણ જેમ જેમ દિવસો વિતતા ગયા તેમ તેમ એશિયનોને લાગતું ગયું કે ઇદી અમીને આપેલા ફતવાનો અમલ થઈને જ રહેશે. મનસુખના પિતા ધનીલાલ તેમની માતા ધનલક્ષ્મી અને બે બહેનો ઉલ્કા અને અલ્પા તો પહેલેથી જ ભારત પરત ફરવાની યોજના બનાવી ચુક્યા હતા આથી આ ફતવો બહાર પડતા જ થોડા દિવસોમાં તેઓ સડકમાર્ગે યુગાન્ડા છોડી દે છે. પરંતુ મનસુખ અને તેની પત્નિ અસ્મિતાને વિઝા જેવી જરૂરી કામગીરી બાકી હોવાથી તેઓ થોડાં મોડા જવાનું વિચારે છે.

આખરે એ દિવસ પણ આવી જાય છે જ્યારે મનસુખ, અસ્મિતા અને તેમનો દીકરો ન્યુટન અસ્મિતાના માતા-પિતા સાથે યુગાન્ડા છોડી દેવા માટે એરપોર્ટ જવા નીકળે છે. એરપોર્ટ જતી વખતે રસ્તામાં લશ્કરના વેશધારી ગૂંડાઓ (કોન્ડો) મનસુખની કારને અટકાવે છે. તેમની પાસેથી બધા પૈસા લૂંટી લઈ મનસુખ અને તેના સાસુ સસરાને અસ્મિતાના દેખતા ગોળીઓથી વિંધી નાંખે છે. અસ્મિતા આ વખતે

ગર્ભવતી હતી અને ન્યુટન પણ બહુ નાનો હતો આથી તે અસ્મિતા વળગી રહેલો જેથી તેમનો જીવ બચી જાય છે.

અસ્મિતા યુગાન્ડા છોડી ઇંગ્લેન્ડ જાય છે. ત્યાં નીનાનો જન્મ થાય છે. ધનીલાલે ઇંગ્લેન્ડમાં પણ મકાન ખરીદેલ હોવાથી અસ્મિતા તે મકાનમાં રહે છે. મિ. માર્ટિન નીના અને ન્યુટનના ઉછેરથી માંડી અભ્યાસ તથા ઇંગ્લેન્ડમાં ઠરીઠામ કરવામાં અસ્મિતાને મદદરૂપ થાય છે. નવલકથાનો સમય અહીં બીજો કૂદકો લગાવે છે. ન્યુટન અને નીના હવે યુવાવસ્થામાં આવી પહોંચે છે. આ સમયગાળા દરમ્યાન મિ. માર્ટિન અસ્મિતા તરફ પ્રેમની લાગણીથી આકર્ષાય છે. અસ્મિતા ભારતીય સંસ્કૃતિ અને સમાજની માનસિકતાને પૂરેપૂરી રીતે છોડી ન શકતી અને પશ્ચિમી સંસ્કૃતિને પૂરેપૂરી રીતે અપનાવી નથી શકતી આથી બે સંસ્કૃતિઓ વચ્ચે પિસાયા કરે છે.

ન્યુટનને કોલેજમાં લ્યુસી નામની યુવતીથી પ્રેમ થવા લાગે છે. લ્યુસી અને ન્યુટનના પરિવાર પણ આ સંબંધથી ખુશ હોય છે. પણ અચાનક અસ્મિતાને જાણ થાય છે કે નીના ગર્ભવતી છે અને તેનો પ્રેમી તેને આવી અવસ્થામાં એકલી મૂકીને જતો રહ્યો છે. ભારતથી ઇંગ્લેન્ડમાં આવીને રહેવા લાગેલી ઉલ્કા અને અલ્પા નીનાને આશ્વાસન આપી શાંત પાડે છે. અસ્મિતાની બાળપણની મિત્ર શિરીન લંડનમાં પ્રવાસ અર્થે આવે છે. આ પ્રવાસ દરમ્યાન શિરીન અને અસ્મિતા વચ્ચે ઘણી લાંબી ચર્ચાવિચારણા ચાલે છે. જેથી અસ્મિતાનું માનસ ભાવકો સમક્ષ વધારે ઉઘડે છે.

સામે પક્ષે યુગાન્ડામાં હવે રાજકીય શાંતિ સ્થપાયી હોવાથી ત્યાંની સરકાર તમામ એશિયનોને તેમની છિનવી લેવાયેલી સંપતિ પાછી આપવાની તૈયારી બતાવી યુગાન્ડા પરત ફરવાની હાંકલ કરે છે. અસ્મિતા, મિ. માર્ટિન, ઉલ્કા, અલ્પા, લ્યુસી, ન્યુટન અને ધનીલાલના ડ્રાઈવરનો પુત્ર કિન્ટુ મુસોકે યુગાન્ડાના પ્રવાસે જાય છે. પ્રવાસેથી પરત આવ્યા પછી કિન્ટુ મુસોકે પોતાના સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવા ખાતર યુગાન્ડામાં કાયમી સ્થાયી થવાનો નિર્ણય લે છે. આથી કિન્ટુ મુસોકે અને તેની પ્રેમિકા ઉલ્કા યુગાન્ડા પરત ફરે છે ત્યાં નવલકથાનો સુખદ અંત આવે છે.

સાહિત્યકૃતિનું શીર્ષક મોટાભાગે નાયક. નાયિકા, સ્થળ કે કથાવસ્તુમાં બનતી કોઈ ઘટનાને કેન્દ્રમાં રાખીને પસંદ કરવામાં આવતું હોય છે. આ નવલકથાનું શીર્ષક પણ વિષયવસ્તુના આધારે રાખવામાં આવ્યું છે. તેમ છતાં અર્ધવાકયથી શરૂ થતું આ નવલકથાનું શીર્ષક '–ને ધરતીને ખોળે નરક વેરાયું' એ તરફ અંગુલી નિર્દેશ કરે છે કે ધરતીને ખોળે નરક વેરાવાની જે ઘટના છે એની પાછળ ચોક્કસ કારણો હતા. આ કારણ જ આ નવલકથાનું હાર્દ ગણી શકાય. આ કારણ રૂપી ઘટનાઓના લીધે જ યુગાન્ડારૂપી ધરતી પર ઇદી અમીનના દુઃસ્વપ્ન રૂપી નરક વેરાયું છે. એ રીતે આ નવલકથાનું શીર્ષક કથાવસ્તુને કેન્દ્રમાં રાખતું હોવાની સાથે સાથે ભાવકના માનસમાં જિજ્ઞાસા પ્રેરક બની રહે છે. ભાવકને શીર્ષક વાંચતાવેંત જ પ્રશ્ન થાય કે એવું

તે શું થયું હશે કે ધરતીને ખોળે નરક વેરાયું. ભાવકની આ જિજ્ઞાસાવૃત્તિ તેને નવલકથા વાંચવા પ્રેરે છે. આ રીતે આ શીર્ષક ખૂબ જ સચોટ રીતે પસંદ કરવામાં આવ્યું છે એમ કહી શકાય.

સમગ્ર નવલકથાના કેન્દ્રમાં અસ્મિતા છે. અડધી નવલકથા અસ્મિતાને સહન કરવી પડેલી વિસ્થાપનની પીડા અને સ્વજનોને ગુમાવ્યાની વેદના વ્યક્ત કરે છે તો બાકીની અડધી નવલકથામાં માર્ટિન તરફનું આકર્ષણ હોવા છતાં ભારતીય સંસ્કારો અને પરંપરાને તોડી ન શકવાની એની માનસિક દ્વિધા છે.

- વિસ્થાપનની વેદના

વર્ષો સુધી જે જગ્યાને પોતાનું વતન માની રહેનાર એશિયનોને અચાનક એક દિવસ કહી દેવામાં આવે કે તમારે ૯૦ દિવસમાં આ દેશ છોડી ચાલ્યા જવાનું છે તો કોઈ પણ વ્યક્તિને આઘાત લાગે. પરંતુ તેમ છતાં અચાનક આવો તકલાદી નિર્ણય એશિયનો પર થોપી દેવામાં આવ્યો એના પણ અમુક કારણો હતા. જેવા કે, એશિયનો દ્વારા આફ્રિકનોનું થતું શોષણ, એશિયનોનું આર્થિક બાબતોમાં ફેલાયેલું વર્ચસ્વ, રંગભેદની નીતિ વગેરે. અંગ્રેજોએ જેમ ભારત પર બસો વર્ષ સુધી દેશને ગુલામ બનાવી તેના પર શાસન કર્યું તેમ યુગાન્ડા પર પણ તેમણે જ શાસન કર્યું. ભારત આઝાદ થયા પછી અંગ્રેજો આ દેશ દેશવાસીઓને હવાલે છોડી પોતાના દેશ પરત ફરી ગયા હતા. જ્યારે યુગાન્ડામાં શાસન અંગ્રેજોનું હતું પણ વર્ચસ્વ એશિયનોનું હતું. યુગાન્ડા વાસીઓ રાજકીય રીતે અંગ્રેજોના ગુલામ હતા જ્યારે આર્થિક રીતે એશિયનોના. આઝાદી પછી અંગ્રેજોની રાજકીય ગુલામીમાંથી તો યુગાન્ડાવાસીઓને આઝાદી મળી પણ એશિયનો દ્વારા તેમનું શોષણ હજી થતું જ હતું. 'સામાન્ય આફ્રિકન તો ઘરમાં કામ કરતા બૉય કે આયા કે પીસી જેવો જ લેખાતો હતો. એવો જ હડધૂત થતો હતો....' (પૃ.૨૭) આઝાદી પછી એશિયનોની આફ્રિકનો પ્રત્યેની દષ્ટી થોડી બદલી હતી પણ તે બહાર દેખાવા ખાતર. ઘરમાં તેમની સાથે હજી નોકરો જેવો જ વ્યવહાર કરવામાં આવતો હતો. આથી આ લોકોમાં વિરોધ જાગે છે. ધીમે ધીમે ઘરમાં કામ કરતાં નોકરો હોય કે મિલમાં મજૂરી કરતાં મજૂરો તેમણે પોતાના માલિકો સામે વિરોધ દર્શાવવાનો શરૂ કર્યો. મિલોમાં હડતાળો થવા લાગી હતી. લોકોને જાગૃત કરવા તેઓ સભાઓ કરતાં, સરઘસ કાઢતાં, ક્યારેક પથ્થરમારાઓ પણ થતાં. આ બધા વિશેની ખબરો રોજેરોજ અખબારોમાં છપાવા લાગી જેથી આ વિરોધનો જુવાળ વધુ આક્રામક બનવા લાગે છે. પરિસ્થિતિ હજી સાવ બગડી નહોતી. પણ પરિવર્તનની શરૂઆત થઈ ગઈ હતી. જે લોકો પાસે બહુ સંપતિ નહોતી પણ સામાન્ય નોકરી કરી યુગાન્ડામાં રહેતા હતા તેઓ આગમચેતી વાપરી 'આ દેશમાં હવે રહેવાય એવું નથી' (પૃ.૨૮) એવું બહું વહેલા સમજી જાય છે જેથી બની શકે એટલા વહેલા સ્વદેશ પરત ફરી જાય છે. ૨૫ જાન્યુઆરીથી તો માહોલ વધારે તંગ થવા લાગે છે. તેની એક ઝલક આ વર્ણન દ્વારા જૂઓ: 'માર્ગો પર લશ્કરી જીપ, ટેંકો અને અન્ય વાહનોમાં બંદૂકધારી સૈનિકો દેખાવા લાગ્યા. એમની તાકેલી બંદૂકો અને રાયફલોમાંથી આનંદના અતિરેકમાં બેફામ ગોળીઓ છૂટતી હતી. તે સાથે જ માર્ગો પરની મેદની જાણે કોઈ

અદશ્ય પવનની ઝાપટમાં આવી ન જાય તેમ ફફડાટ કરતાં પંખી અને જંગલનાં ઘવાયેલાં પ્રાણીની માફક માર્ગો પર ઝટપટ અને જ્યાં પણ આશરો મળે તે જગ્યાએ સંતાઈ જવા, દોડાદોડી કરવા લાગી. લોકો ઘરભેગાં થઈ રહ્યાં. દુકાનો ફટફટ બંધ થવા લાગી. ઑફિસોનાં બારણાં ફટફટ વસાયાં... એક પ્રકારના આ હાહાકારમાં.. આવી ગાંડી દોડધામની અડફેટમાં કેટલાકે આવી ગયા. તેઓને તેમના નસીબ પર જ છોડીને તેમના સાથીઓ પણ જીવ બચાવવા અને આવી રહેલ વાવાઝોડાથી બચવા ભાગંભાગી કરી રહ્યા.' (પૃ.૩૨) માહોલ ધીમેધીમે કાબૂથી બહાર થતો જતો હતો. સર્જક લખે છે કે, 'પહેરેગીરની જગ્યા બંદૂકધારી સૈનિકોએ પચાવી પાડી હતી.' (પૃ.૩૩) ચારેબાજુ બેફામ રીતે ગોળીઓ ચલાવાતી હતી આથી સામાન્ય પ્રજાજનો ઘરમાં જ પૂરાઈ રહેવા મજબૂર હતા. સૈનિકો દ્વારા ભારતીય દુકાનોના તાળાઓ તોડી તેમની દુકાનોમાં રહેલો તમામ માલસામાન આફ્રિકન પ્રજામાં વહેંચી દેવાતો હતો. આના પાછલા દિવસે એટલે કે ૨૫મી જાન્યુઆરી ૧૯૭૧ના રોજ ઇદી અમીન ડો. મિલ્ટન ઓબોટેને બદલે પોતે યુગાન્ડાના પ્રેસીડેન્ટ બની બેસે છે. ઇદી અમીન ૫ ઓગસ્ટ ૧૯૭૨ના રોજ ટરોરો મિલિટરી કેમ્પમાં સૈન્ય સમક્ષ એવી જાહેરાત કરે છે કે, "The Asiand come to work on the railways,... they were brought as 'Coolies'... The work is done and they must go....leave. (એશિયનો અહીં રેલ્વે લાઈન પર મજૂર તરીકે લવાયા હતા. એ કામ પૂરું થયું હોઈ.. હવે એમણે જવું જ જોઈએ.)" (પૃ.૩૬) આવા નિર્ણયને તેણે ઇશ્વરી આદેશ ગણાવ્યો હતો. આ દિવસે તે વધુમાં વધુ નેવું દિવસની મુદ્દત આપે છે. આ મુદ્દત શરૂ થતાં એશિયનોની સ્થિતિ રોજેરોજ ખરાબ થતી જતી હતી. શરૂઆતમાં તો એશિયનોએ આ નિર્ણયને ઇદી અમીનનો ક્ષણિક આવેગ ગણાવેલો પણ દિવસેને દિવસે પરિસ્થિતિ બગડવા લાગી હતી. લૂંટફાટ અને ચોરીના બનાવો વધતા જતાં હતાં. જે લોકો શરૂઆતની પરિસ્થિતિના આધારે ચેતી જઈ દેશભેગા થઈ ગયા હતા તેઓ અત્યારે ભાગ્યશાળી લાગી રહ્યા હતા. સર્જક નોંધે છે કે, "'કોન્ડો' (લૂંટારા. ધોળે દિવસે, રાતે કોન્ડોનો ત્રાસ વધી ગયો.) લશ્કરી ગણવેશ ધારણ કરી એમની લૂંટફાટ અને મારઝૂડની પ્રવૃત્તિ ચલાવી રહ્યા. સાયંકાળ થતાં જ એશિયનો ઘરની બહાર નીકળવાની હિંમત જેવું દુઃસાહસ કરતાં અચકાતા. ઘરમાં કામ કરતા નોકરો - 'બોયટો' તુમાખીખોર અને અસભ્ય વર્તન કરવા લાગ્યા. પરિણામે ઘરના શાંત વાતાવરણમાં તંગદિલી ફેલાતી રહી. 'મામા'(શેઠાણી)ઓ સાથેનો તેમનો એક વખતનો આદરણીય અને માનભર્યો નોકરનો વર્તાવ બદલાતો લાગ્યો. તુંડમિજાજી બની આ 'બોયટા' મામાની સામે બોલવા લાગ્યા. ઘરની દીકરી, વહુઓ ઉપર હુમલા થવાના બનાવો નોંધાતા રહ્યા. ઘરમાં પુરુષોની હાજરી ન હોય તો ઘરકામ કરતાં બોયને એકલા મુકી જવું જોખમ ભરેલું બની રહ્યું એટલું જ નહિ, મામાઓને ધમકી આપી આ બોય એના કોઈ સગાને કે અન્ય કોઈ ઓળખીતાને લશ્કરનો ચોરેલો ગણવેશ ધારણ કરાવી ઘેર લઈ આવે અને મામાઓને ધમકાવે, ઘરની જડતી લેવડાવે. કયારેક નાણાં કઢાવીને યા દાગીના ચોરીને અદશ્ય થઈ જાય....આવા બનાવો ધીમે

ધીમે વધતા ગયા. માર્ગો પર ધોળે દિવસે ય ફરવાનું મુશ્કેલ બનવા લાગ્યું, ખાસ કરીને સ્ત્રીઓ માટે, એટલે સકોનીએ (શાકભાજીની માર્કેટ) અથવા દુકાને તે એકલી જવાનું દુઃસાહસ કરતી ન હતી. હેરાનગતિ જેમ જેમ વધતી ગઈ તેમ તેમ એશિયન માબાપોમાં એક જાતનો ફફડાટ થવા લાગ્યો. યુવાન દીકરીઓને દેશ ભેગી કરવા લાગ્યાં, ભારત, પાકિસ્તાન ઉપરાંત ઈંગ્લેન્ડમાં વધુ અભ્યાસના નામે રવાના કરવા લાગ્યાં. આવું વલણ સૌ પ્રથમ યુગાન્ડાની ઇસ્માઈલી કોમમાં ચાલુ થયું. કંપાલામાં ત્યાંના બ્રિટિશ હાઈકમિશનરની ઑફિસ આગળ આવી યુવાન બાળાઓની લાંબી લાંબી લંગાર દેખાવા લાગી. તે જોઈ શહેરમાં ફરતા આફ્રિકન યુવાનો અને ઘરમાં કામ કરતા બૉયટા (નોકરો) એ યુવતીઓ સામે જોઈ જોઈ ન કહેવાનાં વેણ ઉચ્ચારતા સંભળાતા. ‘યે ડીટો (છોકરી) બીબી (પત્ની) યાંગુ (મારી).’” (પૃ.૩૬-૩૭) તો ક્યારેક હથિયારધારી લૂંટારાઓ ખરેખર એશિયનોના ઘરોમાં ઘૂસી આવે ત્યારે આફ્રિકન નોકરોએ પણ તેમનો જ સાથ આપવો પડતો. જો નોકરો એવું ન કરે તો સૌથી પહેલા તે લૂંટારાઓની ગોળીઓનો ભોગ બનતાં. આથી થોડા સમજદારી વાપરી વહેલા સાવચેત થઈ ગયા હતા તે પોતાની સંપતિને બને તે રીતે પોતાના સ્વદેશમાં પહોંચાડવામાં લાગી ગયા હતા.

- ‘લો ભાઈ! જીવ્યાના જુહાર...આમેય છાતી પર બાંધીને શું લઈ જવાના હતા....! દેશમાં ક્યાં પાછા ભેગા થઈ જઈશું.... મળીશું ત્યારે......તો.....આવજો!’ એમ કહી નોટો ને નોટોનાં બંડલ અપાતાં હતાં. (પૃ.૪૩)
- “‘બહેન મારાં આ ઘરેણાંની પોટલી લઈ જશો? ભગવાન તમારુંય ભલું કરશે.....પાછાં ક્યાંક મળીશું ત્યારે તમારી પાસે હોય તો..... સંભાળજો.....’એમ કહી ઘણા સગાવહાલાં, પાડોશીઓ, ઓળખીતાં મિત્રોને....દાગીનાના ડબ્બાની સોંપણી થતી રહેલી.” (પૃ.૪૩)

મોટાભાગની સંપતિ તેમણે આ રીતે સગે વગે કરી પણ દીધી હતી. આવા દિવસોમાં સોનું ખરીદી લેવું એ સૌથી સારો વિકલ્પ હતો આથી સોનાની દુકાનો રાત્રે પણ ખુલી રહેતી.

એશિયનોમાં પણ ભારતીયોની સ્થિતિ સૌથી વધુ ખરાબ હતી. ભારત અને પાકિસ્તાનના સંબંધો ખરાબ તો પહેલેથી જ રહ્યા છે. વળી, ઈદી અમીન મુસલમાન હોવાથી ભારતીયો પ્રત્યે તેને વધારે અણગમો હતો. આથી ભારતીયોની મદદ ભારત કોઈપણ રીતે કરી શકે એમ નહોતું. આ બધા લોકોનો એકમાત્ર આશરો બ્રિટન હતું. તેથી મોટાભાગના ભારતીયોએ બ્રિટનની રાહ પકડી. યુગાન્ડાની સરહદો ઉપર લશ્કરી પહેરો હતો આથી સડકમાર્ગે છટકી જવાની કોઈ આશા નહોતી. પાસપોર્ટ અને વિઝા માટે લાંબીલાંબી લાઈનો લાગેલી હતી. એવામાં ઈદી અમીનનો એક નવો ફરમાન આવે છે કે, ‘બ્રિટિશ પાસપોર્ટધારીઓએ ઇસ્ટ આફ્રિકન એરલાઈન સિવાયની બીજી કોઈ પણ વિદેશી કંપનીમાંથી ટિકિટો ખરીદેલી હશે તો એન્ટેબે ખાતે ઇમિગ્રેશન ઓફિસરો તેમને વિમાનમાં દાખલ થવાની પરવાનગી આપશે નહિ.’ (પૃ.૪૧) આ ફરમાનના લીધે સૌથી વધારે તકલીફો ભારતીયોને થઈ હતી. બ્રિટને મદદ કરવાના હેતુસર પોતાના વિમાનો મોકલી

બ્રિટન આવવા માંગતા લોકોને યુગાન્ડાથી બ્રિટન મફતમાં લઈ જવાની તૈયારી બતાવી. પણ ઇદી અમીનને એ મંજૂર નહોતું કે એની ઉપરવટ કોઈ જાય. આથી બ્રિટનનો આ પ્રસ્તાવ પણ તેણે નકારી દીધો. આ બધી યાતનાઓમાંથી બની શકે તેટલા નીકળી જવું એ જ ભલાઈ છે એવું બધાને સમજાઈ ગયું હતું. આથી દરેક લોકો પોતપોતાના દેશની એમ્બેસીમાં જઈ વતન પરત ફરવા માટેની જરૂરી પ્રક્રિયા કરવામાં લાગી જાય છે. આવી પરિસ્થિતિઓ વચ્ચે ભારતીયોની વેદના રજૂ કરતાં આ બે વર્ણનો જોઈએઃ

- "વર્ષોથી ભેગી કરેલી ઘરવખરીની ચીજવસ્તુઓનાં લિલાઉં યોજાતાં રહ્યાં હતાં. પાણીના મૂલે એ ચીજવસ્તુઓનું વેચાણ થતું રહ્યું; પણ ગરીબ આફ્રિકનો માટે તો હજીય એમનું સપનું જ રહ્યું. તેઓ એ ચીજવસ્તુ ખરીદી શકે એટલાં નાણાં તેમની પાસે ન હતાં. બીજું રહેવા માટે ઝુંપડી પણ ન હોય ત્યાં આવી ચીજવસ્તુઓ ખરીદી મુકવી ક્યાં? ઝાડ નીચે? આભ નીચે ? એટલે કેટલાક ગણ્યાગાંઠ્યાં એવા આફ્રિકનો અથવા સરકારી કર્મચારીઓ જેઓ ઊંચો ઓધ્ધો સંભાળતા હોય તેઓ જ આવી ખરીદી કરી શકે એમ હતું. વળી ઊંચા ઓધ્ધાવાળા પણ લાંચિયા અધિકારી જેવા એટલે એશિયનોનું કામ કરી આપી બદલામાં આવી 'બક્ષિસ' મેળવતા હતા.... પરિણામે પેલાં લિલાઉં પણ નકામાં બની રહેલાં... ન વેચાતી આવી એમની દુન્યવી ચીજવસ્તુઓ નાછુટકે પણ તેમણે એમના આફ્રિકન બૉયટા, આયાને આપી દેવી પડેલી કે બક્ષિસમાં કાઢી નાખવી પડેલી... બાકી રહી જંગમ મિલકત... ઘર, દુકાન ઉપરાંત ચા, કૉફી, શેરડીના બગીચા, મોટરકારો વગેરે... બે પેઢીથી વસાવેલી સ્થાવર અને જંગમ મિલકત ત્યાં જ મૂકી આવવી પડેલી.... ધન, વૈભવ, સુખસાહ્યબી અને એશઆરામભર્યું જીવન જીવતો એશિયન સમાજ આજે પહેલી જ વાર પોતાને નિરાધાર માનતો હતો. આવી કટોકટીનો અને અસલામતીનો એ પહેલવહેલો જ અનુભવ હતો. પગ નીચેથી ધરતી જાણે સરકી જતી હતી." (પૃ.૪૦)
- 'નિજના; માનેલાં વતનમાંથી જેમનું ઉન્મૂલન થઈ રહ્યું હતું. એવી એક શક્તિશાળી પ્રજા પોતાની તમામ સંપત્તિ મૂકી બદલામાં સરકારમાન્ય વ્યક્તિદીઠ બહાર લઈ જવાની મામૂલી રકમની ભીખ માગવા જેવી એ હાલતમાં રાતદિવસ, તડકોતાપ વેઠી, ભુખ્યા ને તરસ્યા પેલી લાઈનને શોભાવી રહ્યા.' (પૃ.૪૨)

આ બધા વચ્ચે શેઠ ધનીલાલ તેમની પત્નિ અને બે દિકરીઓ મોમ્બાસાથી દરિયાઈ માર્ગે વતન પરત ફરવા રવાના થાય છે. હવાઈ મુસાફરીના મુકાલબે દરિયાઈ મુસાફરી લાંબી અને થોડી કંટાળાજનક પણ હોય છે. વિમાનની જેમ સ્ટીમરમાં ત્રણ ભાગલા પાડવામાં આવ્યા હતા. "ફર્સ્ટ, સેકન્ડ અને ફાળકું ! આવા હતા સ્ટીમર જગતના ભાગલા. ફાળકાવાળા ઉપર ન આવે તે માટે પેલી વાડ ઊભી કરી હતી..... તે ફાળકું જોવા શેઠ ધનીલાલ અને તેમની પત્ની તેમ જ પુત્રીઓ નીચે ઊતર્યાં ત્યારે તેમણે જે જોયું તે તો ખરે જ જીવતું નરક

હતું. ઘેટાંબકરાંની જેમ અહીં માનવસમાજ જીવતો હતો. વિશાળ ધર્મશાળા કરતાં અહીં કોઈ સારું વાતાવરણ ન હતું. 'બંક બેડ' ઉપરાંત નીચે પથારી કરીને પડેલો આ માનવસમાજ એ સમાજનું બીજું પાસું હતું... સ્ટીમર જ્યારે હાલકડોલક થતી હોય, દરિયાનાં ફણીધર મોજાં જહાજના નીચલા ભાગે ફૂંફાડા મારી અથડાતાં હોય ત્યારે હજારો ટનની એ ભીમકાય સ્ટીમરને પણ એ મોજાં હચમચાવી જતાં હતાં. આવાં પ્રચંડ અને તોફાની મોજાં ત્યારે તો માનવસમાજને હાલ્લાં જેમ ગબડાવી એમની અવદશા કરતાં હોય છે. તે જોયું જતું ન હતું. સીસિકનેસનો ભોગ બનેલાંઓ વૉમિટ - ઊલટીઓ કરી વાતાવરણમાં જે ગંદકી ફેલાવતાં હોય છે તે ચીતરી ચઢાવે એવું હતું." (પૃ.૬૨) આ વર્ણનો એ વાતની પણ ગવાહી પૂરી પાડે છે કે એક સમયે ગુજરાતીઓ આવી જ રીતે આફ્રિકા ગયા હશે. કેમ કે, ત્યારે મોટાભાગની સફરો દરિયાઈ માર્ગે જ થતી હતી. આટલી મુશ્કેલીઓ વચ્ચે પણ જીવતા રહેવાની લાલચે સૌ ભારતીયો બની શકે તેટલી વધુ સંખ્યામાં કોઈ પણ પ્રકારની સુવિધાઓનો મોહ રાખ્યા વિના પોતાના દેશ પરત ફરી રહ્યા હતા. આવી રીતે દેશ છોડવા નીકળેલા લોકો પણ પોતે સાથે લીધેલ માલસામન સાથે આફ્રિકામાંથી સહીસલામત નીકળી શકશે એની કોઈ ખાતરી નહોતી. લૂંટતો સામાન્ય હતી જ એમાં પણ પહેરેલા ઘરેણા ઉતારવામાં આનાકાની કરવામાં આવતી તો તેવા લોકોના હાથ, પગ કે કાન પણ કપાયાની ઘટનાઓ બનતી રહેતી. સ્ત્રીઓ સાથે બળજબરીના અને તેમની આબરૂ લૂંટવાના બનાવો પણ બનતા હતા. ગાડીઓની તો આ સમયે કોઈ જ કિંમત નહોતી થતી. મોટાભાગની ગાડીઓ તો ચોરાઈ જ જતી. ક્યારેક તો લૂંટનો માલસામાન લઈ જવા માટે પણ આ ગાડીઓની ચોરી થતી. તો દેશ છોડી જતા રહેલા એશિયનોની ગાડીઓ એરપોર્ટ પર લાવારીસ પડી રહેતી. નાના નાના ગામડાંઓમાં રહેતા એશિયનો બને તેટલા વહેલા આફ્રિકા છોડી શકે એટલે શહેરો તરફ આવવા લાગ્યા હતા.

શેઠ ધનીલાલ પ્રત્યે વફાદારી દાખવી તેમને સડક માર્ગ દ્વારા છેક મોમ્બાસા સુધી છોડવા ગયેલ કિન્ટુ કિરોન્ડેને પરત ફરતી વખતે સૈન્યના લોકો પકડી લે છે. ભારતીયો પ્રત્યે વફાદારી દેખાડવાની તેને બહુ મોટી કિંમત ચુકવવી પડે છે. તેમના પુત્ર કિન્ટુ મુસોકેના મોઢેથી જ તેમના પિતાની દુઃખદ કહાની સાંભળીએઃ 'તે વખતે હું યુવાનીના ઉંબરે હતો. મારું યુવાન હૈયું અમારા કુટુંબને થઈ રહેલો અન્યાય સાંખી શકતું ન હતું. તમે લોકો તો ઇન્ડિયા ભેગા થઈ રહ્યા હતા... પણ તમને લોકોને પિતા મોમ્બાસા મૂકી પાછા વળતા હતા ત્યાં માર્ગમાં જ ટરોરો ખાતે અમિનના લશ્કરના ડામીસ અફસરોએ એમને આંતરેલા... મોટર હાથ કરેલી અને કશા પણ ગુના વિના પિતાને મકિન્ડીની પેલી ગોઝારી જેલમાં મહિનાઓ સુધી પૂરી રાખેલા... ત્યાં જેમ બીજા કેદીઓની ભાળ મળવી મુશ્કેલ તેવું જ પિતાની બાબતમાં થયેલું... ત્યાર બાદ હું નૈરોબી પલાયન થઈ ગયેલો... ત્યાં છાતી પર પથ્થર મૂકી, દુઃખને દબાવી, કુટુંબને ત્યજી મેં અભ્યાસ કરેલો... બાદમાં ઇન્ડિયા ભણવા ગયેલો... અને લંડન આવેલો...' (પૃ.૧૫૩) આમ, ઇદી અમીનના સૈનિકો મૂળ આફ્રિકનોને પણ હેરાન

કરતાં હતા. ઇદી અમીને નેવું દિવસની મુદ્દત ભલે આપી હતી પણ તેમ છતાં તેણે લોકો પર અત્યાચારો કરાવડાવ્યા હતા તેની પણ આ ઘટના સાક્ષી પૂરે છે. ઇદી અમીનના આવા ત્રાસને લીધે જ આફ્રિકન લોકો પોતાની ઇચ્છા હોવા છતાં પણ એશિયનો પ્રત્યે વફાદારી નહોતા દાખવતા.

નેવું દિવસની મુદ્દત પૂરી થવાને હવે માત્ર બે જ દિવસો બાકી હતાં ત્યારે મનસુખ, અસ્મિતા, ન્યુટન અને અસ્મિતાના માતા-પિતા આફ્રિકા છોડી દેવા માટે થઈને એરપોર્ટ જવા નીકળે છે. આ લોકો એરપોર્ટ પહોંચે એ પહેલા રસ્તામાં જ મનસુખની કંપનીમાં કામ કરનાર એક મજૂર કે જે અત્યારે લશ્કરનો વેશ ધારણ કરી બંદૂક બતાવી સૌ કોઈને લૂંટવા આવ્યો હતો તે મનસુખની કારને ઊભી રખાવે છે. મનસુખ અને બધા પાસે રહેલા તમામ દાગીના અને રોકડ રકમ લૂંટી લે છે. તેમ છતાં મનસુખ પરના ગુસ્સાને લીધે કોઈને ગાડીની બહાર નીકળવા કહે છે. અસ્મિતાની નજર સામે જ એક પછી એક મનસુખ, પોતાના પિતા અને માતાને તે ગોળીઓથી વિંધી નાંખે છે. અસ્મિતા અને ન્યુટનને પણ તે મારી જ નાંખત પણ તેવામાં સાચા સૈનિકો આવી પહોંચે છે આથી અસ્મિતાનો અને ન્યુટનનો જીવ બચી જાય છે.

- અસ્મિતાનો માનસિક સંઘર્ષ

બ્રિટનમાં આવ્યા પછી આર્થિક રીતે અસ્મિતાને કોઈ તકલીફ પડતી નથી. પણ પોતાની સાથે બનેલી દુ:ખદ ઘટનાઓના આઘાતમાંથી બહાર આવી પોતાની જાતને સ્વસ્થ રાખી નીના અને ન્યુટનને વનપેરન્ટ તરીકે ઉછેરવા એ તેની માટે સૌથી મોટો પડકાર હતો. અસ્મિતા આ પડકાર ઉઠાવે પણ છે. આ બધામાં તેને માર્ટિનનો પૂરેપૂરો સાથસહકાર મળે છે. માર્ટિન આમ તો અસ્મિતાનો બોસ પણ છે. ઘણા વર્ષોની ઓળખ પછી માર્ટિન અને અસ્મિતા એકબીજા પ્રત્યે આકર્ષાય છે. માર્ટિન ઇચ્છે છે કે પોતે અસ્મિતા સાથે લગ્ન કરે પણ અસ્મિતા એ માટે તૈયાર નથી. સૌથી પહેલા તો બાળકો શું વિચારશે એવો પ્રશ્ન એને મૂંઝવતો હોય છે. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ઉછરેલા બન્ને બાળકો મોટા થયા પછી એ સમજી શકે છે કે તેમની માતા અને માર્ટિન એકસાથે રહે તો પણ તેમને કોઈ વાંધો નથી. આ બાબતે ન્યુટન અને અસ્મિતા વચ્ચે થયેલ સંવાદ જોઈએઃ

'મમ્મી, માર્ટિન સાથે લગ્ન કર્યા બાદ તમે બન્ને…' તે ગળગલો બનતો લાગ્યો. આગળ બોલી શક્યો નહિ.

'ના.ના.. હું આ ઘર છોડી ક્યાંય જવાની નથી…. ભલે ને મહેલ હોય…..'

'મમ્મી! હું તો એમ કહેતો હતો કે તું જો……'

'ઘર છોડીને માર્ટિન સાથે રહેવા જાઉં તો…..'

'હા…. એ જ યોગ્ય નથી લાગતું?… વળી તું નીનાની ચિંતા ન કરતી. હું એની સંભાળ રાખીશ. ખાતરીપૂર્વક હું એ કહું છું.' ન્યૂટન બોલતો સંભળાયો. (પૃ.૮)

નીના પણ આ વાતમાં પોતાની સહમતી દર્શાવતા કહે છે કે, 'મમ શુડ હેવ અ ફ્રેન્ડ વીથ હુમ શી કેન શેર....(મમ્મીને એનો જીવનસાથી હોવો જોઈએ).' (પૃ.૯) બન્ને બાળકો તેમની માતાને ફરી લગ્ન કરવાની આવી શિખામણ આપી શકે છે. તેમની સાથે ખુલ્લા મને વાતચીત કરે છે. એ પણ પાશ્ચાત્ય સંસ્કૃતિનો તેમના પર પડેલો પ્રભાવ બતાવે છે.

સામે પક્ષે દીકરા દીકરી બન્નેની સહમતી હોવા છતાં અસ્મિતા માર્ટિન સાથે લગ્ન કરવા તૈયાર થતી નથી. ભારતીય સંસ્કૃતિએ તેના માનસમાં ઘર કરી રાખેલા વિચારોમાંથી તે બહાર આવી શકતી નથી. તો સાવ એવું પણ નથી કે અસ્મિતા માર્ટિનને પસંદ નથી કરતી. અસ્મિતાના હૃદયમાં પણ માર્ટિન માટે પ્રેમ છે. તેના પ્રત્યે લાગણી છે તેમ છતાં સમગ્ર નવલકથા દરમ્યાન તેનું માનસ બે પરિસ્થિતિઓ વચ્ચે ડામાડોળ થયા કરે છે. તેના માનસમાં ચાલતી ગડમથલ એ છે કે, “હા.... મનસુખ સાથે મારાં લગ્ન થયાં હતાં. અમે પ્રેમગાંઠે બંધાયાં હતાં. પણ પ્રભુને કે દૈત્યને અમારી પ્રેમગાંઠ તોડવી હતી એટલે જ એન્ટેબે જતાં....! અમે એક વખત અવશ્ય પ્રેમડાળે ખીલ્યાં હતાં. એ કૂણી લાગણીના નાતે જ, પ્રેમસંબંધને પરિણામે જ ન્યુટન, નીનાનો જન્મ થયો હતો... એ પ્રેમનું ફળ આજે એની પાસે હતું... પછી બીજા કોઈની પ્રેમિકા તે કેવી રીતે બની શકે? જે ફૂલ ખીલ્યું તેને પોતે જ છૂંદી નાખશે..... ખ્રિસ્તી ધર્મ પ્રમાણે Till death us do part... મૃત્યુ સુધી... એવો સોગંદવિધિ થતો હોય છે જ્યારે હિંદુ ધર્મમાં એવું નથી. હિંદુ નારી એક ભવમાં બે ભવ ન કરે.... અસ્મિતા પોતાની ફરતે દોરાયેલી પેલી અદશ્ય લક્ષ્મણરેખા જાણે નિહાળી રહી હોય તેમ બોલવા લાગી : 'માર્ટિન ! ના. ના. ક્યાંક કશું અજુગતું બને તે પહેલાં આપણે અલગ થવું જ રહ્યું.... મેં પેલી ચબરખીમાં જે લખેલું છે તે મિથ્યા થાય જ નહિ.. મને તારે માટે ભારોભાર માને છે. એવા માનથી હું તારી તરફ જોઉં છું... માર્ટિન I admire you greatly... but... love... પ્રેમ......એ શબ્દ અધુરો છે... આપણી વચ્ચે.... પ્રેમ તો એક જ વ્યક્તિને થાય.... જેની સાથે પવિત્ર અગ્નિની સાક્ષીએ મંગળફેરા ફરેલી તે પુરુષને જ તે વફાદાર રહી શકે... આપણી વચ્ચેનો પ્રણય મોહક છે... દાહક છે....'” (પૃ.૧૭) આ વિચારો તેની ભારતીય માનસિકતાના દ્યોતક છે. એકવખત માર્ટિન પણ અસ્મિતાને આ બાબતે વાત કરતાં કહે છે કે, 'તમારા લોકોમાં આજે કોઈ વિધવા ફરીથી લગ્ન કરે તો તે સામે સમાજનો કોઈ વાંધો હોય તેમ લાગતું નથી. પણ તમારામાં કેટલાક જુનવાણી લોકો હજી પુનર્લગ્નને પાપ માને છે તે મને સમજાતું નથી.' (પૃ.૮૯) વળી, અસ્મિતા પોતે વિધવા વિવાહમાં માને છે. એવું પણ નવલકથા દ્વારા સ્પષ્ટ થાય છે. જે ફોટો આલ્બમને જોઈને તેને પોતાનો ભૂતકાળ તાજો થઈ જતો તે આલ્બમ પણ સમય જતાં તેને જોવો ગમતો નથી. તેની બાળપણની સખી શીરીને અસ્મિતાને મળવા આવે છે ત્યારે તેને એક સવાલ પૂછે છે કે, 'કેમ, તારે કોઈ ફ્રેન્ડ જેવું નથી?' તેના જવાબમાં અસ્મિતા કહે છે કે, 'છે.....અને.....નથી...હતો.....પણ....' (પૃ.૧૦૦) આ શબ્દોમાં અસ્મિતાનું પોતાની જાત સાથેનું જ માનસિક સંઘર્ષ વ્યક્ત થાય છે. માર્ટિનની એકવખતની પ્રેમિકા લીના માર્ટિનને મળે છે તો અસ્મિતાને તે નથી ગમતું.

લીના માટે અસ્મિતા લંપટ અને નફ્ફટ જેવા વિશેષણો પ્રયોજે છે જે અસ્મિતાની લીના પ્રત્યેની ઘૃણાની અને માર્ટિન પ્રત્યે તેના મનમાં રહેલા પ્રેમની લાગણીને વ્યક્ત કરે છે.

એકવખત ઓફિસના કામથી પેરિસ ગયેલા અસ્મિતા અને માર્ટિન વચ્ચે હોટેલની એક રાત્રે શરીરસંબંધ પણ બંધાય છે. એના થોડા દિવસો પછી અસ્મિતાને પેટમાં અચાનક દુખાવો થાય છે. આ વખતે પેટની ચિંતા કરતાં એવું સ્પષ્ટપણે કહી શકાય કે તેને ગર્ભતો નહી રહી ગયો હોય તેની ચિંતા થાય છે. આ શંકા તેને ત્યાં સુધી કોરી ખાય છે જ્યાં સુધી તે ડોક્ટર પાસે તપાસ નથી કરાવી લેતી. ડોક્ટરની તપાસમાં બધું સામાન્ય છે તેવો નિદાન આવવા છતાં પણ તેને સમાધાન થતો નથી. પોતાની શંકા દૂર કરવા ખાતર તે બીજા ગાયનેકોલોજિસ્ટના સ્પેશિયાલિસ્ટ ડોક્ટર પાસે પણ તપાસ કરાવે છે. બીજા ડોક્ટરના રીપોર્ટ પણ નોર્મલ આવ્યાં પછી જ તેને શાંતિ થાય છે. માર્ટિનને ફેમિલી ફ્રેન્ડ તરીકે ઓળખાવતી અસ્મિતા તેની સાથે શરીરસંબંધ બંધાય ત્યાં સુધીની છૂટછાડ લે છે પણ લોકો સમક્ષ તેને સ્વીકારી તેથી લગ્ન કરવાની તેની તૈયારી નથી. અસ્મિતાને અહીં એ જ ચિંતા હશે કે ભારતીય સમાજના લોકોમાં અસ્મિતાએ ટકાવી રાખેલી ભારતીય નારીની છાપ કલંકિત થશે. આમ, જે છે તેનો સ્વીકાર ન કરી શકવાની આ મથામણ છે. આ મથામણ બે ભિન્ન સંસ્કૃતિઓના લીધે ઉદ્‌ભવી છે એવું ચોક્કસ પણે કહી શકાય.

જો અસ્મિતાને માર્ટિન પ્રત્યે લાગણી જ ન હોય કે પછી લાગણી હોવા છતાં લગ્ન કરવાની ઇચ્છાશક્તિ કે તૈયારી ન હોય તો પછી તે પોતે આટલી અસમંજસ કેમ અનુભવે છે! અસ્મિતાનો માંહ્યલો તેને માર્ટિન તરફ આકર્ષે છે પણ પેલી ભારતીય 'અસ્મિતા'ને બચાવવાની જવાબદારી જાણે તેની એકલેની જ હોય એવા આદર્શો તેને આવું કરતાં રોકે છે. એટલે જ અડધી નવલકથામાં દ્વિધા અનુભવતી અસ્મિતાનું માનસ વારંવાર પ્રગટતું જોઈ શકાય છે.

તો ક્યારેક મને એવું પણ લાગે છે કે અસ્મિતા એ કોઈ પાત્ર નથી. ભારતીય 'અસ્મિતા'ને ટકાવી રાખવા મથતી એક કલ્પના છે. અસ્મિતા વ્યક્તિ મટી આદર્શ બનવા માટે જીવી રહી હોય એવું પણ લાગે છે. મનુષ્ય તરીકે તેને પોતાને થતી લાગણીઓનું દમન કરી આદર્શ અને સંસ્કારનો અંચળો ઓઢી પોતાની જાતને દગો દેવાનો પ્રયાસ કરતું પાત્ર લાગે છે. તો એમ પણ કહી શકાય કે બદલાતાં સમય સાથે કહેવાતી આદર્શ ભારતીય સંસ્કૃતિની પોચટતા પણ અહીં ઉભરી આવે છે. પરપુરુષના સ્પર્શથી શરૂ થયેલી વાત ચુંબનથી આગળ વધી શરીરસંબંધ બંધાય ત્યાં સુધી પહોંચે છે છતાં અસ્મિતાના અને માર્ટિનના પુનઃલગ્ન થતાં નથી. એક સમયે જે આદર્શો ગોવર્ધનરામ ત્રિપાઠીએ 'સરસ્વતીચંદ્ર' મહાનવલ માટે સાચવી સરસ્વતીચંદ્રને કુમુદ સાથે પુનઃલગ્ન કરાવી આપવાના બદલે કુસુમ સાથે સરસ્વતીચંદ્રને પરણાવી સાચવી રાખ્યા હતાં તેનું અહીં પુનરાવર્તન થયેલું માલુમ પડે છે. આમ, કથાના અંત સુધી સર્જક અસ્મિતાને પશ્ચિમી સંસ્કૃતિ તરફ ઢળી જવાને બદલે, વટલાઈ જવાને બદલે ભારતીય સંસ્કૃતિ સાથે બાંધી રાખે છે.

અહીં મને એક પ્રશ્ન એ થાય છે કે ઇદી અમીને નેવું દિવસની મુદ્દત આપી હતી. નેવું દિવસની મુદ્દત શરૂ થતાં જ લોકો યુગાન્ડા છોડી પોતપોતાના વતન પરત ફરતા થાય છે. તેમ છતાં મનસુખ અને અસ્મિતા નેવું દિવસમાંથી બે દિવસની જ મુદ્દત બાકી હતી ત્યારે યુગાન્ડાથી નીકળે છે. જો તેઓ પણ પિતા ધનીલાલની સાથે વહેલાસર નીકળી ગયા હોત તો કદાચ મનસુખ જીવી જાત. અહીંયા એવી દલીલ પણ થઈ શકે કે શેઠ ધનીલાલે બહુ પહેલેથી યુગાન્ડા છોડવાની તૈયારીઓ શરૂ કરી દીધેલી એટલે તેઓ વહેલા નીકળી શક્યા જ્યારે મનસુખને બાકીના લોકોને રોકાવું પડ્યું. તો તેનો જવાબ પણ આ નવલકથામાં જ છે. મનસુખને બાકી બધા ઇચ્છતતો તેઓ પણ એટલા માટે ત્યારે જઈ શક્યા હોત કેમકે, છેલ્લા દિવસોમાં લોકોની લાંબી લાઈનો લાગી હતી ત્યારે પણ મનસુખ તે લાઈનોમાં ઊભા રહેવાના બદલે પૈસા આપી પોતાના દસ્તાવેજો પાછલે બારણેથી ઝડપી કરાવી લીધા હતા. છેલ્લી ઘડીએ જે દસ્તાવેજો મનસુખે તૈયાર કરાવ્યા એ શરૂઆતના દિવસોમાં પણ કરાવી શકયો હોત. એવી તે કેવી પરિસ્થિતિ હશે કે છેલ્લા બે દિવસો બાકી બચ્યા ત્યાં સુધી મનસુખ અને અસ્મિતાને યુગાન્ડામાં રોકાઈ રહેવું પડ્યું હતું!

વળી, બીજો વિચાર એ પણ આવે કે પૈસા દઈને બધી જગ્યાએ પોતાનું કામ સરળતાથી કરાવી લેનાર મનસુખની હાલત જો મોતને ભેટવા જેવી થતી હોય તો બીજા એશિયનોનું શું થયું હશે કે જેઓ લાંબી લાંબી લાઈનોમાં ઉભા હતા. જેમની પાસે ખર્ચવા માટે મનસુખ જેટલા પૈસા નહોતા. આવા લોકોની તો આખરે કલ્પના જ કરવી રહી.

એક તરફ નીના પ્રેગનન્ટ છે તો બીજા તરફ ઉલ્કા પણ પ્રેગનન્ટ છે. બંનેમાંથી કોઈના લગ્ન થયા નથી. તેમ છતાં બંન્ને જગ્યાએ માહોલ અલગ અલગ છે. નીના માટે પ્રેગનન્ટ થવું એ દુઃખના સમાચાર બને છે કારણ કે, તેનો પ્રેમી તેને છોડી જતો હતો છે. પણ ઉલ્કા માટે પ્રેગનન્ટ થવું એ આનંદના સમાચાર છે. બદલાતી આબોહવા અને થઈ રહેલા પરિવર્તનના ચિહ્નો અહીં જોઈ શકાય. એક, જ બાબત બે અલગ અલગ વ્યક્તિઓ માટે સાવ વિરોધાભાસી બની રહે છે. વળી, એ પણ નોંધવું રહ્યું કે નીના પ્રેગનન્ટ છે તેવા સમાચાર આપતાં તેને કોઈ સંકોચ થતો નથી પણ તેને માત્ર એ જ વાતનો અફસોસ છે કે તેનો પ્રેમી દગાખોર નીકળ્યો. પ્રેમીના છોડીને ગયા પછી પણ તેને પોતાના ગર્ભને લઈને બીજા કોઈપણ પ્રશ્નો કે કોઈ ચિંતા થતી નથી. 'લોકો શું કહેશે?' 'આ બાળકના પિતા કોણ છે?' 'બાળકને જન્મ આપવો કે ગર્ભપાત!!?' આવી ચિંતા ભારતીયોને સૌથી વધુ થતી હોય છે. અહીં કોઈને આવી ચિંતા થતી નથી. આ સાંસ્કૃતિક પરિવર્તન છે.

આસ્મિતાની માનસિક દ્વિધા પાછળ નવલકથાનો અડધો ભાગ રોકાયેલો છે છતાં અસ્મિતા કોઈ ચોક્કસ નિર્ણય લઈ શકતી નથી. આખરે કથાનો એક નવો જ વળાંક આવે છે. કિન્ટૂ મુસોકે તથા ઉલ્કા લંડન છોડી નવા જીવનની આશાએ યુગાન્ડા પરત ફરે છે.

ગુજરાતી ડાયસ્પોરાનો સઘળો ઇતિહાસ રજૂ કરતી હોય તેમ અસ્મિતા સાથે સંવાદ કરતી વખતે નીના કહે છે કે, 'મમ્મી ! માણસને એક વખત ઠોકર વાગે પછી તો તેને ભાન આવવું જ જોઈએ... એશિયનોએ ત્યાં ભલે સ્વર્ગ રચેલું... ઊભું કરેલું... એમ તો અંગ્રેજોએ દુનિયા પર રાજ કરેલું, પણ વખત આવતાં પહેલાં તેણે અગમચેતી વાપરી મૂળવતનીઓને દેશનો કારભાર કેમ ચલાવવો તે શીખવવા માંડેલું... અને પછી દેશનું તંત્ર એમને સોંપી દીધેલું... જાણે આપણા વેપારીઓએ શું કરેલું તે તો ક્યાં અજાણ્યું છે? ખબર નહિ આપણી ગુજરાતી પ્રજા તે કેવી... જ્યાં ગયા ત્યાંથી હડધૂત થતા રહ્યા... બાપદાદાના વખતથી રંગૂન છોડવું પડેલું... બાદમાં આફ્રિકા છોડવાનો વખત આવ્યો... ફીજીમાં હડધૂત થયા... મુંબઈમાં 'મુંબઈ આમચી'નો માર ખાઈ રહ્યા... ટ્રિનીદાદમાં રાજરમતમાં ફસાયા... અને હવે અહીં...?' (પૃ.૧૩૪)

❖ ૨.૫ બળવંત નાયકના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

બળવંત નાયક દ્વિસ્થળાંતરિત સર્જક છે. પહેલી વખતનું તેમનું સ્થળાંતર સ્વૈચ્છિક હતું જ્યારે બીજી વખતનું તેમનું સ્થળાંતર અનૈચ્છિક રહ્યું છે. તેમની પાસેથી કવિતા, વાર્તા અને નવલકથા એમ ત્રણેય પ્રકારનું સાહિત્ય મળ્યું છે. તેમની કવિતાઓમાં બ્રિટન અને ઇંગ્લેન્ડના શહેરીકરણની અસર વધારે છે, જ્યારે તેમની નવલકથાઓમાં આફ્રિકાના લોકોની પીડા છે. આફ્રિકામાં તેમણે કરેલું સ્થળાંતર સ્વૈચ્છિક હતું આથી તેમને પોતાને દેશ છોડવાની કોઈ વેદના તેમના આફ્રિકાલક્ષી સાહિત્યમાં આવતી નથી. આફ્રિકાના  સાહિત્યમાં પોતાની પીડા કરતાં મૂળ આફ્રિકાના લોકોની પીડા છે કે જે તેમણે જોઈ અને અનુભવી એ વધારે દેખાય છે. જેવી કે રંગભેદની નીતિ, ગુલામી, જીવન જીવવા માટે કરવા પડતાં સંઘર્ષો વગેરે. જ્યારે તેમની વાર્તાઓમાં ભારત, આફ્રિકા અને બ્રિટન એમ ત્રણેય સંસ્કૃતિઓનો સમન્વય છે.